उत्तिष्ठत जाग्रत प्राप्य वरान् निबोधत ।

ઊઠો સાધક ! જાગો ને આચાર્ય ઇષ્ટ મેળવો,
આત્મબોધ મળે એવા વિદ્યાવિજ્ઞાન કેળવો

તંત્રી
'સ્વા સ્વયંજ્યોતિર્તીર્થ
ગોયાગેટ, મકરપુરા રોડ,
વડોદરા

ગુજરાતી
1234

અનુક્રમણિકા

લેખ	લેખક	પૃષ્ઠ
ચોથા વર્ષે...	શ્રી. તંત્રી	૨
ધ્યાન અને જ્ઞાન	સ્વા. શ્રી. માધવતીર્થજી	૩
હું સુન્દર છું? તને જ પામીશ...	મનોરમા મ. શાસ્ત્રી	૧૭
સનાતનધર્મ અને યુગધર્મ	સ્વા. શ્રી. માધવતીર્થજી	૧૮
ધર્મવિચારણા	સ્વા. શ્રી. અદ્વૈતાનંદજી	૨૭
સલામત સ્થિતિ	શ્રી. નન્દલાલ મોતીલાલ શાહ	૩૬
પરમાત્માને પત્રો	શ્રી. નાનાલાલ દેવશંકર વૈદ્ય	૩૯
અભિનવ દષ્ટા	શ્રી કિસનસિંહ ચાવડા	૪૨
સ્વરૂપે અનાદિ વહુ વસ્તુ	સ્વ. શ્રી. પ્રવાસી ઇન્દુમૈત્ર	૪૯
રાજયોગદ્વારા જીવન્મુક્તિ	શ્રી. જયંતિલાલ મં. ઓઝા	૫૪
પ્રસંગસ્ફૂર્તિ		૬૩
ગ્રાહકોને સૂચના		૬૪

ઉત્થાનના નિયમો.

વાર્ષિક લવાજમ પોસ્ટેજ સાથે હિંદમાં રૂા. ૪–૦–૦, હિંદ બહાર રૂા. ૬–૦–૦ એક અંકની કીંમત રૂા. ૦–૬–૦.

(૧) ઉત્થાનનું વર્ષ જુલાઈથી શરૂ થાય છે, અને લવાજમ અગાઉથી જ લેવાય છે. (૨) વર્ષ વચ્ચે ગ્રાહક થનારને પાછલા અંકો મોકલી અપાય છે. (૩) પત્રવ્યવહાર કરનારાઓએ જવાબ માટે હમેશાં પૂરતી ટિકટો બીડવી; તે વિના ઉત્તર નહીં મળે. (૪) મ. ઓ. થી નાણાં મોકલનારે કુપનમાં પોતાનું સરનામું તથા ગ્રાહક નં. સ્પષ્ટ અક્ષરે લખવાં. (૫) ઉત્થાન દર મહિનાની તા. ૧૬મીએ પૂરતી કાળજીથી તપાસાઈ રવાના કરાય છે. (૬) અંક ન મળે તો નજદીકની પો. ઓ. માં તપાસ કરવી; ત્યાર પછી માસ આખર સુધીમાં લખનારને જ મળી શકશે. પાછળથી કિંમત લઈને અપાશે. (૭) લવાજમ, સંબંધી સઘળો પત્ર વ્યવહાર તીચેને સરનામે જ કરવો. (૮) લેખ તંત્રીને સરનામે મોકલવા.

ભરતકુમાર એ. પરેલ
પ્રબન્ધક '.ઉત્થાન'કાર્યાલય'
ગોયાગેટ, મકરપુરા રોડ, વડોદરા.

ॐ

नमो नारायणाय ।

ઉત્થાન

વર્ષ ચોથું] જુલાઈ ૧૯૪૪-આષાઢ ૨૦૦૦ [અંક પહેલો

ईश्वरो गुरुरात्मेति मूर्तिभेदविभागिने ।
व्योमवद् व्याप्तदेहाय दक्षिणामूर्तये नमः ॥
'ઈશ, સદ્‌ગુરુ ને આત્મા મૂર્તિમાત્ર વિભાગ જે;
વ્યોમ શા વ્યાપ્ત એવા એ, દક્ષિણામૂર્તિને નમું.

શ્રી સદ્‌ગુરુની કૃપા અને પ્રેરણાથી 'ઉત્થાન' પ્રકટ કરવાનું સાહસ કર્યું અને એમના જ આશીર્વાદથી ચોથા વર્ષનો પહેલો અંક પ્રકટ થાય છે.

યથામતિ અમે આગળ ચાલ્યા જઈએ છીએ—આપના અત્યાર સુધીના સહકારના બળે અને ભવિષ્યમાં એ સહકાર વધતો જશે એવી શ્રદ્ધાના ઉત્સાહે. परस्परं भावयन्तः એ ન્યાયે આપણે શ્રેયસ્ પ્રાપ્ત કરીએ એ ભગવાન્ શ્રીકૃષ્ણચંદ્રનો આપણને શ્રીમદ્ ભગવદ્‌ગીતાના ત્રીજા અધ્યાયમાં મળેલો કલ્યાણમંત્ર।

ચોથે વર્ષે

લેખકઃ
તંત્રી

'ઉત્થાન' ચોથા વર્ષમાં પ્રવેશ કરે છે, ત્યાં તો એને વિપરીત સંયોગોને ભેટવાનો પ્રસંગ આવે છે. સરકાર કાગળના વપરાશ ઉપર કાપ મૂકવાની તૈયારી કરે છે. આ પહેલો અંક, સફેદ કાગળ, અને પૂરાં ૬૪ પાનામાં આપી શકાયો છે. ભાવી તો પરમાત્માના હાથમાં છે.

આ અંકમાં સ્વા. શ્રી. માધવતીર્થજીનું 'ધ્યાન અને જ્ઞાન' નામનું એક નાનું એવું પુસ્તક છપાયું છે તેનો આવશ્યક મુખ્ય ભાગ, લગભગ પૂરેપૂરો આપ્યો છે, તેથી બીજા લેખોને મુલતવી રાખવા પડયા છે.

લેખકોનો સહકાર છે; ગ્રાહકોની 'શુભેચ્છાઓ છે, ઉત્થાન-પ્રચારકોની વેગવતી સેવા છે, છતાં ઉત્થાન કેવી રીતે, કેવા રૂપમાં ટકી રહે છે, એ માટે અત્યારે કશું કહી શકાય એમ નથી.

લવાજમ ઘટાડયું છે, 'ભાવાર્થસિન્ધુ' નામનું સુંદર પુસ્તક કિંમત રૂા ૧-૮-૦, ભેટ માટે તૈયાર છે થોડા જ દિવસોમાં આપની સેવામાં પહોંચી જશે. ઉત્થાનપ્રેમીઓને વિનંતી છે કે ઉત્થાનનો પ્રચાર વેગવતો બનાવી, જ્ઞાનયજ્ઞમાં નિમિત્ત બને.

સૌને ધન્યવાદ અને શુભેચ્છા પાઠવીને જ અત્યારે તો વિરમું છું.

ધ્યાન અને જ્ઞાન

લેખકઃ— શ્રી. સ્વા. શ્રી. માધવતીર્થજી

આત્મસાક્ષાત્કાર કરવાની જેમની ઈચ્છા હોય તેમણે રોજ અમુક વખતે ધ્યાન કરવાની ટેવ પાડવી જોઇએ. ધ્યાન વધે ત્યારે તેના ફળ તરીકે આત્મજ્ઞાન મળે છે. આત્મજ્ઞાનનું ફળ સર્વાત્મભાવ અને આનંદ છે.

ધ્યાન કેવી રીતે કરવું તે માટે ઘણા જિજ્ઞાસુઓ પ્રશ્ન પૂછે છે, તેથી નીચે પ્રમાણે ધ્યાનના કેટલાક પ્રકાર સૂચવવામાં આવે છેઃ—

૧ સગુણ ભક્તો, કે જે મૂર્તિપૂજા કરતા હોય તેઓએ પોતાના ઇષ્ટ દેવની મૂર્તિનું ધ્યાન નીચે પ્રમાણે કરવું. પહેલાં પોતે સ્નાન વગેરે કરી શુદ્ધ થઇ મૂર્તિ પાસે બેસવું. મૂર્તિને પણ સ્નાન કરાવી, વસ્ત્ર તથા આભૂષણ પહેરાવવાં. તે પછી ગુરુએ આપેલા મંત્રનો જપ કરવો, પછી પોતાના હૃદયમાં પરમાત્મા છે એવી ભાવના કરવી અને તન્મયપણાથી મૂર્તિમાં ભગવાનનું આવાહન કરવું. પૂજન પૂરું થયા પછી પાછો જપ કરવો. જપ કર્યા પછી મૂર્તિના ચરણમાં ધ્યાન લગાવવું, ત્યાંથી દૃષ્ટિ ધીરે ધીરે ઉપર લાવી મુખારવિંદ ઉપર ધ્યાન કરવું. પછી ત્યાંથી પણ દૃષ્ટિ હઠાવી આકાશમાં દૃષ્ટિ અને વૃત્તિને લઇ જવાં એટલે તે બન્ને વ્યાપક થઇ જશે અને બીજા વિચાર અટકી જશે. આ દશા અર્ધો કલાક ટકવા દેવી.

૨ જેમને ૐની ઉપાસના ગમતી હોય તેમને માટે નીચેના પ્રકારે ધ્યાન થઇ શકે છે. આ પ્રયોગ બ્રહ્મચારી, વાનપ્રસ્થ અને સંન્યાસી માટે છેઃ—

(અ) મૂર્તિની જગ્યાએ ૐરૂપી પ્રતીકનું ધ્યાન કરવું. પછી તેમાંથી દૃષ્ટિ હઠાવી આકાશમાં લઇ જવી. તે વ્યાપક થશે એટલે

બીજા વિચારો અટકી જશે. બીજા વિચારો અટકી જાય એટલે તે દશા અર્ધો કલાક ટકવા દેવી.

(ક) મોઢેથી ૐ ૐ ૐ એમ ત્રણ વાર અથવા સાત વાર બોલીને ધ્યાન કરવાથી બીજા વિચારો અટકી જશે. ૐ નો ઉચ્ચાર બને તેટલો લંબાવવો.

(ખ) ૐ શબ્દ મોઢેથી બોલ્યા વગર માત્ર હોઠ હલાવીને પાંચ મીનીટ સુધી બોલવાથી મનના વિચારો બંધ થવા લાગશે અને ધ્યાનને લાયક દશા ઉત્પન્ન થશે.

(ગ) ૐનો જે અર્થ માંડૂક્ય ઉપનિષદમાં આપેલો છે તે બરાબર સમજીને ૐના અર્થ ઉપર ધ્યાન કરવું. "અ" એટલે જાગ્રત અવસ્થા, "ઉ" એટલે સ્વપ્ન અવસ્થા અને "મ્" એટલે નિદ્રા અવસ્થા. એ ત્રણે અવસ્થા બુદ્ધિની છે, મારી નથી, એમ માની "ઁ" અર્ધ માત્રા વાળી જે તુરીયની દશા એ જ સાચી બ્રહ્મદશા છે, એમ સમજી મનના વિચારોને હઠાવવા "ઁ" એટલે અર્ધમાત્રાવાળી જે દશા જણાય છે, તે સાચી તુરીયની દશા હોવાથી મુસલમાનોએ કદાચ એ હેતુથી તે પ્રતીક એટલે "ઁ" ને પોતાના ધર્મમાં દાખલ કરેલ છે.

તા' ક'—જે ગૃહસ્થાશ્રમમા હોય અને કાયમ બ્રહ્મચર્ય પાળતા નહોય તેમને માટે ૐ ના જપ સાથે ભગવાનનું નામ ઉમેરવું એવી શાસ્ત્રમાં આજ્ઞા છે.

૩ પ્રાણ અંદર જાય અને બહાર આવે તેની સાથે "સોऽहम्" નો ધીરેથી ઉચ્ચાર કરવાથી પણ ધ્યાન થઈ શકે છે. પ્રાણ અંદર જાય ત્યારે "सो" અને બહાર આવે ત્યારે "अहम्" એવી ધારણા પ્રાણની ક્રિયા સાથે મેળવવાથી પણ મન શાંત થવા લાગે છે અને ધ્યાન થઇ શકે છે.

૪ ધ્યાન માટે ચોથી એવી રીત છે કે જાણે એક સમુદ્રમાં પાણીથી ભરેલો ઘડો ડૂબાડેલ હોય તેમ એક ચૈતન્યનો સમુદ્ર કલ્પી તેમાં આપણા દેહરૂપી ઘડાને ડૂબાડી દીધો હોય એવી ભાવના કરવી એટલે માત્ર બધે એક ચૈતન્ય જણાશે. પછી તે દશાને સાક્ષી ભાવે જોયા કરવી.

૫ મનના વિચારોને દોડવાની ટેવ પડી ગઇ હોય તો તેમને કહેવું કે " ભલે દોડો, તમારું જોર કેટલું છે તે હું માપું છું " એમ કહી તેમને દોડવા દેવાથી અને પોતે માત્ર સાક્ષી ભાવે તેમનું કામ જોયા કરવાથી, તેમની ગતિ ધીમી પડી જશે અને તે બંધ થવા લાગે ત્યારે તે દશા ટકવા દેવી.

૬ મનના વિચારોને અટકાવવાની ટેવ પાડવી. જે ગ્રંથમાં જીવ જગતનું મિથ્યાત્વ સમજાવવામાં આવેલ હોય તેનો અભ્યાસ કર્યો હોય તો તેમાંથી એકાદ સારો વિચાર લઇ તે વિચારને આધારે બીજા વિચાર અટકાવી શકાય છે અને પછી તે એક વિચાર પણ સરળતાથી કાઢી શકાશે અને સારું ધ્યાન થઇ શકશે.

૭ ગીતાના બારમા અધ્યાયમા ભગવાન કહે છે કે " મન અને બુદ્ધિ મને અર્પણ કર, તે ન બની શકે તો અભ્યાસયોગ કર, તે ન બને તો મારા માટે કર્મ કર અને તે પણ ન બની શકે તો બધાં કર્મના ફળનો ત્યાગ કર."મન વશ કરવા માટે અને તે ભગવાનને અર્પણ કરવા માટે અભ્યાસ અને વૈરાગ્ય, એ મુખ્ય સાધન છે. વળી દિવસના વખતમાં જ્યારે વ્યવહાર વધારે હોય ત્યારે મન અને બુદ્ધિ ભગવાનને અર્પણ કરવાં એ મુશ્કેલ કામ છે, તેથી સવારે ઉઠીને તરત એ કામ કર્યું હોય તો બરાબર થઇ શકે છે. નિદ્રામાં ભગવાન મન લઇ લે છે તેથી સવારે ઊઠતાં તે મનને તરત વિષયો ન આપ્યા હોય તો શાંત રાખી શકાય છે. તે માટે રાત્રે સૂતી વખતે ભગવાનને પ્રાર્થના કરવી કે " હું સવારે આપને મન અને

બુદ્ધિ અર્પણ કરીશ, તે વખતે આપ આપનું સ્વરૂપ કૃપા કરી પ્રગટ કરજો." સવારે ઊઠી તરત મોઢું વિગેરે ધોઇ, બીજું વધારે કાંઇ કામ કર્યા વગર એક આસને બેસી, મન અને બુદ્ધિ ભગવાનને અર્પણ કરીને શાંતિથી રહેવું અને આત્મા રૂપે જે ભગવાન હૃદયમાં વિરાજમાન છે તેને પોતાનું સ્વરૂપ પ્રગટ કરવા વખત આપવો. પહેલાં એ કામ અઘરૂં લાગશે પણ બે ત્રણ મહિના એ પ્રમાણે ટેવ પાડવાથી મન નિર્વિકલ્પ થવા લાગશે અને સારૂં ધ્યાન થઇ શકશે અંદર બીજા વિચાર એટલે અનાત્માના વિચાર ઉત્પન્ન થાય તો તે અટકાવી તેને બદલે ભગવાનનાં સ્વરૂપલક્ષણ યાદ કરવાં. એ દશા અરધો કલાક ટકવા દેવી

૮ આંખ મીંચી પોતાને પૂછવું કે ' હું છું કે નહિ ? છું તો કેવો ?' અને પછી નિશ્ચય રાખી હૃદયથી બોલવું કે ' નિરંજન, નિરાકાર નિર્વિકાર, નિર્વિકલ્પ, સચ્ચિદાનંદ સ્વરૂપ હું છું,'' પછી પાંચ મિનિટ મૌન રહેવું. એવી રીતે દિવસમાં ૫-૧૦ વખત કરવું

૯ *સંધ્યા-ગાયત્રી=ગાયત્રી મંત્રના જપથી આપણને જીવન આપ*નાર સૂર્યની ઉપાસના થાય છે અને ધ્યાન પણ થઇ શકે છે. આત્મા એ જ સૂર્ય છે એવી ભાવના રાખી ગાયત્રીનો જપ કરવાથી પણ જ્ઞાન મળે છે. તે મંત્રના છેવટના ભાગમાં સાધક ભગવાન પાસે '' ધી '' એટલે બુદ્ધિ એટલે જ્ઞાન માગે છે. આજ કાલ હાઇસ્કુલ અને કોલેજમાં ભણતા કેટલાક બ્રાહ્મણના છોકરાઓએ જનોઇ પણ છોડી દીધી છે તે સારૂં નથી. જનોઇ ધારણ કરવાથી સંધ્યા ફરજીઆત કરવી પડે છે. મુસલમાનો પાંચ વખત નિમાજ પઢે છે તો બ્રાહ્મણને અથવા ત્રિવર્ણને ત્રણ વખત સંધ્યા અથવા બે વખત સંધ્યા કરવામાં શી અગવડ આવે તે સમજાતું નથી. ગાયત્રીની ઉપાસના એ પહેલા ઉત્પન્ન થયેલ તેજની ઉપાસના છે, રેડીઓમાં કાંઇ પણ સાંભળવાની ઇચ્છા

થતાં, પહેલાં તેજ ઉત્પન્ન કરવું પડે છે અને પછી એ તેજમાંથી જે સાંભળવું હોય તે વેવલેન્થ મૂકી સાંભળી શકાય છે. તેમ ચિત્તની અથવા મનની એકાગ્રતા હૃદય તરફ બરાબર કરવાથી એક પ્રકારનો આત્મિક પ્રકાશ અનુભવમાં આવશે. પછી તે પ્રકાશની મદદથી જે કાંઈ બીજું જ્ઞાન મેળવવાનું હશે તે મેળવી શકાશે. એવો અનુભવ ન આવે તો નીચે પ્રમાણે પ્રયોગ કરવોઃ—

જ્યારે સૂર્યને ઉગવાનો વખત હોય અથવા આથમવાનો વખત હોય તે વખતે શાંતિ લેવી હોય તો લઈ શકાય છે. જે બારીમાંથી સૂર્યનો પ્રકાશ જોઇ શકાય તેવી બારી પાસે ધ્યાનમાં બેસવું એ વધારે સારૂં છે. તે વખતે સૂર્યનાં થોડાંક કિરણ આંખ દ્વારા શરીરમાં દાખલ થાય તો ઘણો ફાયદો કરે છે. તેનાથી શરીર સારૂં થાય છે, અને મન અને હૃદય મજબૂત થાય છે.

ધ્યાનથી એ સૂર્યને મોટો અને વધારે મોટો બનાવતા જવું. છેવટમાં તેમાં બધું સમાવી દેવું. એ દશા થોડી વાર ટકવા દેવી. પછી એ મહાન તત્ત્વને ધીરે ધીરે નાનું બનાવતા જવું. છેવટે બહુ જ નાનું અણુ રૂપ બનાવી તેને પોતાના શરીરમા સમાવી દેવું. જગ્યા (Space) એ હાલના આયન્સ્ટાઇનના મત પ્રમાણે સાપેક્ષ વસ્તુ છે તેથી આપણું સ્વરૂપ આપણે ગમે તેટલું મોટું બનાવી શકીએ છીએ અને ગમે તેટલું ઝીણું પણ બનાવી શકીએ છીએ. એ બન્ને જાતની ટેવ પાડવાથી ખબર પડશે કે આત્માને કોઇ દેશની હદ નથી, તેથી હદ બેહદથી પરની દશાનો અનુભવ થવા લાગશે.

૧૦ કાળની વિશાળતાઃ—

ધ્યાન માટે આસન વિગેરેની તૈયારી કરી પછી મનને અનંત ભૂતકાળમાં લઇ જવું. જગત ઉત્પન્ન થવા પહેલાંની દશાની કલ્પના કરી. તે વખતે પણ હું હતો એવી ભાવના

રીતે પકડવાથી તેની દોડવાની ટેવ કમી થઇ જશે. જે જે વિચાર જે જે લાગણી ઉત્પન્ન થવા લાગે તેમને ભઠ્ઠીમાં ગળાતા દાગીનાની માફક ગાળી નાંખવા. જગતના વિચાર અને અહંકાર એ બન્નેને બહુ સંબધ છે. એ બન્નેમાંથી એક ખોટો લાગતાં બન્ને દૂર થવા લાગશે. તે બન્નેને જે જુએ છે તે હું છું એવી ભાવના રાખવી. તે દશા ટકતા દેવી. તે વખતે કંઇ નવો અનુભવ આવવા લાગશે એવું થાય ત્યારે તે નવા અનુભવ તરફ ધ્યાન રાખવું. કોઈ રાજા આપણે ઘેર આવે અને આપણે તેના તરફ લક્ષ ન આપીએ તો તે જતા રહે છે તેમ આવા નવા અનુભવ ઉપર ધ્યાન ન આપીએ તો તે અનુભવ જતા રહે છે, તેથી એ વિચારની વચ્ચેની આ દશા સંભાળવાની છે. તેની સંભાળ રહેશે તો બહારના જગતનું જ્ઞાન ક્ષીણ થતું જશે. અહંકારનું જોર પણ ક્ષીણ થશે અને દેશ, કાળ, વસ્તુથી અતીત એક નિરંજન, નિર્વિકાર આનંદરૂપ તત્ત્વનો જ અનુભવ રહેશે.

આ અનુભવ વખતે સાધક હવા જેવો હલકો થઇ જશે. પોતે દેહમાં છે કે બહાર છે તેનું ભાન પણ રહેશે નહિ. છતાં એક ચેતન સમુદ્ર જેવું લાગ્યા કરશે. તે દશામાં નવું જીવન છે. ધ્યાનમાંથી ઊઠયા પછી પણ આખું જગત ચેતનના સમુદ્ર જેવું લાગશે. આવી રીતે ધ્યાનનું ફળ જ્ઞાનમાં આવે છે.

૧૩ ધ્યાન માટે આસન વગેરે તૈયાર કરી બેસવું. પછી પોતાનો જમણો હાથ લાંબો કરી તેની પાંચ આંગળીઓ ખુલ્લી કરી તેને પાંચ ઇંદ્રિયો માનવી, તેની પાછળ ડાબા હાથની ચાર આંગળીઓ ખુલ્લી રાખી તેને મન, બુદ્ધિ, ચિત અને અહંકારરૂપે જોવા. એ બધાને જોનાર હું તેનાથી જુદો છું એવી ભાવના કરી તે સ્થિતિ ટકાવવાથી સારું ધ્યાન થવા લાગશે.

૧૪ આંખ બંધ કરી કોઈપણ તળાવકે સમુદ્ર આપણે જોયેલ હોય

તે પોતાની સામે ખડું કરો અને તેની પાસે પોતાના શરીરને ઊભેલું જુઓ. પછી આપણા શરીરને તે જલાશયના ઊંડા પાણીમાં ડુબાડી દો, ત્યાર બાદ એ મુડદાને કિનારા ઉપર લાવી મુકો, પોતાનાં સગાંસંબંધી, મિત્ર અને શત્રુ વગેરેને એ મુડદા પાસે બેસાડો અને કહો કે આ તમારો સગો મિત્ર શત્રુ પડ્યો છે. તેનું તમારે જોઈએ તે કરો. એ સગાંસંબંધી વગેરે એકબીજાના સામું જોઈ રહેલ છે પણ કોઈને તે મુડદા ઉપર કાંઇ મમતા અગર બીજું કાંઈ થતું નથી.

એવી રીતે તમે તમારાં સગાંસંબંધી શત્રુ વગેરેને પણ તે જલાશયના ઊંડા પાણીમાં ડુબાડી એ બધાનાં મડદાને કિનારા ઉપર લાવી મુકો અને તેમને પોતાને કહો કે આ તારાં બધાં સગાંસંબંધી પડ્યાં છે તેમાંથી કોઇને માટે તને કંઇ થાય છે કે ? અનુભવથી સમજાશે કે કાંઇ લાગતું નથી. પછી એક મોટી ચિતા સળગાવી પહેલાં પોતાના શબને અને પછી સગાંસંબંધીઓનાં શબોને તેમાં નાખી હોમી દો. તેનો ભડકો જોયા કરો. જે ચેતનના પ્રકાશથી તમે તે જોઇ રહેલ છો તે જુદો, જોનાર સાક્ષી ચેતન છે એમ અનુભવ થશે એ સાક્ષી ચેતનને માતા, પિતા, સગાં, સંબંધી, રોગ, જન્મ, મરણ, કામ, ક્રોધ, સુખ, દુઃખ, બંધ, મોક્ષ, ભૂખ, તરસ વગેરે કાંઈ નથી. પછી એ સાક્ષી કેવો એમ જોવા જશો તો સાક્ષીભાવ પણ લય પામી જશે. એ આપણી સ્વરૂપસ્થિતિ છે. એને જ નિર્વિકલ્પ સમાધિ કહે છે. એ દશા ટકે તેટલો વખત ટકવા દેવી. પછી સમાધિમાંથી જાગ્યા પછી એ સ્વરૂપ સર્વત્ર જોવાની ટેવ પાડવી.

૧૫ એમ માનો કે તમને એક સ્વપ્ન આવેલ છે. તેમાં કાંઈક બની ગયું, કાંઇક બને છે અને કાંઈક બનવાનું છે. જાગૃત થતાં એમ લાગ્યું કે એ બધું ખોટું હતું. તેવી જ રીતે હાલ જાગૃતમાં જે

ધ્યાન વખતે વિચાર આવે તો પોતાને પૂછવું કે દેહભાવે દેહને જે "હું" એમ માની બેઠો છું તે તેનું સ્વરૂપ નથી, તે દેહ માંસ, રૂધિર, ચરબી, હાડકાં, મળમૂત્ર વગેરેનો બનેલો છે. માબાપે ખાધેલા અન્નથી રજ અને વીર્ય બને છે. તેનાથી શરીર ઉત્પન્ન થાય છે. શરીર અન્નથી વધે છે, અન્નથી જીવે છે તેથી તે અન્નનું બનેલું છે. છેવટે તે પૃથ્વીમાં મળી જાય છે. એ અન્નમય કોશ છે. તે "હું છું" એમ માનવાથી જન્મમરણના અનુભવ થાય છે તેથી શરીરને સુખ આપવું નહિ, તેમ દુઃખ પણ આપવું નહિ. પરંતુ આત્માનું ધ્યાન થઇ શકે તેવું નીરોગી રાખવું. આત્મા શરીરથી જુદો છે. જન્મ પહેલાં અને મરણ પછી અન્નમય કોશનો અભાવ છે. માટીના ઘડાની માફક શરીર નાશવાન છે અને કાર્ય છે. આત્મા ઉત્પત્તિ અને નાશથી રહિત હોવાથી તેનાથી વિલક્ષણ છે. તે બધી અવસ્થાને જાણનાર છે. દેહનો સ્વભાવ જડ છે અને પરિણામી છે. નાની ઉમરનું શરીર મોટી ઉંમરે રહેતું નથી તેથી તેમાંથી આત્મબુદ્ધિ કાઢી નાખવી. જ્યારે શરીરને પક્ષઘાત થાય, આંખ, કાન, નાક વગેરે કામ કરતાં ન હોય અથવા શરીરનો કોઈપણ ભાગ કપાઈ ગયો હોય ત્યારે પણ આત્મા એવો ને એવો જ રહે છે. તેથી તે શરીરથી જુદો છે. જેમ ઘડાને જોવાવાળો ઘડાથી જુદો છે તેમ દેહને જોવાવાળો દેહથી જુદો છે. શરૂઆતના અભ્યાસમાં અને તે પછી પણ આ બાબત ધ્યાનમાં રાખવાની છે. એવા ભાવનો બદલો જરૂર મળશે. તેમાંથી એક પ્રકારની શાંતિ ઉત્પન્ન થશે અને ધારણા બંધાશે. સામાન્ય મન વાંદરા જેવું છે પણ જો તેને એક ઠેકાણે બાંધવામાં આવે તો તે વાંદરાને લાગશે કે મારો કોઈક ધણી છે, માટે આત્માના વિચાર ઉપર મનને એકાગ્ર કરવું. છતાં મન એકદમ વશ ન થાય તો ગભરાવું નહિ. જેમ માછલીને પાણી ગમે છે તેમ તે વખતે સંસારના વિચારો આવીને કદાચ તમારી શાંતિનો ભંગ કરશે, કારણ કે તમે મનને છૂટ આપેલી છે, તે છૂટ

ધીરે ધીરે પાછી વાળવી જોઈએ. અર્જુને જેમ મત્સ્યવેધ કર્યો હતો અને તેને દ્રૌપદી રૂપી બુદ્ધિ મળી હતી તેમ ચંચળ મનને વીંધતાં શીખવું જોઈએ.

આ વિચારો આગળથી યાદ કરી લેવાથી ધ્યાન વખતે બહુ સરળતા થશે. અભ્યાસને બીજે પગથીએ પ્રાણમય કોશથી પોતાને જુદો જાણતાં શીખવાનું છે. જે જે વાસના, જે જે લાગણી, આશા, બીક, અનુકૂળતા પ્રતિકૂળતા વગેરે ઉત્પન્ન થાય તે પોતાનું સ્વરૂપ નથી. જેવો ભાવ ઉપર કહ્યા પ્રમાણે શરીર પ્રત્યે રાખવાનો છે તેવો જ ભાવ આવી લાગણીઓ પ્રત્યે રાખવાનો છે. તે લાગણીઓ અનિત્ય છે. નિદ્રામાં જતી રહે છે, સમાધિમાં જતી રહે છે અને જાગ્રતમાં તેમાં ફેરફાર થયા કરે છે. નાની ઉંમરની લાગણીઓ મોટી ઉંમરે રહેતી નથી અને એક માણસની લાગણી બીજા જેવી હોતી નથી. આવી અનિત્ય વસ્તુ તે તમારું સ્વરૂપ નથી. જેમ વાયુ આવે છે અને જાય છે તેમ તે વિકારી છે. આવો અભ્યાસ પડતાં ઘણા ખોટા વિચારો ઓછા થઈ જશે. અને અંતગતમામાં વધારે ધારણા બંધાવા લાગશે. પ્રાણમય કોશ પાંચ પ્રાણનો બનેલો છે. નિદ્રામાં માણસ સૂતો હોય તે વખતે કોઈ સ્નેહી તેને મળવા આવે તો પ્રાણ જાગતો હોવા છતાં તેનું સન્માન કરતો નથી અને કોઈ ચોર ઘરમાં આવી દાગીના ચોરી જાય તો પણ પ્રાણ જાગતો હોવા છતાં તેને અટકાવતો નથી. તેથી પ્રાણ શરીરની માફક જડ છે. આત્મા ચેતન છે અને પ્રાણમય કોશથી વિલક્ષણ છે. પ્રાણમય કોશ એ સૂક્ષ્મ દેહરૂપ છે. પ્રાણમય કોશને વાસનામય કોશ પણ કહે છે. જેની વાસના તીવ્ર હોય છે, જે જગતને સાચું માને છે તેઓ કેટલીકવાર પ્રાણાયામની સાધનામાં પડે છે તેઓ પહેલાં પ્રાણને વશ કરીને પછી મનને વશ કરવાની મહેનત કરે છે. હઠયોગમાં, પ્રાણાયામ એ મુખ્ય સાધન છે. તાંત્રિક ઉપાસનામાં પણ તેનો ઉપયોગ છે. હઠયોગ પ્રમાણે ૪ સેકંડ પૂરક કર્યા પછી ૧૬ સેકંડ

કુંભક થાય છે અને રેચકની ક્રિયામા ૮ સેકંડ લેવાય છે.

પણ યોગ્ય ગુરુ ન મળ્યા હોય તો હઠયોગની ક્રિયામાં કેટલીકવાર ભૂલ થાય છે અને પ્રાણમાં વિકાર થઈને રોગ ઉત્પન્ન થાય છે. પ્રાણને સમાન રાખી કુંભક વધારવાનું હઠયોગના માર્ગમાં શીખવવામાં આવે છે પણ હાલના કાળમાં જિજ્ઞાસુઓનાં શરીર બહુ નબળાં હોવાથી તે આ ક્રિયા સહન કરી શકતાં નથી. લગભગ બધા સાધકને મુખ્ય વિક્ષેપ પ્રાણ તરફથી એટલે વાસના તરફથી નડે છે, તેથી રાજયોગની રીતે પ્રાણમય કોશથી આત્માને જુદો જોવાની ટેવ પાડવાની જરૂર છે. આ વખતે સૂક્ષ્મ શરીર સ્થૂળ શરીરથી જુદું થતું હોય એવો અનુભવ, થશે કેટલીક સિદ્ધિઓ જણાવા લાગશે અને નવું સુખ પણ કદાચ મળશે. પણ સિધ્ધિઓના લોભમાં મોહ પામવો નહિ.

ધ્યાનની શરૂઆતમાં કેટલીક મુશ્કેલીઓ ઉત્પન્ન થાય છે. કેટલાક ચિત્રો નજર આગળ આવશે. કેટલીક ઇચ્છા, બીક, ચિંતા વિગેરે નડશે તો પણ પોતાને તે બધાંથી અસંગ સમજી અલગ રહેવાનો અભ્યાસ પાડવો. સાથે સાથે વૈરાગ્ય વધતો જાય તો અભ્યાસ બહુ સરળ થતો જાય છે. પહેલાના જ્ઞાનથી જોએલું જગત સાચું નથી એમ લાગે તો વૈરાગ્ય કેળવવામાં સરળતા થાય. સાધારણ રીતે પાણીની ગતિ નીચે વહેવાની હોય છે, પણ જે પાણી ઝાડને પાવામાં આવે છે તે ઝાડના રસ સાથે ઉપર ચડે છે. તેવીજ રીતે સાધારણ વૃત્તિ બહાર-ના અનિત્ય પદાર્થો તરફ ભટકે છે. પણ જો અભ્યાસ અને વૈરાગ્યદ્વારા તેને બરાબર કેળવી હોય તો તે ખરા સ્વરૂપનો પરિચય આપે છે.

અભ્યાસને ત્રીજે પગથીએ "મનોમય કોશ" નો પરિચય કરી તેનાથી છૂટવાનું છે. તે વખતે એવો વિચાર કરવો કે "જે વિચાર કરે છે તે શું હું છું?" તેના જવાબ માટે ગહ જોવી. થોડા વખતમાં અંદર એવું જ્ઞાન ઉત્પન્ન થશે કે મનના વિચારો પાચ ઇન્દ્રિયોના વિષયમાંથી આવે છે, તે આત્માનું સ્વરૂપ નથી. આત્મા એ વિચારનો દ્રષ્ટા

[અનુસંધાન માટે જુઓ પાન ૪૮]

હું મુક્ત છું; તને જ પામીશ !

તાત !

દૃઢ સંકલ્પબળ, આત્મવિશ્વાસ, નિર્મળ, સુપ્રગ્રહિત ચિત્ત, તથા અભેદદૃષ્ટિ થવાથી હું મુક્ત છું, તને જ પામીશ, અવશ્યમેવ, દેવ !

પ્રભો !

અહંભાવનો પ્રજ્વલિત અગ્નિ આજે ભસ્મીભૂત થતાં, મૂઢતા દૂર જતાં, સ્વસ્વરુપને અજન્મા, અનાદિરુપે ઓળખતાં હું મુક્ત છું; તને જ પામીશ

કૃપાળુ !

ક્ષણે ક્ષણે માનવી ઉરને ભમાવતાં સુખદુ:ખાદિ કંઇ કંઇ દ્વન્દ્વો, પૂર્વકાળની કંઇ કંઈ વાસનાઓ તથા કૌટુમ્બિક સ્નેહભાવથી ઉત્પન્ન થયેલ અજ્ઞાનજન્ય અંધકારનો નાશ થતાં, હું મુક્ત છું, તને જ પામીશ

દયાળુ !

બુદ્ધિ, ચિત્ત અને દુરાગ્રહી મનને કાબુમાં લેતાં અલૌકિક તેજનો પ્રાદુર્ભાવ થયો, તેમાં અપૂર્વ આનંદથી સ્નાન કરતાં હું મુક્ત છું, તને જ પામીશ

મુક્તીશ !

આજે હું બધિર છું, આજે હું જડ છું, આજે હું મનુષ્ય નથી, પશુ નથી, પક્ષી નથી, કીટ નથી. સ્થૂલ નથી, સૂક્ષ્મ નથી, જળ નથી, વાયુ નથી; દેહ નથી, મન નથી, દેવ નથી, દાનવ નથી, અરે, કાંઈ જ નથી શુદ્ધ તેજોમય શ્રેષ્ઠ સ્વરૂપે હું મુક્ત છું. તનેજ પામીશ

બ્રહ્મસ્વરુપ !

સ્નેહીઓનો સ્નેહ, સંસૃતિનાં સુખ, જીવનની અજેય લાલસાઓ, અરે, દુન્યવી વા સ્વર્ગીય કોઇપણ શક્તિ મને આજ રોકવા સમર્થ નથી. સ્વરૂપમાં આનંદ અનુભવતી હું મુક્ત છું, તને જ પામીશ

—મનોરમા મ. શાસ્ત્રી

નથી, અને એક યુગની વાતો પણ બીજા યુગના માણસો સમજી શકતા નથી. નવા યુગના માણસોને નવી નવી જરૂરીઆત પ્રમાણે નવી નવી ટેવ પડે છે અને તેથી સમજણ શક્તિની હદ બંધાય છે. દરેક કાળ વ્યવહાર અને પરમાર્થનો યોગ્ય સબંધ રાખવાનો પ્રયત્ન થાય છે, પણ વ્યવહાર ફરતો રહે કે તેથી તે સંબંધમા બગાબર ગખવા માટે, જે ઉપાય પહેલાના કાળમા લેવામા આવ્યા હોય, તે ઉપાય બીજા કાળમા ચાલતા નથી. બુદ્ધિ ઓછી થઇ જવાથી હાલના કામમાં એવી રીત સમાજમાં પડી ગઇ છે કે જે કરવું તે બધાએ ભેગા મળીને કરવું. એવી ભાવના ઇગ્લાંડમાં જન્મી છે અને બીજા દેશોમાં ફેલાણી છે. બહુમતિના રાજ્યમા (Democracy) મૂરખને એક મત આપવાનો હક રહે છે, અને જ્ઞાનીને પણ એક મત આપવાનો હક રહે છે. વળી જ્ઞાનીને પાર્લામેન્ટમા બેસવા માટે પસદ કરવા માટે ઘણા મૂરખના મત લેવા પડે છે.

સત્યની વ્યાખ્યા એવી છે કે જે હમેશા એવુ ને એવું રહે. એવા સત્યનો અનુભવ જે રીતે મળે તે પદ્ધતિને સનાતનધર્મ કહે છે. એવા સત્યનો અનુભવ થયો હોય તેવા મહાપુરુષો આ દેશમાં થઇ ગયા છે, પણ દરેક કાળે નવીનવી પ્રકૃતિના માણસો જન્મતા હોવાથી તે જ સત્ય તેના કાળના માણસોને સમજાવવા માટે નવી પદ્ધતિની જરૂર પડે છે, તેથી એક જ સત્ય સમજાવવા માટે ઘણા સપ્રદાયો થયા છે

સત્ય જ્ઞાન માટે એટલું જરૂરનું છે કે પોતાની ચાલુ માન્યતાઓ ઉપર, અને સમાજે ઉત્પન્ન કરેલ માન્યતા ઉપર પહેલા શકાની નજરથી જોવુ, અને જે માન્યતા સત્યનો અનુભવ લેવામા અડચણરૂપ હોય તે ફેરવવી. હજાર મૂર્ખના મત કરતા એક જ્ઞાનીનો મત સાચો હોય છે. વાતાવરણ સાત્ત્વિક હોય ત્યારે એવા જ્ઞાની બહુ જોવામાં આવે છે.

હાલ જીવનમા બગાડો વધારે થતો હોવાથી વધારે સુધારાની જરૂર

જણાય છે, સુધારા ઉપર સુધારા થયા કરે છે, અને એ સુધારાનો અંત જણાતો નથી; કારણ કે બગાડો એટલા જોરથી વધે છે કે તેનો અંત જણાતો નથી. તેથી દરેક માણસની નજરમાં કોઈ કોઈ જાતની ભૂલો જોવામાં આવે છે, અને દરેક માણસની ઈચ્છા એવી થાય છે કે ભૂલ કાઢવા માટે સમાજની કાંઈક સેવા કરવી જોઈએ. સેવા કરવાની ઈચ્છાવાળાની સંખ્યા પણ વધતી જાય છે, સેવા પણ થતી જાય છે, અને છતાં બગાડાનો પ્રવાહ પણ વધતો જાય છે.

કોઈ એમ પણ માની બેઠા છે કે જગતમાં દુઃખ વધતું જાય છે. તેથી હાલમાં ભગવાન આપણા જગતમાં નથી. ભગવાન કહે છે કે હું સચ્ચિદાનંદ સ્વરૂપ છું અને મારા સિવાય બીજું કાંઈ નથી. તો પછી લડાઈ, દુકાળ, કજીઆ, અનીતિ, હરામખોરી વગેરે કેમ જોવામાં આવે છે?

આવા પ્રશ્નનો સાચો ઉત્તર જોઈતો હોય તો ભગવાનનું સાચું સ્વરૂપ બરાબર સમજવું જોઈએ, ભગવાનનો ઉપદેશ શો છે તે સમજવું જોઈએ, અને તે ઉપદેશ પ્રમાણે આપણે રહીએ છીએ કે નહિ, તેની તપાસ પણ કરવી જોઈએ. ગીતામાં ભગવાન કહે છે કેઃ —

अनन्याश्चिंतयन्तोमाम् ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानाम् योगक्षेमं वहाम्यहम् ॥

એટલે કે જે મારું અનન્ય ચિંતન કરે છે, એવા નિત્યયુક્ત ભક્તોનો યોગક્ષેમ હું ચલાવું છું.

વળી શ્રીમદ્ ભાગવતમાં એક જગ્યાએ એવો અર્થ નીકળે છે કે, જેઓ ભગવાનમાં અનન્ય ભાવ રાખતા નથી, તેમને ભગવાન રોટલો પણ આપે નહિ. રૂકમણિ ભગવાનને કહે છે કેઃ-

व्यूढायाश्चापि पुंश्चल्या मनोऽभ्येतिनवंनवम् ।
बुधोऽसतीं न विभृयात्तां बिभ्रदुभयच्युतः ॥

१०-६०-४८

એટલે જે સ્ત્રી વ્યભિચારિણી હોય છે, તેનું મન વિવાહ થયા છતાં પણ નવા નવા પુરૂષની તરફ જાય છે. બુદ્ધિમાન પુરૂષે એવી અસતી સ્ત્રીનું ભરણ પોષણ ન કરવું જોઈએ. કારણ કે તેમ કરવાથી તે આ લોક અને પરલોક બન્નેથી પતિત થઈ જાય છે. શ્રીમદ્ ભાગવત એ સમાધિભાષાનો ગ્રંથ હોવાથી, દશમસ્કંધમાં જ્યાં જ્યાં સ્ત્રીની વાત આવે છે, ત્યાં ત્યાં પ્રકૃતિ એવો અર્થ થાય છે. તેથી જે જે જીવ ભગવાનનું નામ લીધા પછી બીજા પદાર્થમાં મન ગમે છે, અને નવું નવું જોવાની ઇચ્છાથી ભગવાનને ભૂલી જાય છે, તે જીવોનું ભરણપોષણ ભગવાન કરતા નથી. આ શ્લોકમાં પરપુરૂષ તરફ દૃષ્ટિ કરવી તેનો અર્થ અનાત્માનું સ્મરણ કરવું એવો થાય છે.

જેઓ ભગવાનને ભૂલતા નથી તે અનીતિમાં અને સ્વાર્થમાં પડતા નથી. હાલના સમાજમાં ધર્મનો માત્ર એક ભાગ ટકેલો હોવાથી અને અધર્મનો ભાગ વધી ગયેલો હોવાથી અનીતિ અને સ્વાર્થ વધી ગયેલ છે. જેઓ બીજાના દોષ કાઢે છે તે પોતે જ અમુક દોષમાં પડેલા હોય છે, પણ માયાની રમત એવા પ્રકારની છે કે ઘણી વાર પોતાના દોષ માણસને જણાતા નથી, તેથી જ શાસ્ત્રોમાં ગુરુની જરૂર માનવામાં આવેલી છે.

જે માણસો બરાબર વિચાર કરી શકતા નથી તેઓ યુગધર્મને વશ થાય છે, અને કેટલીક ખોટી માન્યતાઓને સાચી માને છે. મહાત્મા ગાંધીજી જેવાની આત્મકથા અથવા સત્યના પ્રયોગોની કથા હજુ પૂરી થઇ નથી, તેથી કેટલાક એમ માને છે કે સત્ય હજુ આ જગતમાં આવેલ નથી. પણ સત્ય કહેવું કોને ? તે બાબત જ્યાં સુધી નક્કી નહિ થાય, ત્યાં સુધી વારંવાર જીવન ફેરવવાથી કાંઈ ફળ મળશે નહિ જે વસ્તુ પ્રાપ્ત થયાથી સત્ય મળ્યું કહેવાય તે શી છે, તે પહેલાં સમજવું જોઈએ

રોટલી મેળવવા માટે જે પ્રકારની માન્યતા જોઇએ, અને જે

પ્રકારનો પુરુષાર્થ જોઈએ, તેવા પ્રકારના જ્ઞાનથી સત્ય મળશે નહિ. જેવું પ્રમેય જોઇતું હોય તેવું પ્રમાણ લેવું જોઇએ. તે બુદ્ધિનું કામ છે. જ્યાં સુધી એક વસ્તુ મેળવવાનું નક્કી નહિ થાય, અને તેને માટે જરૂર પડતો પુરુષાર્થ નહિ થાય, ત્યાં સુધી મન અનેક વસ્તુમાં ભમ્યા કરશે.

જમવું હોય તો ભેગા બેસીને જમી શકાય છે, પણ મરવું હોય તો ભેગા થઇને મરાતું નથી, તેથી બધાં કામ ભેગાં થઇને થતાં નથી.

હાલના ઘણા માણસો એમ માને છે કે સમાજે માનેલાં અમુક અમુક સારાં કામ કરવાથી ભગવાન મળી રહેશે. પણ ભગવાન ભવિષ્યમાં નથી. તે પરિણામનું પરિણામ નથી, પણ કારણનું કારણ છે, તેથી જે કામ થાય તે કેવા ભાવપૂર્વક થાય છે તે ઉપર બધો આધાર છે; સાચો ભાવ કેળવવા માટે સાચા જ્ઞાનની જરૂર છે, અને સાચા જ્ઞાન માટે સાચા ગુરુ પાસે જવાની જરૂર છે.

આ યુગમાં વ્યવહાર અને પરમાર્થની એકતા કરવાની મુશ્કેલી રહે છે. જેઓ વ્યવહારને પ્રધાનપદે મૂકે છે, તેઓ પરમાર્થના સંબંધમાં ગંભીર ભૂલો કરે છે. જેઓ પરમાર્થને મુખ્ય ગણે છે, તેઓમાં ઘણા જગત અને જગતના વ્યવહારની નિંદાનો વખત મળે તો ચૂકતા નથી. આ મુશ્કેલી ચાલી આવે છે. જેમ સમાજનાં બંધન મનુષ્ય ઉપર નાખવાથી મનુષ્ય સ્વતંત્ર થઈ શકતો નથી, તેમ ખરી સ્વતંત્રતા સમજ્યા વગર મનુષ્ય સમાજ તરફ જોઈએ તેવું વર્તન રાખી શકતો નથી, અને રાગદ્વેષ ગયા વગર કોઈપણ સમાજની ચળવળમાં ભાગ લેવાથી રાગદ્વેષ વધી જાય છે. આ કારણને લઇને વ્યવહાર અને પરમાર્થની એકતા કરવી મુશ્કેલ પડે છે, એટલું જ નહિ પણ ખાસ કરીને હાલના કાળમાં એક માણસ ઉપર એક જ વખતે એક કરતાં વધારે ફરજ આવી પડે છે, અને તેમાંથી કેમ નીકળવું એ તેને સૂઝતું નથી."

મહાત્મા પુરુષોને આવા સંજોગોમાં રસ્તો સૂઝે છે તેઓ બને ત્યાં સુધી હલકી ફરજ કરતા ઊંચી ફરજ સ્વીકારી, હલકી ફરજ છોડવાથી નડતી મુશ્કેલીઓ ખુશીથી સ્વીકારે છે

તેથી આપણા જીવનમાં આપણે શું જોઈએ છે તે નક્કી કરી લેવાની જરૂર છે જ્યાં સુધી અલ્પ સુખમાં વૃત્તિ રહેશે, ત્યાં સુધી પોતાના સંજોગો જીતી શકાશે નહિ વળી જગત કેવું છે તે સમજ્યા વગર તેને સુધારવા જતા તેને બગાડવા જેવું કેટલીક વાર થાય છે. જે જગત આપણે જોઈએ છીએ તેમાં આપણને પોતાને સમજાયું હોય તેવું તરત પહેલા શોધી કાઢી તે જાણવાનો પ્રયત્ન કરવો જોઈએ માણસ શું જાણે છે અને શું નથી જાણતો એ જાણવું એ તેની પહેલી ફરજ છે જે જાણ્યું તે તેણે કેવી રીતે જાણ્યું, તે જાણવાની જરૂર છે અને જે ન જાણ્યું તે તેણે કેવી રીતે ન જાણ્યું, તે જાણવાની પણ જરૂર છે એટલું જાણી શકાય ત્યારે જે જાણવાનું છે તે જાણી શકાશે

સાચા પ્રશ્ન ઉત્પન્ન થશે તો સાચા ઉત્તર મળશે ખોટા પ્રશ્નના ઉત્તર કોઈ આપી શકશે નહિ અને કોઈ આપશે તો સંતોષ થશે નહિ

આપણા કલ્યાણનો બધો આધાર આપણા ઉપર છે, તેથી આપણા આત્માના સ્વરૂપના ચિંતન માટે પૂરતો વખત રહેવો જોઈએ આ જરૂરી બાબત ઘણાને સમજાતી નથી જેટલી ફુરસદ મળતી હોય તેટલી આ કામ માટે રાખી શકાય તો વધારે ફુરસદ પણ ભગવાન આપી રહે છે

જેઓ જગતમાં સુખ અને સૌંદર્ય જોઈ શકતા નથી અને બધે દુ:ખ અને દીલગીરી જુએ છે તે ખરૂ જગત જોઈ શકતા નથી તે આખું જગત જોઈ શકતા નથી તેણે પોતાનો આત્મા જાણેલ નથી, તેને સનાતન ધર્મની ખબર નથી તેથી તેમનું જોયેલું જગત એ પૂર્ણ જગત નથી તે તેમનું માનેલું જગત છે જે જ્ઞાનથી અપૂર્ણ

વસ્તુ દેખાય, તે જ્ઞાનથી પૂર્ણ વસ્તુ જાણી શકાશે નહિ.

ઘણા માણસો એવી ઇચ્છા રાખે છે કે જગત આપણને સુખરૂપ થવું જોઇએ, પણ એમ કોણ કહી શકે કે જગતમાંથી આપણી બધી ઇચ્છા પૂરી થવી જોઇએ ? આપણે જ્યારે આવી માગણી જગત પાસે કરીએ છીએ, ત્યારે એમ સમજાયું કે આપણી કેટલીક ઇચ્છા પૂરી કરવાની માગણી કરીએ છીએ. તે ઇચ્છા પૂરી કરવાની માગણી કરવી એ મુર્ખાઇ છે. મહાપુરુષો તેવી માગણી કરતા નથી. જગત આપણને સુખરૂપ થવું જોઇએ એ કહેવું ઠીક છે, પણ સુખરૂપ ન થાય તેથી જગત ખરાબ છે, એમ કહેવાય નહિ, કારણ કે આપણી ઇચ્છાનુ ઠેકાણું નથી, માટે કઇ જાતની ઇચ્છા સારી કહેવાય અને કઇ સારી ન કહેવાય તે જાણવાની જરૂર છે. તે માટે સનાતનધર્મનુ રહસ્ય જાણવું જોઇએ, અને તે અનુભવમા લેવું જોઇએ

સનાતનધર્મ એ જ સત્ય છે અને સત્ય એ જ સનાતનધર્મ છે. એવું સત્ય આપણી ઇચ્છા પ્રમાણે વળે નહિ. વળે તો તે સત્ય નથી. ઉલટું સત્ય એવું હોવું જોઇએ કે તે આપણી ઇચ્છાને અંકુશમા રાખે, અને તેને સત્ય તરફ વાળે. વ્યાવહારિક સુખ તે કામ પૂરતું છે. તે એમ બતાવે છે કે જીવન સુખ માટે છે, પણ જ્યારે તે જીવનને બરાબર વાપરતા આવડતું નથી, ત્યારે સુખની હદ બધાય છે કે જે પછાથી દુઃખરૂપે દેખાવ આપે છે.

પૂર્ણ સનાતન સત્ય ગ્રહણ ન કરવું તેને અજ્ઞાન કહે છે. અજ્ઞાન જીવનના એક ભાગનો પરિચય આપે છે. પણ તે ભાગ બહારના જગતમાં નથી. જીવ પોતાની મતલબથી પૂર્ણમાંથી થોડું ગ્રહણ કરી તેને પૂર્ણ માને છે અને વધારે વિચાર કરતાં પાછળથી તે અપૂર્ણ લાગતાં દુઃખી થાય છે. ક્રિયાથી સત્તા પૂરી ગ્રહણ થઇ શકતી નથી, પણ સત્તાથી ક્રિયા પૂરી ગ્રહણ કરી શકાય છે. તેથી એક સત્તા સર્વત્ર રહેલ છે, તેનો અનુભવ લેવો એ માણસના જીવનનુ મુખ્ય કર્તવ્ય છે,

અને એ સનાતનધર્મનો મહિમા છે. એ અનુભવ થયા પછી બધા ઉપર સહેજ પ્રેમ થશે. કારણ કે જે બધા કે બીજા ભૂલથી માન્યા હતા તે આપણે જ છીએ. તેથી આપણે આપણા ઉપર પ્રેમ કરવાનો છે જેને આવી દશા પ્રાપ્ત કરવી છે તેને માટે હંમેશાં સત્યુગ છે.

ઉંચામા ઉચું તત્ત્વજ્ઞાન દષ્ટિસૃષ્ટિવાદમાં સમાયેલું છે. પશ્ચિમના દેશના લોકોએ પણ હવે તે સિદ્ધાંત સમજવાની શરૂઆત કરી છે. બ્રહ્મામા કરોડો દેખાવ વીતી ગયા, વીતે છે અને વીતશે, સંસારમા બધા દેશોમા ચડતી પડતી આવ્યા કરે છે. માણસ મરે છે ત્યારે તેના દેહનું, દેશનું અને કાળનુ અભિમાન છૂટી જાય છે, પણ જીવતાં તે કેમ છોડવું એ સમજી શકતો નથી. તે માટે આત્મજ્ઞાનની જરૂર છે. એ કામમા જિજ્ઞાસુઓએ મદદ મળે તેવું જ્ઞાન આપવા માટે 'ઉત્થાને' શરૂઆત કરેલ છે. જાગ્રતના બધા દેખાવ સ્વપ્નની માફક સાચા લાગવાનું કારણ અજ્ઞાન છે, અને એ દૂર કરવા માટે જે પુરૂષાર્થ કરવો જોઈએ તે જ માણસના જીવનમા મુખ્ય કામ છે. અજ્ઞાન એ કોઈ સાચી વસ્તુ ન હોવાથી, તેને દૂર કરવાનું કામ બની શકે છે, પણ તેમાં ઘણા પુરૂષાર્થની જરૂર છે. જે જીવ પોતે આવા પુરૂષાર્થ પાછળ ખંતથી મહેનત કરે છે, તેને ઈશ્વરકૃપા અને ગુરુકૃપા જરૂર મળી રહે છે.

ધર્મવિચારણા

લેખક— સ્વા. શ્રી. અદ્વૈતાનંદજી

(૧)

卐

પ્રત્યેક ભાષામા કેટલાએક શબ્દો એવા હોય છે કે જે કદમા નાના પણ અર્થગાભીર્યમા સાગર જેવા ગહન હોય છે ધર્મ, જીવન, સસ્કૃતિ આ શબ્દોને આ વર્ગમા મૂકી શકાય આ શબ્દોની વિસ્તૃત વ્યાખ્યા કરવી હોય તો એક સ્વતત્ર પુસ્તક લખવાની આવશ્યકતા રહે છે. સૃષ્ટિના આરંભથી તે આધુનિક સમય સુધીમા માનવવિકાસમા જે જે શક્તિઓ કામ કરી રહી છે, તે સર્વમાં જેને આપણે "ધર્મ" નામથી સબોધન કરીએ છીએ, તે શક્તિએ અનુપમ ભાગ ભજવ્યો છે. સામાજિક, રાજકીય, આર્થિક ક્રાતિના મૂળમા પણ આજ વિલક્ષણ શક્તિ વિધવિધ રૂપે કામ કરે છે. પ્રથમ જનસમૂહના વિચારોમા, ભાવનાઓમા, જીવનના આદર્શોમા મૂળગત પરિવર્તન કરી જન સમાજના બાહ્ય સ્વરૂપમા પણ ફેરફાર કરે છે નિરનિરાળી પ્રજાઓને પ્રેમની સાંકળમા બાધી રાખનારી, તેમની વચ્ચે ભ્રાતૃભાવ ઉત્પન્ન કરનારી પણ આ જ શક્તિ છે. સર્વ બધનો કરતા ધર્મનું બધન વધારે દૃઢ હોય છે. આપત્તિના સમયમા એક જ ધર્મના અનુયાયીઓ એક બીજાને સહાય કરવા વધારે પ્રમાણમા તત્પરતા બતાવે છે.

આ દૃશ્યજગતની અદર બે પ્રચડ શક્તિઓની ક્રિયા અને

પ્રતિક્રિયા થતી આપણા જોવામાં આવે છે. બાહ્યજગતમાં આ શક્તિઓનું કાર્ય આકર્ષણ અને વિપ્રકર્ષણના રૂપમા વ્યકત થાય છે અને આંતરિક જગતમાં રાગદ્વેષના રૂપમા દૃષ્ટિગોચર થાય કે કેટલીક વસ્તુઓ તરફ આપણને રાગ ઉત્પન્ન થાય છે અને આપણે તેમના તરફ આકર્ષાઈએ છીએ. કેટલીક વસ્તુઓ આપણા મનમા ઘૃણાની ભાવના પેદા કરે છે અને તેમનાથી દૂર રહેવાનો આપણે સતત પ્રયત્ન કરીએ છીએ. આ નિયમ સંસારની સર્વ ભૂમિકાઓને એક સરખી રીતે લાગુ પડે છે. જેમ જેમ કાર્યક્ષેત્રની ભૂમિકા ઉચ્ચ પ્રકારની તેમ તેમ આ પરસ્પર વિરોધી દેખાતી શકિતઓની અસર પણ વધારે અલૌકિક હોય છે. "ધર્મ" મનુષ્ય જીવનની ઉચ્ચતમ પાયરીને સ્પર્શ કરે છે તેથી તેની અંદર આ બન્ને શકિતઓનુ કાર્ય અસાધારણ રૂપ ધારણ કરે છે. ભિન્ન ભિન્ન વ્યકિતઓ વચ્ચે, પ્રજાઓ વચ્ચે, જાતિઓ વચ્ચે, ધર્મના નામે ગાઢમા ગાઢ પ્રેમ બતાવવામા આવે છે અને એક બીજાને મદદ કરવામા અમાપ એવો સ્વાર્થત્યાગ કરવામાં આવે છે. અનાથ, અશકત ગરીબ વર્ગ માટે અનાથાશ્રમો, અશકતાશ્રમો, અન્નક્ષેત્રો, નિવાસસ્થાનો, દવાખાનાઓ, નિશાળો, વિગેરે જેટલા ધર્મને આભારી છે તેટલા અન્ય કશાને નથી. ધર્મભાવનાએ, મનુષ્ય જાતિની નહિ પણ પશુ પક્ષીઓની પણ રક્ષા કરી છે ધર્મે માણસને જેટલો કોમળ, દયાળુ, પ્રેમાળ અને સ્વાર્થત્યાગી બનાવે છે તેટલો અન્ય કોઇપણ આદર્શ તેના જીવનને સ્પર્શ કરી શકતો નથી. તેની સાથે આપણે એ પણ કબૂલ કરવુ જોઇએ કે ધર્મને નામે જેટલો રકતસ્રાવ દુનિયામા થયો છે તેટલો બીજી કોઈપણ વસ્તુને નામે થયો નથી. આવી અચિંત્ય શકિતનુ પદાર્થસ્વરૂપ સમજવાની તથા તેની ઉત્પત્તિ, ત્તા તથા પ્રયોજન વિષે વિચાર કરવાની આપણી પવિત્ર ફરજ છે

હાલના સમયમા કેટલાક વાચકોને, ધર્મ સબંધી ખરી-ખોટી ગમે તેવી ચર્ચા કરવામા જ રસ પડે છે. તેમ બીજા કેટલાકને ધર્મના

નામથી જ સુગ ચઢે છે. અમારા મત પ્રમાણે ધર્મનું રહસ્ય ચિત્તમાં સ્થિર કરીને તદનુસાર આચાર ન કરવાથી જ આ સંસારમાં સર્વ આપત્તિ આપણે વહોરી લઈએ છીએ. ધર્મ અને જીવન વચ્ચે વિરોધ ઊભો કરવાથી જ આપણું સંકલ્પ બળ, આપણો સ્વાર્થત્યાગ, આપણી અભિલાષાઓ શિથિલ, અને મન્દ થઈ જાય છે. ધર્મ મનુષ્યની સર્વ પ્રવૃત્તિઓમાં ઓતપ્રોત થઈને તેમનામાં પ્રાણ અને ચૈતન્ય રેડે છે. ધર્મનો નિશ્ચય થયા વિના વ્યવહારનો યથાર્થ નિશ્ચય થતો નથી.

ધર્મ એટલે શું ? ઘણાકની એવી માન્યતા હોય છે કે સ્નાન સંધ્યાદિ નિત્ય નૈમિત્તિક કર્મો કરવા એ જ ધર્મ. કેટલાક એમ જાણે છે કે પ્રાણી માત્ર તરફ પ્રેમ રાખવો, દીનતા ગખવી, સત્ય બોલવું, કોઇને મનથી, વાણીથી ને કર્મથી પીડા કરવી નહી, સંયમ રાખવો, ચોરી કરવી નહી તેજ ધર્મ, ઘણાક એમ માને છે કે ગુરુની આજ્ઞાનું પાલન કરવું એજ ધર્મ, કેટલાક એમ ધારે છે કે પરંપરાથી જે રીતરિવાજો ચાલ્યા આવ્યા હોય તે પ્રમાણે વર્તન કરવું તેજ ધર્મ, પાશ્ચાત્ય સંસ્કૃતિની અસર નીચે આવેલા સજ્જનો આવશ્યક કર્તવ્યને ધર્મ (duty). કહે છે. કોઇ કોઇ ધર્મના બે વિભાગો કરે છે. સામાન્ય ધર્મ અને વિશેષ ધર્મ, તેમના મત પ્રમાણે સામાન્ય ધર્મ સર્વ દેશમાં, સર્વ લોકોમાં એક જ હોય છે, પણ વિશેષ ધર્મ પૃથક્ હોય છે. ધર્મના આવા અનેક લક્ષણ કરવામાં આવે છે અને પ્રત્યેક મતના અનુયાયીઓ પોતે પ્રમાણ તરીકે જે ગ્રંથો માને છે તેમાથી અવતરણો આપી બીજાને સંતોષ આપવા પ્રયત્ન કરે છે. ઘણા વિદ્વાનોનો એવો મત છે કે ધર્મનો વિષય કેવળ શ્રદ્ધાનો જ છે. તેમાં તર્કને મુદ્દલ સ્થાન જ નથી. અમારા મત પ્રમાણે ધર્મ એ કેવળ બુદ્ધિનો કે તર્કનો વિષય નથી તેમ કેવળ શ્રદ્ધાનો પણ વિષય નથી. તર્કનો અંત નથી તેથી તેના ઉપર અંકુશ તરીકે આપ્ત જનોના વચનો હોવા જોઇએ એ ખરૂં છે. તેથીજ સનાતન ધર્મમાં શ્રુતિ, યુક્તિ અને સ્વાનુભવ

એમ ત્રણ રીતે શાસ્ત્રોમાથી સિદ્ધાન્તનું રહસ્ય મેળવી લેવામાં આવે છે. પણ આ ઉપરથી એ પણ સિદ્ધ થાય છે કે ધર્મ એ કેવલ શ્રદ્ધાનો જ વિષય નથી. જે કાંઈ આપણને કહેવામાં આવે તે વિચાર કર્યા વિના સ્વીકારી શકાય નહિ. માનવાની વાતનાં કારણ લક્ષણાદિનો વિવેક કરવો જ જોઈએ ને તેને જ તર્ક કહેવામાં આવે છે. તર્ક વિના માન્યતામા દૃઢ વિશ્વાસ ઉત્પન્ન થતો નથી અમુક માન્યતા બુદ્ધિ સ્વીકારે ત્યારે જ તેમા શ્રદ્ધા ચોંટે છે. શ્રદ્ધા અને બુદ્ધિ આ રીતે જોતાં એક જ છે, અને ધર્મનો નિર્ણય કરવામાં બન્નેની સમાન આવશ્યકતા છે. આ વિશ્વનો અનાદિ પ્રવાહ આપણી દૃષ્ટિ સમક્ષ ચાલ્યો જાય છે. આપણે પણ તેમાં જ છીએ. આ વિશ્વની રચના શું છે, તેની ઉત્પત્તિનું શું કારણ છે, શામાંથી તે ઉદ્ભવ્યું છે, આદ્ય કારણનું સ્વરૂપ કેવું છે, તેનો અને આપણો પરસ્પર સંબંધ કેવા પ્રકારનો છે ને તે સંબંધ યથાર્થ રીતે સાચવવા માટે આપણે કેવી રીતે સંસારમાં વ્યવહાર કરવો જોઈએ, આ મુખ્ય પ્રશ્નોનું સંતોષકારક નિરાકરણ કરવું એ જ મુદ્દાની વાત છે. વ્યક્તિ માટે જીવિતનો ઉદ્દેશ સમજવો જોઈએ અને તેને સમજીને તેજ પ્રમાણે નીતિ, આચાર, વિચાર, રાખવાં જોઈએ. જીવનના હેતુનો નિર્ણય થયા વિના નીતિના નિયમો માટે કોઈપણ પ્રકારનો અચળ આધાર સ્થાપી શકાય નહીં.

"ધર્મ" શબ્દ 'ધૃ' ધાતુ ઉપરથી નીકળ્યો છે. એનો અર્થ ધારણ કરનાર, પરમ માર્ગે દોરનાર એવો વ્યુત્પત્તિ માત્ર વિચારતાં થાય છે. એ ઉપરથી બીજા બધા અર્થો ઊઠેલા જણાય છે. સામાન્ય રીતે વ્યવહારમાં "ધર્મ" એટલે કેવળ પારલૌકિક સુખનો માર્ગ. આ અર્થમાં તેનો ઉપયોગ કરવામાં આવે છે. જ્યારે કોઈ કહે છે કે "હું . . છું, વૈષ્ણવ છું, શાક્ત છું, હિંદુ છું, મુસલમાન છું, ક્રીશ્ચીયન છું, બૌદ્ધ છું" ત્યારે એનો અર્થ એવો સમજવામાં આવે છે, કે પારમાર્થિક કલ્યાણ માટે તેણે તે સંપ્રદાય અથવા ધર્મનો આશ્રય લીધો

છે, અને તેમા પ્રતિપાદન કરેલા આચાર, વિચારો તેને માન્ય છે આ ઉપરાંત આપણે રાજધર્મ, કુળધર્મ, યુગધર્મ, દેશધર્મ, જ્ઞાતિધર્મ વિ શબ્દોનો પણ ઉપયોગ કરીએ છીએ આ ઠેકાણે "ઐહિક નીતિબંધન" ના અર્થમાં તે શબ્દ વપરાય છે આ બન્ને અર્થોને અલગ કરી બતાવવાના હોય છે, ત્યારે પારલૌકિક ધર્મને "મોક્ષધર્મ" ની સંજ્ઞા આપવામાં આવે છે, અને સામાજિક કર્ત્તવ્યને વ્યાવહારિક ધર્મ અથવા કેવળ 'ધર્મ'–આ શબ્દો લાગુ પાડવામા આવે છે. શ્રી ભગવદ્દગીતામા શ્રી કૃષ્ણચન્દ્રજી અર્જુનને યુદ્ધ કરવા માટે તત્પર થવાનો ઉપદેશ કરતી વખતે જણાવે છે કે ' સ્વધર્મને પેખીને પણ તું ચલિત થવા યોગ્ય નથી કેમકે સ્વધર્મ રૂપ યુદ્ધ કરતાં બીજુ શ્રેયનુ સાધન ક્ષત્રિય માટે નથી." સમાજની વ્યવસ્થા સુરક્ષિત રહે, ભિન્ન ભિન્ન અંગો વચ્ચે સંઘર્ષણ થાય નહી, અને પ્રત્યેક વ્યક્તિનો વિકાસ સમાજના વાતાવરણમાં રહીને જ થઈ શકે એ ઉદ્દેશની પૂર્તિ માટે સનાતન ધર્માવલંબીઓમા ચાતુર્વર્ણ્ય ધર્મ નિર્માણ કરવામાં આવ્યો છે. આનો આધાર ગુણકર્મ વિભાગ ઉપર છે. એટલુ તો ખુલ્લું છે અને આપણે સર્વ જાણીએ છીએ કે પ્રાચીન સમયનુ ચાતુર્વર્ણ્ય આજ આપણામા ખરેખર જોતા નથીજ આપણે તેને શાસ્ત્રોની કસોટીએ તપાસીએ તો જણાશે કે ઘણે ભાગે તે ઢોંગ જ છે પશ્ચિમમા જેમ અમીરાઇના ખિતાબો ફારસ જ છે તેમ હાલના જમાનામા અત્રે વર્ણવ્યવસ્થા પણ ફારસ જ છે અર્થયુક્ત જાતિભેદ જ લાભકારક છે અર્થહીન જાતિભેદથી લાભ થવાને બદલે હાનિ વધારે પ્રમાણમા થાય છે સ્થૂલ શરીર ગમે તેવુ સુદૃઢ, સુંદર, મનોહર હોય પણ તેમાથી ચૈતન્ય ઊડી ગયા પછી દુર્ગન્ધ જ પેદા થાય છે, જાતિ ઉપરથી ગુણકર્મનુ અનુમાન કરવાનુ કેટલાક લોકો પસંદ કરે છે, પણ આનુ યાથાર્થ્ય જ્યા સુધી જાતિમાં સત્ત્વ હોય ત્યાં સુધી જ સંભવે છ એ આપણે ભૂલવાનુ નથી જાતિ ઉપરથી ગુણકર્મનુ

અનુમાન કરવુ તે કરતા ગુણકર્મ ઉપરથી જાતિનુ અનુમાન કરવુ તે વધારે યોગ્ય છે, સ્વધર્મનો ત્યાગ કરીને કેવળ નામધારી બ્રાહ્મણો ક્ષત્રિયો વિ ની વાત આપણે હાલ બાજુ ઉપર રાખીએ, પરતુ મૂળમા આ વ્યવસ્થા સમાજની ધારણા માટે હતી અને ચારવર્ણોમાથી એક પણ વર્ણ પોતાનુ કર્તવ્ય મૂકી દે તો સમાજવ્યવસ્થા અસ્તવ્યસ્ત થઇ જાય અને આખરે સર્વ વર્ણોને સહન કરવુ પડે ક્ષત્રિયને માટે યુદ્ધ એ કર્તવ્યકર્મ છે જે યુદ્ધ ધર્મની મર્યાદામાં પડે છે તેમાથી પાછા હઠવુ તે ક્ષત્રિયને માટે અધર્મ છે આવુ યુદ્ધ એવી જ લેવુ જોઇએ ક્ષત્રિયને માટે એજ કલ્યાણનો માર્ગ છે " આચરવામા કઠણ છતા પણ સ્વધર્મ આચરવામા સહેના પર ધર્મથી વધારે પ્રશસનીય છે સ્વધર્મમાં મરણ શ્રેષ્ઠ છે પર ધર્મ ભયજનક છે " એમ પણ શ્રી કૃષ્ણ ભગવાન આગળ ત્રીજા અધ્યાયમા જણાવે છે, આ ઠેકાણે ધર્મનો અર્થ વ્યાવહારિક ધર્મ, અથવા જે કર્મ આપણી પ્રકૃતિ અનુસાર છે અને જે કરવાથી સમાજનુ ધારણ પોષણ સવર્ધન થાય અને વ્યકિતનો વિકાસ થાય તે ધર્મ, શાતિપર્વના (મહાભારત) ૨૫૮ મા અધ્યાયમા યુધિષ્ઠિર ભીષ્મને પૂછે છે કે, "હે પિતામહ આ સર્વ મનુષ્યો ધર્મ પ્રત્યે શકાશીલ છે માટે તમે મને કહો કે ધર્મનુ સ્વરૂપ શુ ? તેની ઉત્પત્તિ કયાંથી ? વળી ધર્મ કેવળ આ લોકને માટે જ છે અથવા પરલોકને માટે જ છે કે બન્ને લોકને માટે છે ? " ભીષ્મ પિતામહ જણાવે છે કે " વેદ, સ્મૃતિ, સદાચાર અને ચોથુ પ્રયોજન —આ ચાર પ્રકારે ધર્મનુ લક્ષણ થઈ શકે છે " ધર્મ આ લોક ને પર લોક–બન્નેના હિત કરનારો છે " આચાર એજ ધર્મનો મુખ્ય આધાર છે માટે આચારનો આશ્રય કરીને જ ધર્મનુ સ્વરૂપ જાણી શકાય છે" " ધર્મનુ સામાન્ય લક્ષણ એજ હોઇ શકે કે પુરુષ બીજાઓએ કરેવા જે કર્મને પોતાના સબધમા ઇચ્છતો ન હોય અને જે કર્મને પોતે અપ્રિય માનતો હોય તેવુ કર્મ બીજાઓ તરફ તેણે કરવુ નહી"

જે પુરુષ પોતે જીવવાની ઇચ્છા રાખે છે તે બીજાનો વિઘાત કરવા માટે કેમ તૈયાર થાય. " પોતે જે જે વિષયના સંબંધની ઇચ્છા કરતો હોય તે તે વિષયના સંબંધની બીજાઓ પણ ઇચ્છા કરે જ, આવો પ્રત્યેક મનુષ્યે વિચાર કરવો જોઈએ. " " મનુષ્યનો એ ધર્મ છે કે પોતાની જરૂરિયાત ઉપરાંતનાં ધનાદિક ભોગ સાધનોની પોતાની પાસે વૃદ્ધિ થઇ ગઈ હોય તો તેમાંથી બીજા સાધનરહિત મનુષ્યને તેણે સંવિભાગ આપવોજ જોઈએ." હરકોઈ પુરુષે સર્વ અતિથિઓને, પોતાના નોકરચાકરને, તથા સર્વ કુટુંબીઓને પોતાના સમાન જ ભોજન આપવું અને પંક્તિભેદ કરવો નહિ એ ઉત્તમ આચાર ગણાય છે. (સદાચાર ધર્મ ૧૯૩ અધ્યાય. શાંતિપર્વ) " મનુષ્યે દમ, દાન, દયા વગેરે સન્માર્ગનું એવા પ્રકારે આચરણ કરવું જોઇએ કે જેથી સાક્ષાત્ દેવો પણ ચિંતન કરતાની સાથે જ પોતાની સામે હાજર થાય. " " જે કોઈ કર્મ સર્વને પ્રીતિકર હોઈને અહિંસાથી યુક્ત હોય તે જ વસ્તુતઃ ધર્મરૂપ છે; માટે હે યુધિષ્ઠિર, સર્વને પ્રિય હોય તે ધર્મ અને સર્વને અપ્રિય હોય તે અધર્મ આવું સામાન્ય ધર્મ–અધર્મનું લક્ષણ તમે સમજી લો. " શાંતિપર્વના ૧૦૯ મા અધ્યાયમાં યુધિષ્ઠિરના પ્રશ્નના ઉત્તરમાં ભીષ્મ જણાવે છે કેઃ " ધર્મનું પ્રવચન કરવું તે મહા કઠિન છે. તે વિષે તો નિશ્ચય કરવો પણ કઠિન છે. પણ હું તમને તેનો ઉત્તર આપું છું. " ધર્મવેત્તાઓનો એવો નિશ્ચય છે કે જેનાથી સર્વનો અભ્યુદય થાય તેનું નામ ધર્મ; વળી જેને લીધે સર્વનું ધારણ એટલે સંરક્ષણ થાય તેનું નામ ધર્મ. જે ધારણા શક્તિથી યુક્ત હોય તેને વિદ્વાનો ધર્મ કહે છે. " " હે રાજા, જે મનુષ્ય પોતાની સાથે જે રીતે વર્તન રાખે તે રીતે જ તેની સાથે વર્તન રાખવું એ ધર્મ ગણાય છે. " " વિદ્વાનો કહે છે કે સર્વ પ્રાણીઓને ધર્મ મનથી જ આચરી શકાય છે માટે પ્રત્યેક મનુષ્યે મન વડે સર્વ પ્રાણીઓને અભયદાન આપવું. " ધર્માચરણ કરવાના કામમાં બીજાની સહાયતા હોતી

ન જોઇએ ધર્મ એ જ મનુષ્યોનું ઉત્પત્તિસ્થાન છે, ધર્મ એ દેવોનું દિવ્ય અમૃત છે અને ધર્મને લીધે જ ધાર્મિક પુરુષો મુઆ પછી શાશ્વત સુખનો ઉપભોગ કરે છે." (શાંતિપર્વ.) કેટલેક ઠેકાણે ધર્મની એવી વ્યાખ્યા આપવામાં આવી છે કે જેથી મનુષ્યને નિશ્રેયસ્ અને અભ્યુદયની પ્રાપ્તિ થાય તે ધર્મ".

આધિભૌતિકવાદવાળા પણ "સર્વભૂતહિત" માં માને છે પણ તેમની દ્રષ્ટિ ઐહિક કલ્યાણની પેલી પાર જતી નથી, કારણ કે તેઓ સંસારના પીઠમાં એક અખંડ, નિરાકાર, નિર્વિકાર, નિત્યતત્ત્વનું અસ્તિત્વ સ્વીકારતા નથી. આધ્યાત્મિક દ્રષ્ટિમાં સમાજધારણા એ જો કે ધર્મનુ એક આવશ્યક અંગ છે અને તેથી સર્વને માટે અભ્યુદયની જરૂરિયાત છે તો પણ તેને ગૌણ સ્થાન આપી પરમ સાધ્ય જે આત્મકલ્યાણ અથવા મોક્ષ તેને મુખ્ય સ્થાન આપવામાં આવે છે. વૈદ્યકશાસ્ત્રાનુસાર શરીર રક્ષણ દ્વારા મોક્ષ પ્રાપ્ત થઈ શકે છે અને આ અવસ્થા આ દેહમાંજ અનુભવવાની છે તેથી શરીરની સંભાળ રાખવી એ ધર્મ છે એવું સમર્થન કરવામાં આવ્યું છે. મોક્ષ જે જીવિતનો અંતિમ આદર્શ છે તેને છોડીને ધર્મ અને અધર્મનો નિર્ણય કરવાનું કામ તાર્કિક દષ્ટિએ અશક્ય છે. ધ્યેય નિશ્ચિત થવા પછી જ તે તરફ જવાનાં સાધનો વિષે વિચાર થઈ શકે. આર્યસંસ્કૃતિનું છેવટનું લક્ષ્ય મોક્ષ હોવાથી આધ્યાત્મિક ઉન્નતિને જે અનુકૂળ હોય તે કર્મ પુણ્ય કિંવા શુભ કર્મ, અને જે પ્રતિકૂળ હોય તે કર્મ અશુભ કર્મ,—શુભ કર્મ તે ધર્મ અને અશુભ કર્મ, તે અધર્મ—આવો નિશ્ચય આર્યશાસ્ત્રોમાં કરવામાં આવ્યો છે. સ્વહિતનો વિચાર છોડીને લોકહિતાર્થ પ્રવૃત્તિ શા માટે કરવી એનો સચોટ જવાબ આધ્યાત્મશાસ્ત્રના એકત્વના સિદ્ધાન્તમાંથી મળી શકે છે. આત્મા નિત્ય છે, વિભુ છે, સર્વ પદાર્થોની અને પ્રાણી માત્રની અંદર ઓતપ્રોત છે એટલું જ નહિ પણ સમગ્ર સંસાર આત્માનોજ વિવર્ત છે, આભાસ છે, કલ્પના

છે, માયા છે, લીલા છે. ગમે તે શબ્દનો આપણે ઉપયોગ કરીએ, તેથી સર્વનું કલ્યાણ–આધ્યાત્મિક અને વ્યાવહારિક નજર આગળ રાખીને કર્મ કરવાથી જ આપણને પ્રકૃતિના બંધનમાંથી મુક્તિ અપાવી શકે છે. બાકીનાં સર્વ કર્મો, ગમે તેટલાં લૌકિક દૃષ્ટિએ સારાં હોય, તો પણ અહંતા અને કામના યુક્ત હોય તો બંધનકારક નીવડે છે અને દુઃખ ઉત્પન્ન કર્યા વિના રહેતાં નથી. પ્રાચીન ગ્રીક પંડિતોનો પણ મત એવો હતો કે "મનુષ્યનું અત્યંત હિત અથવા "સદ્‌ગુણની પરાકાષ્ઠા" એવું કાંઈ પરમ સાધ્ય કલ્પી પછી તેના ધોરણથી કર્મ–વિકર્મનું અથવા ધર્મ–અધર્મનું વિવેચન કરવું જોઈએ. પણ આત્માના સ્વરૂપ વિષે તેમનો ખ્યાલ સ્પષ્ટ ન હોવાથી આત્માના હિતને જેટલું પ્રાધાન્ય આપવું જોઈએ તેટલું તેમના ગ્રન્થોમાં આપવામાં આવ્યું નથી. હમણાં હમણાં પાશ્ચાત્ય દેશોમાં પણ સુપ્રસિદ્ધ તત્ત્વચિંતકોએ તથા નીતિશાસ્ત્રીઓએ કર્મવિકર્મ વિવેચનની આ જ પદ્ધતિ સ્વીકારેલી છે. ઇંગ્લંડમાં ગ્રીન નામના પ્રતિષ્ઠિત લેખકે પોતાના "નીતિશાસ્ત્ર"ના ઉપોદ્‌ઘાતમાં સૃષ્ટિની પાછળ રહેલા આત્મતત્ત્વથી જ શરૂઆત કરી છે. તેમ જર્મન તત્ત્વજ્ઞાની કાન્ટનો મત પણ આને મળતો છે.

(અપૂર્ણ)

સલામત સ્થિતિ

લેખક —શ્રી. નન્દલાલ ભોગીલાલ શાહ

卐

બાહ્ય સંયોગોમાં સલામત સ્થિતિ એટલે સ્થિતિચુસ્તતા; અને એ સ્થિતિચુસ્તતા એટલે જ્યાં જેમ હોઇએ એમા જ સંતોષ તથા પરિણામે વિકાસની રૂકાવટ અને અંતે પતન; આથી સાધકને કયાંયે પોતાની સલામત સ્થિતિ કરી દેવી પાલવી શકે નહિ; જ્યાં કોઇપણ પગથિયે સંતોષ લેવાયો કે પતનનાં મૂળ એમાં રહ્યાં જ સમજવા. આ નિયમ વ્યક્તિ તેમ જ સમષ્ટિ ઉભયને એક સરખી રીતે લાગુ પડે છે.

સાધનાના લાંબા અને અવિરત પરિશ્રમના ગાળા દરમિયાન ક્યાંયે સંતોષ માનીને સ્થિર બેસી રહેવાનું સાધકને હોઇ જ ન શકે. પ્રત્યેક સ્થિતિ આપણી અપૂર્ણતાની સૂચક હોય તેનું જીવંત સ્પષ્ટ ભાન આપણને રહે, તથા એક પ્રકારની દૈવી અસંતોષની પ્રચંડ જ્વાળા અંતરમા સતત ભભૂકતી રહેવા સાથે ખૂબ ધીરજ પણ હોવી જોઇશે. આમ વિકાસની અદમ્ય તીવ્ર સક્રિય ઝંખના અને અપાર ધીરજનો સુંદર સુમેળ સાધકે સાધવાનો રહે છે.

જીવનના પ્રત્યેક પાસામાં (phase) આપણી સલામતીની સ્થિતિ અનુભવવાનું રાખવાનું નથી–એ બધું જ ચર્ચું છે–અચલ તો એક

સનાતન પ્રશ્ન જ છે, એવુ હમેશા લક્ષ્યમા રાખવુ જોઇએ જીવનમા પરાક્રમ થતા કે સ્થિર થતા પરિણામના પ્રત્યેક પાસામા સલામતીની લાગણી (sense) આપણે અનુભવવાની નથી, પણ તે એક ક્ષણ જીવી જાય છે, એમ જ જ્ઞાનપૂર્વક સમજવાનુ છે. મન જ્યા સલામતીની લાગણી કયાયે, કશામા પે, ગખવાનુ કરે કે અનુભવે, ત્યાં તુર્ત તેનો સામનો કરીને તેવા મન પ્રવાહને રોકવો ઘટે. સલામતીની સ્થિતિમા જ રહેવાની ટેવ પડી જવાથી પ્રકૃતિનુ નિગુણાત્મક જોર આપણા ઉપર ચડી બેસે છે પ્રકૃતિના એવા જડ જોરને ઘટાડવાને કે નિર્મૂળ કરવાને પણ કશામા યે આપણી સલામત સ્થિતિ રાખવા દઈએ નહિ, તોજ જૂના સ્વભાવને પલટાવવા માટે–દિવ્ય રૂપાતર કરવા માટે–આપણને સરળતા અને વેગ મળી શકે છે સલામત સ્થિતિમા તો સ્વભાવને પલટાવવાને કયાયે અવકાશ રહેતો નથી એટલુ જ નહિ પણ ઉલટુ તે સ્થિતિમા પડયા રહેવાથી એ જૂનો સ્વભાવ વધારે દૃઢ થતો જાય છે

મનની વૃતિઓના સ્વરૂપ જેમ અસખ્ય છે, તેમ તેની ચાલ પણ અનત અને અનેકમુખી છે, એવુ જ સત્ય વિષે પણ કહી શકાય. સત્યના શરીર યા સ્વરૂપ પણ અનત છે એક સ્થિતિમાં જે સત્ય જણાય, એને પકડી રહીએ તો એનાથી પરનુ સત્ય બાકી રહી જાય છે, ને અધુરા કે એક જ બાજુના સત્યને વળગી રહેવાનુ બન્યા ન કરે, માટે પણ કશામા યે આપણી સલામત સ્થિતિ આપણે રાખવા દેવાની નથી તોજ આપણાથી એકમાથી બીજામા, અને બીજામાથી ત્રીજામાં જવાશે એકમાથી બીજામા જવા માટે પણ કયાયે આપણે સલામત સ્થિતિ ગણીએ નહિ સલામતીભરી સ્થિતિ ભોગવતા ભોગવતા એક પ્રકારનો જડ સતોષ આપણને રહ્યા જ કરવાનો ને એને લીધે તેવી સ્થિતિમાથી કોઈ અજ્ઞાત (Unknown) સ્થિતિમા ભૂસકા મારવાનુ સાહસ, હિમત, બળ, જોસ, ઉત્સાહ ઉન્માદ નિશો, એવુ કશુ પણ

આપણામાં નહિ આવી શકે; સાહસિકતાને તે ઉત્તેજી નહિ શકે, ને અંતે સલામતીભરી સ્થિતિની મનોદશાને લીધે જ્યાં જેવા પડ્યા છીએ, ત્યાં જ તેવા ઠીક છીએ એમ માની લેવાને કે મનાવી લેવાને તે આપણને મથાવ્યાં કરશે, નવી સ્થિતિમાં જવાને માટે તે આપણને ખંચકાવ્યા કરશે, અનેક અથડામણો ઊભી કરાવશે, ને માનસિક દુઃખોની પરંપરા ઠાલવશે. આવુ ન થાય–થતું ન રહે–માટે સાધકે સલામત સ્થિતિ કયાંયે અનુભવવી નહિ. આથી જ કદાચ " સાધુ તો ચલતા ભલા " એમ કહેવાયું હશે. " ચલતા " નો અર્થ સ્થૂલ ચાલવાનો ન કરતાં સતત્ વિકાસ સાધ્યા કરવો જોઇએ, એવો કરવાનો છે. સાધકની સ્થિતિ પણ એવી જ હોવી ઘટે. મથામણ વિના અમૃત કદી પણ સાંપડવાનું નથી. મથામણ સાધકના જીવન વિકાસાર્થે જરૂરી છે. મથામણ પોતાની અંદર જ માત્ર નહિ, પણ બહારના સંયોગો સાથે પણ જરૂરી છે. કંઇક ને કંઇક નવું શીખવવા માટે તે આપણને સાંપડેલી હોય છે. જો તેવી સ્થિતિ રાખી શકાય, ભગવાનનો હેતુ સમજી શકાય, ને તેની સાથે સાથે સાધનાને યોગ્ય વેગ તથા જીવનમાં જોશ આણી શકાય તો આપણું કલ્યાણ થયા વિના રહી શકે જ નહિ. આવી આંતર બાહ્ય મથામણોના ઇતિહાસ, વૃત્તાંત, આધ્યાત્મિક દૃષ્ટિથી કોઇ સાધકે લખ્યાનું જાણમાં નથી,* પણ જો તે સમદૃષ્ટિએ લખાયા હોય તો જગતને અમૂલ્ય લાભ થયા વિના રહે નહિ. જગતનાં યુદ્ધો કરતાં એવાં યુદ્ધોની કિંમત અનેકગણી ચઢીઆતી છે. આપણું દિવ્ય રૂપાંતર થવાની દૃષ્ટિએ તો એવા આંતરિક યુદ્ધોના ઇતિહાસનો અભ્યાસ અનિવાર્ય અને આવશ્યક છે.

* આપણાં પુરાણોનાં વૃત્તાંતો માનવી જીવનની અંચાત્મપ્રગતિનો ઇતિહાસ છે, અને એનો એ દૃષ્ટિથી અભ્યાસ કરવો એ એનું સમાધિજ્ઞાન કહેવાય છે.—તંત્રી.

卐

પરમાત્માને પત્રો

લેખક :—શ્રી નાનાલાલ દેવશંકર વૈદ્ય

(પહેલા વર્ષના આઠમા અંકથી ચાલુ)

卐

પત્રાંક ૩

પરમ ભિષગ્વર પરમાત્મન્ !

પ્રારબ્ધના કોઈ યોગને લીધે હાલ ઘણા વખતથી ઉધરસના વ્યાધિથી પીડાઉં છું; દમ જેવી સ્થિતિ થઇ આવે છે. નિદ્રામાં પણ ખલેલ પહોંચે છે. મારી આ સ્થિતિ આપને સુવિદિત જ છે. આપને પત્ર લખી શકવામાં જોઈતાં સાધનો નથી. વ્યાધિને લીધે શૌચવિધિ ન પાળી શકાતાં શરીર અશુચિ છે. મન, બુદ્ધિ પણ વિહ્વળ અને અસ્વસ્થ રહ્યાં કરે છે. હૃદયાકાશમાં અનેક વિચારોરૂપી વાદળાંઓ દોડાદોડ કરી રહ્યાં છે. આપ સર્વશક્તિમાન, નિત્ય, નિરંતર સુલભ છતાં અજ્ઞાન અને મોહને વશ થએલ અહંકારી જીવ બહારના આધાર અને ઉપચાર શોધતો ફરે છે, પરિણામે કાંઈ પણ લાભ થયો નથી. અહંકારે વિમૂઢ બનેલા પ્રકૃતિવશ જીવની એવી જ દશા થવી જોઇએ. આપના પ્રેરણાત્મક સંદેશાઓ મળતા રહે છે, બાહ્યસૃષ્ટિવ્યાપારોમાંથી ઉપદેશાત્મક દૃષ્ટાંતો જોવામાં આવે છે, તે તરફ દુર્લક્ષ કરનાર અહંકાર વશ જીવ નાશ પામે, અધોગતિએ પહોંચે, તેમાં નવાઇ પણ શી ? આપશ્રીએ કહેલ જ છે. नङ्क्ष्यसि विनङ्क्ष्यसि । આમ આ

જીવ વિનાશ જેવી સ્થિતિમાં આવી પડયો છે. આ સ્થિતિમાં પણ બહિર્મુખી વૃત્તિઓને વાળી, આપશ્રીને આ પત્ર લખવા પ્રવૃત્ત થયો છે, એટલા પણ તેના સદ્દભાગ્ય અને આપની મહત્ કૃપા

પ્રભો ! આપને તો આપનો આ જીવસખા અત્યંત દૃષ્ટિ અને પ્રિય છે, તે પોતે આપને વિસરી જઈ, આપશ્રીની નિત્ય સમીપતા, એકતાને ભૂલી જઈ, દીન, દુખી બની રહ્યો છે સંસારવૃક્ષના, ખાટા, ખારા, મીઠા, તીખા, મધુરા ફળો ચાખવામાં પડેલા અને પરિણામે ત્રિવિધ તાપથી પીડાતા આ જીવ ઉપર, આપની તો દૃષ્ટિ અવિચ્છિન્ન પડયા જ કરે છે આપની તો દયા જ છે. આ જીવ અભાગી છે કે સમીપસ્થ આપ તરફ તેની નજર જતી નથી, અને અનાશભાવ ધારી રહ્યો છે કોઈ કોઈવાર ભારે કડવા ફળ ખાવામાં આવી જાય છે ત્યારે તેટલો વખત તે કાંઈક અ તર્મુખ થઈ, આપથી મેળ સાધી કૃતાર્થ થાય છે, પણ બીજી જ પળે સંસારમોહ તેને પાછો એના એ ફળોના સ્વાદ લેવા ખેંચી જાય છે, અને બહારના આધારોમાં વિશ્વાસ રાખી બહાર અને બહાર ભટકાવ્યા કરે છે

બહારના આધારો અને ઉપચારોથી હવે આ જીવ થાકયો છે—કંટાળ્યો છે તેમ છતા હજી તેનામાંથી એ આધારો અને એ ઉપચારો ઉપરનો મોહ નિર્મૂળ થયો નથી એવુ પ્રતાબળ, એવી દ્રઢતા, એવી નિષ્ઠા કયાથી ? હાલ તો એ આધારો, એ ઉપચારો, એ સાધનો, સર્વેને મૂકી દઇ એક આપનામાં જીવ નાખ્યો છે. " પ્રથમો દૈવ્યો ભિષક્ " વેદવાણીનો ઉદ્ઘોષ કોઈ કોઈવાર પૂજા સમયે બોલું છુ. તેનો રહસ્યાર્થ અત્યાર સુધી સમજાયો ન હતો હવે સમજાયુ છે કે આપશ્રી જ अतः प्रविष्ठ शास्ता जनानाम् હોઇ મહાનમાં મહાન દૈવી વૈદરાજ છો. બહારનો લૌકિક વૈદ્ય બિચારો આપનાથીજ નિયંત્રિત છે, એ તો પરતંત્ર છે આપની જ કૃપાથી તેને યશ મળે

હે પરમ પિતા ! આ વ્યાધિને ઘણું થયું પ્રારબ્ધ!! પણ

આપ જ નિયન્તા છો, તો પછી આપ સર્વ શક્તિમાન, અન્તર્યામી પ્રભુને શુ અશક્ય અને અસાધ્ય હોય? ગયેલુ સ્વાસ્થ્ય મેળવવા આમ પત્ર લખવા પ્રેરાયો છુ આશા છે કે આપ કોઈને કોઈ રૂપે, કોઈને કોઇ પ્રકારે, કોઇને કોઈ નિમિત્તદ્વારા આ વ્યાધિને ટાળશો જ. જેવી રીતે મારી મુઝવણો આપે અગાઉ ટાળી આપી છે તેમ જ્યા આપ જ મૃત્યુસંસાર સાગરથી તારનાર છો, બધા પાપો, બધા દુઃખો અને મુશ્કેલીઓથી છોડાવનાર છો, ત્યા આવા ક્ષુદ્ર વ્યાધિની શી વિસાત? ભવરોગીઓના ભિષગ્રાજ, આપને સહસ્રશઃ વંદન પૂર્વક મારી આ વખતે આ માગણી છે ખૂબ મંદવાડ ભોગવ્યા કરુ છુ, મંદવાડમા પડખે પડખે लक्ष्मीनृसिंह ममदेहि करावलम्बम् નો પાઠ થયા કરે છે, એ આપની કૃપાથી જ આપે મારો હાથ ઝાલ્યા છે, મને અનેક મુશ્કેલીઓમાથી બચાવ્યો છે. લક્ષ્ય ઉપરથી દૃષ્ટિ ખસવા દીધી નથી, અને લૌકિક વૈદ્યમા પણ નારાયણની ભાવના રહેવા દીધી છે, તો સર્વના આશ્રય, સર્વના નિયામક, અન્તર્યામી નારાયણ,—હે દિવ્ય ભિષગ્રાજ! અવશ્યમેવ આ વ્યાધિ નિર્મૂલ કરશો, આ લૌકિક વૈદ્યના અંતરમા પ્રેરણા મૂકી, તેની બુદ્ધિમા આરૂઢ થઇ, કોઈ અગમ્ય રીતે એવી જ ઔષધિ તેના દ્વારા અપાવશો કે જેથી આ વ્યાધિ દૂર હમેશને માટે થઇ જાય એવી સંપૂર્ણ શ્રદ્ધા રહ્યા કરે છે, અને તેથી આ જીવ શાન્તિપૂર્વક કાળ નિર્ગમન કરે છે

પ્રભુ! વ્યાધિથી ઘેરાયલી માનસિક સ્થિતિમા અપવિત્ર શરીરે, આપશ્રીને વિધિપૂર્વક લખી શકાતુ નથી, બધા મનોવ્યાપાર અને બુદ્ધિની ચેષ્ટાઓ શાન્ત પાડી દઇ, નિઃસંકલ્પ સ્થિતિમા રહેવા યત્ન કરુ છુ, અને આપને આ પત્ર લખી આશ્વાસન મેળવુ છુ પ્રભુ! અવશ્ય પ્રત્યુત્તર આપશો જ

લી

આપનો જ આર્ત

અભિનવ દષ્ટા

લેખકઃ— શ્રી. કિસનસિંહ ચાવડા

卐

વેદ અને ઉપનિષદના ઋષિયોને ક્રાન્તદર્શી કહ્યા છે. અને એમનું ક્રાન્તદર્શન એ મનોમય ભૂમિકાના એક કરણ બુદ્ધિનું તર્કસિદ્ધ દર્શન નહીં, પણ મનોમય સૃષ્ટિની ઉચ્ચત્તમ અવસ્થા સ્મૃતિ (Intuition)નું સહજસિદ્ધ સ્વયંસ્ફુરિત દર્શન છે એવું આપણા આર્ય તત્ત્વજ્ઞાનના ચિંતકો માને છે. શ્રી અરવિંદ ઘોષે આ સામાન્ય માન્યતાને પલટાવીને પોતાના સાક્ષાત્કાર વડે એવું અસામાન્ય વિધાન કર્યું છે કે વેદના મહર્ષિઓનું દર્શન એ માત્ર સ્મૃતિનું સહજસિદ્ધ દર્શન નહીં પણ મનોમય ભૂમિકાથી ઉપરની વિજ્ઞાનમય સૃષ્ટિમાં થએલા સાક્ષાત્કારોનું તેજસ્વી, સૌન્દર્યમય અને મેધાવંત પ્રકટીકરણ છે. અને આવું મૌલિક વિધાન કરીને એમણે વિજ્ઞાનમય ભૂમિકાના રહસ્યનું વિશદ આલેખન અને એ વિજ્ઞાન (supermind) ની સિદ્ધિનો અનુભવજન્ય માર્ગ પૂર્ણયોગના પાંચમા ખંડ વિજ્ઞાનયોગમાં બતાવ્યો છે.

પશ્ચિમના ફિલસુફોએ હવે બુદ્ધિ (Intellect)ની સાથે સાથે આ સ્મૃતિ (Intuition) ના તત્ત્વનું પણ શોધન શરૂ કર્યું છે. અને મશહૂર નોબેલ પારિતોષકવિજેતા ફિલસુફ હેનરી બર્ગસનની તો

આખી શોધ આજ Intuition ને કેન્દ્ર બનાવે છે. પશ્ચિમના ફિલ-સુફો અને માનસશાસ્ત્રીઓ દેકાર્તે, લોક, કાન્ટ, શોપનહોર અને બર્ગસન વગેરે એ સ્મૃતિજ્ઞાન (Intuitive knowledge) ઉપર જે તત્ત્વચિંતન કર્યું છે અને વિધાનો કર્યા છે સ્મૃતિ, બુદ્ધિ અને કલ્પના વિષે હેગલ અને બર્ગસને જે ચિંતન અને દર્શન કર્યા છે, ફિલસુફીમા સ્મૃતિની સાધનાની આવશ્યકતા ઉપર પ્લેટો, એરિસ્ટોટલ દેકાર્તે, સ્પિનોઝા, લાઈબનિઝ, પાસ્કલ, કાન્ટ અને હેગલ વગેરેએ જેવો અને જેટલો ભાગ મૂકયો છે એની જેટલી અગત્ય અને મહત્તા દર્શાવી છે એ સર્વના આજે પુનશ્ચિંતન, સંશોધન નવાં દર્શન અને નવા મૂલ્યાકનો થઈ ગ્યાં છે. આ નવી પ્રવૃત્તિમા શ્રી અરવિંદ ઘોષના સ્મૃતિની ભૂમિકા વિષેના સમન્વિત સમર્થ અને વિશદ પ્રતિપાદન પછી જીવનદષ્ટિમાં આ સ્મૃતિની આવશ્યકતા અને મહત્તા આંકનાર સર સર્વપલ્લી રાધાકૃષ્ણનનું આધુનિક ફિલસુફીમાં માનભર્યું સ્થાન છે. રાધાકૃષ્ણન માત્ર તર્કસિદ્ધ પંડિત નથી, પરંપરાગત રૂઢિયો, માન્યતાઓ વિધાનો અને પૂર્વગ્રહોથી વિંટળાયલા પુરાતન પેઢીના ફિલસુફ નથી, બુદ્ધિના નવા નવા આચકા આપી ઘડીભર દિગ્મૂઢ બનાવી દેનાર માત્ર બુદ્ધિજીવી સંશયાત્મા (Sceptic) પણ નથી. એમનું તત્ત્વજ્ઞાન જેટલું બુદ્ધિથી કસાયલું તર્કસિદ્ધ નથી તેટલું સ્મૃતિની સાધનાના સૌન્દર્ય અને સામર્થ્યથી દેદીપ્યમાન સહજસિદ્ધ તત્વજ્ઞાન છે. સર્વ-પલ્લી તો મનોમય સૃષ્ટિમા સ્મૃતિની ભૂમિકા ઉપર સત્ય જ્ઞાનનો સમાગમ કરનાર જીવનદ્રષ્ટા છે, જીવનવિગ્રહને સચ્ચાઈથી સમજનાર અને જીવનવિદ્રોહની ખજાને સાચવીને સંસ્કારિતા સિદ્ધ કરનાર સંસ્કારસ્વામી છે.

Indian Philosophy માં એમણે તલસ્પર્શી વિદ્વત્તા અને સર્જનશીલ ચિંતન દેખાડયા છે The Hindu view of Life મા એમણે હિંદુધર્મથી નવી દૃષ્ટિ, નવુ મૂલ્યાંકન અને નવું વિધાન

ર્યાંગ્યા છે The Philosophy of Upanishads મા મહર્ષિ-ઓની મ નદષ્ટિ અને એમના કાન્તદર્શનને પોતાની સ્મૃતિસાધના વડે ભવ્ય બનાવ્યા છે. The Vedanta according to Shamkara and Ramanuja મા એમણે પોતાની વિવેકશીલ વિદ્વત્તા અને ઊ ડી, વિદ્વ સમજણનો પરિચય કરાવ્યો છે The Reign of Religion in Contemporary Philosophy તથા Religion We Need મા જીવનના પુનર્વિધાનની સ્વત ત્ર દષ્ટિ, ધર્મના સાચા સ્વરૂપનુ સ્મૃતિમંડિત દર્શન અને માનવતાની સમુત્ક્રાતિમાં ધર્મના ઉપયોગના ઘણા મૌલિક વિધાનો કર્યા છે An Idealist View of Life મા સમસ્ત જીવનની નવેસરની સ્વત ત્ર વિચારણા, પૂર્વ અને પશ્ચિમના તત્ત્વજ્ઞાનનું વિવેકશીલ ચિતન અને સમન્વય, આતરજીવનના કરણો અને તેની પ્રવૃત્તિઓના સૂક્ષ્મ દર્શનો અને સ ચાલનોની વિગતો, મન, પ્રાણ અને આત્માના સ્વરૂપ અને સ બ ધના અભિનવ વિધાનો પોતાની અનોખી રીતે મૂકયાં છે. અને Kalki મા તો સર્વ પ ગીએ આવતી કાલની સ સ્કૃતિનુ સ્વત ત્ર સહજસિદ્ધ અને સૌન્દર્યમય દર્શન કરીને પોતાની સ સ્કૃતિકાર થવાની યોગ્યતા બનાવી છે

ગધાકૃષ્ણની દષ્ટિએ Intuition is the extension of Perception to regions beyond sense* છે પરતુ આ Intuitive Knowledge થી માણસ જીવનપ્રભુ નથી બની શકતો, જીવનનો પ્રયોગવીર બની શકે છે જીવનસ્વામી થવા માટે તો માનવે એ મનોમય સૃષ્ટિની ઉપર આવી રહેલ વિજ્ઞાન (Supermind) ની સિદ્ધિ કરવી જોઇએ મનોમય ભૂમિકામાથી આત્માને વિજ્ઞાનમય કોષ (Supermental plane) મા લઈ જવાનું વિરલ સાહસ ખેડવા તત્પર થવુ જોઈએ બુદ્ધિનો વિવેકશીલ ઉપયોગ કરનાર સામાન્ય જનતાથી જુદો પડે છે સ્મૃતિનો સાધક માત્ર બુદ્ધિજીવીથી

* An Idealist View of Life, Page 143

વધારે મોટી અને સાચી જ્ઞાનસિદ્ધિ બતાવે છે. પરંતુ આ બન્ને-બુદ્ધિ અને સ્મૃતિની અવસ્થાનાં અસર અને વિસ્તાર પરિમિત છે. આ અવસ્થાઓમાં અંતરાત્મા પોતાનું મૂળ જ્ઞાન અને સ્વરૂપ પ્રાપ્ત કરતો નથી. એટલે એ જીવનદશામાં અંતરાત્માની શક્તિ અને સુંદરતાની લીલા અપૂર્ણ અને અપંગ લાગે છે. બુદ્ધિની ભૂમિકામાં અજ્ઞાનને સ્થાન છે અને સહજજ્ઞાન કે સ્મૃતિની સિદ્ધિમાં પરિમિતતાનો વાસ છે. પરંતુ વિજ્ઞાનની સિદ્ધિમાં તો માનવ આત્મવીર બને છે. એક વાર વિજ્ઞાનમય ભૂમિકા પ્રાપ્ત કરી શકાય તો પછી તેને સમગ્ર પ્રકૃતિની ઉપર લાવીને માનવનું દિવ્ય જીવનમાં રૂપાંતર કરી શકાય છે; એ શ્રી અરવિંદ ઘોષનું અનુભવમંડિત મૌલિક વિધાન આજે આશ્ચર્ય પમાડે છે પરંતુ આવતી કાલે એ માનવજાતિનો આદર્શ બનશે એટલું નગદ સત્ય છે. વિજ્ઞાનની ભૂમિકામાં ચઢવા માટે બુદ્ધિને આત્માની સાથે બાંધનાર સ્મૃતિપ્રધાન મન Intuitive Mind પ્રાપ્ત કરવું જોઈએ. સ્મૃતિપ્રધાન મન એ વિજ્ઞાન પોતે નથી; પણ વિજ્ઞાનનો ગૌણ દેહ તેમાં બંધાય છે. પછી સાધક ક્રમે ક્રમે મન ઉપરના તેના આશ્રયો દૂર કરી તેમાં સર્વ મનોમય સ્વરૂપોને શુદ્ધ કરે છે. અને આ શુદ્ધિ પછી મનોમય તત્ત્વદૃષ્ટિ-તપસ્શક્તિ સત્ય-દૃષ્ટિમાં રૂપાંતર પામે છે. આ રૂપાંતરમાં દિવ્યજ્ઞાનથી આલોકિત વિવેકશક્તિ અથવા દક્ષિણા, સ્મૃતિ, પ્રેરણા અને દૃષ્ટિ ઉદય પામે છે. બુદ્ધિની શુદ્ધિની એ પરાકાષ્ઠા છે પણ વિજ્ઞાનસિદ્ધિ પ્રાપ્ત કરવાનો તો એ પ્રારંભ છે.

સર્વપલ્લી આવી શુભ અને સાચી શરુઆત કરનાર આપણા અભિનવ દ્રષ્ટા છે.

卐

સ્વરૂપે અનાદિ ષટ્ વસ્તુ

લેખક :–સ્વ. શ્રી. પ્રવાસી સ્વપ્નદત્ત (ના ટાંચણુમાંથી)

卐

जीव, ईशो, विशुद्धाचित, तथा जीवेशयोर्भिदा।
अविद्या, तच्चितोर्योगः षडस्माकमनादयः॥

(૧) વિશુદ્ધચિત–શુદ્ધ બ્રહ્મ, (૨) અવિદ્યા–માયા, (૩) તે–અવિદ્યા અને વિશુદ્ધચિતનો યોગ–કલ્પિત ભેદસહિત વાસ્તવ અભેદ–રૂપ તાદાત્મ્ય સંબંધ, (૪) ઇશ્વર (૫) જીવ (૬) જીવ અને ઇશ્વરનો ભેદ; આ છ અમારા મતમાં અનાદિ–ઉત્પત્તિ રહિત છે, તથાપિ એ છ અનાદિમાંથી એક જ અદ્વિતીય બ્રહ્મ અનાદિ અનંત છે. બાકીના પાંચ અનાદિ સાન્ત છે.

બ્રહ્મ અવિદ્યાનું અધિષ્ઠાન છે, એથી બ્રહ્મની ઉત્પત્તિ અવિદ્યા કિંવા મૂલ પ્રકૃતિથી સંભવે નહીં, અને ઇશ્વર, જીવ આદિની સિદ્ધિ તો બ્રહ્મ વિના સંભવે નહી, એથી તે ચારથી બ્રહ્મની ઉત્પત્તિ સંભવે નહી, તેથી બ્રહ્મ અનાદિ છે. બ્રહ્મ નિર્વિકાર છે, એટલે તેનાથી અવિદ્યાની ઉત્પત્તિ છે નહીં, અને ઇશ્વરાદિકની સિદ્ધિ તો અવિદ્યાની સિદ્ધિને આધીન છે, એથી ઇશ્વરાદિથી અવિદ્યાની ઉત્પત્તિ સંભવે નહી. તેથી

અવિદ્યા અનાદિ છે. કેવલ બ્રહ્મથી વા કેવલ માયાથી વા પરસ્પરથી વા તેઓની સ્વસિદ્ધિને અધીન જે ભેદ તેનાથી જીવ, ઈશ્વરની ઉત્પત્તિ સંભવે નહી. અવિદ્યા તથા ચેતનના સંબંધની સિદ્ધિથી ઈશ્વર-જીવની સિદ્ધિ છે, તે સંબંધ પોતે પણ અનાદિ છે, એથી સંબંધની ઉત્પત્તિ નથી. તેથી ઈશ્વર-જીવ પણ અનાદિ છે. બ્રહ્મ અને અવિદ્યા અનાદિ છે, એથી તેઓનો તાદાત્મ્ય સંબંધ પણ અનાદિ છે. તેથી તે સંબંધની ઉત્પત્તિ નથી, અને ઈશ્વર-જીવ- અવિદ્યા એ ત્રણની સિદ્ધિ તો સંબંધની સિદ્ધિને અધીન છે, એથી તેમનાથી તે સંબંધની ઉત્પત્તિ નથી, તેથી અવિદ્યા અને ચેતનનો સંબંધ અનાદિ છે.

એ પાંચે વસ્તુની, પોતાની પોતાથી ઉત્પત્તિ માનીએ, તો આત્માશ્રય દોષ થશે. એથી એ પાંચે વસ્તુની પોતપોતાથી પણ ઉત્પત્તિ નથી; જેથી એ પંચ વસ્તુની ઉત્પત્તિ નથી, તેથી એ પંચ વસ્તુનો જે પરસ્પર ભેદ છે, તેની પણ ઉત્પત્તિ બને નહીં. એ રીતે એ ૭ વસ્તુની ઉત્પત્તિ નથી, એથી એ સ્વરૂપે કરી અનાદિ છે. તેઓમાં બ્રહ્મ ત્રિકાલ અબાધ્ય છે, એથી અનાદિ અનંત છે; અને અવિદ્યા, ઈશ્વર, જીવ, અવિદ્યાનો ચૈતન્ય સાથે સંબંધ, અને અનાદિ વસ્તુનો ભેદ, એ પાંચ જ્ઞાન વડે બાધ પામે છે, એથી તેઓ અનાદિ સાન્ત છે,

પ્રપંચ-સર્વવસ્તુ-અનાદિ છે. એથી બહુ કાળ સ્થાયી હોવાથી સત્ય હશે, એવી શંકાનું આ સમાધાન છે. જેમ રજ્જુમાં સર્પનો ભ્રમ થાય છે, અને જીવોને સ્વપ્ન થાય છે તે અમુક કાળ પર્યંત, પૂર્વસિદ્ધ કે અનાદિસિદ્ધ પ્રતીત થાય છે, તો પણ રજ્જુ અને જાગ્રતનું જ્ઞાન થયે તેમનો ત્રિકાલ અભાવ-નિશ્ચય રૂપ બાધ થાય છે, એથી એ બધું મિથ્યા છે; તેમ પ્રપંચ પણ આરોપ દશા વિષે અનાદિ સિદ્ધ ભાસે છે, તે પણ અધિષ્ઠાનનું જ્ઞાન થયે એ પ્રપંચનો ત્રિકાલ-અભાવ-નિશ્ચયરૂપ બાધ થાય છે, એથી પ્રપંચ મિથ્યા છે; એથી જ પ્રવાહરૂપે કરી અનાદિ સાન્ત કહેવાય છે.

માયા'—अन्यथा भानहेतु त्वादिय मायेति कीर्तिता ॥१८॥
आत्मतत्त्व तिरस्कारात तम इत्युच्यते बुधैः ।
विद्यानाश्यत्वतोऽविद्या मोहस्तत्कारणत्वतः ॥१९॥
• सद्‌ लक्षण्य दृष्ट्येयम् सदित्युदिता बुधैः ।
कार्य निष्पत्ति हेतुत्वात्कारणं प्रोच्यते बुधैः ॥२०॥
स्कंद्. सूतसं. प्र. सं अ. ८

અન્યથાભાવનો હેતુ હોવાથી 'માયા' કહેવાય છે. આત્મતત્ત્વના તિરસ્કાર-આવરણ-ઢાંકવાથી 'તમ' એમ બુદ્ધિમાનો કહે છે. વિદ્યાએ કરી નાશ થવા યોગ્ય હોવાથી 'અવિદ્યા', તે આવરણનું કારણ હોવાથી 'મોહ'; સત્‌ને વિલક્ષણતાની દૃષ્ટિએ 'અસત્'; એમ બુદ્ધિમાનોએ કહેવાઈ છે. કાર્યની નિષ્પત્તિ-ઉત્પત્તિનો હેતુ હોવાથી 'કારણ'-પ્રકૃતિ કહેવાય છે. અથવા સર્વ કાર્યને પોતાનામાં લીન કરીને પ્રલયમાં સ્થિત ઉદાસીન સ્વરૂપને 'પ્રધાન' કહે છે. સૃષ્ટિના ઉપાદાન યોગ્ય તમોગુણ સ્વરૂપને પ્રકૃતિ કહે છે; જેમ દેશકાલાદિ સામગ્રી વિના દુર્ઘટ પદાર્થની ઇંદ્રજાલ કરી ઉત્પત્તિ થાય છે, ત્યાં ઇંદ્રજાળને માયા કહે છે; તેમ અસંગ અદ્વિતીય બ્રહ્મમાં ઇચ્છાદિક દુર્ઘટ છે, તેને કરે છે એથી 'માયા' કહે છે. સ્વરૂપને આચ્છાદન કરે છે, એથી 'અજ્ઞાન' કહે છે. બ્રહ્મવિદ્યાએ કરી નાશ થાય છે, એથી 'અવિદ્યા' કહે છે. સ્વતંત્ર કદીપણ રહી શકે નહીં, એથી 'શક્તિ' કહે છે,

શક્તિનો બ્રહ્મની સાથે-રજ્જુ સાથે સર્પના સંબંધની પેઠે-કલ્પિત ભેદ, અને વાસ્તવ અભેદરૂપ અનિર્વચનીય તાદાત્મ્ય સંબંધ છે, તેથી શક્તિનો પોતાના શક્ત-આશ્રય-વાસ્તવ ભેદના અભાવથી અને કોઈ પ્રકારે કરી ભિન્ન પ્રતીતિના અભાવથી, તે શક્તિ, બ્રહ્મથી ભિન્ન નહીં, કિંતુ જેમ કલ્પિત સર્પ પરમાર્થે રજ્જુ રૂપ છે, તેમ શક્તિ પરમાર્થે બ્રહ્મરૂપ જ છે.

ધ્યાન અને જ્ઞાન

[પાન ૧૬ થી ચાલુ]

છે. જે હેતુથી શરીર અને પ્રાણને અનાત્મા માન્યા તેજ હેતુથી મનને પણ અનાત્મા માનવાનું છે. જે જેને જુએ તે તેથી જુદો હોય છે. મનને જોનાર મનથી જુદોછે. મન તમારું સ્વરૂપ નથી. જે તમારું સ્વરૂપ નથી તેનો વિચાર છોડી દેવાથી, જે તમારું સ્વરૂપ છે તેને પ્રગટ થવાનો અવકાશ મળશે. કયો વિચાર કરવો, કયો ન કરવો, તેની પસંદગી ઘણે અંશે આપણે કરી શકીએ છીએ. તેથી આપણે વિચારથી જુદા છીએ. ઘણા વર્ષો સુધી મન, પ્રાણ અને શરીરને ભૂલથી પોતાનું સ્વરૂપ માનેલ છે. તેનાથી જુદા રહી વિચાર કરવાનો અભ્યાસ પાડેલ નથી, તેથી હવે આ કામ કરવાનું છે અને એકધા કરવાનું છે. જેમ સ્વપ્નમાં બધું કલ્પેલ જગત બીજી અવસ્થામાં બાધ પામે છે. તેમ જાગ્રતનું જગત પણ બ્રહ્મદશામાં બાધ પામે છે. પણ તેથી કાંઈ ખોટ જતી નથી. ખોટો રૂપીઓ તથા ખોટી નોટ ખિસ્સામાંથી પડી જાય તેથી કાંઇ નિર્ધનતા આવી જતી નથી, પણ ઉલટું તે સાચવવાની ઉપાધિ ઓછી થાય છે. નિદ્રામાં મન જતું રહે છે, સમાધિમાં જતું રહે છે અને જાગ્રતમાં પણ શાંત રાખ્યું હોય તો આત્માનો અનુભવ લેવામાં ઉપયોગી થાય છે. તેથી જો ધ્યાન વખતે મન બહારની વસ્તુઓના સંકલ્પ કરવા લાગે તો મનને સમજાવવું કે "હે મન ! તું શા પ્રયોજન માટે બહકે છે ? તું પોતે જડ જેવું છે તેથી તારે માટે કાંઈ પ્રયોજન નથી. બહારના વિષયો અનિત્ય છે. તેથી તેને માટે પણ સંકલ્પ કરવા નકામા છે અને આત્મા પોતે સુખરૂપ છે, તથા અસંગ છે, તેથી તેને માટે પણ દોડાદોડી કરવી નકામી છે." એવી રીતે મનને સમજાવી તેને શાંત કરવું. આટલો અભ્યાસ કર્યા પછી, તે વખતે પ્રાણની ગતિ ધીમી થાય છે.

અભ્યાસને ચોથે, પગથિયે યોગીનું જીવન શરૂ થાય છે. આ દશામાં શુદ્ધ સત્ત્વગુણ પ્રગટ થાય છે. તેને "વિજ્ઞાનમય કોશ" કહે છે.

આ દશાનો અનુભવ લેવામાં શ્રદ્ધાની જરૂર છે. તેથી તૈત્તિરીય ઉપનિષદમાં કહેલ છે કે શ્રદ્ધા એ વિજ્ઞાનમય આત્માનું મસ્તક છે. જે ક્ષેત્રનો અનુભવ નથી તેમાં ચ્હડવાનું છે. તેથી શ્રદ્ધા બરાબર જોઇએ. અહિ સાધકે કાંઇ ક્રિયા કરવાની નથી પણ બાળક જેવા થઇને આત્માની અસર લેવાની છે. તે અસર તરત ન આવે તો આત્માની પ્રાર્થના કરવી અને તેને જવાબ આપવા પુરતો વખત આપવો, કા ણ કે આત્માને ખબર છે કે તમારે શું જોઇએ છીએ. અને ક્યારે તેની જરૂર છે, માટે ભાવ શુદ્ધ રાખવો. થોડોક વખત અંધકાર જેવું લાગે તો તે અંધારાને જોનાર તરફ લક્ષ રાખવું. કાંઇ નવો અનુભવ થાય નહિ તો પણ ધીરજ છોડવી નહિ. આત્માની રીત માણસની બુદ્ધિથી સમજાય તેવી નથી. તેને કાંઇ કહેવાની જરૂર નથી. તમને ખબર નહિ હોય ત્યારે તેનો અનુભવ પ્રગટ થઇને તમને ઉત્તેજન આપશે. એ કારણને લઇને આ દશા ભગવાનના અનુગ્રહથી પ્રાપ્ત થાય છે એમ મનાય છે. અભ્યાસને પહેલે ત્રણ પગથિયે લીધેલ ઉપાય આ ચોથે પગથિયે કામ આવતા નથી, તેથી તે ઉપાય હવે છોડી દેવા. અહીં આત્મા તરફથી અસર લેવાની છે અને તે થોડી આવે તો પણ તેની કિંમત ઘણી છે. જે આપણું છે તે આપણે પાછું મેળવવાનું છે, તેથી નિરાશ થવાનું કારણ નથી આ અસર લેવામાં ભક્તોનાં દ્રષ્ટાંત બહુ જ ઉપયોગી છે વિરહી જીવ કાંઇ કરતો નથી. ફક્ત પોતાના પ્રેમની વસ્તુ ભૂલતો નથી કેટલીક વાર ધ્યાન થઇ શકશે નહિ, થાક લાગશે, શુષ્કતા આવશે, કંટાળો આવશે તો પણ આ વિરહ દશા છોડવી નહિ અને બીજું ચિંતન કરવુ નહિ. અહિં હૃદયની શાંત ક્રિયા છે. જો હૃદયમાં વધારે શુદ્ધિની જરૂર હશે તો આત્મા તરફથી થોડો વખત કાંઇ જવાબ મળશે નહિ. આત્મા ભૂલ કરતો નથી. તેના ઉપર શ્રદ્ધા રાખવી. જે વખતે બી વવાય છે તે વખત નકામો જતો નથી. તે બી પોતાને વખતે ઉગી નીકળશે. આત્માને

માટે જે સાધક કાશ્યપણુ સહન કરે છે, તેની કદર આત્મા કરે છે, જ્યારે આશાની આશા નહિ હોય ત્યારે પણ નવી શાંતિ ઉત્પન્ન થશે.

ધ્યાનની શરુઆતમાં આત્મા દૂર જેવો લાગે છે, પણ જેમ જેમ એકાગ્રતા વધતા જશે, તેમ તેમ તે બહુ જ પાસે હોય તેવુ લાગશે અને બધી ઇચ્છાઓ અનાયાસે કોઈ પૂર્ણ કરતું હોય તેવું જણાશે. પણ આ વખતે આત્મા પાસે માગણીઓ કરવી નહિ, કારણ કે આ વિજ્ઞાનમય કોશથી પણ ઉપર ચ્હડવાનું છે. આ કોશમાં સિદ્ધિઓ આવે છે પણ દ્વૈતભાવ રહી જાય છે.

ધ્યાનને પાંચમે પગથિયે "આનંદમય" કોશ છે. ત્યાં પોતાના સ્વરૂપની બહુ નજીક પહોંચી શકાય છે. આનંદ એ આત્માનું સ્વરૂપ છે. જેમ દાણા ધૂળમાં મળી જાય છે ત્યારે તેમાંથી છોડ ઉત્પન્ન થાય છે તેમ બધું ભૂલી જીવ હૃદયને ખાલી કરે છે, ત્યારે ખરી શાંતિ ભરાવા લાગે છે, અને સમાધિદશા ઉત્પન્ન થાય છે. આનંદમય કોશનો આનંદ એ સ્થાનધર્મવાળો છે. જેમ પ્રભાતમાં સૂર્યના ન્યૂનાધિક ભાવનો સંચાર થાય તેની ન્યૂનાધિકભાવથી અંધકારનો આવિર્ભાવ થાય છે અને પદાર્થનો પ્રકાશ પણ ન્યૂનાધિક ભાવથી થાય છે, તે જ પ્રમાણે પુણ્યવશથી ઉત્કૃષ્ટ અને અપકૃષ્ટ વિષયનો સંબંધ થાય ત્યાં સુખાકારવૃત્તિ પણ ઉત્કર્ષ અને અપકર્ષ સહિત થાય છે, તેનાથી આવરણનો અભિભવ પણ ન્યૂનાધિક ભાવવાળો થાય છે, એક રૂપથી નહિ. તેથી જો કે વાસ્તવમાં આનંદ એક છે પરંતુ ઉપાધિભેદથી તેનો ભેદ થવાથી આનંદસાતિશય મળે છે કારણ કે તેને સ્થાનધર્મ સાથે સંબંધ છે. તેથી અપકૃષ્ટ આનંદના અનુભવ વખતે ઉત્કૃષ્ટ આનંદની ઇચ્છા થાય છે. ધ્યાનનો આનંદ ચિત્તની એકાગ્રતાથી મળે છે. તે એક જગ્યાએ રહેલ આત્માનો આનંદ છે છતાં સંસારના બધા આનંદ કરતાં વિશેષ સુખકારક હોવાથી તે છોડવો ગમતો નથી, પણ જ્યારે ધ્યાન છૂટી જાય છે અને જગત દેખાય છે અનેજગતના વિચારો પાછા સ્ફુરે છે ત્યારે

તે આનંદ જતો રહે છે, તેથી વ્યુત્થાન દશામાં તે આનંદ લાવવો હોય તો તેને વ્યાપક કરવો જોઇએ અને તેને વ્યાપક કરવા માટે કલ્પિત જગતનું મિથ્યાત્વ સ્વીકારી જગતનું વાસ્તવ સ્વરૂપ બ્રહ્મ હોવાથી બ્રહ્માકારવૃત્તિથી જાગ્રત દશામા પણ આવરણભંગ કરતાં શીખવું જોઇએ

મનની એકાગ્રતા એ પરમ તપ છે પણ મનની વિશાળતા એ તેનાથી અધિક તપ છે. સ્તુતિ, મંત્ર, જપ, એ બધામાં ભેદપ્રત્યય રહે છે તેથી તેનાથી વધારે સારૂં સાધન ધ્યાન છે. પણ ધ્યાનથી અધિક જ્ઞાન છે. જ્ઞાન એટલે બધે અંદર-બહાર એક બ્રહ્મસ્વરૂપનો અનુભવ લેવો.

ब्रह्म अहमिति ब्रह्मण्येव आत्मना धीर्नैश्चल्यं योगः।

એટલે બ્રહ્મ હું છું, એમ બ્રહ્મ અને આત્માની એકતા કરી બુદ્ધિને તે ભાવમાં નિશ્ચલ કરવી તેને યોગ કહે છે. સર્વ—આ અને હું બધું બ્રહ્મરૂપ છીએ એવું અપ્રતિબદ્ધ જ્ઞાન થવું જોઇએ. તેને સમ્યક્ દર્શન કહે છે. તેને યોગસંસિદ્ધિ પણ કહે છે. જેમ દીપમા ભૂલથી રૂપ દેખાયા પછી જ્યારે દીપનું જ્ઞાન થાય છે ત્યારે માત્ર દીપનો જ પ્રત્યય રહે છે, તેમ અહં ઇદં બધું બ્રહ્મરૂપ છે એવું જ્ઞાન બરાબર થાય તો માત્ર બ્રહ્મપ્રત્યય રહે છે. તેનાથી વિપરીત ભાવ એ જ જન્મ વિગેરેનો હેતુ છે. તેથી ધ્યાનના ફળરૂપ જેને આત્મજ્ઞાન બરાબર થયું હોય છે તે કદાપિ અનાત્માકારે વૃત્તિ થવા દેતો નથી. લોકદષ્ટિથી તે બાળક જેવો, મૂઢ જેવો કે ઉન્મત્ત જેવો દેખાય છતાં પોતાની દષ્ટિથી નિર્વિકાર બ્રહ્મરૂપે રહે છે.

આ અનુભવની અસર તમારા બહારના વ્યવહારના કામમાં પણ જરૂર રહેશે, બીજા પ્રત્યે સમભાવ રહેશે, બહારનાં કામ સમતાથી થશે. જ્ઞાનનું ફળ સર્વાત્મભાવ અને આનંદ છે. આનંદ એ આત્માનો સ્વભાવ છે. આનંદથી ઉત્પત્તિ, સ્થિતિ અને લય છે. આવો આત્માનો

અનુભવ છેલ્લો ઉત્પન્ન થાય છે. તેથી આત્મા છેલ્લો ઉત્પન્ન થયો એમ માનવાનું નથી. આ અનુભવ વખતે એમ જણાશે કે તે હંમેશાં પહેલાં જ હતો. ધ્યાન એ તો અનાત્માકાર વૃત્તિને આત્માકાર કરવા માટે અંતઃકરણનો એક ધર્મ છે. વૃત્તિ ઠીક થાય ત્યારે આવરણભંગ થાય છે. આત્માનો પ્રકાશ તે સાથે જ મળે છે અને પ્રકાશની સાથે જ નિરતિશય આનંદ પણ અંદર બહાર બધે મળે છે. જેમ આત્મા અંદર બહાર બધે છે, તેમ આનંદ પણ અંદર બહાર બધે છે.

જેમ ચંચળ જળમાં રૂપ બરાબર દેખાતું નથી તેમ ચંચળ ચિત્તમાં આત્માનું યથાર્થ સ્વરૂપ પ્રતિબિંબિત થતું નથી. તેથી મનને સ્થિર કરતાં શીખવું જોઈએ. તે માટે રાગદ્વેષ ઉત્પન્ન થવા ન દેવા, અભ્યાસ અને વૈરાગ્ય વધારવા અને જે એક બ્રહ્મતત્ત્વ અંદર બહાર રહેલ છે તેનું અનુસંધાન કરવું.

જેમ કામી પુરુષ સ્ત્રીનું વિસ્મરણ કરતો નથી, ગાય વનમાં ઘાસ ચરતી વખતે પોતાના વાછરડાને ભૂલતી નથી, લોભી માણસ પોતાના પૈસાને યાદ કર્યા કરે છે, હરણ વીણાના નાદમાં મુગ્ધ થઈ જાય છે, પતંગ દીપમાળમાં મોહ પામી મરે છે, કીડો ભમરીને યાદ કરી ભમરી થઈ જાય છે, માછલી જળ વગર રહી શકતી નથી, તેવી લગની ધ્યાન કરનારને બ્રહ્મ સ્વરૂપમાં લાગવી જોઈએ. એવી દશામાં અનન્યભાવ ઉત્પન્ન થાય છે, અને ભગવાન બહુ જ સુલભ લાગે છે. કારણ કે તે દરેકના આત્મારૂપ છે અને અંદર બહાર તેના સિવાય બીજું કાંઈ નથી.

ॐ

યોગશાસ્ત્રમાં નીચે પ્રમાણે આપવામાં આવે છે. પૃથ્વી જલમાં, જલ અગ્નિમાં, અગ્નિ વાયુમાં, વાયુ આકાશમાં લય પામી જાય છે. આ પ્રમાણે વિલોમક્રમ અનુસાર સ્થૂલભૂતોના લય પછી મન બુદ્ધિમાં, બુદ્ધિ અહંકારમાં, અહંકાર ચિત્તમાં, ચિત્ત ક્ષેત્રજ્ઞમાં, અને ક્ષેત્રજ્ઞ પરમાત્માનાં લય પામે છે. આ અવસ્થામાં કરોડો જન્મોમાં કરેલાં પાપકર્મોમાંથી પણ સાધક ઉત્તીર્ણ થઈ શકે છે. ઘડાના નાશ પછી તેની અંદરનું આકાશ જેવી રીતે મહાકાશમાં લીન થઈ જાય છે, તેવી જ રીતે અવિદ્યાના નાશ પછી જીવ પણ પરમાત્મામાં લીન થાય છે.

(૩) રાજયોગનાં સોળ અંગોનું વર્ણન

રાજયોગનાં સોળ અંગ છે. સપ્ત જ્ઞાનભૂમિ અનુસાર સાત અંગ છે. એ બધાં વિચારપ્રધાન છે; ત્યાર પછી ધારણામાં બે અંગ (૧. પ્રકૃતિધારણા, ૨. બ્રહ્મધારણા); ધ્યાનનાં ત્રણ અંગ છે, (વિરાટ્, ઈશ અને બ્રહ્મધ્યાન) બ્રહ્મધ્યાનમાં એની પરિસમાપ્તિ છે; સમાધિનાં ચાર અંગ છે. (બે સવિચાર અને બે નિર્વિચાર.) આ રીતે રાજયોગનાં સોળ અંગોની સાધના દ્વારા રાજયોગી કૃતકૃત્ય થઇ જાય છે. મન્ત્રયોગ, હઠયોગ, લયયોગ એ ત્રણેમાં સિદ્ધિ મેળવ્યા પછી, અથવા તો એ ત્રણેમાંથી કોઈ એકમાં સિદ્ધિ મેળવ્યા પછી સાધક રાજયોગનો પૂર્ણ અધિકારી થાય છે.

હવે ક્રમશઃ એ સોળ અંગોનું ટૂંકું વર્ણન કરીએઃ—

સાત જ્ઞાન ભૂમિઅનુસાર પહેલાં સાત અંગો નીચે પ્રમાણે છેઃ—

૧. પરમાણુની નિત્યતા, બ્રહ્મને સૃષ્ટિનું નિમિત્ત કારણ સમજવું, સોળ પદાર્થોના જ્ઞાનદ્વારા પરમતત્ત્વની પ્રાપ્તિ કરવી—આ પ્રથમ ભૂમિકાનું દર્શન છે.

૨. ધર્માધર્મ નિર્ણય અને છ પદાર્થોના જ્ઞાન દ્વારા પરમતત્ત્વનું ન મેળવવું,—એ બીજી ભૂમિકાનું દર્શન છે.

૩. વૃત્તિઓ જ જગતનું મૂળ છે; માટે ચિત્તવૃત્તિઓના નિરોધ

દ્વારા પરમતત્ત્વનો લાભ મેળવવો,—આ ત્રીજી ભૂમિકાનું દર્શન છે.

૪. પ્રકૃતિને સમ્યક્ રીતે જાણી પરમતત્ત્વનો સાક્ષાત્કાર કરવો,—એ ચોથી ભૂમિકા છે

૫ કર્મની પ્રધાનતાથી 'જગત્ જ બ્રહ્મ છે,'—આ દર્શન પાંચમી ભૂમિકાનું છે.

૬. ભક્તિની પ્રધાનતાથી 'બ્રહ્મ જ જગત્ છે,'—આ દર્શન છઠ્ઠી ભૂમિકાનું છે.

૭. જ્ઞાનની પ્રધાનતાથી 'હું જ બ્રહ્મ છું'—આ દર્શન સાતમી ભૂમિકાનું છે પ્રથમ જ્ઞાનભૂમિને જ્ઞાનદા, બીજીને સન્યાસદા, ત્રીજીને યોગદા, ચોથીને લીલોન્મુક્તિ, પાંચમીને સત્પદા, છઠ્ઠીને આનન્દપદા અને સાતમીને પરાત્પરા કહેવામાં આવે છે મારે જે કંઇ જાણવાનું હતું તે મેં જાણી લીધું—આવો પહેલી ભૂમિકાનો અનુભવ છે, મારે જે કંઈ ત્યાગવાનું હતું તે ત્યાગી દીધું—આવો બીજી ભૂમિકાનો અનુભવ છે, મારે જે શક્તિ મેળવવાની હતી તે મેળવી લીધી—એ ત્રીજી ભૂમિકાનો અનુભવ, માયાની બધી લીલા હું જોઇ શકયો છું, એમાં મોહ પામતો નથી,—આ ચોથી ભૂમિકાનો અનુભવ. જગત્ એ જ બ્રહ્મ છે—એ પાંચમી ભૂમિકાનો અનુભવ, બ્રહ્મ એ જ જગત્—એ છઠ્ઠી ભૂમિકાનો અનુભવ; અને હું જ અદ્વિતીય, નિર્વિકાર, વિભુ, સચ્ચિદાનન્દમય બ્રહ્મ છું—એ સાતમી ભૂમિકાનો અનુભવ છે આ છેલ્લી ભૂમિકાને પ્રાપ્ત કરી સાધક બ્રહ્મસ્વરૂપ થઇ જાય છે

રાજયોગીની પ્રકૃતિના ભેદ અનુસાર જ્ઞાનભૂમિની સાથોસાથ **ઉપાસના અને કર્મભૂમિની સાધનાનો** પણ સંબંધ છે. સાત જ્ઞાનભૂમિની સાથે સંકળાયેલી ઉપાસનાની સાત ભૂમિકાઓ નીચે પ્રમાણે છે,—(૧) નામપરા, (૨) રૂપપરા, (૩) વિભૂતિપરા, (૪) શક્તિપરા, (૫) ગુણપરા, (૬) ભાવપરા, (૭) સ્વરૂપપરા

ધારણા, ધ્યાન અને સમાધિ,—એ ત્રણેને જ્યારે એકલક્ષ્યયુક્ત

રૂપ ત્રિવિધ ધારણાની સહાયથી સાધક આગળ વધે છે. ખરી રીતે ધારણાના બે અંગ છે, એક પ્રકૃતિધારણા અને બીજી બ્રહ્મધારણા. રાજયોગની ધારણાનાં આ બન્ને અંગ જીવન્મુક્ત ગુરુદ્વારા સાધકને પ્રાપ્ત થઇ શકે.

ધારણા પછી ધ્યાનનો અભ્યાસ આવે છે. એ અભ્યાસ કરતી વખતે રાજયોગી વેદ, **શાસ્ત્ર અને ગુરુની સહાયતાથી બ્રહ્મ, ઈશ અને વિરાટરૂપી ત્રિવિધ** ધ્યાન કરવાને સમર્થ થાય છે. રાજયોગ ધ્યાનની આ વિલક્ષણતા છે કે, મન્ત્રયોગ, હઠયોગ અને લયયોગના સાધકને કેવળ એક પ્રકારનું જ ધ્યાન કરવું પડે છે, તેથી અન્ય પ્રકારના ધ્યાનથી સાધકને નુકસાન થાય છે. એથી ઉલટું રાજયોગી માટે તો ત્રણે પ્રકારનાં ધ્યાન હિતકર છે. 'હું જ સચ્ચિદાનન્દ બ્રહ્મ છું,' 'હું જ દ્રશ્યનો દ્રષ્ટા છું,' 'હું જ સંપૂર્ણ બ્રહ્મ છું,'—આવા આવા ભાવો રાજયોગના ધ્યાનમાં આવે છે. જીવન્મુક્ત ગુરુદેવની સહાયતાથી શાસ્ત્રોનું રહસ્ય અને રાજયોગ સાધનોનું રહસ્ય સાધકને પ્રાપ્ત થાય છે. આ ધ્યાન સિદ્ધ થતાં નિર્વિકલ્પ સમાધિની પ્રાપ્તિ થાય છે.

બ્રહ્મના ધ્યાનયોગમાં કહેલા ભાવક્રમ અનુસાર પ્રસ્થાનત્રયનું વિધાન રાજયોગમાં કરવામાં આવ્યું છે. બ્રહ્મ, ઈશ અને વિરાટ ભાવે પરમાત્મા સર્વત્ર વ્યાપ્ત છે. એક અદ્વૈતપદના જ આ ત્રણે વિલાસો છે. તત્ત્વાતીત પદ મનબુદ્ધિથી અગોચર છે, પરન્તુ આ ત્રિવિધ ભાવ અનુસાર રાજયોગીમાં પણ ત્રિવિધ પરિવર્તન થવું સ્વભાવસિદ્ધ છે. એ કારણથી જ રાજયોગમાં પ્રસ્થાનત્રયનું વિધાન છે. જો કે **રાજયોગમાં દ્વૈતભાવ રહેતો નથી, તો પણ સૂક્ષ્મરૂપે સચ્ચિદાનન્દભાવનું રસાસ્વાદન તો તેને થાય છે જ.** કર્મ, ઉપાસના, જ્ઞાન,—એ ત્રણના ત્રિવિધ વિલાસ અનુસાર એકમાં સત્ ...નો વિલાસ, બીજામાં આનન્દ સત્તાનો વિલાસ, અને ત્રીજામાં

ચિત્ સત્તાનો વિલાસ હોય છે. તેથી સચ્ચિદાનંદ ભાવ એક અદ્વૈત રૂપે સ્થિર રહેવા છતાં પણ ભાવપ્રાધાન્યે પ્રસ્થાનત્રયની કલ્પનાની આવશ્યકતા છે.

એ રીતે બ્રહ્મસારૂપ્ય પ્રાપ્ત કરવાને માટે મન્ત્ર-હઠ-લય-યોગમા અધિકારપ્રાપ્ત યોગી ક્રમેક્રમે રાજયોગમાર્ગમા અગ્રેસર થઈને કેવી રીતે લક્ષ્ય સ્થાને પહોચશે, તેનું વર્ણન હવે આપવામાં આવે છે

વ્યષ્ટિ ધર્મસાધનને યજ્ઞ અને સમષ્ટિ ધર્મસાધનને મહાયજ્ઞ કહે છે પહેલાં તો યજ્ઞ અને મહા યજ્ઞ સાધનદ્વારા (૧) આધિભૌતિક શુદ્ધિ પ્રાપ્ત કરવી પડે છે, (૨) ત્યાર પછી ભગવદ્ ભક્તિલાભ દ્વારા આધિદૈવિક શુદ્ધિ અને (૩) આત્મઅનાત્મ વિચારણા દ્વારા આધ્યાત્મિક શુદ્ધિ પ્રાપ્ત કરવી પડે છે. આ ત્રિવિધ શુધ્ધિ પરમ આવશ્યક છે. મન્ત્રયોગ, હઠયોગ, લયયોગના ધ્યાનને યથાક્રમ સ્થૂલધ્યાન, જ્યોતિર્ધ્યાન, અને બિન્દુધ્યાન કહેવામાં આવે છે. આ ધ્યાનોમા સિધ્ધ થવાથી યથાક્રમ મહાભાવ, મહાબોધ અને મહાલય રૂપી સમાધિનો ઉદય થાય છે. આ ત્રણ સમાધિમાંથી કોઈ એક સમાધિનો અભ્યાસ કરવો પડે છે.

રાજયોગના સાધકોને માટે નીચેના સાત સાધનોનો નિરન્તર અભ્યાસ પરમ મ ગલકારી છે (ક) બ્રહ્મમન્ત્રનો જપ માનસરૂપે કરવો. જપની સાથોસાથ અર્થાનુગમ અને અર્થાનુગમ ઉપરથી ભાવ પર લક્ષ્ય સ્થિર કરવું. (ખ) ગમે તેવું કર્મ હોય તે યથાર્થ કરવાથી તેને કર્મયોગ કહેવામા આવે છે. કામસંકલ્પવર્જિત તથા કર્તવ્યબોધથી જે કર્મ કરવામા આવે અથવા કેવળ પરાર્થે જે કર્મ કરવ માં આવે તેને કર્મયોગ કહેવામા આવે છે શારીરિક કર્મયોગમાં રત રહેવુ એ બીજુ સાધન છે. (ग) ત્યાર પછી માનસિક કર્મયોગ, (ઘ) સંસારમા રહ્યા છતા વિષયરાગરહિત રસાનુભવ કરવો અને તે સમયે આત્મલક્ષ્યને વિસ્મૃત થવા ન દેવુ એ ચોથું સાધન (ચ) ઉપાસનાની

સપ્તભૂમિ અનુસાર સપ્તધ્યાનમાં ગત રહેવું એ પાચમું સાધન. (છ) તટસ્થ જ્ઞાન દ્વારા આત્માનુસન્ધાન. (જ) સ્વરૂપજ્ઞાનપ્રકાશક વિજ્ઞાનનું અનુસન્ધાન એ સાતમું સાધન છે.

(૪) રાજયોગની સમાધિ

૮. હવે રાજયોગની સમાધિનું ટૂંકું વર્ણન કરીએ. પ્રથમાવસ્થામાં રાજયોગની સાધનાની શરૂઆત ધારણા અને ધ્યાનથી થાય છે; રાજયોગની સાધનભૂમિ મુખ્યત્વે કરીને સમાધિ જ છે. સમાધિભૂમિમાં પહેલા વિતર્ક રહે છે, ત્યાર પછી આગળ વધતાં વિચાર રહે છે. તેથી ઉન્નત અવસ્થાનું નામ આનન્દાનુગત અને પછીની અવસ્થાનું નામ અસ્મિતાનુગત છે. પહેલા બે સવિચાર સમાધિના અને છેલ્લા બે નિર્વિચાર સમાધિના ભેદ છે. 'હું બ્રહ્મ છું'—એ ભાવ પણ નિર્વિકલ્પ સમાધિમાં રહેતો નથી. કોઈ કૃતભાવ કે કોઈ વિકલ્પ શેષ રહે નહીં તે અવસ્થા તુરીયાવસ્થા છે. સમાધિભૂમિનો સાધનક્રમ શાસ્ત્ર દ્વારા જાણી શકાતો નથી; જેને અપરોક્ષાનુભવ થયો છે, એવા જીવન્મુક્ત જ તેનો મર્મ સમજાવી શકે છે.
યોગશાસ્ત્રમાં કહ્યું છે કે,—' योगश्चित्तवृत्ति निरोधः '

' तदा द्रष्टुः स्वरूपेऽवस्थानम् ',

અને સંહિતામાં પણ કહ્યું છે કે,—

परजीवात्मनोरेव मेलनं योग उच्यते

અપૂર્ણ

卐

પ્રસંગ સ્ફૂર્તિ

ડાકોર જનારા યાત્રાળુને સાથે લોટ લઈ જવો હોય તો માણસ દીઠ એકાદ શેર લઈ જઈ શકે છે.—જાણીતા સાક્ષર સ્વ. નવલરામ ત્રિવેદીના શોકજનક અવસાન નિમિત્તે ઠેર ઠેર શોક સભાઓ ભરાઈ અને સદ્‌ગતને અંજલિયો અપાઈ.—પછાત કોમના વિખ્યાત સેવક શ્રી. ઠક્કર બાપાએ મેવાડના ભીલોના ઉત્કર્ષ માટે એક પંચવર્ષીય યોજના ઘડી કહાડી એને અંગે છત્રીસ હજાર રૂપીઆની ટહેલ નાંખી છે.—મહાત્માજીના સ્વાસ્થ્યમાં ધીમો સુધારો થતો જાય છે; હાલમાં તેઓ પંચગની ખાતે છે.—અમદાવાદમાં ગુજરાત સાહિત્યસભાની વાર્ષિક સામાન્ય સભા ભરાઈ, પ્રમુખ શ્રી. હરિપ્રસાદ દેસાઈએ "અમેરિકાના તત્ત્વજ્ઞાનીઓ" વિષે વ્યાખ્યાન વાંચ્યું; હોદ્દેદારોની ચૂંટણી થઇ, રણજીતરામ સુવર્ણચંદ્રક માટેની પસંદગી વિષેની વિસ્તૃત ચર્ચા ચાલી.—જામનગરમા આયુર્વેદના પ્રમાણિત ગ્રન્થ ચરકસંહિતાના પ્રકાશન અંગેની એક યોજના ઘડવામાં આવી છે.—ભુજના સ્વામિનારાયણના મંદિરના વ્યવસ્થાપકે નરનારાયણ, રાધાકૃષ્ણ અને સ્વામિ સહજાનંદનાં મંદિરોનાં શિખર વધારે ઊંચાં કરવાના ઉદ્દેશથી તોડી નાંખવાનાં ભરેલાં પગલાંથી ભુજના સનાતની બ્રાહ્મણો અને આસ્તિક હિન્દુઓ વચ્ચે ખળભળાટ મચ્યો છે, બ્રાહ્મણોનું કહેવું છે કે આ પગલું શાસ્ત્રસંમત નથી.—મુંબઈમાં ભારતીય વિદ્યાભવનમાં જાહેરસભા સમક્ષ શ્રી. ક. મા. મુનશીએ "આધુનિક જીવનમાં ગીતાનો અર્થ અને સ્થાન" એ વિષય ઉપર અંગ્રેજીમા વ્યાખ્યાન આપ્યું હતું. વિદ્યાલયમાં જેઓને ગીતાજીનો પદ્ધતિપુરઃસર અભ્યાસ કરવો હશે તેને મફત કરાવવામાં આવશે, એમ જાહેર થયું છે.—બંગાળાના સુપ્રસિદ્ધ વિજ્ઞાનવેત્તા સર. પી. ,સી. રાયનું તા ૧૬ મી જુને ચોર્યાસી વયની ઉંમરે અવસાન થયું.—કાઠિયાવાડના દામનગર ગામમાં જૈનશાસ્ત્રના ,અભ્યાસી શ્રી. દામોદરદાસનું પોણોસો વર્ષની ઉંમરે અવસાન થયું. •

સપ્તભૂમિ અનુસાર સપ્તધ્યાનમાં રત રહેવું એ પાચમું સાધન. (છ) તટસ્થ જ્ઞાન દ્વારા આત્માનુસન્ધાન. (જ) સ્વરૂપજ્ઞાનપ્રકાશક વિજ્ઞાનનું અનુસન્ધાન એ સાતમું સાધન છે.

(૪) રાજયોગની સમાધિ

૮. હવે રાજયોગની સમાધિનું ટુંકું વર્ણન કરીએ. પ્રથમાવસ્થામાં રાજયોગની સાધનાની શરૂઆત ધારણા અને ધ્યાનથી થાય છે; રાજયોગની સાધનભૂમિ મુખ્યત્વે કરીને સમાધિ જ છે. સમાધિભૂમિમાં પહેલા વિતર્ક રહે છે, ત્યાર પછી આગળ વધતાં વિચાર રહે છે. તેથી ઉન્નત અવસ્થાનું નામ આનન્દાનુગત અને પછીની અવસ્થાનું નામ અસ્મિતાનુગત છે. પહેલા બે સવિચાર સમાધિના અને છેલ્લા બે નિર્વિચાર સમાધિના ભેદ છે. 'હું બ્રહ્મ છું' –એ ભાવ પણ નિર્વિકલ્પ સમાધિમાં રહેતો નથી. કોઈ કૃતભાવ કે કોઈ વિકલ્પ શેષ રહે નહીં તે અવસ્થા તુરીયાવસ્થા છે. સમાધિભૂમિનો સાધનક્રમ શાસ્ત્ર દ્વારા જાણી શકાતો નથી; જેને અપરોક્ષાનુભવ થયો છે, એવા જીવન્મુક્ત જ તેનો મર્મ સમજાવી શકે છે.

યોગશાસ્ત્રમાં કહ્યું છે કે,–' योगश्चित्तवृत्ति निरोध '

' तदा द्रष्टुः स्वरूपेऽवस्थानम् '

અને સંહિતામા પણ કહ્યું છે કે,–

परजीवात्मनोरेव मेलनं योग उच्यते

અપૂર્ણ

પ્રસંગ સ્ફૂર્તિ

ડાકોર જનારા યાત્રાળુને સાથે લોટ લઈ જવો હોય તો માણસ દીઠ એકાદ શેર લઈ જઇ શકે છે.—જાણીતા સાક્ષર સ્વ. નવલરામ ત્રિવેદીના શોકજનક અવસાન નિમિત્તે ઠેર ઠેર શોક સભાઓ ભરાઇ અને સદ્‌ગતને અંજલિયો અપાઈ.—પછાત કોમના વિખ્યાત સેવક શ્રી. ઠક્કર બાપાએ મેવાડના ભીલોના ઉત્કર્ષ માટે એક પંચવર્ષીય યોજના ઘડી કઢાડી એને અંગે છત્રીસ હજાર રૂપીઆની ટહેલ નાંખી છે.—મહાત્માજીના સ્વાસ્થ્યમાં ધીમો સુધારો થતો જાય છે; હાલમાં તેઓ પંચગની ખાતે છે.—અમદાવાદમાં ગુજરાત સાહિત્યસભાની વાર્ષિક સામાન્ય સભા ભરાઈ, પ્રમુખ શ્રી. હરિપ્રસાદ દેસાઇએ "અમેરિકાના તત્ત્વજ્ઞાનીઓ" વિષે વ્યાખ્યાન વાંચ્યું; હોદ્દેદારોની ચૂંટણી થઇ, રણજીતરામ સુવર્ણચંદ્રક માટેની પસંદગી વિષેની વિસ્તૃત ચર્ચા ચાલી.—જામનગરમાં આયુર્વેદના પ્રમાણિત ગ્રન્થ ચરકસંહિતાના પ્રકાશન અંગેની એક યોજના ઘડવામાં આવી છે.—ભુજના સ્વામિનારાયણના મંદિરના વ્યવસ્થાપકે નરનારાયણ, રાધાકૃષ્ણ અને સ્વામિ સહજાનંદનાં મંદિરોનાં શિખર વધારે ઊંચાં કરવાના ઉદ્દેશથી તોડી નાંખવાનાં ભરેલાં પગલાંથી ભુજના સનાતની બ્રાહ્મણો અને આસ્તિક હિન્દુઓ વચ્ચે ખળભળાટ મચ્યો છે, બ્રાહ્મણોનું કહેવું છે કે આ પગલું શાસ્ત્રસંમત નથી.—મુંબઇમાં ભારતીય વિદ્યાભવનમાં જાહેરસભા સમક્ષ શ્રી. ક. મા. મુનશીએ "આધુનિક જીવનમાં ગીતાનો અર્થ અને સ્થાન" એ વિષય ઉપર અંગ્રેજીમાં વ્યાખ્યાન આપ્યું હતું. વિદ્યાલયમાં જેઓને ગીતાજીનો પદ્ધતિપુરઃસર અભ્યાસ કરવો હશે તેને મફત કરાવવામાં આવશે, એમ જાહેર થયું છે.—બંગાળાના સુપ્રસિદ્ધ વિજ્ઞાનવેત્તા સર. પી. સી. રાયનું તા. ૧૬ મી જુને ચોર્યાસી વયની ઉંમરે અવસાન થયું.—કાઠિયાવાડના દામનગર ગામમાં જૈનશાસ્ત્રના અભ્યાસી શ્રી. દામોદરદાસનું પોણોસો વર્ષની ઉંમરે અવસાન થયું.

ગ્રાહકોને સૂચના

卐

(૧) આ અંકથી આપનું ચોથું વર્ષ શરૂ થાય છે ભેટ પુસ્તક તૈયાર થતાં વેંતજ આપને મોકલી આપવામાં આવશે રજીસ્ટર્ડ બુકપોસ્ટથી મેળવવાની જેની ઇચ્છા હોય તેઓ ૦–૩–૦ ની ટપાલ ટિકીટો જલ્દી મોકલી આપે. (૨) ભાવાર્થસિન્ધુ ભેટપુસ્તક, ત્રીજા તથા ચોથા, એમ બન્ને વર્ષે જે ગ્રાહક રહ્યા હોય તેમને મફત મળશે; એકલા ત્રીજા તથા ચોથા વર્ષના ગ્રાહકોને આઠ આના મ. ઓ. થી કે ટપાલ ટિકિટોદ્વારા મોકલી આપવાથી મળશે; તે વિના નહિ મળે. (૩) આ અંકમાં સફેદ મોંઘા કાગળો વાપર્યા છે. સ્વા. માધવતીર્થજીનો ધ્યાન અને જ્ઞાન નામનો અતિ ઉપયોગી લેખ લગભગ આખો યે એમાં આપ્યો છે. આ રીતે જિજ્ઞાસુઓને અનુભવમાં ઉપયોગી થાય તેવા લેખો આપવાનું ખાસ ધ્યાન રાખ્યું છે એનો સૌ ખ્યાલ રાખે (૪) 'ઉત્થાન' કેવળ તર્કચર્ચાનું કે શ્રદ્ધાનું જ શિક્ષણ નહિ, પણ વિચાર અને ભાવ એ બન્નેનું સામંજસ્ય થાય, એવું વાચન આપવાની કાળજી ગખે છે. (૫) કેવળ તર્કચર્ચા શુષ્ક વાગ્વેદાન્ત તરફ વાળે છે, જ્યારે કેવળ શ્રદ્ધા ભાવાવેશને ઉત્તેજન આપી જડશ્રદ્ધા તરફ ઘસડી જાય છે, એ બન્નેમાંથી માર્ગ કઢાડી આપે છે વિશુદ્ધ વિવેકબુદ્ધિ કે જે વેદાન્તના અભ્યાસમાં પ્રથમ સાધન છે (૬) શાસ્ત્રાનુકૂળ વિચાર અને ભક્તિપૂર્વકની શ્રદ્ધા એ અનુભવ-મંદિરના પ્રવેશદ્વારનાં બે કમાડ છે; એક જ પરમ વસ્તુ નિહાળવાનાં એ નેત્રો છે; એ બે નેત્રોની એક જ દૃષ્ટિ તે શિવદૃષ્ટિ; યોગીશ્વર દેવાધિદેવ શ્રી શંકરનું ત્રીજું જ્ઞાનનેત્ર! ઉત્થાનના વાચકો એ કેળવે એટલી અભ્યર્થના!

તંત્રી:
સ્વાં. સ્વયંજ્યોતિ તીર્થ
ગોયાગેટ, મકરપુરા રોડ,

પ્રસંગસ્ફૂર્તિ

રાજકોટમાં પચોતેર વર્ષે પહોંચેલા સાહિત્યક્ષેત્રના જુના ઘડવૈયા પ્રો બ ક ઠાકોરનું સન્માન થયું પોરબંદરના મહારાજા પ્રમુખપદે હતા ચાદીની કાસ્કેટ અને અભિનંદન પત્ર અપાયા પ્રો ઠાકોરની સેવાની પ્રશંસા થઈ એમણે કાઠિયાવાડના જૂના સંબંધનો વિસ્તૃત ઉત્તર આપ્યો —ખંભાતમાં શ્રી સ્વામી નારાયણના મંદિરમા અષાઢ શુદિમાં વ્યાખ્યાન માળાનો સપ્તાહ સમારંભ ઉજવાયો વિદ્વાનોના વ્યાખ્યાન થયાં —સ્વ કરસનદાસ મૂળજીની પુણ્યતિથિને નિમિત્તે ફાર્બસ ગુજરાતી સભામંદિર–મુંબઈમાં તા ૨૫–૭–૪૪ ને દિવસે જાહેર સભા ભરાઇ. "ગુજરાતના હાલના ધાર્મિક જીવન અને સામાજિક જીવનનો સંબંધ' એ વિષય ઉપર બે નિબંધો વંચાયા —મુંબઈ વિલેપારલેમા મહામંડલેશ્વર શ્રી મહેશ્વરાનંદજીનાં અઢી માસ સુધી વ્યાખ્યાનો થયાં ગુરુપૂર્ણિમાનો ઉત્સવ ત્યાંની પાઠશાળામાં ઉજવાયો મુંબઈ તથા વડોદરામાં શ્રી શ્રેયસાધકવર્ગના સ્થાનમાં ગુરુપૂર્ણિમાના ઉત્સવો થયા —પાવાગઢમાં કાલિકામાતાનો સહસ્ત્ર ચંડી યજ્ઞ તા ૨૧ થી તા ૨૮–૭–૪૪ સુધી કરવામાં આવ્યો —'જ્યોતિર્મહર્ષિ' પદવી પામેલા ભાવનગરના વતની જગજીવન નરભેરામ બધેકાનું અષાઢ વદ ૧૪ ને દિવસે અવસાન થયું —ગુજરાત કચ્છ તથા કાઠિયાવાડમાં વરસાદ ચાલુ છે, અતિવૃષ્ટિ થઇને દુષ્કાળ ન થાય તો સારૂ

ગ્રાહકોને વિનંતિ —સરકારી કાયદાને માન આપી 'ઉત્થાન' પૂઠા સાથે ચોવીસ પાનના કલેવરથી આપની સામે આવી ચડે છે નિરૂપાય સ્થિતિ સૌ સમજી શકે એટલી પ્રાર્થના છે 'ભાવાર્થસિંધુ' હજુ છપાય છે એ પુસ્તક ધાર્યાં કરતા મોટું અને વધારે ખર્ચાળ નીવડશે. થોડા જ વખતમા ગ્રાહકોને મળી જશે ગેરવલ્લે ન જાય એટલા માટે રજીસ્ટર્ડથી મંગાવનારાઓ ત્રણ આનાની ટીકીટો મોકલી આપે —તંત્રી

'ઉત્થાન'નું લવાજમ હિંદમા રૂ ૪–૦–૦ પરદેશમા રૂ ૬–૦–૦ એક અંકના રૂ ૦ ૬–૦

ॐ

नमो नारायणाय ।

ઉત્થાન

વર્ષ ચોથું] ઓગસ્ટ ૧૯૪૪–શ્રાવણ ૨૦૦૦ [અંક બીજો

આત્મભાન

લેખક :
તંત્રી.

(૫)

પરમાત્માની કોઇ સગુણ–સાકાર મૂર્ત્તિને કે નિર્ગુણ–નિરાકાર સચ્ચિદાનન્દઘન સ્વરૂપને અંતઃકરણમાં ઊતારવાં, એ જ માનવમનની મહત્ત્વાકાંક્ષા છે; કારણ કે એ આનન્દભૂખ્યો છે. અને આનન્દ જ પરમ રસાસ્વાદ આપે એવો હોય, ઉપનિષદ્ એને જ રસરૂપ કહે છે. તૈત્તિરીય ઉપનિષદ્‌માં **रसो वैसः**–"ખરે જ એ રસ છે" એમ કહીને **रसं ह्येवायं लब्ध्वानन्दी भवति**–" એ રસને પામીને પુરુષ આનન્દી થાય છે " એ વિધાન ખરેખર અદ્‌ભુત છે. જીવાત્માની હૈયાભૂખ અને તનતોડ મથામણ કેવળ, નિર્ભેળ અને નિત્ય સુખ માટે જ છે, એ શોધ સનાતન ઋષિઓની સનાતન જ છે, ને સનાતન કાલ સુધી રહેવાની છે.

સંસાર અને સાંસારિક પદાર્થોમાં સુખ શોધતો, રઝળતો રખડતો, કામધંધાનો રધવાયો જીવાત્મા શા માટે નહિ સમજતો હોય કે આ

વિષયભેલ નકામા છે. એ રમકડાં ચૂનાના પીડાને માખણ સમજીને ખાવા જેવા છે. ગમે તેવાં રંગીલા, રૂપાળાં કે રસીલાં જણાવા છતાં પણ પરિણામે એ ઇંદ્રવારણાનાં ફળ જેવા છે કે જેમાં પાકકાચે અંદરથી રાખ જ નીકળે છે.

પરમાત્મા સગુણ છે કે નિર્ગુણ એ પ્રશ્ન શરૂઆતના સાધક માટે નથી ઉદ્ભવતો, કારણ એનાં સ્વરૂપ અને તટસ્થ બન્ને લક્ષણોમાં, એનુ સચ્ચિદાનન્દ સ્વરૂપ તો અખંડ અને એકધારૂં અનુસ્યૂત જ છે સંસારાવિરક્ત જીવાત્મા, એ વિષયની આટીઘૂંટીમાં, કે તર્કની મથામણમા ન ઊતરતા એ પરમપ્રેમાસ્પદ પરમપદમાથી ભિન્ન, જે કાંઈ જોવાય–સમજાય એ બધું વિષમય જ છે, દુઃખદ છે, કેવલ આપદ્ છે, એટલું સમજી એમાં વિષકૃમિની પેઠે રમણ કરવું એ મહા અનર્થ છે એવું યાદ રાખી, એ આનન્દઘનને જ પોતાના મનોમંદિરમા પધરાવવાની ઉત્કટ જિજ્ઞાસા સેવે, તો એ પરમકૃપાળુ પોતાના વાસ્તવિક સ્વરૂપે અવશ્ય ત્યાં ઊતરી આવી એવી તો રાસલીલા રમીને રમાડે છે કે न भूतो न भविष्यति ।

આમાં જોઈએ આપણી સંપૂર્ણ તૈયારી. ઘરઆંગણે મહેમાન આવવાના હોય, રંગીલા, રસીલા, મનમાન્યાં, હેતના ટુકડા જેવા સ્નેહી સંબંધી ઉમંગભેર પધારવાના હોય, ત્યારે નિવાસસ્થાનના ઓરડે ઓરડા કે ખૂણે ખૂણા કેવા ચોકખા કરી નખાય છે! જૂની, નકામી, દેખાડતાં શરમ લાગે એવી નજીવી ચીજોને તો કોઇ ઉપલા માળના કાતરિયામા એવી તો સંતાડી મૂકાય છે કે જાણે એ છુપાવવાની કળામાજ બધી આવડતની ઇતિશ્રી થઇ જતી હોય! "આવો પધારો, સારા છો!" એવા શબ્દ-સત્કાર સાથે હોઠ ફૂંવતા હોય, ચ્હેરા પર આનન્દની ઝવીપચી થતી હોય, અંગમા ઉત્સાહ ઊભરાતો હોય, એવી રીતે જાણે બધું જ સુંદર અને સુવ્યવસ્થિત કરી ગણીને એ મોંઘેરા મહેમાનને આનંદ આપવાની, અને એ દ્વારા એમની પ્રસ-

જનતામાં જ પોતાની પ્રસન્નતા શોધવાની જે હૈયાફાટ ઊતાવળ હોય છે, એનો અનુભવ કયા સંસારપ્રેમીએ નહિ કર્યો હોય ? અસ્તુ !

આવી જ તૈયારી આપણા મનોમંદિરમાં જ્યારે પરમાત્માની પધરામણી કરાવવાની હોય છે ત્યારે કરવાની છે, એટલુ જો અંતઃકરણમાં વજ્રાક્ષરની પેઠે કોતરાઇ રહે તો પછી બાકી જ શું રહે ? સંસારમાં જ્યાં સહજભાવે હૈયું ઢળી પડતું હોય, ત્યાં જે આનંદનાં દર્શન થાય છે, એવું મમતા, રાગ, સ્નેહ, પ્રીતિ, કે પ્રેમ એવું લોકજ્ઞ વિદ્વાનો અને રસજ્ઞ કવિઓએ નામ પાડયું છે, પણ એ હૈયાને જ્યારે પરમાત્મા પ્રતિ વાળવાનું હોય છે, ત્યારે એને પારલૌકિક રસાસ્વાદી ઋષિઓએ ભક્તિ કે પ્રેમ એવું પૂનિત નામ આપીને એ વેગને પવિત્ર અને પ્રોજ્વલ માન્યો છે.

તિથિ–અતિથિએ આવી સ્હડનારા સ્નેહી સંબંધી માટેના આંતરિક સ્નેહના સૂચક લક્ષણ અને ચિન્હને સત્કાર એવું નામ અપાય છે, તેમ પરમાત્માની પ્રીતિ માટેના હૃદયના વેગને ભક્તિને નામે ઓળખીએ, ત્યારે એ નિમિત્તે ઇશ્વરનાં સગુણ નિર્ગુણ સ્વરૂપનાં, અને હરિ–હરિજનના અભેદ મૂર્ત્તિ જેવા સંત પુરુષોનાં થતાં સેવાસત્કાર સેવા, પૂજા કે ભક્તિ કહેવાય છે.

પરન્તુ જેમ સ્વાગત વેળાએ જો ગૃહપતિના મનમાં કાંઇ બીજી મમતા કે વ્યવસાય ભર્યાં હોય, તો સ્વાગતમાં મન ચોટતું નથી ને બધો સત્કાર દંભ, ડોળ કે બાહ્ય દેખાવ જેવો થઇ પડે છે. તેવી જ રીતે પરમાત્માની પ્રાપ્તિ માટેની ભક્તિમાં જો અંતરમાં જરા પણ સાંસારિક વિષયો કે વ્યક્તિઓ પ્રતિની મમતા કે રાગદ્વેષ હોય, કે બીજા કાંઇ માનમોહ કે ગરતળાની તરંગી વાસનાઓ હૃદયને રોકી રાખતી હોય, તો ભક્તિ અથવા પૂજા–પાઠ પણ કેવલ આડંબરી બની જાય છે.

તત્ત્વસાક્ષાત્કાર માટે આપણે પાછલા લેખમાં જોઇ ગયા તેમ

હૃદયની જે તૈયારી જોઈએ, એમાં મુખ્ય વાત મનમાંથી બધા ભેદને કઢાડી નાંખવાની છે; એક મિયાનમાં બે તલવાર રહી શકે નહિ, તે પ્રમાણે એક જ મનમાં રામ અને કામ બે સાથે રહી શકતા નથી. તેથી પ્રથમ મનમાંથી વાસનાનો સમૂળો નાશ થવો જોઈએ, અને એ વાસનાના નાશ પછી જે જે કર્મ થાય, તે કેવલ પરમાત્માની પ્રીતિ-કૃપા કે અનુગ્રહ માટે જ હોય છે, તેથી એવાં કર્મ શાસ્ત્રમાં નિષ્કામ કહેવાય છે; જ્યાં ત્યાં બહુ ગવાયેલા, નિષ્કામ-કર્મનું પ્રતિપાદન કરનારા, ભવદ્વેષિણી ભગવદ્ગીતાના શ્લોકનો આપણે પ્રથમ વિચાર કરી લઈએ કે જે દ્વારા અંતઃકરણની શુદ્ધિનું કેંક રહસ્ય સમજવામાં અનુકૂળતા થાય.

ભગવદ્ગીતામાં બધે કર્મફલત્યાગીને જ ત્યાગી કહ્યો છે. અધ્યાય અઢારમાના અગીઆરમા શ્લોકમાં ચોકખું કહ્યું છે કે :—

न हि देहभृता शक्यं त्यक्तुं कर्माण्यशेषतः।
यस्तु कर्मफलत्यागी सत्यागीत्यभिधीयते ॥

અર્થ :—ખરેખર, શરીરધારી સંપૂર્ણપણે કર્મનો ત્યાગ કરી શકતો નથી; તેથી જે કર્મફલનો ત્યાગી છે તે જ ત્યાગી છે એમ કહેવાય છે.

કર્મ, કર્મફલ અને શરીરનો એવો ગાઢ સંબંધ છે કે શરીર હોય તો કર્મ થાય, કર્મ હોય તો કર્મનું ફલ ભોગવાય ને ફલ ભોગવનારને પાછું નવા ફલની પ્રાપ્તિ માટે શરીર જોઈએ, એ ન્યાયે જેમ કર્મ આદિ અંતવાળું અને પરિણામી હોવાથી એની સંખ્યાનો અંત નથી, તેમ એના કર્તા-ભોક્તારૂપી શરીરો પણ એ જ પ્રમાણે એક પછી એક એ જ કર્મદ્વારા મેળવવાનાં રહ્યા કરે છે. આનો સૂક્ષ્મ વિચાર કરનારા સન્તોએ તો કહે છે કે કર્મનું ફલ શરીર અને શરીરનું ફલ કર્મ; એ પરસ્પર એવાં આશ્રિત છે કે એનો દેહાભિમાની વ્યક્તિઓ માટે તો અંત જ આવે એમ નથી. પરમાત્માની જાણે એમાં જ અપાર કૃપા અનુભવના હોય તેમ આ જીવાત્માઓ શરીર પામે. કર્મ કરે

અને કર્મ કરીને પાછા બીજા જન્મે બીજા શરીર પામે અજ્ઞાનના અંધકારમાં રમાતી આ જીવાત્માની રમત ખરેખર આંધળા પાટાની રમત છે, એમાં અથડાવું, ઘસડાવું, ખેંચાવું, કર્મ કરવા, ભોગ ભોગવવા, પડવું આખડવું, રાગદ્વેષ વધારવા, માનમોહના અહંકારી વાઘા પહેરવા, અને એવી રીતે ઉપનિષદ્ કહે છે તેમ **अन्धेन नीयमाना** अन्धा –આંધળો આંધળાને દોરે તેમ કર્મ અને કર્મ ફલરૂપી શરીરની ગૂંથણી ગૂંથ્યા કરવાનો અન્ત જ આવતો નથી

કર્મ એટલે ભોગવાસનાદ્વારા અંતઃકરણ અને શરીરદ્વારા થતી ક્રિયા એમ સમજાયું. એ કર્મદ્વારા ભોગ ભોગવવા માટે અવશ્યભાવી જોઈએ એવું આ શરીર (એના મિથ્યા અભિમાન સાથેનું) એ જ અજ્ઞાની જીવાત્માનું કર્મફલ એ પણ લક્ષ્યમાં ઊતર્યું

હવે સમજાશે કે કર્મફલ એટલે કેવળ શરીર અને એની રક્ષાની ઈચ્છા એટલા માટે હોય છે, કે એમાં જ જીવાત્માએ આનંદ માનેલો હોય છે. ગયા લેખમાં આપણે દેહવાસના સંબંધે વિચાર કરી ગયા છીએ એટલે હવે અહીં વિસ્તાર કરવો વ્યર્થ છે

કર્મ શરીર કરે, પણ અંતઃકરણમાં કોઈપણ જાતની ઈચ્છા વિના તો કર્મની પ્રેરણા થવાનો સંભવ નથી એ સ્વાભાવિક નિયમ છે, એટલે અહીં જ આપણને શિષ્ટ આચાર્ય પુરુષોના અને શાસ્ત્રોનાં વાક્યોની યથાર્થતા સમજાય છે શાસ્ત્રો એક બાજુ કહે છે કે મનમાંથી કર્મફલની આશા કહાડી નાખો, અને બીજી બાજુ કહે છે કે શરીર હોય ત્યાં સુધી કર્મ તો રહેવાનાં જ. આનો અર્થ એ કે શરીર, શાસ્ત્ર-મર્યાદાને અધીન રહીને કર્મ કરે, પણ મનમાં તારે જે આશા, તૃષ્ણા, વાસના, ઈચ્છા, ભરવા હોય તે શરીરના નહિ, પણ પરમાત્માનાં સ્મરણવડે ભરી દે તારા મનમા વાસના તો છે સચ્ચિદાનન્દની કે જે સચ્ચિદાનંદ એટલે જ પરમાત્મા છે. સચ્ચિદાનન્દની તૃપ્તિ શરીરની વાસનાથી થવાની નથી તેથી એ વાસનાને નિર્મૂળ કરવા

માટે મનમા રાખ પરમદયાળ, કરુણાનિધાન, સચ્ચિદાનન્દ પરમાત્માને કે જેની પ્રાપ્તિથી અંતરમાં આનંદ આનંદ જ રહેશે, મન તથા ઇંદ્રિયો તૃપ્ત રહેશે, અને શરીરનો ધર્મ ક્રિયાપરાયણ રહેવાનો છે, એ રહેશે શાસ્ત્રમર્યાદા પ્રમાણે સાત્ત્વિક કર્મમાં, એથી એ કર્મનો મનમાં જરાપણ સ્પર્શ નહિ રહે; એનો મેલ તારા અંતરને નહિ ચડે.

આપણા પ્રત્યેક નિષ્કામ કર્મમાં "બ્રહ્માર્પણમસ્તુ" "કૃષ્ણાર્પણ મસ્તુ" વગેરેનો પુકાર કર્મકાંડ કરાવનારાઓ કાનમાં પ્રત્યેક કર્મ વખતે કર્યા કરે છે, એ બધાનું રહસ્ય એ જ છે કે એ કર્મ શરીર કર્યા કરે તે વખતે, મનમાં બ્રહ્મસ્વરૂપનો આનંદ ભોગતો જાય. મન તો ખાલી રહી શકે એમ નથી. એમાં કાં તો હોય અશુભ એટલે સાંસારિક વાસનાઓ, અથવા પવિત્ર કલ્યાણકારી સાત્ત્વિક શુભ વાસનાઓ; શુભ વાસનાઓ એટલે તો લોકહિતની ઇચ્છાઓ, અને એમાં તો બધે **બ્રહ્માર્પણમસ્તુ** જ કરવાનું હોય છે; તેથી ચિત્ત સ્વભાવતઃ જ બ્રહ્મ-થી જ સભર ભરેલું રહે છે

ચિત્ત નિષ્કામ એટલે વાસના વગરનું વિશુદ્ધ હોય, જ્યારે એમા બીજી કોઈ પણ જાતની વિષયસુખની વાસના ન હોય, ત્યારે જ પરમ આનન્દસ્વરૂપ પરમાત્માની પ્રાપ્તિની શુભેચ્છા રાખી શકાય છે. પરમાત્માનું મનમાં ચિંતન હોય તો સાંસારિક ચિંતન ન રહી શકે; એટલે સાંસારિક ચિંતનો દૂર કરવામાં પરમાત્મસ્મરણ કરવું, એજ ભક્તિની શરૂઆત છે. નિષ્કામકર્મ આવી રીતે ભક્તિનાં બીજ રોપે છે. એ ભક્તિનાં બીજ રોપાયાથી શું લાભ થાય, અને આત્મજ્ઞાનપ્રાપ્તિમાં એની કેવી અને કેટલી આવશ્યકતા છે એ આપણે તપાસીએ.

સામાન્ય રીતે વેદાન્તની માન્યતા એવી છે કે અંતઃકરણ શુદ્ધ હોય તો જ એમાં ભક્તિની ભાવના જામે, અને પરમાત્માની નિષ્કામ ભક્તિદ્વારા મનનો નિરોધ કરવાનું સામર્થ્ય આવ્યું હોય તો જ

વિક્ષેપ દૂર થાય; ચિત્ત અનેક પ્રકારના વિષયનું અવલંબન રાખીને જ હમેશાં ચંચલ રહે છે, પરમાત્માનું નિરંજન, નિરાકાર સચ્ચિદાનંદ ઘન સ્વરૂપ નિરાલંબ છે; એટલે કે એ પોતે પોતાના આશ્રયવાળું છે; સ્વરૂપનો નિર્વિકલ્પ (કોઈ પણ વિપરીત કે વિશેષ કલ્પના વગરનો) અનુભવ કરવા માટે જેવી રીતે ચિત્તમા કશી વાસના ન જોઈએ, તેવી રીતે એમાં વિક્ષેપ પણ ન જોઈએ.

શ્રી સદાનંદ કૃત વેદાન્તસાર નામના પ્રક્રિયાગ્રંથમા વિક્ષેપની વ્યાખ્યા કરતા કહેલું છે કે—अखंडवस्तु अनवलम्बनेन चित्तवृत्ते. अन्यावलम्बनं विक्षेप ॥ २११ ॥ અર્થ.—અખંડ પ્રત્યગ્વસ્તુના અવલંબન વિના ચિત્તની વૃત્તિ બીજા (કોઈ વિષય) નું અવલંબન કરે એ વિક્ષેપ છે.

આ વિક્ષેપ નિર્વિકલ્પ સમાધિમા એટલે "પરમ વસ્તુ જેવી છે" એનો યથાર્થ સ્વરૂપે અનુભવ કરવામા, મનમા કોઇ પણ જાતનો વિપરીત, વિરોધી, વિશેષ કે વિષયભાર જે આવે, તો પરમવસ્તુને ધારણ કરવામાં એ સ્થિર રહી શકતુ નથી, ચચલ બને છે. વસ્તુ કદાચિત્ ગ્રહણ થાય તો પણ સરી પડે છે, વિસ્મૃત થાય છે, ભૂલી જવાય છે, અને અનાદિ કાલથી સાંસારિક વિષયોનુ અવલંબન રાખી રહેલ ચિત્ત વિષયચિંતનમા જ પ્રવૃત્ત થાય છે, તેથી વિક્ષેપ વધ્યા કરે છે.

મોક્ષપ્રાપ્તિ એટલે કે દ્વંદ્વથી ચિત્તને મુક્ત બનાવવા માટે બે પ્રકારનાં સાધન હોય છે; એનું આપણે જરા વિશેષ સ્પષ્ટીકરણ કરીએ; જિજ્ઞાસુ કે ભક્ત બે પ્રકારના હોય છે; (૧) સંસારભીરુ, અને (૨) તત્ત્વજિજ્ઞાસુ.

(૧) જેના ચિત્તમાં હજુ નામરૂપનો, લોકલોકાન્તરના સુખોનો કે એવો જ બીજો વાસનાસંસ્કારનો મોહ અને એમાં આવી પડતાં વિઘ્નનો ભય હોય છે; એવો સંસારથી ડરનારો, વારંવાર દુઃખનું જ સ્મરણ કરનારો અને આ ભગવાન છે કે સંસાર છે ? બધુંય પ્રશ્ન છે

તેથી બધા જ નામરૂપ ભગવાનનાં છે, તો એ ભગવાન એક જીવાત્માને દદના સાંકસામા સપડાપી શામાટે દુઃખી જ ગણે છે, અને બીજાને મનમાની લહેર કરાવે છે ? જ્યાં જગત્ છે ત્યાં જ બ્રહ્મ કે ભગવાન છે કે કોઈ બીજી જગ્યાએ ? એવા ભયવાળો જીવાત્મા "આ સંસાર શું છે ?" એવો પ્રથમ પ્રશ્ન પૂછે છે અને પછી "પરમાત્માનું સ્વરૂપ કેવું છે ?" એવો બીજો પ્રશ્ન પૂછવાનું એને સૂઝે છે. હજારોમાંથી નવસેનવાણું સાધકો સંસારભીરુ હોય છે. આપણે અંધારી રાત્રે લાકડાના ઠુંઠામા ચોર કે ભૂતની ભ્રાન્તિવાળા મનુષ્યનું દૃષ્ટાન્ત લઈએ

અંધારામાં સૂકા ઝાડના ઠુંઠાને કોઇ ચોર સમજીને બ્હીએ, અને કોઈ ઠુઠું છે એમ જ સમજનાર માણસ મળે, ત્યારે એને એ પૂછે છે કેઃ—

પ્રશ્ન :–આ ચોર ઉભો છે ? બ્હીક લાગે એવું છે.

ઉત્તર :–ના ભાઇ, બ્હીક જેવું કશું નથી; એ ચોર નથી પણ ઠુઠું છે.

આવી રીતે (૧) ચોરનો ભય કહાડવો અને (૨) ઠુંઠાનો નિશ્ચય કરાવવો, એમ બે કામ અહીં સાથે આવી પડે છે. તેવીજ રીતે જે સાધકને જગત દુઃખમય છે, એનો ભય દૂર કરીને એનું સ્વરૂપ સમજવાની, અને પરમાત્મા જ સુખમય હોય તો તે ક્યાં અને શેમાં છે એવું જ્ઞાન મેળવવાની, એમ બે પ્રકારની ઇચ્છા થાય છે; એવો સાધક સંસારભીરુ કહેવાય છે; એને પહેલાં સંસારનું મિથ્યાત્વ સમજાવવા માટે ભિન્નભિન્ન પ્રક્રિયાનો આશ્રય લઇને, વૈરાગ્યનો બોધ બતાવીને પછી તત્ત્વની અભિરૂચિ ઉત્પન્ન કરાવી, અભ્યાસ કરાવવાનો હોય છે.

(૨) બીજો જે તત્ત્વજિજ્ઞાસુ છે, એને સંસારનો ભય નથી, પણ વૈરાગ્યથી ચિત્ત રંગાયેલું હોવાથી કેવળ તત્ત્વનો જ ઉપદેશ આપવાનો હોય છે.

સંસારભીરુને પ્રથમ ચિત્તશુદ્ધિ માટે નિષ્કામ કર્મ અને પછી

વિક્ષેપ તથા આવરણભંગ માટે ભક્તિ અને જ્ઞાનનો ઉપદેશ આપવાનો હોય છે; આ ઉપદેશમા પ્રથમ નિષેધાત્મક ઉપદેશ હોય છે. જગતનાં નામરૂપની અસત્યતા સમજાવવા માટે, અને એમાંથી નિરાસક્ત થવા માટે, વિષયોના ત્યાગનાં આદિ કારણ જેવાં, તપ, વ્રત, જેવાં અસંખ્ય કર્મોની એને આવશ્યકતા રહે છે; અને એટલાજ માટે વૈરાગ્ય, ત્યાગ, વગેરે નિષેધ બતાવનારા પ્રકરણગ્રન્થોનો એમાં ઉપયોગ કરવાનો હોય છે; વૈરાગ્યદ્વારા ચિત્તશુદ્ધિ થાય ત્યારે ભક્તિનો રંગ ચઢે છે, અને ઇશ્વરની આરાધના, ઉપાસના કે પરોક્ષ જ્ઞાનવડે એનો વિક્ષેપ દૂર થાય છે.

તત્ત્વજિજ્ઞાસુને અંતઃકરણ શુદ્ધ હોવાથી કેવળ પરમાત્માની ભક્તિદ્વારા વિક્ષેપ દૂર કરાવી પરોક્ષ જ્ઞાનમાંથી અપરોક્ષ જ્ઞાનમાં ચડવાનું હોય છે. એને નિષેધ વાક્યો નહિ, પણ વિધિમુખ વાક્યોની આવશ્યકતા હોય છે; પ્રથમ પ્રકારના સાધકને સમસ્ત નામરૂપ માયા છે, સગુણ અને સાકાર મિથ્યા પરિણામી છે, નાશવાન છે, એમાં ફસવાનું નથી, એવુ સમજાવ્યા પછી બધું પરમાત્મામય છે, બધુ બ્રહ્મ જ છે, એવું તત્ત્વજ્ઞાન અસર કરે છે.

વિધિમુખ અને નિષેધમુખનો ઉપદેશ એટલે બધું મિથ્યા છે અને બધું બ્રહ્મ છે, એવો બે પ્રકારનો વિરોધી ઉપદેશ સમજવાનો છે. અને આવો વિરોધી ઉપદેશ શા માટે શાસ્ત્રોમાં ભર્યો છે આટલું જો સમજાય તો સાધક પોતાનુ આત્મભાન કેળવી શકે છે; પણ એમ કરવામાં સાધકને એક બીજું અભિમાન આડે આવીને ઉભું રહે છે. વેદાન્તના શાસ્ત્રોમાં એટલે કે તત્ત્વજ્ઞાન પૂરતાં શાસ્ત્રોમાં જ્યાં સાધકને મલ વિક્ષેપથી મુક્ત માનવામાં આવ્યો છે, ત્યાં એનામાં હજુ પણ પૂર્વ અભ્યાસને લીધે નિષ્કામ કર્મ અને સગુણ ઈશ્વરની ઉપાસનાની યત્કિંચિત્ પણ જો દ્વૈતબુદ્ધિ બાકી રહી હોય, તો દ્વૈતનું નિષેધભાવે મિથ્યાત્વ સમજાવવા માટે એમ કહેવામાં આવે છે કે, એ

ઉપાસનાનું સાધન મંદબુદ્ધિ જીવાત્મા માટે છે, ઉત્તમ મુમુક્ષુ માટે તો કેવળ अहंब्रह्मास्मिની ભાવના જ ઉત્તમ છે.

સાવધાનતા ન રાખે તો સાધક અહીં અટવાઈ પડે છે. મિથ્યાભિમાનથી એ ઠગાય છે, ઘણા પોતાને ઉત્તમ અધિકારી માનીને એવો વિચાર કરે છે કે " મારે તો નિર્ગુણ, તત્ત્વ મેળવવું છે; કર્મ અને ઉપાસના તો મંદબુદ્ધિવાળા માટે છે " આવી અભિમાની વૃત્તિનું પરિણામ એ આવે છે કે વેદાન્તના ગ્રન્થોનો તર્કાભ્યાસ કરીને, ઊલટું અભિમાન વધી પડે છે. આપણે આપણી જાતને તપાસવાની છે. વિવેકી સાધક ! જો તેં ખરેખરો વિવેક કેળવ્યો હોય તો પ્રથમ આત્મભાન કેળવઃ તારી જાતને-તારા ચિત્તને તપાસી જો; જો ચિત્ત વાસનાભ્રષ્ટ હોય તો નિષ્કામ કર્મ કર્યે જાઃ ઘડી ઘડી તારા ચિત્તમાં વિક્ષેપ હોય તો ભલે વેદાન્તના ગ્રન્થોનું શ્રવણ-મનન-નિદિધ્યાસન ચાલુ રાખ, પણ ઉપાસના ન છોડીશ. વિક્ષેપ તો, ભક્તિથી જ દૂર થશે, એવું જો તું સમજી ચૂક્યો હોય, તો પછી એ સાધનક્રમ પ્રમાણે જ તારે આગળ વધવું પડશે.

તત્ત્વનો જિજ્ઞાસુ નિર્મળચિત્ત હોવો જોઇએ, અશુભ વિચારો એને સતાવે એ સંભવતું જ નથી; વિચારો ઊઠતા હોય તો એણે આવા પ્રકારની સાવચેતી રાખવી જોઇએ.

(૧) આખું જગત પરમાત્માના સંકલ્પમાંથી કેવળ આનંદ-લીલા માટે જ, કશા પણ સ્વાર્થી ભોગ કે ઉદ્દેશ વિના રમત માત્ર જેવું જ આવિર્ભાવ પામેલું છે, અને તેથી એ પરમાત્મસ્વરૂપજ છે.

(૨) જીવાત્મા એમાં, પોતાનાં અજ્ઞાન (અવિદ્યા) અને અજ્ઞાનનાં પુત્રપરિવાર જેવાં, મિથ્યાજ્ઞાન, અહંકાર, રાગદ્વેષ, માના-પમાન, લાભહાનિ કે જયાજય જેવા પાપસંસ્કારો અને પાપકર્મોમાંથી મુક્તિ મેળવીને શુદ્ધજ્ઞાનદ્વારા નિરભિમાન લોકસેવા, ઘૃણા-મુક્ત દયા, કૃપા અને પ્રેમદ્વારા થતી શુદ્ધ પ્રવૃત્તિમાં પ્રવૃત્ત થવા

આવ્યો છે, અને એ રીતે એ માર્ગે જતા પ્રત્યેક કર્મ એનો સ્વધર્મ છે, અને શુભ કર્મમાંથી છૂટવાની વૃત્તિ અધર્મ છે એવુ સમજતો હોવો જોઇએ.

(૨) માનવપ્રેમ, દેવદેવતાની ભક્તિ, ઇષ્ટની ઉપાસના, સંતોની અહેતુકી વત્સલતા, ગુરુદેવની અકારણ કૃપા વડે અને પૂજ્યવર્ગની આજ્ઞાની મર્યાદામા રહી પોતાના અભિમાનના હિમાલયને ગાળી ગાળીને એમાંથી જ્ઞાનગંગાના નિર્મળ પ્રવાહનો પોતાના અંતરમા ધોધ વહેવડાવવા આ વિશ્વક્ષેત્રમાં આવી ચડયો છે, એવું લક્ષ્ય એણે રાખવુ જોઈએ.

(૩) જીવાત્માઓની પ્રકૃતિ ભિન્ન ભિન્ન છે પ્રકૃતિમા હમેશાં વિચિત્રતા અને વિભેદ રહ્યા છે, એમાં યે વળી આસુરી સંપત્તિના પ્રચંડ પ્રવાહપ્રહારો વહેતા હોય છે, ઉન્નતિના માર્ગમાં વિરોધ અવરોધ ભર્યા પડયા છે, અને વિરોધને દૂર કર્યા વિના સ્વસામર્થ્ય વધવાનું નથી, તેથી એનાથી નાસી જવાની કોઇ પણ વૃત્તિ સેવવી એ તમોગુણને વધારવાની પામર ક્રિયા છે, એવું સમજવુ જોઈએ.

(૪) પોતાનું લક્ષ્ય સચ્ચિદાનંદ છે. એ સચ્ચિદાનંદની પ્રાપ્તિ માટે જ કર્મમાર્ગ સાધન છે; કર્મમાર્ગ રાગદ્વેષથી મુક્ત થવા માટે છે, વધારવા માટે નહિ; ચિત્તશુદ્ધિ માટે જ કર્મ કરીએ છીએ, નહિ કે ચિત્તમાં જગતનો મેલ ભરવા માટે ભટકીએ છીએ એ ભૂલવું ન જોઈએ

(૫) પ્રારબ્ધને લીધે કે ઇશ્વરના કોઈ દૈવી સંકેતથી આપણે અમુક જનસમૂહ, પ્રાણીપદાર્થ, અને વિશ્વરચનાના ચોકઠામા ગોઠવાઇ ગયા છીએ; એમાં જ આપણી ઉન્નતિ સાધવાની છે; ત્યાગ, વૈરાગ્ય, સંન્યાસ, નિવૃત્તિ એ બધાનો અર્થ જગતનો દ્વેષ નહિ, પણ વિશ્વપ્રેમ છે, એવુ સતત એણે યાદ રાખવુ જોઇએ.

(૬) આપણે અમુક કરતા આગળ છીએ; અમુક આપણા

કરના આગળ વધેલા છે; અમુક પાછળ- છે; એવું ભાન રાખીને અગ્રસર થયેલા પ્રતિ પૂજ્યભાવ રાખી પાછળના વર્ગપ્રતિ તિરસ્કાર ન લાવતા, એમની સેવા કરતાં અહંકાર ન વધે, એની સાવધાનતા રાખવી જોઈએ. સંક્ષેપમાં વ્યવહારમાંથી દ્વેષ કહાડી નાંખી, અહંકારને ગાળી નાખી, સર્વત્ર સાત્ત્વિક પ્રેમ કેળવવો એ જ ધ્યેય હોવું જોઈએ

(૭) નિષ્કામ કર્મનો મુખ્ય મુદ્દો છે, ઇશ્વરનું સચ્ચિદાનન્દરૂપે ચિત્તથી સ્મરણ, અને ઇંદ્રિયોની બાહ્ય જગતમાં કરાતા કર્મદ્વારા માનવસમૂહના હિતમાં પ્રવૃત્તિ. આવી રીતે નિષ્કામકર્મ જો ઇશ્વરભક્તિમાં પરિણામ ન પામે તો એ વ્યર્થ છે. આસક્તિરહિત કર્મ, નિરભિમાનવૃત્તિથી કર્મ, લોકસેવા નિમિત્તે કર્મ, એ બધાં બોલવાં સહેલાં છે, પણ એમાં જો ઈશ્વરપ્રાપ્તિનું લક્ષ્ય ન હોય તો ઇશ્વરનું સ્મરણ રહેતું નથી એટલું જ નહિ, પણ સેવાદ્વારા સહજ સુલભ• આવી પડતી કીર્તિને લીધે અહંકાર વધી પડે છે. અને તેથી જ નિષ્કામકર્મ એટલે પરમાત્માની પ્રીતિ–પ્રસન્નતા–પ્રસાદ–આનંદ માટેનાં કર્મ એ જ શાસ્ત્રસિદ્ધ અર્થ છે.

નિષ્કામ કર્મના ફલરૂપે ચિત્તશુદ્ધિ એટલે ભક્તિ એવું નક્કી થયું તેથી હવે આપણે ભક્તિનો વિચાર કરીએ. ભગવાન શંકરાચાર્ય વિવેકચૂડામણિ નામના ગ્રંથમાં ભક્તિનું સ્વરૂપ સમજાવતા લખે છે કે –

मोक्षकारणसामग्र्यां भक्तिरेवगरीयसी ।
स्वस्वरूपानुसधानं भक्तिरित्यभिधियते ॥३१॥

ભાવાર્થ—મોક્ષના સાધનોના સમૂહમાં ભક્તિ જ સર્વોત્તમ છે. પોતાના વાસ્તવિક સ્વરૂપનું અનુસંધાન રાખવું એ જ ભક્તિ કહેવાય છે.

ચિત્તની વૃત્તિનો અખંડ અને અવિરત પ્રવાહ પરમાત્મપ્રતિ રાખવાનું સૌથી શ્રેષ્ઠ સાધન હોય તો તે ભક્તિ છે. અને એ વિના

પરમરસરૂપ પરમાત્માનો આનન્દ મેળવી શકાતો નથી. ઇંદ્રિયોને વાળી વાળીને વિષયોથી દૂર રાખવી, મનને સમજાવી ફોસલાવીને શાન્ત કરવું, બાહ્ય વસ્તુઓમાં મોહમમતા હોય તો એક પછી એક છોડતાં જઇને ત્યાગ કેળવવો, એકાન્તચિંતન માટે વનવાસ સેવવો, વ્રત, તપ, કે તીર્થભ્રમણદ્વારા શારીરિક તિતિક્ષા કેળવવી, એ બધાં થયા કરતાં હોય તો પણ જીવાત્માને જન્મોજન્મ ત્રાસ આપતું, દશ્ય જગતમાં જ આનંદ માનનારૂં મન જો, બધામાંથી પાછું વળીને પરમાત્માના રસરૂપનો અનુભવ કરે તો વિષયોમાંથી રસ સૂકાતો નથી. એ આનંદના અનુભવ વિના કેવળ શુષ્કચિત્ત તથા તર્કબુદ્ધિ જીવાત્મા, પરમાત્માને પંથે વળે તો પણ વિતંડાવાદ અને વાણીવિલાસમાં જ અટવાઇ રહે છે.

નિષ્કામકર્મ અંતઃકરણને શુદ્ધ કરે છે અને તત્ત્વજ્ઞાનથી મુક્તિ મળે છે એવું માનીએ, ત્યારે કેવળ કર્મથી, કેવળ જ્ઞાનથી કે જ્ઞાનકર્મના સમુચ્ચયથી મુક્તિ માનનારાઓએ પણ ભક્તિને તો એ બન્નેમાં સમાન સ્થાન આપ્યું છે એમ સમજાશે. મનુષ્યનું મન સાંસારિક દશામાં કોઇ વિષયપરત્વે લુબ્ધ રહે છે, ત્યારે કોઇ વ્યક્તિમાં કે પદાર્થમાં ચોંટી રહેલું હોય છે. એ વિષયાસક્ત ચિત્તને એમાં જ્યાં સુધી આનંદ આવે છે, ત્યાં સુધી બ્રહ્મા પણ એને એમાંથી મુક્ત થવાનું સમજાવી શકે એમ નથી. પણ ભગવદ્‌ગીતાના ચૌદમા અધ્યાયમાં ત્રણ ગુણના સ્વભાવ-અને એના ફલનો જ્યાં વિચાર કર્યો છે ત્યાં આપણે તપાસીએ તો ભગવાન એ અધ્યાયના સોળમા શ્લોકમાં સ્પષ્ટ કહે છે કે, સાત્ત્વિક કર્મનું ફલ પવિત્ર હોય છે એટલે કે એનાથી ચિત્ત પવિત્ર થાય છે. કારણ કે એ કર્મમાં હૃદયમાં સચ્ચિદાનંદમય ભગવાનનું જ સ્મરણ ભરેલું હોય છે. રાજસિક કર્મમાં " હું કરું છું " એવું અભિમાન હોવાથી એના પ્રત્યાઘાત રૂપે હમેશાં દુઃખ જ આવીને ઊભું રહે છે અને તમોગુણનાં કર્મમાં તો - કશી

સમજણ જ હોતી નથી તેથી એમાં કેવળ પ્રમાદ, મોહ અને અજ્ઞાન એટલે બધી વાતની ઊંધી સમજણ હોય છે.

તમોગુણી સ્વભાવવાળાને માટે વિધિનિષેધરૂપી સ્મૃતિધર્મ, સકામકર્મ રૂપી પ્રલોભન કર્મ, અને મૃત્યુના ભય રૂપી પ્રાયશ્ચિત્તકર્મ-જ હોય છે. એમને માટે કર્મનો ઉદ્દેશ ચિત્તશુદ્ધિનો નહિ પણ જીવનને કેવળ ઇશ્વરના ભયદ્વારા અને ભાવિવિષયસુખના પ્રલોભનદ્વારા વ્યવસ્થિત કરવાનો જ હોય છે.

રજોગુણી સ્વભાવવાળાને સકામ કર્મમાંથી મળતાં દુઃખ, વિષય-પ્રાપ્તિમાંથી આવી મળતી અશક્તિ, અને ભોગમાં જ સુખબુદ્ધિ માનવા છતાં પણ વારંવાર આવી પડતી દુઃખપરંપરાની નિવૃત્તિ કરાવી સાત્વિક કર્મ તરફ વાળવાનો હોય છે. એ સાત્વિક કર્મ એટલે નિષ્કામ કર્મદ્વારા, અંતઃકરણના મલને ધોઈ સાફ કર્યા પછી જ એમાં પરમ પ્રેમાસ્પદ પરમાત્માની પધરામણી થઇ શકે છે.

જ્યાં સુધી મનોમંદિરમાં રાગદ્વેષ હોય, વાસનાનાં ભૂત ભગાઈ બેઠાં હોય, અહંકારનો રાક્ષસ રાજાધિરાજ થઈને સંહારલીલા ખેલતો હોય, અને અવિદ્યાના અંધકારમાં ઇંદ્રિયોના ભોગવિલાસ માટે જ બધી ક્રિયાઓ થતી હોય, ત્યાં ભગવાનનાં દર્શન દુર્લભ છે ! એ સ્વતંત્ર છે; સ્વચ્છંદવિહારી છે; વિશુદ્ધ ક્ષેત્રમાં જ એની લીલા થઈ શકે છે; એનાં આનંદકિરણ ત્યાં જ દીપી નીકળે જ્યાં બીજા કશા માયાની વિકારોની ધૂળ ન હોય !

કર્મયોગનો સાધક અંતઃકરણ પવિત્ર કરે ! મિથ્યાભિમાનને ગાળી ગાળીને પરમાત્માના પવિત્ર સચ્ચિદાનંદ પ્રતિ વાળેઃ મનના તરંગો, ચિત્તના વિલાસો, ઇંદ્રિયોના વિષયો, એ બધામાંથી આનંદની આશા છોડી દઇને, કેવલ એ પરમઘન આનંદનન્દન રસ મૂર્તિને અંતઃકરણમાં વિરાજમાન કરવાનો તીવ્ર વેગ વધારે, એટલે એ તૈયાર જ હોય છે, પોતાના રસ સ્વરૂપનો આવિર્ભાવ કરવા; કારણ કે તૈત્તિરીય ઉપનિષદનું વિધાન છે કે :—

रसो वैसः। रसं ह्येवायं लब्ध्वाऽनन्दी भवति।

રાજયોગદ્વારા જીવન્મુક્તિ

(ગતાંકથી ચાલુ)

લેખકઃ—શ્રી. જયંતીલાલ મં. ઓઝા
બી. એ. બી. ટી. એલ્ એલ્. બી.

卐

ચિત્તવૃત્તિના નિરોધદ્વારા જે અવસ્થા પ્રાપ્ત થાય છે, અને જે અવસ્થામાં જીવાત્માપરમાત્માનું એકીકરણ થઈ સ્વરૂપની પ્રાપ્તિ થાય છે, એ સાધનને યોગ કહે છે, આ ઉપરથી સિદ્ધાન્ત સ્પષ્ટ થાય છે કે, **જ્યાં સુધી ચિત્તવૃત્તિઓનો નિરોધ થતો નથી, ત્યાં સુધી જીવની પૃથક્ સત્તા રહે છે.** જેમ જેમ ચિત્તવૃત્તિઓનો નિરોધ થાય છે, તેમ તેમ અજ્ઞાનમૂલક જીવત્વનો નાશ થઈ સ્વરૂપનો વિકાસ થાય છે, અને ચિત્તવૃત્તિનો સંપૂર્ણ નિરોધ થતાં જીવના જીવત્વનું કારણ નાશ પામે છે; ત્યારે સ્વરૂપનો પૂર્ણ વિકાસ થાય છે. મન્ત્રયોગની સિદ્ધાવસ્થા રૂપી મહાભાવસમાધિમાં, હઠયોગની સિદ્ધાવસ્થારૂપી મહાબોધ સમાધિમાં, અને લયયોગની સિદ્ધાવસ્થારૂપી મહાલય સમાધિમાં સાધકને જે સફળતા મળે છે, તેને લીધે સાધકને ચિત્તવૃત્તિનો નિરોધ કરવામાં ઘણી સહાયતા મળે છે. આ ત્રણે સવિકલ્પ સમાધિની દશામાં સાધક લૌકિક પુરુષાર્થદ્વારા ચિત્તવૃત્તિઓને દબાવીને તેનો નિરોધ કરવાને સમર્થ થાય છે; એ ત્રણે દશામાં ન તો ચિત્તવૃત્તિઓનો સમ્પૂર્ણ વિલય થાય છે, કે ન તો તેનો સમૂલ નાશ થઈ શકે છે. મન્ત્ર અને ઇષ્ટદેવના રૂપના એકીકરણદ્વારા મન્ત્રયોગની

મહાભાવસમાધિનો ઉદય થાય છે, વાયુનિરોધદ્વારા હઠયોગની મહાબોધ સમાધિનો અને નાદ અને તથા બિન્દુના એકીકરણદ્વારા હઠયોગની મહાલય નામની સમાધિનો ઉદય થાય છે. આ ત્રણે પ્રકારની સમાધિ લૌકિક ઉપાયદ્વારા ઉત્પન્ન થતી હોવાથી, હઠપૂર્વક ઉત્પન્ન થતી હોવાથી, તેમજ જ્ઞાનસંબંધ રહિત હોવાથી જો કે બલપૂર્વક ચિત્ત-વૃત્તિઓનો નિરોધ કરવાને સમર્થ થાય છે, તો પણ તેથી તેઓનો સંપૂર્ણ મૂલોચ્છેદ થઈ શકતો નથી. આમ હોવાથી એ ત્રણે સમાધિ-દશામાં **વૃત્તિઓનું પુનરુત્થાન થવું એ બહુ સંભવિત છે.** સાધક આ ત્રણેમાંથી કોઈ પણ સમાધિને પ્રાપ્ત કરી જ્યારે યોગની ઉન્નતભૂમિમાં પહોંચી જાય છે, ત્યારે તે સાધક દેવદુર્લભ સાધનની ઉન્નત અવસ્થાને પ્રાપ્ત કરી રાજયોગનો અધિકારી બની જાય છે. **ખરું કહીએ તો મંત્રયોગ, હઠયોગ અને લયયોગ જ્યાં સમાપ્ત થાય છે, ત્યાંથી રાજયોગના અધિકારની શરૂઆત થાય છે.**

(૫) રાજયોગનો સાધનક્રમ

રાજયોગના સાધનક્રમની સમાલોચના કરતાં સિદ્ધાન્ત એવો નીકળે છે કે, પ્રથમ પરમ ભાગ્યવાન રાજયોગી આગળ વર્ણવેલી સાત જ્ઞાનભૂમિઓને એક પછી એક વટાવી જઈ, માણસ જેવી રીતે એક પછી એક પગથીઆં ચડી સીડીદ્વારા છત પર પહોંચે છે, તેવી રીતે સાતે જ્ઞાનભૂમિઓનું રહસ્ય સમજી જાય છે. રાજયોગનાં પહેલાં જણાવેલાં સોળ અંગોમાંથી એ સાત અંગોનો સાધનક્રમ સર્વ પ્રથમ આવે છે. ત્યાર પછી તે રાજયોગી સત્ અને ચિત્ ભાવપૂર્ણ પ્રકૃતિપુરુષાત્મક બે રાજ્યોનાં દર્શન કરી તેની ધારણાદ્વારા અનંત-રૂપમય પ્રપંચની વિસ્મૃતિ કરવા સમર્થ થાય છે. એ રાજયોગનાં આઠમાં અને નવમા અંગોનો સાધનક્રમ છે; પછી એ યોગીરાજ પરિણામશીલ પ્રકૃતિના સ્વરૂપને પૂરેપૂરું સમજી જઈ બ્રહ્મ, ઈશ

અને વિરાટ્રૂપ અદ્વિતીય બ્રહ્મસત્તાનાં દર્શન કરી ધ્યાનભૂમિની પરાકાષ્ઠામાં પહોંચી જાય છે. આ રાજયોગના દસમા, અગીઆરમા અને બારમા અંગનો સાધનક્રમ તે પછીએ પરમભાગ્યવાન યોગાચાર્ય યથાક્રમ વિતર્કાનુગત, વિચારાનુગત, આનન્દાનુગત અને અસ્મિતાનુગત—એ ચાર આત્મજ્ઞાનયુક્ત સમાધિદશાઓમાંથી પસાર થઈ સ્વસ્વરૂપને પ્રાપ્ત કરે છે. આ અવસ્થાને જીવન્મુક્ત દશા કહે છે. એ જ સર્વ પ્રકારના યોગસાધનોનું અન્તિમલક્ષ્ય છે, અને એ જ ઉપાસના રાજ્યનો અને વેદાન્તનો ચરમ સિદ્ધાન્ત છે.

હવે સમાધિના લક્ષ્યનું વર્ણન કરવામાં આવે છે. નાદબિન્દુ સહસ્ર અને કોટિ શત જીવ એ બધું ભસ્મીભૂત થઈ જઈ નિરંજન બ્રહ્મમાં લય પામી જાય છે. તેથી 'હું જ બ્રહ્મ છું',—એ જાતનું જ્ઞાન જ મહાત્મા પુરુષોને માટે એક માત્ર મોક્ષનું કારણ છે. 'હું જ અક્ષર બ્રહ્મ છું'—એવું જ્ઞાન થવાથી અવ્યય વિષ્ણુરૂપી પરમાત્માના દર્શન થઈ શકે છે. 'એક માત્ર હું જ અખિલ વિશ્વ છું,' એવું જ્ઞાન ઉત્પન્ન થતાં જ પરમાનન્દરૂપ પરમાત્મા પ્રત્યક્ષ થઈ જાય છે. જ્યારે સાધક ગગનની માફક અખંડ રૂપે પોતાનો વિચાર કરી શકે છે, ત્યારે જ તેને પરમાત્મા ગગનવત્ અખંડ પ્રતીત થાય છે.

આ લક્ષ્યની સિદ્ધિ રાજયોગપથમાં ધીરે ધીરે કેવી રીતે થાય છે તે સંબંધી હવે થોડો વિચાર કરીએ. જ્યારે અન્તઃકરણમાં સૃષ્ટિભાવવિશેષનો ઉદય થાય છે, ત્યારે અન્તઃકરણ તદ્ભાવમય થઈ જાય છે, જ્યારે અન્તઃકરણ શૂન્યત્વને ધારણ કરી લે છે, ત્યારે અન્તઃકરણમાં વૃત્તિશૂન્યતા આવી જાય છે, અને જ્યારે સાધનદ્વારા અન્તઃકરણ બ્રહ્મત્વભાવથી પરિપૂર્ણ થઈ જાય છે, ત્યારે બ્રહ્મપદનો ઉદય થાય છે. તેટલા માટે એ શ્રેષ્ઠપદની પ્રાપ્તિ અર્થે અભ્યાસ કરવો ઉચિત છે. અન્ય વૃત્તિઓનો નાશ થઈ સાધનની પરિપક્વ દશા-

માં બ્રહ્મભાવનો ઉદય થાય છે એજ સાધકની શ્રેષ્ઠ અવસ્થા છે. સાધન વિનાનો સાધક તો કેવળ વાચિક જ્ઞાની જ હોય છે જે પુરુષ બ્રહ્મવૃત્તિશૂન્ય હોવા છતાં કેવળ વાતોના તડાકા-માં જ બ્રહ્મભાવનો પ્રકાશ કરનારો હોય છે, તે અજ્ઞાની વારવાર આવાગમન પથદ્વારા સંસારમાં ભ્રમણ કર્યા જ કરે છે

જે રીતે બ્રહ્માદિ દેવગણ, સનકાદિ મુનિગણ અને શુકાદિ બ્રહ્મર્ષિગણ બધે સમયે અને બધી અવસ્થાઓમા બ્રહ્મપદને વિષે જ લીન રહે છે, તેવી રીતે મુમુક્ષુ પુરુષોએ સદા બ્રહ્મમય વૃત્તિમા જ લીન રહેવું. કારણમાથી જ કાર્યની ઉત્પત્તિ થયા કરે છે, પરન્તુ કારણમા કાર્યની સ્થિતિ કદાપિ રહી શકતી નથી. આમ હોવાથી કાર્યભાવનો અભાવ થઇ જવાથી કેવળ સત્ ચિત્ આનન્દરૂપ કારણભાવની સ્થિતિ રહી જાય છે. જ્યારે કાર્ય અને કારણભાવ નિવૃત્ત થઇ જાય છે, ત્યારે મન અને વાણીને અગોચર શુદ્ધ બ્રહ્મપદ જ શેષ રહી જાય છે. પહેલા કાર્યદ્વારા કારણનો નિશ્ચય કરવો અને પછી કાર્યનો ત્યાગ કરવો. કાર્યનો ત્યાગ કરવાથી કારણ જ અવશિષ્ટ રહી જાય છે. આ રીતે કાર્યનો ત્યાગ કરી મુનિગણ સ્વયં ચિન્મયસ્વરૂપ થઇ જાય છે

(૬) સિદ્ધ રાજયોગીની અવસ્થાનું વર્ણન

નિશ્ચયાત્મક વૃત્તિદ્વારા તીવ્ર સંવેગયુક્ત થઇને સાધક બ્રહ્મભાવનામા તત્પર બને છે, ત્યારે તે ભ્રમરકીટ ન્યાયે બ્રહ્મપદને પ્રાપ્ત કરે છે. આગળ જણાવેલ રીત પ્રમાણે જ્યા સુધી આનન્દમય બ્રહ્મપદનો ઉદય ન થાય ત્યાં સુધી નિદિધ્યાસન આદિ સાધનદ્વારા સાધકે કૃત્રિમ આનન્દનો અભ્યાસ કરવો. પરન્તુ સ્વયં બ્રહ્મરૂપ થઈ ગયા પછી સાધનની આવશ્યકતા રહેતી નથી. એ સિદ્ધ યોગીરાજની અવસ્થાનો વિષય મન અને વાણીને અગોચર છે દૃશ્ય વસ્તુસમૂહને

અદશ્યની જેમ ધારણ કરતો જ્ઞાની એકમાત્ર બ્રહ્મસ્વરૂપના ચિન્તન-દ્વારા ચિન્મયરસથી ભરપૂર બુદ્ધિયુક્ત થઇ નિત્ય સ્થાયી સુખમાં અવસ્થાન કરે છે. એ સ્થિતિમાં બ્રહ્મજ્ઞાનયુક્ત યોગી પોતાના જ્ઞાનાગ્નિ-દ્વારા પુણ્યપાપના સમૂહને બાળીને ભસ્મ કરી નાખે છે. તેથી તેને મન ત્યારે શત્રુમિત્ર, સુખદુઃખ, ઇષ્ટાનિષ્ટ, શુભાશુભ, માનાપમાન, નિન્દાસ્તુતિ,—એ બધું સમાન બની જાય છે. ત્યારે એ યોગીરાજ ગત વિષયો માટે શોકશૂન્ય બની પુનર્જન્મથી છૂટી જાય છે.

(૭) જીવન્મુક્ત મહાત્માના જીવનમાં કર્મ ઉપાસના અને જ્ઞાનનો સંબંધ

જ્ઞાનયોગસિદ્ધ નિર્વિકલ્પ સમાધિપ્રાપ્ત જીવન્મુક્ત મહાત્માના જીવનમાં વિદેહમુક્તિ પ્રાપ્ત થાય તે પહેલાં કર્મ, ઉપાસના અને જ્ઞાનનો કેવો નિર્લિપ્ત સંબંધ રહે છે તે વિષે હવે થોડો વિચાર કરીએ.

૧ કર્માધિકારભાવ—નિર્વિકલ્પસમાધિસિદ્ધ યોગીને કોઇ પણ કર્મ બે કે અવશેષ રહેતું નથી, તો પણ જ્યાં સુધી વિદેહમુક્ત ન થાય ત્યાં સુધી પ્રારબ્ધકર્મના વેગથી તથા વિરાટ્ કેન્દ્રદ્વારા પરિચાલિત થઇ કુંભારના ચાકડાની માફક જીવન્મુક્ત યોગી નિર્લિપ્ત ભાવે જગતના કલ્યાણ અર્થે કર્મ કરે છે. નિષ્કામ કર્મનું વિતાન યથેષ્ટ રીતે શ્રી ભગવાને ગીતાજીમાં વર્ણવ્યું છે,—

योगस्थः कुरु कर्माणि संगं त्यक्त्वा धनंजय ।
सिद्ध्यसिद्ध्योः समो भूत्वा समत्वं योग उच्यते ॥

ઇન્દ્રિયોનો સંગ છોડી, સિદ્ધિઅસિદ્ધિમાં સમભાવાપન્ન રહી, આત્મયોગયુક્ત થઇ કર્તવ્યકર્મની સાધના કરવી; અન્તઃકરણની સમતાનું નામ જ યોગ.

लभन्ते ब्रह्मनिर्वाणं मृषयः क्षीणकल्मषाः ।
छिन्नद्वैधा यतात्मानः सर्वभूतहिते रताः ॥

ક્ષીણપાતક, છિન્નસંશય, સંયતચિત, સર્વભૂતોના હિતમાં રત અને સમ્યગ્દર્શી ઋષિગણ બ્રહ્મનિર્વાણરૂપી મોક્ષપદને મેળવે છે. જીવન્મુકત મહાત્માઓના જીવનમાં ઉપર જણાવ્યો તેવો કર્માધિકારનો ભાવ છે

૨ ઉપાસનાધિકારભાવ—તેમનાં જીવનમાં ઉપાસનાનો ભાવ કેવો હોય છે તે હવે વિચારીએ. જેવી રીતે નદીઓ સમુદ્રમાં ભળી જઇ એકરૂપ થઇ જાય છે, તેવી રીતે જો કે સ્વરૂપસ્થિત જીવન્મુકત બ્રહ્મરૂપને પ્રાપ્ત થઈ જાય છે, અને તે વખતે ઉપાસ્ય ઉપાસકભાવનો અભાવ થઇ જાય છે, તો પણ પરમાનન્દના વિલાસને વશ થઈ, વખતે વખતે ઇશ્વરરૂપમાં અને વખતે વખતે વિરાટરૂપમાં તેઓ પરમાનન્દ અનુભવે છે. ક્ષીણમન અને વાસનાહીન જીવન્મુક્ત જગતના કલ્યાણ માટે ભગવત કાર્યમાં નિરંતર મગ્ન રહે છે, કોઇ કોઇ વાર ચિદાનન્દમય વિરાટરૂપને પ્રાપ્ત કરે છે અને કોઈ કોઇ વાર ઇશ્વરની સ્તુતિ કરતા કરતા પરમાનન્દમાં નિમગ્ન રહે છે. શ્રી ભગવાન શંકરાચાર્યે આ ભાવમાં મુગ્ધ થઇ કહ્યું હતું કે :-

सत्यपि भेदापगमे नाथ तवाहं न मामकीन स्त्वम् ।
सामुद्रों हि तरंगः क्वच न समुद्रो हि तारंग ॥

હે નાથ ! ભેદ ન હોવા છતાં પણ હું તો આપનો જ છું, પણ કંઇ આપ મારા નથી; કારણ કે તરંગ તો સમુદ્રનો જ હોય, પણ કદાપિ સમુદ્ર તરંગનો ન હોય.

૩ જ્ઞાનાધિકારભાવ. આ સંસારરૂપી પ્રપંચનું બ્રહ્મ વિના બીજું કોઇ ઉપાદાન કારણ નથી. તેથી સંસાર બ્રહ્મરૂપ સિવાય બીજું કંઈ જ નથી. વ્યાપ્યવ્યાપકભાવ મિથ્યા જ છે;' બધું આત્મરૂપ જ છે, '–આ રીતે પરમાત્માનું જ્ઞાન થવાથી ભેદજ્ઞાન ટકી શકતું નથી.

એકમાત્ર બ્રહ્મ જ વિવિધ પ્રકારનાં આ બધાં નામ અને રૂપ

ધારણ કરે છે, અને કર્મની સ્ફૂર્તિ પણ એમાં જ થાય છે. જેવી રીતે રજ્જુમાં રજ્જુનું યથાર્થ જ્ઞાન થતાં જ સર્પનું ભ્રમજ્ઞાન દૂર થાય છે, તેવી જ રીતે આ પ્રપંચના અધિષ્ઠાનભૂત પરમાત્માનું યથાર્થ જ્ઞાન ઉત્પન્ન થતાં જ આપોઆપ આ પ્રપંચરૂપી સંસાર લય પામી જાય છે. **એ બ્રહ્મપદ સત્યસ્વરૂપ છે, જ્ઞાનમય છે, અનન્ત છે, સદાનન્દરૂપ છે, એકમાત્ર છે, સર્વધર્મશૂન્ય છે, મન અને વાણીને અગોચર છે.** એ બ્રહ્મપદમાં સજાતીય કે વિજાતીય ભાવરૂપી દ્વૈતભાનની કોઇ પણ સંભાવના નથી, કેમકે એ અવસ્થાનું નામ અદ્વૈતપદ જ છે.

એ જ રાજયોગની **સિદ્ધાવસ્થા,** મનુષ્યજીવનનું **અન્તિમ** લક્ષ્ય, અને બધાં સાધનોનું છેક છેલ્લું ફળ છે.

ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

卐

છપાય છે! નવું પુસ્તક

પત્ર—જ્યોતિ

'ઉત્થાન'ના તંત્રી, સ્વા. શ્રી. સ્વયંજ્યોતિ તીર્થના જિજ્ઞાસુવર્ગને લખેલા પત્રો પુસ્તકરૂપે છપાય છે. પ્રથમ ભાગ થોડા જ વખતમાં તૈયાર થશે; એના ઉત્તરોત્તર બીજા ભાગ છપાવી શકાય તેટલા માટે જેમની પાસે, એમના ઉપદેશાત્મક પત્રો હોય, તે બધામાંથી અંગત ભાગ કાઢી નાંખી ઉપયોગી ભાગ લખીને મોકલાવે, અથવા પત્રો રજીસ્ટર્ડ બુક પોસ્ટથી ' ઉત્થાન કાર્યાલય ' ને સરનામે મોકલી આપે, તો અહીં શ્રી. સ્વામીજી પાસે જ એમાંથી ઉપયોગી ભાગ તારવી કાઢવાની વ્યવસ્થા કરી છે. અંગત હકીકત એ પત્રોમાં લેવાતી નથી.

ઉત્થાન કાર્યાલય ગોયાગેટ, મકરપુરા રોડ, વડોદરા	વિનીત નિવેદકો નર્મદાશંકર વ્યાસ; બી. એ. નરેન્દ્ર દેસાઈ બી. એ.

મંગલ પ્રસાદી

ઓ પિતા !

હું જાગી છું. યુગયુગોની ગાઢ નિદ્રામાંથી જાગી છું. ચોપાની ચૂડમાંથી મુક્ત બની છું. પ્રેમીની પ્રેમસાંકળમાંથી છૂટી છું. લાંબાં પ્રવાસ અંતે અટકી છું. તાત ! આત્મના પ્રકાશે જાગી છું. એ તો તારી મંગલ પ્રસાદી.

ઓ વિહારી !

હું તને નથી ભૂલતી કારણ તું મને પ્રિયથી પણ પ્રિય છે. તું મને નથી ભૂલતો કારણ હું તને પ્રિયથી પણ પ્રિય છું. કેવો અનુગ્રહ હું પ્રેમી પર ! એ તો તારી મંગલ પ્રસાદી.

બ્રહ્મમય !

સંગીતના મધુર સ્રોતમાં, અનિલની મંદ લહરીમાં, વારિનાં કર્ણપ્રિય ચંચલ રવમાં, મકરંદના મોહક ગુંજારવમાં, વિહંગના આલ્હાદક કલરવમાં એક જ તારું નામ પ્રતિધ્વનિત થાય છે. એ તો તારી મંગલ પ્રસાદી.

ઓ મહાન !

ઉરમાં ઉઠતા તરંગો ઉરમાં જ સમાય છે. સ્વયંપ્રકાશ, સ્વયંસિદ્ધ આત્મતત્ત્વ પ્રકાશ્યું. નિર્મળ દિલમાં અનુપમ પ્રતિબિંબ દૃષ્ટિગોચર થયું. સર્વ ભૂલાયું, સર્વ વિસરાયું. એ તો તારી મંગલ પ્રસાદી.

મંગલ !

માયાથી ઉત્પન્ન થતો દ્વૈત ભાવ નષ્ટ થયો છે. વિજાતીય જણાતા આત્મામાંથી ભિન્નતા દૂર થઈ છે. અંતઃકરણની વાસનાઓ શાંત બની સર્વ આત્માકારવૃત્તિ થતાં, હું એક અખંડ અનુપમ અવર્ણનીય આત્મસ્વરૂપમાં સ્થિત થઈ. એ તો તારી મંગલ પ્રસાદી.

મનોરમા મ. શાસ્ત્રી

સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ મુ. વડોદરા, એમને માટે વડોદરા, રાવપુરા, અશોક પ્રિન્ટરીમાં રમણલાલ નાનાલાલ શાહે છાપ્યું અને ત્યાંથી પ્રકટ કર્યું
તા. ૧૫-૮-૧૯૪૪.

उत्तिष्ठत जाग्रत प्राप्य वरान् निबोधत ।

ઉઠો સાધક ! જાગો ને આચાર્યવર શોધજો
આત્મબોધ મળે એવાં વિદ્યાવિજ્ઞાન કેળવો

ઉત્થાન

તંત્રી : સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ,
ગોપાગેટ : મકરપુરા રોડ : વડોદરા

વર્ષ ૪ : અંક ૭ : : જાન્યુઆરી : ૧૯૪૫ : પોષ : ૨૦૦૧

" મનુષ્યનું શરીર એક કિલ્લા જેવું છે; ઇન્દ્રિયો એ કિલ્લાનાં બારણાં છે; એ બારણાં આગળ આપણે તોપો અને બંદૂકો મૂકીએ છીએ. જેવી રીતે તોપો કિલ્લાની અંદરથી છોડવામાં આવે છે ને ધડાકા-ભડાકા થાય છે, તેવી રીતે શરીરરૂપી કિલ્લામાંથી ઇંદ્રિયોરૂપી દરવાજા દ્વારા બીજાઓ તરફ દૃષ્ટિપાતરૂપી તોપો તથા બંદૂકો છોડી તેમનાં હૃદય તથા બુદ્ધિપ્રતિ બહિર્મુખ દૃષ્ટિ જાય છે. આ શરીરરૂપી કિલ્લાના અધિષ્ઠાતા આત્માએ મનુષ્યની ખૂબ મશ્કરી કરી છે. તોપના ગોળાઓ—બહિર્મુખ-વૃત્તિ—અંદરથી જ બહાર ફૂટે છે, છતાં મનુષ્ય એનાં બાહ્ય પરિણામથી ગભરાઈને બહાવરો બને છે. તે સમજે છે કે એ આમ યુદ્ધ કરીને હું જગતને જીતું છું, માનમતા વધારું છું, પરન્તુ સાચી વાત એવી છે કે એમ કરીને એ પોતે મહાન્ જોખમ ખેડે છે. પોતાનું સર્વસ્વ ખોઈ બેસે છે. મનુષ્ય ધારે છે કે બહારથી જ્ઞાન મેળવે છે, પરન્તુ બાહ્ય દૃષ્ટિથી તો એ અજ્ઞાન વધારે છે અને આત્માને જ્ઞાનથી વંચિત રાખે છે. વેદાન્ત કહે છે કે જે મનુષ્ય તોપો અને બંદૂકોરૂપી બાહ્ય દૃષ્ટિને અંતર્મુખવૃત્તિરૂપી પોતાના તરફ મોં રાખી છોડે છે, તે જ જગતને જીતે છે. જેની દૃષ્ટિ બાહ્ય અવલોકવાને બદલે અંદર અવલોકે છે, જેના કાન અંતરની વાત સાંભળે છે, યત્ન કરવાના મૂળ કારણરૂપ આત્માને જે ઓળખે છે, તે જ સાચી રીતે જીત્યો છે ને તેણે જ જગતને જીત્યું છે."

પરમહંસ સ્વા. રામતીર્થ

પ્રસંગસ્ફુર્તિ:— ભારતભરમાં હિન્દુ કોડ વિરોધી આંદોલનો ચાલી રહ્યા છે; ગીતાપ્રેસ-ગોરખપૂર પ્રેરિત યોજના મુજબ અસંખ્ય સહીઓ વાળા વિરોધપત્રો અને તારો ના વાઇસરોય તરફ તેમ જ તેમના મંત્રી તરફ મોકલવાની પ્રશસ્ય પ્રવૃત્તિ ગામેગામ થઇ રહી છે, ઉત્કંઠેશ્વર (પેટ. આતરસુંબા-કઠલાલ થઇને) કે. યોગનિષ્ઠ શ્રી. ત્રિલોકચન્દ્રજી મહારાજ સ્થાપિત શ્રી યોગાશ્રમમાં ટ્રસ્ટીમંડળ તરફથી તા. ૧૭-૧૨-'૪૪ થી ૪-૧-'૪૫ સુધી જ્ઞાનસત્ર ઉજવાયું; સ્વા. શ્રી. સ્વયંજ્યોતિ તીર્થે ત્યાં પધારી સાધકોને જ્ઞાનલાભ આપ્યો: ગહેર વડોદરામાં ઘડીઆળામા તા. ૭-૧-'૪૫ના રોજ શતચંડી મહાયજ્ઞની પૂર્ણાહુતિ થઇ: માઉન્ટઆબુ પર થનાર કતલખાના સામે પણ વિરોધ જાગ્યો છે; અમદાવાદ-જમાલપુર દરવાજા બહારના જગન્નાથજી મંદિરના મહન્તશ્રી મોટું સાર્વજનિક દવાખાનું કાઢવા ટ્રસ્ટ કરે છે, તા. ૬-૧-'૪૫ના રોજ યોગી શ્રી લાખણજીએ અમેરિકન અખબારનવિશો, લશ્કરી અમલદારો અને દિલ્હીના હજારો શહેરીઓની હાજરીમા સોળ કલાક માટે ખાડામા મૂકાઇ સમાધિપ્રયોગ કરી બતાવ્યો હતો: તા. ૭મીએ મુંબઇમા માધવબાગમા પુરીના શ્રી શંકરાચાર્ય મહારાજના પ્રમુખપદે હિંદુકોડ વિરોધી પરિષદ ભરાઇ હતી.

— ઉત્થાન કાર્યાલયમાં મળતાં બીજાં ધાર્મિક પુસ્તકો —

સ્વા. શ્રી. માધવતીર્થજીનાં લખેલાઃ—

૧, હું કોણ ?	૨, તું કોણ ?	૩, તે કોણ ?
૨-૪-૦	૨-૦-૦	૩-૦-૦

ત્રણે પુસ્તકો સરળ ભાષામાં દૃષ્ટાન્તો સહિત વેદાન્તજ્ઞાન સમજાવે છે.

<u>गीतादर्पण</u> એટલે શ્રીમદ્ ભગવદ્‌ગીતા પર શ્રી રામેશ્વરાનન્દી-અનુભવાર્થ-દીપક ભાષા-ભાષ્ય: સ્વા. શ્રી. આત્માનન્દ મુનિજીએ લગભગ ૫૭૫ પાનના આ ગ્રન્થમા પ્રત્યેક ભારતવાસી સમજી શકે તેવી સરળ હિંદી ભાષામા આ મહાગ્રન્થનું જ્ઞાનયોગશાસ્ત્ર બહુ જ રસપ્રદ રીતે સમજાવ્યું છે. આવો કાપડી પૂંઠાનો દળદાર જ્ઞાનભરપૂર ગ્રન્થ હાલના સંયોગોમાં માત્ર પડતર કિંમતે [૨-૮-૦] મળે છે. તો સાધકો એકેક નકલ જરૂર વસાવી લે ! આ તક ગુમાવવા જેવી નથી.

ગુજરાતના સમર્થ વિદ્વાન શ્રી. નર્મદાશંકર પંડયાએ લખેલું
ચૈતન્યદેવ [શ્રી. ગૌરાંગ મહાપ્રભુનું સંપૂર્ણ જીવનચરિત્ર]

મૂળ કિંમત રૂા. ૨-૦-૦ ✚ ઉત્થાનના વાચકોને રૂા. ૧-૮-૦

કોઇ પણ પુસ્તક મંગાવતાં ટ. ખ. જુદું પડશે

ॐ नमो नारायणाय ॥

ઉદ્યાન

વર્ષ ૪ : અંક ૭ : : : : જાન્યુઆરી '૪૫ : : : : પોષ : ૨૦૦૧

બ્રહ્મસંબંધ

[નવેમ્બરના અંકથી ચાલુ]

લેખક :
સ્વા. શ્રી. માધવતીર્થજી

બલરામજીનું સ્વરૂપ

દરેક જીવ પોતાના સાચા સ્વરૂપે બ્રહ્મરૂપ છે; પણ જ્યાં સુધી તે સ્વરૂપ બરાબર તેના અનુભવમાં આવ્યું નથી, ત્યાં સુધી પોતાને અનિત્ય અને પરિચ્છિન્ન દેહવાળો માની લે છે. પોતે કાળને વશ છે અને થોડા વર્ષ જીવનારો છે. એવી ભાવના એ દરેકના માથા ઉપર ફરતું કાળચક્ર છે; તેને કાલનેમિ નામનો અસુર કહે છે. તેને વિષ્ણુએ માર્યો હતો, છતાં બીજા જન્મમાં કંસરૂપે જન્મી ત્રણ પ્રકારના યાદવોના નાયક અને પોતાના પિતા ઉગ્રસેનને બંધીખાનામાં નાખી નિષ્કંટક રીતે શૂર દેશનું રાજ્ય કરતો હતો. એ કંસે દેવકીજીના પહેલા ૬ દિકરા મારી નાંખ્યા એ વાત આગળ કહેવાઈ ગઈ છે. કંસ એ કાળચક્ર છે, અથવા અવિદ્યાનું સ્વરૂપ છે.

દશમ સ્કંધની શરૂઆતમાં એમ પણ કહેલું છે કે (૧૦–૧–૭) अन्तर्बहिः पुरुष कालरूपैः। જ્યારે જીવની વૃત્તિ અંતરાત્મા તરફ વળે છે, ત્યારે ભગવાન પુરુષરૂપે અનુભવમાં આવે છે અને જીવને મોક્ષ મળે છે, અને જ્યારે અજ્ઞાની માણસ બાહ્યદૃષ્ટિથી વિષયચિંતનમાં લાગે છે, ત્યારે તે જન્મમરણરૂપ કાળની અસર નીચે આવે છે. જ્યારે ઘણા જીવોની દૃષ્ટિ બહિર્મુખ થાય છે ત્યારે એમ માનવું કે અસુરોએ તેમને તાબે કરેલાં છે. એ હકીકત સ્પષ્ટ કરવા માટે શુકદેવજી પરીક્ષિત રાજાને કહે છે કે (૧૦–૧–૧૭) જ્યારે ઉન્મત્ત રાજાઓના રૂપમાં અસંખ્ય અસુરો પૃથ્વી ઉપર મનગમતો અત્યાચાર કરવા લાગ્યા, ત્યારે પૃથ્વી તે પાપના ભારથી પીડા પામી ગાયનું રૂપ લઈ બ્રહ્માજી પાસે ગઈ. હાલ પણ આપણે એવો જ બનાવ જોઈએ છીએ. શ્રી અરવિંદ

પોતાની યોગદૃષ્ટિથી એવું જોઈ શકે છે કે આપણી પૃથ્વીને હાથમાં અસુરોએ પકડેલી છે; તેથી જો કોઈ પણ રીતે યોગશક્તિથી તે અસુરોનો નાશ કરી શકાય, તો આપણી પૃથ્વી ઉપર દેવો જન્મ લેવા આવે અને તેમાંથી એક દેવજાતિ (Supermen) ઉત્પન્ન થઈ શકે. એવી શ્રી અરવિંદની માન્યતા છે જીવમાં પણ આસુરીવૃત્તિ મરે છે ત્યારે દિવ્યભાવ ઉત્પન્ન થાય છે.

અસુરોનો નાશ કરવા માટે બ્રહ્માએ ભગવાનને અવતાર લેવા માટે પ્રાર્થના કરી હતી. બ્રહ્માનું સ્થાન એ ભક્ત યોગીનું પરમ સ્થાન છે. તેથી હાલ પણ કોઈ યોગી અથવા કોઈ મહાત્મા ભગવાનને અવતાર લેવા માટે પ્રાર્થના કરે, અને તેમની પ્રાર્થના સાચી હોય તો આપણી પૃથ્વી ઉપર નવું દિવ્ય જીવન આવી શકે. હાલ મોટા દેશના નેતા રૂઝવેલ્ટ, ચર્ચીલ, હીટલર, સ્ટેલીન, વગેરેમાં શુદ્ધિ નથી, શ્રદ્ધાપણ નથી, યોગશક્તિ નથી. તેઓનાં મન વેપારના વધારામાં લાગી રહેલાં છે. તેથી તેઓ ભગવાનને અવતાર લેવાનું કહી શકે તેમ નથી.

બ્રહ્માની પ્રાર્થનાના જવાબમાં ભગવાને તેમને કહ્યું કે "હું અવતાર લઈ પૃથ્વીનો ભાર ઉતારીશ." ને પછી બ્રહ્માએ દેવોને કહ્યું કે "તમે પણ યદુકુળમાં ઉત્પન્ન થઈ ભગવાનની સાથે રહો અને ભગવાનની પ્રસન્નતાને માટે દેવાંગનાઓ, એટલે દેવની સ્ત્રીઓએ પણ મૃત્યુલોકમાં જન્મ લેવો." આવી રીતે સાત્વિક પ્રકૃતિવાળા દેવ અને દેવીઓ અહિં આવે, તો તેમની મદદથી સાત્વિક પ્રકૃતિવાળી એક સાત્વિક જાતિ પણ ઉત્પન્ન થાય; અને તેમ થાય તો રાજસ્ અને તામસ્ પ્રકૃતિવાળી હાલની વેપારી અને સ્વાર્થી પ્રજાનું જોર નરમ પડી શકે. ભગવાનને અવતાર લેવો હોય તો વસુદેવજી અને દેવકીજી જેવાં માબાપ તૈયાર જોઈએ.

વસુદેવજી અને દેવકીજીના વિવાહ થયા પછી ઘેર આવતાં તેનો રથ કંસ હાંકતો હતો. હાલ પણ આપણી પૃથ્વીનું જીવન કંસના જેવી સ્વાર્થી વેપારી પ્રજાના હાથમાં છે. એવા કંસને કોણ મારે? તે વખતે આકાશવાણી થઈ અને તેણે કંસને કહ્યું કે 'હે મૂર્ખ! જેને તું રથમાં બેસાડીને લઈ જાય છે તે દેવકીનો આઠમો ગર્ભ તને મારશે.' એ સાંભળી કંસે દેવકીજીને મારવા તરવાર ઉપાડી, પણ વસુદેવજીના સમજાવવાથી કંસ જરા ધીરો પડ્યો. વસુ-

દેવજીએ કંસને કહ્યું કે 'દેવકીજીના જેટલાં બાળકો થશે તે જન્મતાં જ હું તને આપીશ

આવું વચન મળવાથી કંસે પોતાનો અત્યાચાર વધારવા માંડ્યો. તેના સસરા મગધના રાજા જરાસંધની મદદથી અને પ્રલંબાસુર, બકાસુર, ચાણુર, તૃણાવર્ત, અઘાસુર, મુષ્ટિક, અરિષ્ટાસુર, દ્વિવિદ, પુતના, કેશી, ધેનુક, બાણાસુર, ભૌમાસુર * વગેરે દૈત્યોની મદદ લઈ કંસ યાદવોનું દમન કરવા લાગ્યો; અને દેવકીજીના ૭ પુત્રોને પણ મારી નાંખ્યા. હવે ભગવાનને અવતાર લેવાની જરૂર પડી. ભગવાન પોતે સ્વરૂપે નિર્ગુણ છે, પણ જરૂર પડે ત્યારે પોતાના સ્વરૂપમાંથી માયા ઉત્પન્ન કરીને પછી અવતાર લે છે. જેમ સો ટચના સોનામાંથી ઘાટ થતો નથી, તેમાં ત્રણ ટકા જેટલું રૂપું કે ત્રાંબુ ભેળવીએ તો ઘાટ થાય, તેમ પહેલા નિર્ગુણ સ્વરૂપ આવે, પછી માયા આવે, તો તે પછી ભગવાનનો અવતાર થઈ શકે. એવી વસ્તુસ્થિતિ હોવાથી, ભગવાને પહેલાં યોગમાયાને બોલાવીને તેને આજ્ઞા કરી કે (૧૦-૨-૫) 'હે દેવી! તમે વ્રજભૂમિમાં જાઓ, ત્યાં વસુદેવની એક સ્ત્રી રોહિણી નન્દના ગામ ગોકુળમાં છે. તેની બીજી સ્ત્રીઓ પણ કંસની બીકથી ત્યાં ગુપ્ત સ્થાનમાં રહે છે. આ વખતે મારો શેષ નામનો તેજોમય અંશ દેવકીના ગર્ભમાં છે, તેને ત્યાંથી લઈને રોહિણીના ગર્ભમાં રાખો. પછી હું દેવકીને ત્યાં આઠમા ગર્ભરૂપે આવીશ. તમે યશોદાજીને ત્યાં જન્મ લેજો. પછી વસુદેવજી મને યશોદાજી પાસે લઈ જશે અને તમને દેવકી પાસે લઈ આવશે'

ઉપરની હકીકત ઉપરથી જણાઈ આવશે કે દેવકીજીના સાતમા પુત્ર એ અનન્ત શેષનું સ્વરૂપ બલરામજી છે. નામ અને રૂપ જતાં બાકી જે સત્, ચિત્ અને આનંદ રહે તેને શેષ કહે છે. એવું અનન્ત સ્વરૂપ અધિષ્ઠાનરૂપે જ્યાં સુધી ન આવે, ત્યાં સુધી મુખ્ય સત્તા મળતી નથી, અને મુખ્ય સત્તા આવ્યા વગર કંસરૂપી કાળ અથવા અવિદ્યા મરે તેવું નથી. દેવકીના પહેલા ૭ દિકરા માયાની અંદરની વસ્તુ હતી, તેથી કંસ તેને મારી શક્યો હતો. સાતમા પુત્ર અનન્ત છે, તેનું નામ પણ બલરામ છે; તે સાક્ષ્યનું તત્ત્વ છે,

*. આ પ નામના સમાધિ ભાષાના અર્થ હવે પછી આપવામાં આવશે.

ભગવાનના મોટાભાઈ છે: પ્રકૃતિથી અસંગ છે તેથી ભગવાનને જ્યારે જરૂર પડે ત્યારે તેમની મદદ લેવા માટે તેમને પહેલાં મોકલેલ છે. અસંગતત્ત્વ પ્રકૃતિ સાથે સહકાર કરતું નથી તે અસહકારી તત્ત્વ છે, તેથી આપણી પૃથ્વી ઉપર પશ્ચિમના દેશોના સ્વાર્થી કોમોના જુલમ દૂર કરવા માટે પણ હાલ ભગવાને અસહકાર કરનાર મહાત્માને પહેલા મોકલેલ છે તે પછી માયાએ આવીને બલરામજીને દેવકીજીના ગર્ભમાંથી—જેલમાંથી લઈ જઈને રોહિણીને ત્યાં મૂકેલ છે રોહિણી એ વસુદેવજીની વૈશ્ય સ્ત્રી છે અને દેવકીજી એ વસુદેવજીની ક્ષત્રિય સ્ત્રી છે બલરામજી બન્નેના દિકરા મનાવામાં આવેલા છે આસુરી પ્રકૃતિ જીતવા માટે કોઈવાર પ્રકૃતિ સાથે અસહકાર કરવો પડે છે અને કોઈવાર સત્વગુણ ધારીને રાજસ્ પ્રકૃતિ જીતવી પડે છે પહેલું બલરામજીનું સ્વરૂપ છે, બીજું કૃષ્ણનું સ્વરૂપ છે બલરામજીએ મહાભારતના યુદ્ધમાં ભાગ લીધેલ નથી તે અસહકારી તત્ત્વ છે, પણ જ્યારે જરૂર પડે ત્યારે કૃષ્ણ ભગવાનની ઇચ્છાથી તેમની મદદમાં રહેલ છે

બલરામજીમાં નિર્ગુણ તત્ત્વ વધારે પ્રમાણમાં છે, ને જ્ઞાનસ્વરૂપ છે, તેથી તેમણે રાસલીલામાં પણ ભાગ લીધો નથી તે માત્ર એક જ સ્ત્રી પરણેલ છે-તે આનર્ત દેશના રાજાની દિકરી રેવતી આનર્ત એટલે જ્યાં આર્તતા એટલે દુઃખ નથી એવી શુદ્ધ જ્ઞાનમય પ્રકૃતિ, એ બલરામજીની સ્ત્રી છે શ્રીકૃષ્ણ એ યોગનું સ્વરૂપ છે યોગી પ્રકૃતિની સાથે રહીને પ્રકૃતિને જીતે છે તેમણે રાસલીલા કરી કામ ઉપર જીત મેળવી છે અને મહાભારતના યુદ્ધ વખતે તે અર્જુનનો રથ હાંકતા હતા કંસ અથવા અવિદ્યાના નોકર, પુતના, તૃણાવર્ત, કેશી વગેરેને કૃષ્ણ ભગવાને મારેલા છે તેમના સ્વરૂપો હવે પછી જ્યાં જ્યાં પ્રસંગ આવશે ત્યાં ત્યાં ખુલાસાં કરીશું હાલ તરત માટે સમાધિ ભાષામાં કેટલાક મુખ્ય પાત્રો સમજવા માટે ' આ ' શબ્દ તેમના નામ સાથે ઉમેરવાથી સમાધિ ભાષા થઇ શકે છે જેમકે કૃષ્ણ એ આકર્ષણ કરનાર તત્ત્વ છે, નંદ એ આનંદ આપનાર તત્ત્વ છે, રાધા એ આરાધના થવા ભક્તિનું તત્ત્વ છે રામ એ આરામ આપનાર તત્ત્વ છે એ અર્થ સમાધિ ભાષામાં નીકળી શકે છે

આરામ આપનાર રામ અથવા જેને બલરામ કહે છે એ મોટાભાઈ છે

તેમણે જે જે કામો કર્યાં તે દશમ સ્કંધમાંથી ટુંકામાં જુદાં કાઢીને જોઇએ, તો દેવકીજીના આ સાતમા પુત્રનું સ્વરૂપ બહુ ખુલ્લું થઇ શકે તેવું છે. તેથી આ પ્રકરણમાં ફકત બલરામજીનો વિચાર કરેલો છે.

બલરામનું પહેલું પરાક્રમ ૧૧ મા અધ્યાયમાં આપેલું છે. (૧૦-૧૧-૪૩) જ્યારે બન્ને ભાઇ (નિર્ગુણ અને સગુણ) જમુનાજીને કિનારે વાછડાને ચરાવતા હતા ત્યારે તેમને મારવાને માટે એક વત્સાસુર નામનો દૈત્ય વાછડાનું રૂપ લઇને આવ્યો હતો. તે વખતે ભગવાન કૃષ્ણ બલરામજીને તે બતાવીને પોતે ખસી ગયા. બલરામજી તેના પુંછડા સહિત પાછલા બે પગ પકડીને અંતરિક્ષમાં ઘૂમાવીને પછાડીને મારી નાંખ્યો. વત્સાસુર એ માણસમાં ઉત્પન્ન થતી પશુના જેવી વૃત્તિ છે, તેને જ્ઞાનશક્તિથી દૂર કરવી જોઇએ: જમુનાજી એ સંસારરૂપી નદી છે.

બન્ને ભાઈઓ વ્રજમાં રમતા હતા, ત્યારે કોઇ વખત " આંખમિંચામણી "ની રમત કરતા હતા અને કોઈ વખતે પુલ બાંધવાની રમત કરતાં હતા. પહેલી રમતને ધ્યાન કહે છે; બીજી રમતને બધાની સાથે એકતા કરવા રૂપ સર્વાત્મભાવ કહે છે. બલરામજીના બીજા પરાક્રમમાં ધેનુકાસુરનો વધ કરેલો જણાવવામાં આવે છે. એક વનમાં ઉંચાં ઉંચાં તાડનાં ઝાડો હતાં, તેમાં સારાં ફળ થતાં હતાં, પણ ત્યાં રહેલો ધેનુક નામનો એક અસુર કોઇને તે ખાવા દેતો નહોતો. બલરામજીએ ત્યાં જઈ ઝાડોને હલાવ્યાં એટલે સારાં ફળ નીચે પડવા લાગ્યાં. એ જોઇ ધેનુકાસુર બલરામજી ઉપર ચડી આવ્યો. બલરામજીએ તેના બે પગ પકડીને તેને પછાડીને મારી નાંખ્યો. બે પગ એ દ્વૈતનું સ્વરૂપ છે, જ્ઞાનશક્તિ દ્વૈતને પકડીને મારી નાંખે છે. દ્વૈત મરે ત્યારે ઉપર રહેલાં સારાં ફળ એટલે આત્માનો આનંદ મળી શકે છે. તે પછી ૧૮ મા અધ્યાયમાં એવી કથા આવે છે કે બલરામજીએ એક પ્રલંબાસુરને મારેલો છે. તે કંસનો દૂત હતો અને ગોવાળીઆનું રૂપ લઇ રમતમાં ઘૂસી ગયો હતો; તેનું સ્વરૂપ બલરામજીના ધ્યાનમાં આવતાં તેના માથા ઉપર માર મારીને મારી નાંખ્યો. જે માણસોને સંસારની લાંબી લાંબી વાતો કરવાની ટેવ હોય, તેમની સંસારની રમતમાં માયારૂપી પ્રલંબાસુર ઘૂસી જાય છે. તે જ્ઞાનશક્તિ વગર મરે તેવો નથી.

બલરામજી પોતાની પાસે બે હથીઆર રાખતા હતા; ૧, હળ અને ૨, મુશળ. હળથી થતી ખેતીની માફક બલરામજી પ્રકૃતિ અને પુરુષના ધર્મ જુદા કરતા હતા, અને મુશળથી સ્વરૂપમાં નિષ્ઠા કરાવતા હતા. કંસરૂપી અવિદ્યાને મારવા માટે એ બન્નેની જરૂર પડે છે, તેથી સગુણ-નિર્ગુણ, કૃષ્ણ અને બલરામ બન્નેએ સાથે રહીને કંસને મારેલ છે. કંસને માર્યા પછી બન્ને ભાઇ ઉજ્જનમાં સાન્દીપનિ ગુરુ પાસે ભણવા ગયેલા છે. ત્યાં તેઓ ગુરુ પાસે ઉપનિષદ્ ભણ્યા છે, તેમની સાથે સુદામારૂપી ઇંદ્રિયોનું દમન હતું. ઉપનિષદ્ ભણ્યા પછી બુદ્ધિરૂપી ઉદ્ધવજી સાથે ગોપીઓને બ્રહ્મજ્ઞાન મોકલ્યું છે.

બલરામજીના જીવનનો એક સારો પ્રસંગ રુકમણિના વિવાહ વખતે મળી આવે છે. જ્યારે શ્રીકૃષ્ણ રુકમણિનું હરણ કરીને તેને દ્વારકા લઇ જતા હતા, ત્યારે રુકમણિનો ભાઈ રુકમો ભગવાનની સામે થયો; ભગવાને તેને મારવા માટે તલ્વાર બહાર કાઢી, પણ રુકમણિએ પ્રાર્થના કરી કે 'મારા ભાઇને મારો નહિ,' તેથી ભગવાને તેના ભાઈનાં દાઢી અને મૂછ કાપીને તેને છોડી મૂક્યો. રુકમાની ઇચ્છા તેની બહેનને શિશુપાલ વેરે આપવાની હતી. શિશુપાલ એટલે છોકરાં જેને જોઇએ છે એવી સંસારવૃત્તિ. પણ રુકમણિનો અનન્ય ભાવ જોઈ ભગવાન સંસારવૃત્તિને હઠાવીને તેને લઇ ગયા હતા. રસ્તામાં રુકમણિને ભાઈ ઉપર સ્નેહ થયો, ત્યારે ભગવાને જાણ્યું કે જો રુકમણિને હવે પીયેરનું સુખ (સંસારનું સુખ) યાદ આવશે, તો તે દ્વારકાનું (સ્વરૂપનું) સુખ લઈ શકશે નહિ તેથી બલરામને કહ્યું કે રુકમણિને કાંઇક જ્ઞાન આપો. સંસ્કૃતમાં 'ક' ને સુખ કહે છે. નવા સુખનું દ્વાર એટલે બારણું, તેને દ્વારકાનું સુખ કહે છે. બલરામજી તે વખતે રુકમણિને કહે છે કે (૧૦-૫૪-૪૨) "તમે મંગળમય ભગવાનના કામને અમંગળ માની રહેલાં છો, તે તમારી બુદ્ધિ વિષમ છે. જે માણસો દેહને આત્મા માને છે તેના દષ્ટિમાં આ શત્રુ છે, આ મિત્ર છે, આ ઉદાસીન છે, એવી ભાવના ઉત્પન્ન થયા કરે છે. પણ બધા શરીરોમાં આત્મા એક છે. તમારે યાદ રાખવું કે તમારો સંબંધ અત્યારે બ્રહ્મની સાથે થયેલો છે અજ્ઞાની માણસો અનેક રૂપ ભૂલથી [illegible] છે, (ज्ञानव गृह्यते मूढै) દેહ આદિ આદિ અંતવાળો છે, અને [illegible] અવિદ્યાથી કલ્પિત છે, દેહના અભ્યાસથી જીવ સંસારના ચક્રમાં

પડે છે આત્મા સત્ હોવાથી તેને અસત્ પદાર્થો સાથે સંયોગ કે વિયોગ બની શકતો નથી. જન્મમરણ વગેરે દેહના વિકાર છે જેમ ચંદ્રની કળાનો ક્ષય અને વૃદ્ધિ દેખાય છે, ચંદ્રનો ક્ષય કે વૃદ્ધિ થતા નથી, તેમ આત્માને કાંઈ થતુ નથી જેમ સ્વપ્નમા સુતેલો માણસ ભોક્તા, ભોગ્ય અને ભોગનો અનુભવ ભૂલથી કરે છે, તેમ અજ્ઞાની માણસ આ મિથ્યા સંસારચક્રમા પડે છે. માટે ભાઇની ચિંતા બાબત તમને જે અજ્ઞાનથી શોક થયો છે, તે દૂર કરીને શાંત થઈ જાઓ. "

આ પ્રમાણે બલરામજીએ રુકમણિને તે વખતે શુદ્ધ જ્ઞાનનો ઉપદેશ આપેલો છે જેમ સાસરે જતી કન્યા પીયરને બહુ યાદ કરે, તો સાસરાના ઘરનુ સુખ લઈ શકતી નથી, તેમ સંસારને યાદ કરનાર જીવ ભગવાનનુ સુખ લઈ શકતો નથી

એક વાર બલરામજી દ્વારકાથી વ્રજમા આવ્યા છે (અધ્યાય ૬૫) તે વખતે ત્યા વરુણે મોકલેલી વારુણીદેવીએ એક વૃક્ષમાથી મધની ધારારૂપે વહીને સંપૂર્ણ વનને સુગંધથી ભરી દીધુ તે વખતે બલરામજીએ એ મધુધારાને ગુપ્તી ત્યાની સ્ત્રીઓ સાથે તેનુ પાન કર્યું વરુણ એ સચ્ચિદાનંદનુ સ્વરૂપ છે એ વાત ૩૮ મા અધ્યાયમા કહેલી છે, તેથી બલરામજીએ પીધેલો વરુણી નામનો દારૂ અથવા મધ એ આત્માના આનંદનો નીશો છે અમદાવાદમા કેટલાક દારૂના બખાણી એમ કહે છે કે કૃષ્ણ અને બલરામ પણ દારૂ પીતા હતા તો અમારે શો વાંધો છે ? પણ બલરામજી અને કૃષ્ણનો દારૂ એ બ્રહ્મનો આનંદ હતો એ વાત ન સમજવાથી દશમ સ્કંધના ૬૫ મા અધ્યાયનો ખોટો અર્થ કેટલાક કરે છે

તે પછી બલરામજીનુ મોટુ પરાક્રમ ૬૭ મા અધ્યાયમા આવે છે ત્યા એમ કહેલુ છે કે દ્વિવિદ નામનો એક વાંદરો કે જે નરકાસુરનો મિત્ર હતો, તે બધા દેશોમા ઉપદ્રવ કરતો કરતો દ્વારકામા આવ્યો દ્વિવિ એ બે બુદ્ધિનુ સ્વરૂપ છે દ્વારકા એ આત્માના સુખનુ બારણુ છે આત્માનુ સુખ લેવાની દશામા જો ભેદબુદ્ધિ જાગે તો તે વાંદરાના જેવો રંજાડ કરી મૂકે છે તેણે ગામે ગામ આગ લગાવી, ભોગ દેશમા અને આનર્ત દેશમા (દુ:ખ વગરના દેશમા) હરિ રહેતા હતી, ત્યા તોફાન શરૂ કર્યું. સમુદ્રની વચમા

જમુનાને પાણી ઉડાડીને કિનારાની ગાયોને ડુબાડી દેવા લાગ્યો ઋષિઓના આશ્રમોના ઝાડને ઉખેડી નાંખતો હતો અને અગ્નિકુંડ મલમૂત્રથી દુષિત કરતો હતો સ્ત્રીઓ અને પુરુષોને પર્વતની ગુફામા નાખી તેમને શિલાથી બંધ કરી દેતો હતો દ્વૈતબુદ્ધિ આવી રીતે બધી પ્રજાને અજ્ઞાનમા પૂરી દે છે તે વખતે બલભદ્રજી મધુધારાનુ પાન કરતા હતા, તે વાંદરાએ તેના ઉપર પથ્થર ફેંક્યા અને મધનો ઘડો લઈને ભાગ્યો આત્માનો આનંદ દ્વૈતબુદ્ધિરૂપી વાંદરો લઈ ભાગી જાય છે તે વાંદરાએ એ ઘડો ફોડી નાખ્યો અને સ્ત્રીઓના વસ્ત્રો ફાડી નાખ્યા. એ બધુ ભેદબુદ્ધિનુ કામ છે. સંસારમા એથી પણ વધારે નુકસાન જોવામાં આવે છે હાલની લડાઈ પણ વાંદરાનો ઉપદ્રવ છે એ બધુ નુકશાન થતુ જોઈ બલરામજીએ પોતાના હથીઆર હળ અને મુશળ ઉપાડયા અને સંસારને કષ્ટ આપનાર એ વાંદરાને મારી નાખ્યો ધ્વં
निहित्य द्विविदं जगदूब्यति कराचहम् । (૧૦–૬૮–૨૮) એ બલરામજીનુ મોટુ પરાક્રમ છે ત્યા જ્ઞાનશક્તિથી ભેદબુદ્ધિને મારવાનુ સ્પષ્ટ જણાઈ આવે છે આ પછી દશમ સ્કંધમા બલરામજીનુ કોઈ મોટુ પરાક્રમ આપવામા આવેલુ નથી ભેદબુદ્ધિનો નાશ કર્યા પછી તેમને માટે કાંઈ કરવાનુ રહેતુ નહોતુ તે પછી મહાભારતના યુદ્ધની વાત આવે છે, પણ તેમણે ભેદબુદ્ધિ મારેલી હોવાથી કોઈનો પક્ષ ન લેવાની ખાતર તે (બલરામજી) તીર્થયાત્રા કરવા નીકળી પડયા હતા

બલરામજી જ્ઞાનનુ સ્વરૂપ છે જ્ઞાન એ કોઈ ક્રિયાનુ ફળ નથી પણ મૂળ છે. તે શેષ છે તેથી તેના ઉપર લક્ષ્મીના ચરણ પોઢેલા ચિત્રોમાં દેખાય છે યોગ એ ક્રિયાનુ ફળ છે, એ કૃષ્ણનુ સ્વરૂપ છે

શ્રીમદ્ ભાગવત એ મોટો ગ્રંથ છે, તેના ઉપરની આ લેખમાળાને પૂરી કરતા બહુ વખત લાગે તેવુ છે કેટલાક જીજ્ઞાસુઓની ઇચ્છા એવી છે કે આ વિષય થોડા વખતમા પૂરો થાય અને પુસ્તકરૂપે છપાય તો ઠીક તેથી આનો પહેલો ભાગ (સ્કંધ પહેલાથી) "વિશ્વમંગળ માસિકમા શરૂ કરેલ છે તેનુ સરનામુ ભક્તિમાર્ગ કાર્યાલય-પો. બો ૧, અમદાવાદ

ધર્મ વિચારણા

લેખક :-

[૫] (ગતાંકના અંકથી ચાલુ) સ્વા. શ્રી. અદ્વૈતાનંદજી

卐

ભારતીય અને પાશ્ચાત્ય સંસ્કૃતિ વચ્ચે એક વિષયમાં મહાન પ્રભેદ છે. આર્યોમાં, સર્વ સંપ્રદાયો અને સર્વ પંથોના અનુયાયીઓમાં, આત્માના સ્વરૂપ વિષે મતભેદ નથી; શૈવ હોય કે શાક્ત હોય, વૈષ્ણવ હોય, બૌદ્ધ હોય, કે જૈન હોય તોપણ આ બધા મતાવલંબીઓમાં એક માન્યતા સર્વમાન્ય છે કે આત્મા સ્વભાવથી જ પવિત્ર, પૂર્ણ, આનંદમય, અને ઐશ્વર્યવાન છે. દ્વૈતવાદીઓ એમ માને છે કે આત્મા મૂળથી તો આનંદમય છે પણ અશુભ કાર્યોની અસરથી તેની શક્તિઓ સંકુચિત થઈ જાય છે, અને ભક્તિદ્વારા જ્યારે ચિત્તશુદ્ધિ પ્રાપ્ત કરે છે ત્યારે ઈશ્વર અનુગ્રહ કરે છે અને તે પોતાની નૈસર્ગિક સ્થિતિ મેળવે છે. અદ્વૈતવાદીઓના મત પ્રમાણે આત્માના સ્વરૂપમાં કોઈપણ કાળે કોઈપણ પ્રકારનું પરિવર્તન થતું જ નથી. અવિદ્યાના આવરણથી તેને એવી ભ્રમણા થાય છે કે "હું પામર છું, શક્તિહીન છું, દીન છું." વાસ્તવિક રીતે આત્મા સદા, સર્વથા, સર્વદા, સંપૂર્ણ અવસ્થામાં જ રહે છે. આ વિષયમાં પાશ્ચાત્ય અને પૌર્વાત્ય વિચારો વચ્ચે અભેદ્ય દુર્ગ આડો આવેલો છે. આર્ય લોકો ધ્યાન કરતી વખતે નેત્રો બંધ કરીને બેસે છે અને પરમાત્મા અંદર છે એવી ભાવના કરે છે. જનસમાજ ઉપર આપત્તિ આવી પડે, ત્યારે તપદ્વારા ચિત્તને નિર્મળ કરી શક્તિ સંપાદન (અંદરથી) કરવામાં—અથવા આ વિચાર બીજી રીતે દર્શાવીએ તો—ચિત્તને વિશુદ્ધ કરીને અંતર્ગતમાંની કુદરતી શક્તિનો આવિર્ભાવ કરવામાં આર્ય લોકો માને છે. પાશ્ચાત્ય લોકો બહારના સંજોગોમાં ફેરફાર કરવા મંડી પડે છે. તથા ઈશ્વરને જોવા માટે

બાહ્યસૃષ્ટિ શોધવા માંડે છે. આર્ય લોકોની માન્યતા પ્રમાણે આત્મા સર્વનું આદ્ય કારણ હોવાથી આત્માના જ્ઞાનથી સર્વ સૃષ્ટિનું જ્ઞાન થઈ શકે કે આર્યોના શાસ્ત્રો મંત્રદ્રષ્ટા ઋષિઓના અંતરાત્મામાંથી ઉચ્છ્વાસની માફક બહાર આવેલા છે. પાશ્ચાત્ય વિજ્ઞાનશાસ્ત્રીઓ તત્ત્વશોધન માટે બાહ્યપદાર્થોમાં રમણ કરે છે. આ મુખ્ય મુદ્દો બરાબર મનમાં ઠસાવવા યોગ્ય છે, કારણ કે આ વિષયમાં મતભેદ હોવાથી બન્ને (આર્યો અને પાશ્ચાત્ય પ્રજાઓ)ની વિચારશ્રેણીઓમાં તેમજ આહારવિહારમાં મૂળગત ભેદ છે.

આધ્યાત્મિક સંસ્કૃતિ અનુસાર જ્યાં સુધી આત્માનું અપરોક્ષ જ્ઞાન થાય ત્યાં સુધી પ્રત્યેક પ્રાણી મનને અધીન રહે છે; જ્યાં સુધી આ દશા રહે ત્યાં સુધી સુખદુઃખ, હર્ષશોકના દ્વંદ્વમાંથી મુક્ત થવાતું નથી. મનુષ્ય જે જે કર્મ કરે મનથી કે શરીરથી, તેની અસર તેનામાં કાયમ રહે છે. દરેક કર્મોની જે છાપ મન ઉપર પડે તેને સંસ્કાર કહે છે; આવા ચિત્તમાં પડેલા આમ બધા સંસ્કારોથી મનુષ્યના જીવનનું ઘડતર થાય છે. આ રીતે પડેલા શુભ અને અશુભ સંસ્કારોનો સમૂહ એ જ મનુષ્ય. સ્થૂલ શરીર પડી ગયા પછી પણ મનને ચોંટી રહેલા સંસ્કારો કાયમ રહે છે. મન સૂક્ષ્મ દ્રવ્યનું બનેલું છે; તેથી સ્થૂલ શરીરના મૃત્યુ વખતે તેનો લય થતો નથી. મનનો નાશ વાસનાક્ષયથી જ થાય છે અને ત્યારે જ આત્મજ્ઞાન થાય છે અને મુક્તિ મળે છે. મનનો નાશ થવો એ જ મુક્તિ અને તે તરફ સર્વ સંસારની પ્રવૃત્તિ થઈ રહી છે. જ્યાં સુધી આ સિદ્ધાવસ્થા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી આત્મા મનરૂપી ચટોળીઆ સાથે જ રહે છે, અને તેની ગતિ દરમ્યાન ભિન્નભિન્ન પ્રકારના સ્થૂળ શરીરો વિધવિધ અનુભવો માટે ગ્રહણ કરે છે; આપણો વર્તમાન જન્મ, આપણા સંજોગો, આપણી આંતરિક અને બાહ્યસ્થિતિ એ સર્વ આપણા કર્મો પ્રમાણે નિર્માણ થાય છે. આપણું હાલનું જીવન એ એક અનંત સાંકળની કડી સમાન છે. તે સાંકળની જુદીજુદી કડીઓને ગાઢ સંબંધ છે. વર્તમાન કાળ ભૂતકાળનું બાળક છે; કાર્ય છે અને ભવિષ્યનું કારણ બને છે. સંસારમાં આવતી વખતે પ્રત્યેક જીવાત્મા ભૂતકાળનાં સર્વ કાર્યોની છાપ લઈને આવે છે અને જતી વખતે ભૂતના અને વર્તમાનના કાર્યોની અસર (સંસ્કારરૂપે) લઈને જાય છે. આપણાં કૃત્યોથી આપણે જન્મ-

મરણના ચક્રમાં ભ્રમણ કરીએ છીએ અને આપણાં કર્મોથી જ આપણે છૂટવાનું છે. આ નિયમને "કર્મ"નો નિયમ કહે છે. સર્વ જીવાત્માઓ બ્રહ્મમાંથી નીકળી ફેરો પૂરો કરી બ્રહ્મમાં જ લીન થાય છે. તેઓને જગત-માંની ખનીજ, ઉદ્ભિજ્જ કે પ્રાણીસૃષ્ટિમાંથી થઈને અંતે મનુષ્ય યોનિમાં પ્રવેશ કરવો પડે છે. મનુષ્ય યોનિમાંથી જ ઉત્થાન પ્રાપ્ત થઈ શકે છે. પ્રકૃતિમાં ક્ષોભ થવાથી જે સમત્વ-સમતોલપણું નષ્ટ થઈ ગયું છે તેને પુનઃ સ્થાપવાનો પ્રયત્ન સર્વ જીવાત્માઓ, સર્વ અણુઓ, પરમાણુઓ કરી રહ્યા છે. કારણ કે પ્રથમ પ્રકૃતિમાં સમત્વ મેળવ્યા પછી જ બ્રહ્મમાં લીન થવાય છે. જ્યાં સુધી આ સ્થિતિ સંપાદન ન થાય ત્યાં સુધી જીવાત્માઓ, વિવિધ પ્રકારનાં સૂક્ષ્મ—સ્થૂલ શરીરો, પ્રકૃતિનાં વિકૃત તત્ત્વોમાંથી ધારણ કરે છે. પરસ્પર એક બીજા સાથે અથડાય છે: ભિન્ન ભિન્ન આકૃતિઓ ઘડે છે, અને નષ્ટ કરે છે આ પ્રમાણે સંસારનું આ અદ્ભુત ચક્ર ચાલ્યા જ કરે છે.

કર્મ અને પુનર્જન્મના સિદ્ધાન્તોમાં માન્યતા—આ પણ ધાર્મિક સંસ્કૃતિનાં આવશ્યક અંગો જ ગણવાં જોઈએ; કારણ કે તે સિવાય જીવાત્માની વિભિન્ન અવસ્થાઓનો સયુક્તિક ખુલાસો મળવો મુશ્કેલ છે. કર્મનો નિયમ મનુષ્યને સ્વાશ્રયી બનાવે છે; કર્મની સંસ્કારજન્ય વાસનાઓની નદી શુભ અને અશુભ—એમ ઉભય માર્ગે વહે છે: પોતાના પુરુષાર્થથી તેને અશુભ માર્ગે જતી અટકાવવી જોઈએ. મનનો સ્વભાવ બાળક જેવો છે. જો શુભ માર્ગમાં જવા નહિ દઈએ તો અશુભ માર્ગમાં જશે અને અશુભમાં ન જવા દઈએ તો શુભમાં જશે. ક્રિયા વિના મન રહી શકે નહિ; માટે તેને શુભ ક્રિયામાં જ પરોવાયેલું રાખવું જોઈએ અને તેનો આધાર આપણા પુરુષાર્થ ઉપર જ છે. કોઈ વખત આ જન્મમાં કરેલો પુરુષાર્થ પૂર્વજન્મમાં કરેલા પુરુષાર્થનો નાશ કરે છે. કોઈ વખતે પૂર્વજન્મનો પુરુષાર્થ આ જન્મના પુરુષાર્થનો બળથી નાશ કરે છે. જે મનુષ્ય ઉત્સાહવાળો હોય છે, જેનામાં અડગ હિંમત હોય છે, તે વિજય જલદીથી મેળવે છે. પૂર્વજન્મના અને આ જન્મના પુરુષાર્થ 'પ્રત્યક્ષ' હોવાથી જેટલો બળવાન બનાવવો હોય તેટલો બનાવી શકાય છે. મનુષ્ય જે પ્રમાણે વર્તન કરે છે તે પ્રમાણે તેને ફળ મળે છે; મૌન બેસી રહેવાથી આ સંસારમાં કાંઈ મળતું નથી. પ્રબળ પુરુષાર્થમાં

એટલું સામર્થ્ય છે કે હજારો જન્મોનાં સંચિત કર્મોને બાળી નાંખી મનુષ્યને મુક્તિ અપાવી શકે છે.

વ્યવહાર અને પરમાર્થનો અભેદ શી રીતે સાધવો એ પ્રશ્ન હમેશાં કઠિન મનાયો છે. સામાન્યજનતામાં ધર્મ વિષે અનેક વિચિત્ર ભાવનાઓ જોવામાં આવે છે ઘણાએક તો ધર્મને વ્યવહારના એક ખૂણામાં રાખીને જ સંતોષ માને છે. કેટલાએક ઉત્સવો ઉપર થોડા સમય માટે પહેરવાનાં સારાં વસ્ત્રો અને અલંકાર તરીકે તેને ગણે છે; વિચાર પૂર્વક જોતાં ધર્મ અને વ્યવહાર વચ્ચે અભેદ જ છે. ધર્મના અંતઃપ્રવેશથી વ્યવહાર શુદ્ધ, સપ્રયોજન અને પરિપૂર્ણ બને છે. દિવસના ત્રણ ચાર કલાક બાહ્ય ધાર્મિક આચરણમાં એક મનુષ્ય પોતાનો સમય ગાળતો હોય, પણ વ્યવહારમાં સ્વાર્થ, આસક્તિ વગેરે વિકારોનો ત્યાગ કર્યો ન હોય તો તે ધાર્મિક વૃત્તિનો છે એમ કહી શકાય નહિ. અન્ય પુરુષાર્થ સાથે ધર્મનો સહચાર ન હોય તો તે દંભ જ છે. ધર્મની ભાવનાને સર્વ ક્રિયાઓમાં ઓતપ્રોત કરવી જોઇએ. વ્યવહાર એ આંતરિક વિકારની કસોટી છે. આત્મજ્ઞાન, જે આધ્યાત્મિક સંસ્કૃતિનું અંતિમ ધ્યેય છે તે વ્યવહારમાં રહીને, જનસમાજમાં રહીને, આ સ્થૂલ શરીરમાં જ પ્રાપ્ત કરવાનું છે, તેથી અર્થ કામને પણ આ સંસ્કૃતિમાં યોગ્ય સ્થાન છે. મનુષ્ય જીવનનો પરમ અર્થ ધર્મ છે, મોક્ષ છે; પણ અર્થ અને કામના સુમેળ વિના તે સંપાદન થઇ શકે નહિ. શરીર સુદૃઢ હોય, સામાજીક વ્યવસ્થા સંતોષકારક હોય, સમાજનાં ભિન્ન ભિન્ન પણ આવશ્યક અંગો વચ્ચે પરસ્પર પ્રેમ હોય અને સહકાર હોય, ઉચ્ચ નીચની તિરસ્કારજન્ય ભાવનાઓનો સદંતર અભાવ હોય, ત્યારે જ વ્યક્તિની અને સમાજની ઉચ્ચતમ લક્ષ્ય તરફ પ્રગતિ થઇ શકે છે. અર્થને કામને હમેશાં “ ધર્મ ” સાથે જોડવાની આવશ્યકતા છે. ઐશઆરામી જીવન, વિલાસપણું એ જીવિતનું ધ્યેય હોઇ શકે નહિ. સુખની સાધના એ જ એનું કર્તવ્ય નથી. વ્યક્તિગત જીવનમાં અને જનસમાજમાં એ ભાવના અત્યંત હાનિકારક નીવડે છે, ધર્મની અવહેલના કરવાથી, ચારિત્ર્યમાં શૈથિલ્ય આવે અને તેને લીધે મનોબળ ક્ષીણ થાય છે; અને છેવટે વ્યક્તિની અને સમાજની અધોગતિ થાય છે, એ ઇતિહાસથી સુવિદિત છે. ધર્મરહિત અર્થ

અને કામ હાનિકારક છે, તેમ અર્થ અને કામ રહિત ધર્મ પણ અશક્ય છે. ધનનો તિરસ્કાર એ જનસમાજ માટે પુરુષાર્થ ન જ ગણાય. માટે ધર્મ, અર્થ, કામ, (વ્યવહારિક સુખની ઈચ્છા) અને મોક્ષ, આ ચારેનો સુમેળ કરવો જોઇએ. આજ ખરી ધાર્મિક સંસ્કૃતિનો આદર્શ હોઈ શકે. ધાર્મિક જીવનનો વિકાસ સમાજમાં રહીને જ કરવાનો હોવાથી સમાજની પણ સુવ્યવસ્થા જોઇએ. સમાજનો સર્વ વ્યવહાર સુગમતાથી ચાલે, સર્વ તરફથી સમાજનું રક્ષણ પોષણ અને સંવર્ધન થાય તે માટે પ્રકૃતિના સ્વાભાવિક ભેદ પ્રમાણે શ્રમવિભાગ રૂપ વર્ણવ્યવસ્થા પણ અનિવાર્ય છે કર્મ અને પુનર્જન્મના સિધ્ધાંતોનો સ્વીકાર કરવામાં આવે તો, સંસારમાં જે જે જીવાત્માઓ શરીર ધારણ કરે તે બધા એક જ જાતની પ્રકૃતિના હોય શકે નહિ, એ માનવામાં કોઈ પણ પ્રકારની મુશ્કેલી આવવાનો સંભવ નથી શ્રી ગીતાજીમાં (અધ્યાય ૧૮ શ્લોક ૪૧ મા) પ્રતિપાદન કરવામાં આવેલું છે કે સ્વભાવજન્ય એટલે પ્રકૃતિથી સિદ્ધ એવા ગુણો પ્રમાણે મનુષ્ય માત્રના ચાર મુખ્ય વિભાગો કરવામાં આવ્યા છે, શમ, દમ, તપ, શાન્તિ, અહિંસા, અક્રૂરતા આ ગુણો જેનામાં હોય, તથા જે અધ્યયનમાં વિધવિધ પ્રકારની વિદ્યાઓની પ્રાપ્તિમાં અને જનસમાજમાં જ્ઞાનનો પ્રચાર કરવામાં પોતાનો સર્વ સમય ગાળતો હોય, તે બ્રાહ્મણ જેનામાં શૌર્ય, તેજસ્વિતા, ધૃતિ, દક્ષતા હોય અને શાસન કરવાનું અથવા સમાજનું રક્ષણ કરવાનું કાર્ય જે કરતો હોય તે ક્ષત્રિય. ખેતીવાડી, વેપાર વગેરે કરતો હોય તે વૈશ્ય શરીરસેવા કરવાવાળો તે શૂદ્ર આ બધાય એક અવિભાજ્ય સમાજના અન્યોન્ય મિશ્રિત અંગો છે સત્ય બોલવું, ક્રોધનો ત્યાગ કરવો, પ્રાણીમાત્ર ઉપર પ્રેમ રાખવો, અતિથિઓના સત્કાર કરવો, બાહ્યાંતર પવિત્રતા રાખવી, દ્રોહનો ત્યાગ કરવો, આત્મજ્ઞાન સંપાદન કરવાનો સતત પ્રયત્ન કરવો અને સહનશીલતા રાખવી, આ સર્વ વર્ણોના સામાન્ય ધર્મો છે સ્વભાવ અનુસાર વ્યાવહારિક ધર્મોમાં ભેદ રહે છે, અને સમાજના ખરા વિકાસ માટે એ જરૂરનું છે, કે પ્રત્યેક મનુષ્યે પોતાના પ્રકૃતિજન્ય સ્વધર્મને વળગી રહેવું ને પરધર્મનું ગ્રહણ કરવું નહિ આ વર્ણવિભાગમાં ગુણ કારણભૂત છે, પણ જાતિ નહિ, તે હંમેશ ધ્યાનમાં રાખવું (મહાભારત શાંતિપર્વ ૧૮૯

અધ્યાય) શ્રી ગીતાજી), (મહાભારત-વનપર્વ, અનુશાસન પર્વ, અશ્વમેધ પર્વ); મહાભારતમાં પરાશરગીતામાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે જે પુરુષ જાતિથી દુષ્ટ હોવા છતાં પાપી કર્મોનું સેવન કરતો નથી તે પુરુષ ઉત્તમ ગણાય છે. જે પુરુષ ઉત્તમ જાતિમાં ઉત્પન્ન થયેલો હોય છતાં નિંદવા યોગ્ય કર્મનું સેવન કરે તો તે કર્મો તેને દુષ્ટ કરે છે. જાતિના કરતાં કર્મ જ અધમતાનું અધિક કારણ છે. તેની સાથે આપણે એ પણ યાદ રાખવું જોઈએ કે આ વર્ણભેદનો સિધ્ધાંત મનુષ્ય માત્રને લાગુ પડે છે. હિંદુ સિવાય અન્ય ધર્મોના અનુયાયીઓએ પોતાની સમાજનાં અંગોને-બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, અને શુદ્ર, એવાં નામો આપેલાં નથી; તેથી આપણે એમ સમજવાનું નથી કે તે સમાજના માણસોમાં નૈસર્ગિક ભેદનુ અસ્તિત્વ નથી. કોણે શું કરવુ, અમુક મનુષ્યનું શું કર્તવ્ય છે તે ગુણ ભેદથી નક્કી કરી પોતાના સ્વભાવજન્ય કર્મને જ વળગી રહીને, તથા તે કર્મ, નિષ્કામ બુધ્ધિથી કરીને, તેનું ફળ ઈશ્વરને અર્પણ કરીને જ પરમસાધ્ય વસ્તુ સિદ્ધ કરવાની છે; વ્યવહારનો ત્યાગ કરીને નહિ, કર્મસન્યાસથી નહિ: તેથી સ્વાભાવિક ગુણભેદાનુસાર કર્મવિભાગ, સમાજના મુખ્ય ચાર અંગો વચ્ચે સ્પર્ધા, વૈમનસ્ય અને સંઘર્ષણનો સંપૂર્ણ ત્યાગ, પરસ્પર હાર્દિક સહકાર, ઉચ્ચનીચની ભાવનાનો પરિત્યાગ, આર્થિક ચિંતામાંથી ચારે વર્ણોના મનુષ્યોની સદાને માટે મુક્તિ, સહાનુભૂતિવાળું અને પ્રગતિશીલ રાજ્યશાસન-આવી પરિસ્થિતિની મનુષ્ય અને જનસમુદાયના વ્યાવહારિક અને પારમાર્થિક કલ્યાણ માટે અનિવાર્ય આવશ્યકતા છે.

(અપૂર્ણ)

卐

મનન–માળા

લેખક
શ્રી. નાનાનાનંદેવશંકર વૈદ્ય

આજ કાલ વેદાન્તના ગ્રંથો, પુસ્તિકાઓ પ્રસિધ્ધ થાય છે, કોલેજોમા, ખાનગી પાઠશાળાઓમા વેદાન્તનુ અધ્યયન કરાવવામા આવે છે વ્યાખ્યાનો પ્રવચનો પણ ઘણે સ્થળે થાય છે. "અહબ્રહ્મ" નો ઉપદેશ સર્વત્ર સભળાય છે, છતા સાક્ષાત્કાર અથવા મોક્ષ કોઇને કેમ થતો નથી ? સાક્ષાત્કારના વિચારમા ત્રણ બાબત અવશ્ય વિચારણીય છે. ૧ શિષ્યનો અધિકાર, ૨ ગુરુનો અધિકાર, ૩ શાસ્ત્રનો અધિકાર. આમા શાસ્ત્રને તો સર્વે આસ્તિક વાદીઓ સર્વત્ર સ્વય પ્રકાશવત્ કબૂલ રાખે છે શાસ્ત્રમા કાઇ અશુધ્ધ, અપૂર્ણ કે અર્થહીન હોય જ નહિ, અપરાધ હોય તો આપણી દષ્ટિનો જ–શ્રી શંકરભગવાન કહે છે કે—

अधिकारिण माशास्ते फलसिद्विर्विशेषत ।
उपाया देशकालाद्या सन्त्यस्मिन् सहकारिण ॥

આમ ફળસિદ્ધિનો આધાર વિશેષે કરીને અધિકારી ઉપર છે, દેશકાળ–સજોગ ઉપાય એ સહકારી થાય છે ફળસિદ્ધિ માટે જે અધિકારની અપેક્ષા છે તે અધિકાર માત્ર વેદાન્ત શ્રવણથી કે વેદાન્તના પુસ્તકો વાચવાથી કે વેદાન્તની પ્રક્રિયાઓનો મુખપાઠ કરવાથી, ષડ્દર્શનના અભ્યાસથી, કેવળ કાષાયવસ્ત્ર પહેરવાથી કે જેને હાલે ઉચા પ્રકારની કેળવણી કહેવામા આવે છે, તેવી કેળવણીથી પ્રાપ્ત થતો નથી શાસ્ત્રી, પડિત, કવિ, વક્તા, લેખક હોય તે વેદાન્તનો અધિકારી જ હોય એવો નિયમ નથી. વેદાન્તના વિષયો ઉપર સારામા સારા નિબંધ લખનાર, વ્યાખ્યાન આપનાર પણ ખરેખર અધિકારી ગણી શકાતા નથી. અર્થાત્ બહારની કોઈ પણ ઉપાધિ, ચિહ્ન, લિગ, પદવી, ડીગ્રી, ફળસિદ્ધિ માટે જોઈતા અધિકાર માટે કામના નથી એવુ શાસ્ત્રદષ્ટિએ જણાય છે મુડકોપનિષદ જણાવે છે—

परीक्ष्यलोकान् कर्मचितान् ब्राह्मणो निर्वेदमायान् नास्त्यकृत कृतेन;
तद्विज्ञानार्थं सगुरुमेवाभिगच्छेत् समित्पाणि श्रोत्रियब्रह्मनिष्ठम्॥१२
तस्मै स विद्वानुपसन्नाय सम्यक् प्रशान्त चित्ताय शमान्विताय ।
येनाक्षरपुरुष वेदसत्यं प्रोवाचतां तत्त्वतो ब्रह्मविद्याम् ॥ १३

શિષ્ય અને ગુરુના અધિકાર–અને લક્ષણ તથા વેદાન્તે પ્રતિપાદન કરેલી બ્રહ્મવિદ્યા જાણવાનો ક્રમ આમા જણાવવામા આવ્યા છે. પ્રશ્નોપનિષદની આખ્યાયિકા પણ એ જ સૂચવે છે કે આ વિદ્યાનો ઉપદેશ જે તે કરી શકતા

નથી, તેમ ગમે તેનાથી એ ગ્રહણ થઈ પણ શકતી નથી. પ્રશ્ન કરનારા છએ શિષ્યો યોગ્યતા મેળવીને પિપ્પલાદ ઋષિ પાસે ગયા હતા તેઓને ગુરુએ આજ્ઞા કરી કે भूय एव तपसा ब्रह्मचर्येण श्रद्धया संवत्सरं संवत्स्यथ ॥ તમે પૂર્વે તપસ્વી છો તો પણ અહીં એક સંવત્સર સુધી તપ-બ્રહ્મચર્ય અને શ્રદ્ધાપૂર્વક રહો. છાંદોગ્ય ઇન્દ્ર વિરોચનની આખ્યાયિકાથી પણ એ જ સૂચવે છે નારદ સનત્કુમારના સંવાદમાંથી પણ એ જ ધ્વનિ નીકળે છે ઉપનિષદોમાં સર્વત્ર પ્રથમ શિષ્યના અધિકારની પરીક્ષા કરી ગુરુ ઉપદેશ શરૂ કરે છે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં અર્જુન શિષ્યભાવે શ્રીકૃષ્ણ પરમાત્માને શરણે ગયો છે ત્યાં તેણે પણ न काङ्क्षे विजयं कृष्ण વગેરે વચનોથી પોતાનો અધિકાર બતાવ્યો છે

બ્રહ્મસૂત્રમાં પહેલું જ સૂત્ર अथातो ब्रह्मजिज्ञासा બ્રહ્મજિજ્ઞાસા ખરા અધિકારીને જ ઉદ્ભવે છે, તે વિના ખરી જિજ્ઞાસા જાગતી જ નથી એવું જણાવે છે

ગુરુના અધિકાર વિષે પણ જોતાં ગુરુ શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ જ્ઞાની અને તત્ત્વદર્શી હોવા જોઈએ જેને આજની પરિભાષામાં મ્હોટા સદ્ગુરુ કહેવામાં આવે છે તેઓ, કે મહાપંડિત કહેવાતા શાસ્ત્રીઓ, કે ગુરુ થઈ બેઠેલાઓ સદ્ગુરુની કોટિમાં આવી શકતા નથી, તેઓનો ઉપદેશ સફળ પણ થતો નથી કારણ સામગ્રી જ્યાં બરાબર હોય ત્યાં કાર્ય અવશ્ય થાય છે, તેમ શિષ્ય અને ગુરુ યથાયોગ્ય અધિકાર સંપન્ન હોય તો સાક્ષાત્કાર કે મોક્ષ થાય જ—સદ્ગુરુ નિરૂપમ છે, અલૌકિક છે, અને તે શિષ્ય, સંપૂર્ણ હોય તો અવશ્ય શિષ્ય પાસે ખેંચાઈ આવે છે, જરૂર શિષ્યગુણો કેળવવાની છે કોઈ એમ માને કે મેં ઉપનિષદ્-ગીતા, બ્રહ્મસૂત્ર પંચદશી, યોગવાસિષ્ઠ આદિ અધ્યાત્મ ગ્રંથો વાંચ્યા છે, તેનો અભ્યાસ કરું છું એટલે મારામાં શિષ્યના ગુણો છે, તો આ તેની ભૂલ છે કેવળ અધ્યાત્મ ગ્રંથના વાચનથી કે શ્રવણથી તત્ત્વસાક્ષાત્કાર કે મોક્ષ થતો નથી, કે શિષ્યગુણસંપન્ન થવાતું નથી. શાસ્ત્રાદિના શ્રવણમનનાત્મક પ્રયત્નની સાથે ત્યાગાદિ તપ અને ઇન્દ્રિયસંયમથી અંતઃકરણ સંસ્કારી થવું જોઈએ તે વગરનો કેવળ શ્રવણમનનાત્મક પ્રયત્ન સિદ્ધિદાતા ન થતાં અહંવૃત્તિનો પોષક બને છે અર્થાત્ શ્રવણમનનની સાથે પોતાની પ્રકૃતિનું શોધન સાથે સાથે થવું જોઈએ અધ્યાત્મગ્રંથોના અનુશીલનથી મન સંસ્કારી બને છે, વિચારશુદ્ધિ થાય છે, બુદ્ધિ સૂક્ષ્મ બને છે આ સઘળું છતાં સાધક પોતાની પ્રકૃતિની પરીક્ષા કરી જોશે તો જણાશે કે તે અસ્થિર—સાશંક—અધાતુર

ચિંતાકુળ અને દોષથી ભરપૂર છે. આસુરી વૃત્તિઓનું તેમાં પ્રાબલ્ય જણાય છે. શાસ્ત્રીય વિધાનોનું અનુસરણ છિન્નભિન્ન થાય છે કામકારવર્તન વિશિષ્ટ બની જાય છે વાસનાઓ, સંકલ્પો–ઇચ્છાઓ, તૃષ્ણાઓ વગેરે વિકારી વૃત્તિઓના પ્રવાહ અસ્ખલિત વહ્યા કરે છે રાગદ્વેષ–શોકમોહ–સુખદુઃખના દ્વન્દ્વ તેમાં જણાય છે; રાગદ્વેષ પુરસ્સર જ પ્રવૃત્તિઓ વિશેષ થાય છે અહંમમત્વનું જોર તેમાં જણાય છે આપણા વેદાન્તીઓની દુનિયામાં શું જોવામાં આવે છે? કોઇના દોષ જોવા કરતા પોતાની પ્રકૃતિનું બારીક અવલોકન કરવું જોઇએ વિકાર ઉત્પન્ન કરે તેવા સંયોગોમાં, આ પ્રકૃતિમાં કેવી કેવી વૃત્તિઓ કેટલા જોરથી ઉઠે છે, આપણને તે તે વૃત્તિઓ પરવશ બનાવી આપણી પાસે કેવા કાર્ય કરાવે છે, વગેરે ઘણું ઘણું જોવાનું રહે છે આત્મનિરીક્ષા, આત્મપરીક્ષા અને સંયમ સાધક નિત્ય નિરંતર દરેક પ્રસંગે દરેક સંજોગોમાં દરેક વ્યવહારમાં, પોતે પોતાથી કરતા રહી પ્રકૃતિનું શોધન કરવું જોઇએ. સાક્ષાત્કારમાં મોટામાં મોટો પ્રતિબંધ આ પોતાની પ્રકૃતિ જ છે. પ્રકૃતિથી

૧ પર જે તત્ત્વ છે તેનું યથાર્થ દર્શન એ પ્રકૃતિની આડથી થઇ શકતું નથી. શાસ્ત્રોના વાચનમનનથી પણ કરવાનું એ જ છે પોતાની પ્રકૃતિનું અવલોકન કરતા રહી પ્રયત્નપૂર્વક તેનું શોધન કરવું–પ્રકૃતિનો પડદો જેટલો પાતળો જેટલો નહિવત્ થશે તો તેટલું આત્મદર્શન–આત્મજ્ઞાન–આત્મનિષ્ઠા બનશે અને શિષ્યના ગુણોથી સંપન્ન થવાશે કેવળ વાચિક જ્ઞાન–શબ્દરાશીમય જ્ઞાનથી સિદ્ધિ નથી યોગ્યતા નથી અધ્યાત્મ શાસ્ત્રમાં તો જાણવા જેવા થવાનું છે. ब्रह्म वेद ब्रह्मैव भवति । વેદાન્તના વિચારો કે પ્રક્રિયાઓ કે ખંડનમંડન તર્ક યુક્તિતર્ક આવડવાથી જ યોગ્ય થવાતું નથી મન–શરીર–વાણી–પ્રાણ શુદ્ધિ સર્વ વિશુદ્ધ। નિરોગ–સંયત–સ્વચ્છ–સમગ્ર થવા જોઇએ આચાર–વિચાર–ઉચ્ચાર–આહાર–વિહાર–વાચન સંગતિ બધા ઉપર નિરંતર લક્ષ હોવું જોઇએ અર્થાત્ પ્રકૃતિની એકએક વૃત્તિ–વલણ–સ્ફુરણ બારીકીથી નિષ્પક્ષપાતપણે તપાસતા રહી શાસ્ત્રીય સંસ્કારોથી તેને સમૃદ્ધ કરવી જોઇએ અધ્યાત્મવિદ્યા પરમ રહસ્ય છે પવિત્ર છે, ગુહ્ય છે. પુસ્તકવાચનથી કે બે ચાર જ્ઞાનની વાતો કરવાથી તેના માટે યોગ્યતા આવતી નથી શ્રુતિ ભગવતી शान्तो दान्त उपरत-स्तितिक्षु समाहितो भूत्वात्मन्येवात्मानं पश्यति " એ આત્મદર્શન

માટે સાધનોનો નિર્દેશ કરે છે. તેમાં શમ, દમ, ઉપરમ, તિતિક્ષા, સમાધાન એ સાધન સંપન્ન થયા પછી–તે વિના નહિ જ–આત્મસાક્ષાત્કાર આત્માનુભવ થઈ શકવાનું જણાવવામાં આવ્યું છે. શંકરભગવાન આદરથી જણાવે છે કે :—

प्रशान्त चित्ताय जितेन्द्रियाय च
प्रहीण दोषाय यथोक्तकारिणे
गुणान्वितायानु गताय सर्वदा
प्रदेय मेतत्सतत मुमुक्षवे ॥

આમાં કેવા શિષ્યને આચાર્યે જ્ઞાનોપદેશ કરવો તે બતાવવામાં આવ્યું છે. જેના ચિત્તમાં વિક્ષેપ ઉપજાવનાર સંકલ્પનો પ્રવાહ શાન્ત પડી ગયો હોય–જે શાન્તિ ગુણયુક્ત હોય, બાહ્ય ઇન્દ્રિયો જીતી હોય–જેનાં પાપ બળી ગયાં હોય, જે શાસ્ત્રે વિધાન કરેલ સ્વધર્મનું પાલન કરતો હોય જેમાં વિદ્યા, વિનય–અમાનિત્વાદિ ગુણો પ્રકાશતા હોય અને જે નિરંતર શ્રદ્ધા-ભક્તિપુરઃસર ગુરૂને અનુસરનાર હોય, તેને–તેવા મુમુક્ષુને આ આત્મજ્ઞાનનો ઉપદેશ આપવો જોઈએ. પરીક્ષા શિષ્યની કરી તેની યોગ્યતા જાણ્યા પછી જ જ્ઞાનોપદેશ આપવાનો ક્રમ ઉપનિષદાદિ ગ્રંથોમાં સ્થળે સ્થળે જોવામાં આવે છે. જ્ઞાનાભ્યાસ અને વૈરાગ્યનો નિત્યનિરંતર તન્મયતાપૂર્વક અભ્યાસ થાય અને પ્રકૃતિનું નિરીક્ષણ પરીક્ષણ થઈ તેનું શોધન થાય–અને તે માટે પ્રયત્ન થાય–અનેક વાર હાર્યા છતાં પણ દૃઢતાથી ધીરજથી એ માર્ગ પર ચલાય તો શિષ્યગુણો ક્રમેક્રમે આવિર્ભાવ પામે. આવા પ્રયત્ન વિના કેવળ "અહંબ્રહ્મ" બોલવાથી કે વેદાન્ત વાંચવાથી કંઈ ફળ નથી.

अहं ब्रह्मेति वाक्यार्थं बोधो यावद् दृढीभवेत्
शमादि सहित स्ताव दभ्यसेत् श्रवणादिकम् ॥

"હું બ્રહ્મ છું" એ મહાવાક્યના અર્થનો બોધ જ્યાં સુધી દૃઢીભૂત થાય ત્યાં સુધી શમાદિ સાધન સંપત્તિના અભ્યાસ સહિત શ્રવણ મનનાદિનો અભ્યાસ ચાલુ રાખવો ; અર્થાત્ કેવળ શ્રવણ મનન કે બ્રહ્મસંબંધી વાતો ચર્ચાઓ કરવાથી સિદ્ધિ નથી. સાધન સંપત્તિ મેળવતા રહી સાધનના અભ્યાસ સાથે એ શ્રવણાદિકનો અભ્યાસ ચાલુ રાખવો જોઈએ.

तस्मात् सर्वं समुत्सृज्य कुर्वभ्यासे स्थिरमत. ॥

આવા અભ્યાસમાં તન્મયતાપૂર્વક સાધકનું મન સ્થિર થાઓ. એ જ પરમાત્માસ્વરૂપ ગુરુદેવ પાસે પ્રાર્થના.

卐

वस्ताजीनी अप्रसिद्ध वाणी

સંશોધક
[અંક પાચમાથી ચાલુ] શ્રી. લીલાધર મૂળશંકર ભટ્ટ

અંગ-ચેતામણિકો

અણ ઉઠંચ્યો ખાત હે તા કો માને સ્વાદ,
યું મુરખ મત ઉઠાય કે જહા તહા કરે વાદ (૧૧૯)

હંસ માન સરોવર રહે ખીલર રહત હે બગ,
મહાજન મહાદશાએ રહે દેહ દશા રહે ઠગ (૧૨૦)

ખીર નીર ન્યારો કરે તાકુ જાણીએ હંસ,
આતમ ખીરકું ગ્રહીને કરે વિષય જલકો ધ્વંસ. (૧૨૧)

હંસ તો મોતી ચુગે બગલા મચ્છી ખાય,
સાધ-અસાધકો પટાંતરો કરણી મેં લહેવાય. (૧૨૨)

ઢાંકયા નાગા હોત હે નાગા નાગા ના હોય,
આવરણ વસ્ત્ર ઉતારીયા અવધૂત કહીએ સોય. (૧૨૩)

વાસના વિપ્રીત ત્યજે તાકો ત્યાગ તે શુદ્ધ,
સંક્ષય રૂપ સંસાર ત્યજી રાખે આતમ શુદ્ધ. (૧૨૪)

આપ વખાણતા દેખીયા દુનિયામે સબકોય,
ત્યાગી તાકુ જાણીયે આપા નાખે ખોઈ. (૧૨૫)

રામ નામ સબ લેત હે પણ રામ ન ચિન્હે કોઈ,
રામ ચિન્યા તબ જાણીયે મતિ-મતિ સીધી હોય. (૧૨૬)

ભરમે ભેખ બનાય કે ચાલે ટોળ હી ટોળ,
માન મતવાળા હોઈ ફિરે અહંકૃત રૂપ ઝકોળ (૧૨૭)

ઉદર ભરણ કે કારણે જહા તહા અફળાય,
ભક્તિ ભેદ જાણે નહી પેટ ભરી ભરી ખાય (૧૨૮)

ફ્રાક્ષ ભરી ફાનુ ગઈ લાધ્યો નાહી ઠામ,
મ્હાનો ધરાવી રામકો ભુકતે ચામ હી ચામ (૧૨૯)

જગત ભક્ત કો પટંતરો ગુરુ ગમમે લહેવાય,
બિના ગુરુ ગમ જે કરે એક સરીખુ થાય. (૧૩૦)

ચેતન ઐસો દેખકે ચેતી ચાલો સંત,
હજીયે ત્યાગ ન ઉપજે પેટકો ભોજન અનંત. (૧૩૧)

જયાં જયાં જન્મ ધરાવીયો ત્યા મરણું નિર્માણ,
અહંકૃતે અંધો થઈ ચેતે નહિં અજાણ (૧૩૨)

કાર્યાલયનાં ધાર્મિક પુસ્તકો વસાવો

કિરણકલાપ
સ્વયંજ્યોતિ તીર્થના પૂર્વાશ્રમમાં
રચેલા વૈરાગ્યના કાવ્યોનો સંગ્રહ
[મૂલ્ય આઠ આના]

ભર્ગદર્શન
સ્વયંજ્યોતિ તીર્થના રચેલા ભક્તિ
અને જ્ઞાનના ભજનો
[મૂલ્ય છ આના]

પરમામૃત
મહારાષ્ટ્રના કવિ મુકુન્દરાજ પ્રણીત
મરાઠી ગ્રન્થનો અનુવાદ
[મૂલ્ય : આઠ આના]

અદ્વૈતજ્ઞાનનૌકા
સવાસો જ્ઞાનબોધ
[મૂલ્ય આઠ આના]

ત્રિપુરારહસ્યજ્ઞાનખંડ
દત્તાત્રયનો શિષ્ય પરશુરામને ઉપદેશ
[મૂલ્ય બાર આના]

શ્રીસદ્ગુરુસ્તુતિશતક
શ્રીસદ્ગુરુશિક્ષાશતક
ત્યાગમાં ઉપયોગી થાય તેવા શતકો
[દરેકનું મૂલ્ય ત્રણ આના]

મીરાં અને રાણો
[ભક્તિસંવાદ] ૦-૨-

ધ્યાન અને જ્ઞાન
[ધ્યાનની અનેક વિધિ બતાવનાર
૦-૪-૦

ભાવાર્થસિન્ધુ
['ઉત્થાન'નું ત્રીજા અને ચોથા
ભેટપુસ્તક] ૧-૮-
આ પુસ્તક સાકાર અને નિરાકાર ઉપાસના અને જ્ઞાનનો નિર્ણય કરી અનુભવ બતાવે છે આ પુસ્તક 'ઉત્થાન'ના થનાર ગ્રાહકોને લવાજમ ઉપરાંત આઠ આના વધારે લઈ ભેટ તરીકે આપવા પ્રકારનું આ પુસ્તક તદ્દન હોઈ જિજ્ઞાસુઓને જરૂર ગમશે.

MAYA Re 1/0
Relativity સિદ્ધાન્ત અને મે 'માયા'ના સિદ્ધાન્તની સ્પષ્ટ સમજ
અંગ્રેજી પુસ્તક

આ સિવાય બીજાં ધાર્મિક પુસ્તકો માટે વિગતવાર સૂચિપત્ર : પોણા આનાની ટિકીટ મોકલી મંગાવો (દરેકનું ટપાલખર્ચ

ઉત્થાન કાર્યાલય : મકરપુરા રોડ, **વડોદરા**
જ્ઞા મા શે ૨,

उत्तिष्ठत जाग्रत प्राप्य वरान् निबोधत ।

ઉઠો સાધક ! જાગો ને આચાર્યવર મેળવો;
આત્મબોધ મળે એવાં વિદ્યાવિજ્ઞાન કેળવો.

ઉત્થાન

તંત્રી : સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ
ગોયાગેટ : મકરપુરા રોડ : વડોદરા

...ક લવાજમ
...દમાં રૂ. ચાર
...રમાં રૂ. ૬
...પાલખર્ચ
...હિત]

છૂટક નકલ
૬
આના

...ર્ષ ૪ : અંક : ૮ : ફેબ્રુઆરી : ૧૯૪૫ : માહ : ૨૦૦૧

સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણો પુરુષમાં જોવામાં આવે છે અને કાળથી પ્રેરાઈને તે જ અંતઃકરણમાં આવજા કરે છે. મન, બુદ્ધિ અને ઇંદ્રિયો જ્યારે અતિશય સત્ત્વગુણમાં વર્તે ત્યારે સત્યયુગ છે એમ જાણવું, જેને લીધે જ્ઞાનમાં તથા તપમાં રુચિ થાય છે. જ્યારે મનુષ્યોમાં ધર્મ, અર્થ તથા કામમાં પ્રીતિ થાય છે ત્યારે રજોગુણ જેમાં મુખ્ય વર્તે છે એવો ત્રેતાયુગ જાણવો. જ્યારે લોભ, અસંતોષ, માન, દંભ, મત્સર અને કામ્ય કર્મો ઉપર પ્રીતિ થાય છે ત્યારે રજોગુણ અને તમોગુણ જેમાં મુખ્ય છે એવો દ્વાપરયુગ જાણવો. અને જ્યારે કપટ, અસત્ય, આળસ, નિદ્રા, હિંસા, દુઃખ, શોક, મોહ, ભય અને દીનતા જોવામાં આવે છે ત્યારે તમોગુણ જેમાં મુખ્ય છે એવો કલિયુગ છે એમ જાણવું.

શ્રી. ભાગવત; ૧૨–૩; ૨૬–૩૦

પ્રસંગસ્ફૂર્તિઃ— ખ્યાતના ... શ્રી શ્રી નારાયણ પ્રાનજીભાઈ તા. ૫-૧-૪૫ ને દિવસે પંચત્વ પામ્યા—મુંબઈ વડગાદી ઉપરના રામાનુજ સંપ્રદાયના વિદ્વાન આચાર્ય શ્રી વેંકટનાથકાચાર્ય સ્વામી પ્રયાગના વૈષ્ણવ સંમેલનના સમારંભમાં હૃદય બંધ પડવાથી વૈકુંઠવાસી થયા.—અખિલ હિંદ જાપાનાના તંત્રીઓની પરિષદ તા. ૨૬, ૨૭, ૨૮, મી જાનેવારીએ કલકત્તામાં નક્કી. હિંદુ કાયદામાં સુધારો કરનારી કમીટીની બેઠક મુંબઈમાં મળતાં કેટલાક સનાતની સુધારકોએ કાળા વાવટાથી વિરોધ દાખવ્યો.—નવા હિંદુ કાયદાની વિરુદ્ધમાં પો. શ્રી ... ઉપવાસ આદર્યો હતા.—આ નવા કાયદાના આંદોલનોએ દેશભરના હિંદુ સમાજમાં ખૂબ વિરોધી ઉહાપોહ શરૂ કર્યો છે.—શ્રી શુદ્ધાદ્વૈત સંસદ્ અમદાવાદની કારોબારી સમિતિની સભા મુંબઈમાં મળી હતી. શ્રી ભાગવત તથા ભગવદ્‌ગીતાની પરિશુદ્ધ આવૃત્તિઓ છપાવવાની યોજના વિચારવામાં આવી હતી.—વરી ધારાસભાના મદ્રાસ તરફના સભ્ય શ્રી ઉમર અલી શાહ અવસાન પામ્યા, તેઓ સંસ્કૃતના સારા વિદ્વાન હતા, ભગવદ્‌ગીતાનું તેલગુ ભાષામાં એમણે ભાષાન્તર કર્યું છે.—વડોદરા પ્રાન્ત પાંચમી પુસ્તકાલય પરિષદ્ પાદરા મુકામે ડૉ. હરિપ્રસાદ દેસાઈના પ્રમુખપદે ભરાઈ.—દ્વારકા શારદાપીઠના શંકરાચાર્ય શ્રી ચંદ્રશેખરાશ્રમ તા. ૨૨ મી જાન્યુઆરીએ કૈલાસવાસી થયા.—યુદ્ધનો અંત હવે તો હાથ વેંતમાં હોય એમ લાગે છે. શાંતિ, શ્રમ અને સંગઠનના આંદોલનો વધતા થયા છે. પરમાત્મા જગતને સુખ અને સમૃદ્ધિ આપે એવી પ્રાર્થના.

— ઉત્થાન કાર્યાલયમાં મળતાં બીજાં ધાર્મિક પુસ્તકો —

સ્વા. શ્રી માધવતીર્થજીના લખેલાઃ—

૧, હું કોણ ?	૨, તું કોણ ?	૩, તે કોણ ?
૨-૪-૦	૨-૦-૦	૩-૦-૦

ત્રણે પુસ્તકો સરળ ભાષામાં દૃષ્ટાન્તો સહિત વેદાન્તજ્ઞાન સમજાવે છે.

ગીતાદર્પણ એટલે શ્રીમદ્ ભગવદ્‌ગીતા પર શ્રી રામેશ્વરાનન્દી—અનુભવાર્થ-દીપકભાષા-ભાષ્ય સ્વા. શ્રી આત્માનન્દ મુનિજીએ લગભગ ૫૦૦ પાનના આ ગ્રન્થમાં પ્રત્યેક ભારતવાસી સમજી શકે તેવી સરળ હિંદી ભાષામાં આ મહાગ્રન્થનું જ્ઞાનયોગશાસ્ત્ર બહુ જ રસપ્રદ રીતે સમજાવ્યું છે. આવો કાપડી પૂંઠાનો દળદાર જ્ઞાનભરપૂર ગ્રન્થ હાલના સંયોગોમાં માત્ર પડતર કિંમતે [૨-૮-૦] અપાય છે. તો સાધકો એકેક નકલ જરૂર વસાવી લે ! આ તક ગુમાવવા જેવી નથી.

ગુજરાતના સમર્થ વિદ્વાન શ્રી નર્મદાશંકર પંડ્યાએ લખેલું

પ્રેમાવતાર ચૈતન્યદેવ [શ્રી ગૌરાંગ મહાપ્રભુનું સંપૂર્ણ જીવનચરિત્ર]

મૂળ કિંમત રૂ. ૨-૦-૦ ✤ ઉત્થાનના વાચકોને રૂ. ૧-૮-૦

કોઈ પણ પુસ્તક મંગાવતાં ટ. ખ. જુદું પડશે

ॐ नमो नारायणाय ॥

ઉદ્યાન

વર્ષ ૪ : અંક ૮ : : ફેબ્રુઆરી '૪૫ : : માઘ ૨૦૦૧

આત્મભાન [૮]
(ગતાંકથી ચાલુ)

લેખક :
તંત્રી

આ વિવિધ અને વિચિત્ર સ્વભાવવાળી શક્તિ કે જેનાં અનેક નામ વેદ-પ્રતિપાદિત ગ્રન્થોમાંથી તપાસ્યાં, તેમાં 'માયા' એવું નામ સૌથી વધારે પ્રચલિત જણાય છે. એના મા એટલે નહિ અને યા એટલે જે એવા સંસ્કૃત શબ્દાર્થ પ્રમાણે 'જે ખરી રીતે તપાસી અને અનુભવી શકાતી નથી" છતાં ઇંદ્રિય અને મનોગોચર થાય છે ત્યારે સત્ય જેવી લાગે છે એ માયા એવો એક અર્થ છે; બીજો મા એટલે માપવું એ ધાતુ ઉપરથી જેનાથી આ સમસ્ત કારણકાર્યના વિશ્વવિસ્તાર વડે પરમતત્ત્વના મહિમાનું માપ કઢાડી શકાય છે, એવી કોઇ અગમ્ય શક્તિ તે માયા, એવો પણ કોઇ અર્થ કરે છે. કહેવાનું મુખ્ય તાત્પર્ય એ છે કે સમસ્ત દેશકાળમાં પોતાનો વિસ્તાર કરીને અનેક વસ્તુરૂપે તે જીવાત્માને પોતાના સચ્ચિદાનંદ સ્વરૂપની વિસ્મૃતિ કરાવે છે. (૧) માયાનું કાર્ય જગત્, (૨) માયાની ઉપર સત્તા ચલાવનાર એ માયા વડે સમસ્ત કાર્યપ્રપંચને ચલાવનાર માયાધીશ-માયાપતિ ઈશ્વર, અને (૩) વિષયોના ભોક્તાઓમાં સત્યત્વબુદ્ધિ રાખી, પોતાના સ્વરૂપની વિસ્મૃતિ કરી,

લોકપરલોકમાં ભોગ ભોગવવા માટે જન્મમરણની પરંપરા ચાલતી રાખવા માટે અસંખ્ય અને નાનાવિધ કર્મ તથા ઉપાસના કરનાર જીવાત્મા, એ વકે માયાના પ્રદેશમાં આવી જાય છે. જીવાત્માને એ આવાગમન ને ગતિ–અગતિ કરાવે છે, એવી આ માયાની કોઈ એક જ રીતે વ્યાખ્યા થઈ શકતી નથી, તેથી એને અનિર્વચનીય કહી છે. એટલે કે વચન–વાણી વડે એની એક જ રીતે, છે, નથી એક, અદ્વૈત, દ્વૈત, ભિન્ન, અભિન્ન, સત્ય, અસત્ય, જડ, ચેતન, કે એવા કોઈ એક જ પ્રકારે એનું નિરૂપણ થઈ શકે એવી એ નથી.

ભગવાન્ શંકરાચાર્ય એટલા જ માટે વિવેકચૂડામણિમાં શ્લોક ૧૦૯ માં કહે છે કે —

सन्नाप्यसन्नाप्युभयात्मिका नो,
भिन्नाप्यभिन्नाप्युभयात्मिका नो ।
सांगाप्यनंगाप्युभयात्मिका नो,
महाद्भुतानिर्वचनीयरूपा ॥

શબ્દાર્થ :–એ સત્ નથી, અસત્ પણ નથી; તે બન્નેવાળી નથી; ભિન્ન નથી, અભિન્ન પણ નથી, તે ઉભયરૂપે નથી; અંગવાળી નથી; અંગ વગરની નથી, તેમ બન્ને જેવી પણ નથી; તે તો મહાન્ અદ્ભુત અને અનિર્વચનીયરૂપા છે.

વિવેચન :–એ સત્ નથી, અસત્ નથી, બન્નેવાળી નથી. સત્‌નો અર્થ નિત્ય થાય છે; अस् હોવું એ સંસ્કૃત ધાતુનું એ વર્તમાનકૃદંત રૂપ છે; એટલે કે જે, હમેશાં, બધે અને બધામાં હોય, હોય અને હોય જ એવું જે ભાન રહે તે સત્ કહેવાય છે. કાળપરિચ્છેદ એને લાગુ પડી શકે નહિ કારણ કે સવારે, બપોરે, સાંજે કે રાત્રિમાં; આજ, કાલ, મહિના તથા વર્ષો વીતી જતાં બનતા યુગયુગાન્તરોમા જે હોય જ એટલે ત્રિકાળમાં જેનું જ્ઞાન–ભાન થયાં જ કરે એ સત્ કહેવાય; માયા સત્ એટલા માટે નથી કે જેનો મુખ્ય ધર્મ નામ અને રૂપની મન અને ઇન્દ્રિયોદ્વારા પ્રતીતિ કરાવવાનો છે, એથી એ નામ-રૂપે અનિત્ય છે એમ લાગે છે. બ્રહ્માંડભરમાં અંતઃકરણ અને ઇંદ્રિયો વડે જણાતાં–દેખાતાં અને સત્તા સિદ્ધ કરતાં અસંખ્ય નામરૂપ માયાના કાર્ય છે.

માનવી જીવનના જાગ્રતસ્વપ્નમાં નામરૂપનું ભાન, અને સુષુપ્તિ અવસ્થામાં એ નામરૂપ અવ્યક્ત (જેમાં નામ કે રૂપનું વ્યક્તિત્વપણું નથી તે)માં લય પામે છે, ત્યાર પછી એ જ અવ્યક્ત દશામાંથી જેમ નામરૂપનો આવિર્ભાવ થાય છે; તેવી જ રીતે આ સમસ્ત બ્રહ્માંડમાં અનન્ત વિસ્તારવાળા આકાશપ્રદેશમાં વાયુના પ્રચંડ પ્રવાહો ધ્વનિ જેવાં નામ અને વેગ જેવા રૂપ વડે ગતિમાન રહ્યા કરે છે. એ વાયુના પ્રવાહોના ઘર્ષણથી જે ઉષ્મા (ગરમી) પેદા થાય છે, તેમાંથી નક્ષત્ર, સૂર્ય, ગ્રહો, ઉપગ્રહો આદિ અગ્નિ તત્ત્વના પિંડ ઉપજી આવે છે, એ અગ્નિના દસ્તા આવીને ધીરે ધીરે શીતળતા વધે છે, ત્યારે એમાંથી જળના સમુદ્રો નીપજે છે, અને શીતળતા પણ જ્યારે જડ જેવી થઇને કઠિન બને છે, ત્યારે પૃથ્વી જેવું તત્ત્વ બનીને આ પૃથ્વીગ્રહની હયાતી અસ્તિત્વમાં આવી છે, એના ઉપર એ જ પંચતત્ત્વના મિશ્રિત કાર્યરૂપે ખનિજવર્ગ, વનસ્પતિવર્ગ, પ્રાણીવર્ગ, અને મનુષ્યવર્ગની અસંખ્ય જીવકોટિ પોતપોતાના ત્રિગુણાત્મક સ્વભાવ પ્રમાણે નામરૂપમાં ગડમથલ કર્યા કરે છે, અને તે ગડમથલ જ્યાં સુધી ચાલુ રહે, ત્યાં સુધી એને વ્યક્ત અથવા બ્રહ્માનો દિવસ કહેવામાં આવે છે. બ્રહ્મ પોતે તો કોઈપણ રીતે પુરુષ, સ્ત્રી કે ન પુમાન્ ન સ્ત્રી એટલે નપુંસક જેવું તત્ત્વ પણ નથી. ખરી રીતે જોતાં એમાં લિંગભેદ નથી, પણ મનુષ્યબુદ્ધિનો એવો અભ્યાસ છે કે દ્વૈતવિનાશમાં જ્યાં ત્યાં ઉત્પત્તિ જોવામાં આવે છે, તેમાં એક બાજુ હોય છે શક્તિમાળી પુરુષ (બીજરૂપ) નિમિત્ત વ્યક્તિ, તો બીજી બાજુ એની સાથે શક્તિરૂપિણી ક્ષેત્ર જેવી (સ્ત્રી)-જેવી કારણ-સ્વરૂપ ઉપાદાન વ્યક્તિ આ બન્નેના સંયોગ અને સંભોગમાંથી તૃતીય વ્યક્તિનો જન્મ થાય છે, એવી સામાન્ય માનવી બુદ્ધિને સંતોષવા માટે શાસ્ત્રકારોએ એ લિંગાતીત બહુવ્યાપક તત્ત્વને બ્રહ્મ એવું સંજ્ઞાનામ આપ્યું છે, એ બ્રહ્મ પોતાની અનિર્વચનીય કાલ્પનિક શક્તિનો આધાર લઇને વિશ્વસૃષ્ટિ ઉપજાવે છે, ત્યારે એ જ બ્રહ્મનું એક બાજુ પુંલ્લવાચક બ્રહ્મ અને એની સામે સ્ત્રીવાચક બ્રહ્માણી એવું નામ આપીને શક્તિમાન અને શક્તિ એવાં બેને ઈશ્વર અને માયા કહ્યાં છે. માનવી જીવનમાં જેમ સુષુપ્તિની અવ્યક્ત અને સ્વપ્નજાગ્રતની વ્યક્ત અવસ્થાઓના રાત્રિદિવસ છે, તેવી જ રીતે આ સમસ્ત વિશ્વની પણ ઉત્પત્તિ, સ્થિતિ, અને લય અવસ્થાને વ્યક્ત અને અવ્ય-

જાળો, સ્વર્ગના પ્રલોભન, નરકની ભયંકર યાતના, અને પાપપુણ્યના ફળ રૂપે આવી મળતા નાકપરોગના જન્મમરણશીલ શરીરો માટેના કર્મ અને ઉપાસનાના વર્ણનો છે ધીરેધીરે એનો સાધક અશુભ કર્મમાંથી શુભ કર્મમા, પુણ્યમાથી પાપમા, અનીતિમાથી નીતિમા, અધર્મમાથી ધર્મમા ચડવાનો પ્રયત્ન કરે છે શાસ્ત્ર અને રાજ્યના શાસન તથા દંડ એમને માટે હંમેશા તૈયાર જ હોય છે. વાસનાવાળા કર્મ અને ભોગવિલાસ માટે જ નીતિ, ધર્મ કે પુણ્ય આચરવાની જ એમની જીવનનીતિ હોય છે, દ્વંદ્વની ગડમથલમા સુખનો રાગ અને દુઃખનો દ્વેષ એના જીવનમા વારંવાર અભિનિવેશ પામ્યા કરે, આ ક્ષેત્ર સંપૂર્ણ અજ્ઞાનનુ છે

(૨) જેઓ કર્મ તેના સુખદુઃખ એ નિયમને પૂરી રીતે ન સમજનારા જીવાત્મા ઈશ્વર અને એની માયાશક્તિને અદૃષ્ટ સ્વરૂપે માની એની ભક્તિથી સુખ મળશે, અને સુખ મળશે એટલે પરમાત્માનુ સ્મરણ કરી લેવાશે એના અજ્ઞાનચક્રમા કર્મોને સકામભક્તિ કરે છે કર્મમાં જેવી રીતે સકામવૃત્તિ દ્વંદ્વમા ફસાવે છે, તેવી જ રીતે સકામ વૃત્તિ ઈશ્વરભક્તિમા રાખી હોય તો એમા પણ રાગદ્વેષની જાળ વધતી જાય છે અને પરિણામે સાંસારિક વૃત્તિઓ અંતરમાં ધૂંધવાટ વધારે છે

(૩) કર્મ તથા ઉપાસના બન્ને સકામ દૃષ્ટિએ તો એટલા જ હાનિકારક છે જેટલા એક નાસ્તિકને—ઈશ્વરીય સત્તા ન માનનારને હોય છે ઈશ્વરીય સત્તાનો ઇન્કાર કરનાર પણ પુણ્યકર્મો કરી શકે સાંસારિક સુખ ભોગવી શકે, એને કશી ઉપાસના કે ભક્તિની આવશ્યકતા ન પડે, અને છતા એ પોતાની સંકલ્પશક્તિ વધારી આગળ વધ્યે જાય છે, એવી દૃષ્ટિએ સકામ કર્મી, સકામ ઈશ્વરભક્ત, અને સકામ નાસ્તિકની વાસ્તવિક જીવનસ્થિતિમા કશો ખાસ તફાવત હોતો નથી નાસ્તિક સાંસારિક કરતા આસ્તિક સકામ ભક્ત એટલો સારો કહી શકાય એ માનાન્તરે એને માયાના દ્વંદ્વનુ ભાન થાય, એની નિઃસારતા સમજાય, ત્યારે ઈશ્વરના દિવ્યસ્વરૂપપ્રતિ નિષ્કામ ભક્તિ કરે, અને એ રીતે એને થોડી સરળતા થાય છતા સકામતા બધે જ આસક્તિ છે, રાગદ્વેષની જાળ છે, અવિદ્યા અને અહંકાર એના બીજવૃક્ષ છે, અને અસંખ્ય જન્મમરણની વાસનામાંથી મળી આવનારા શરીરો એનાં પરિપન્ન

રનુ સકામ ભક્તિનું ફળ જન્મમરણ, શરીર અને શરીરભોગ છે.

(૪) આ બધામાંથી છૂટવા માટે જ નિષ્કામ કર્મ, નિષ્કામ ભક્તિ અને અપરોક્ષ જ્ઞાન સર્વોત્તમ સાધન તરીકે નક્કી થયાં છે. એ દ્વારા જ માયાની અનિર્વચનીય સ્થિતિમાંથી તુચ્છતાનો નિશ્ચય થાય છે અને માયા એટલે કેવળ નિરાભાસ છાયા જ છે, એવો અનુભવ કરવા માટે જેના અજ્ઞાનથી આ માયા જણાય છે, અને જે પરમતત્ત્વના જ્ઞાનથી એ તુચ્છ થાય છે, એવા સાવધ જિજ્ઞાસુએ જાગી જવું જોઈએ.

તત્ત્વજિજ્ઞાસુ તું માયાને ઓળખવાની મહેનત ન કરીશ. પરમાત્માને ઓળખી લે અને પછી જ પૂછજે કે માયા છે કે નહિ? તો કેવી છે? કારણ કે જેની માયા હોય એને પૂછીએ તો જ એના સ્વરૂપનો ખ્યાલ પડે. ભગવાન શ્રી કૃષ્ણ એટલા જ માટે કહે છે કે —

दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।
मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ॥ ७ १४

ભાવાર્થ —મારી આ ત્રિગુણાત્મિકા દૈવી માયા ખરેખર મહા કઠણથી તરાય એવી છે, જેઓ મને જ શરણ થાય છે તેઓ આ માયાને તરે છે.

આ દૈવી માયા દિવ્ય શક્તિવાળી માયા ત્રણ ગુણવાળી છે, પણ એને તરવાના ઉપાય માયા કેવી છે? કોની છે? વગેરે પ્રશ્નો નથી તેમ જ માયાના પદાર્થો, નામપરલોકના ભોગો અનેક ચમત્કારિક શક્તિઓ સાંસારિક ભોગ માટેની કૃપાયાચનાઓ રૂપે થતી પ્રાર્થનાઓ ઉપાસનાઓ ધ્યાનો યોગો અનુષ્ઠાનો તપશ્ચર્યા ઇત્યાદિ વડે એ માયા નાશ પામવાની નથી પરંતુ એ માયાના પતિ કે જ્યાં માયા છે જ નહિ એવા એ પરમતત્ત્વ સચ્ચિદાનંદઘન પરમાત્માનું શરણું લેવાય ચિત્ત અને પ્રાણમાં એ પરમાત્માને જ જો ભરી દેવાય તો પછી માયા કયાં છે? કેવી છે? કેમ છૂટે? એમાંથી કેમ છૂટાય છૂટયા પછી જીવાત્મા ક્યાં રહે? મુક્તિ મોક્ષ કે એવી શી દશા—એમાંથી પણ કેમ છૂટાય?—એવા પ્રશ્નો જ રહેતા નથી માટે સાધક માયાની વ્યાખ્યા કરવાની ભાંજગડમાં ન પડતા પરમાત્માના ઓળખાણ (જ્ઞાન) તેમ જ દર્શન (સાક્ષાત્કાર) અને અભેદાનુભવ (અપરોક્ષ જ્ઞાન) મેળવી નિરંતર તૃપ્તિ ભોગવવા ભાગ્યવાન થાવ.

બ્રહ્મસંબંધ
(ગતાંકથી ચાલુ)

લેખક
આ. શ્રી. માધવતીર્થજી

અવતારનું પ્રયોજન

ભગવાનને પોતાને માટે જગત રચવાની જરૂર પડતી નથી જો જગત રચવાથી ભગવાનને વધારે આનંદ મળવાનો હોય તો જગત રચ્યા પહેલાં તેને ઓછો આનંદ હોવો જોઈએ તેવી રીતે ભગવાનને પોતાને માટે અવતાર લેવાની જરૂર પડતી નથી જ્યારે તે અવતાર લે છે ત્યારે સાધુઓના રક્ષણ માટે અને દુષ્કર્મીઓના નાશ માટે અવતાર લે છે

શ્રી અંબાજીના એક ભક્તે એક વાર એવું કહેલ હતું કે જગદંબા હુંકારા કરે છે અને કહે છે કે જે મને જીતે તેને હું પરણું છું, એટલે કે જે માયાને જીતે તેને માયા પરણે છે તે વખતે માયા બ્રહ્મરૂપ થાય છે બ્રહ્મ તો બ્રહ્મ છે જ પણ માયાને બ્રહ્મરૂપ કરવી એ મોટામાં મોટો યોગ છે તેને જ બ્રહ્મસંબંધ કહે છે

માયાના બે સ્વરૂપ સામાન્ય રીતે મનાય છે એક વિદ્યાશક્તિ અને એક અવિદ્યાશક્તિ જ્યારે અવિદ્યાશક્તિને જીતવી હોય ત્યારે વિદ્યાશક્તિને ઉપયોગમાં લેવી પડે છે રજોગુણ અને તમોગુણ એ અવિદ્યાશક્તિ છે અને તે કંસનું સ્વરૂપ છે, વિદ્યાશક્તિ એ સત્વગુણનું સ્વરૂપ છે એ સત્વગુણનો આધાર લઈને ભગવાન અવતાર લે છે, તેથી શ્રી કૃષ્ણના જન્મ પછી શ્રીકૃષ્ણ અને કંસ બન્ને એક જ વાર મળેલા છે અને જ્યારે મળ્યા છે ત્યાર શ્રીકૃષ્ણરૂપી વિદ્યાશક્તિથી કંસરૂપી અવિદ્યાશક્તિને મારી છે

કંસરૂપી અવિદ્યા જ્યાં સુધી જીવોને નડે છે ત્યાં સુધી પૃથ્વી ઉપર પાપનો

ભાર વધી પડે છે જ્યારે પાપ બહુ વધી પડે છે અને ભગવાનના અવતાર સિવાય બીજો કોઇ ઉપાય દેખાતો નથી ત્યારે દેવો ભગવાનને અવતાર લેવા માટે પ્રાર્થના કરે છે હાલમા ચાલતી લડાઇની શાંતિ માટે ઘણા યજ્ઞો કરે છે કોઇ પ્રાર્થના કરે છે પણ જ્યા સુધી મનની અંદર રાગદ્વેષ રહેલા હોય છે રસ જેવાના રાજ્ય વધતા જાય, છે, ત્યા સુધી લડાઈ સદાને માટે શાંત થાય તેમ નથી સાચી કેળવણી વગર રાગદ્વેષ ઓછા થાય તેમ નથી પણ સાચી કેળવણી કોણ આપે? સાધુઓ તે આપે તો પણ કોણ સાંભળી ગ્રહણ કરે તેમ છે? હાલના કાળમા જે મુડીવાળાના પાપ થાય છે તેની સામે મજુરીવાળા થઇ રહ્યા તે કારણથી કદાચ હાલમા રશીઆની જીત થતી હોય તેની જીતથી કેટલીક સગવડ થશે અને કેટલીક અગવડ થશે. મજુરીવાળા મજુરીના ધર્મ સમાજમા દાખલ કરશે બધાને સમાન ગણવા, સર્વ કરે તેજ સાચુ એવા મજુરોના ધર્મમા પણ કાઇક વ્યક્તિની પરાધીનતા ઉત્પન્ન થવા લાગશે. તેમાથી કેટલીક અગવડો ઉત્પન્ન થશે તે પછી ગુણ કર્મ પ્રમાણે વ્યવસ્થા કરીને વ્યક્તિને કેટલીક સ્વતંત્રતા આપવી જોઇશે તે માટે ધાર્મિક માણસોની મદદની જરૂર પડશે અથવા અવતારની જરૂર પણ લાગે

ભગવાન સર્વવ્યાપક છે,અવતાર લેવો હોય તો તેણે એક જગ્યાએ આવવુ જોઇએ સર્વવ્યાપક સ્વરૂપે તે બધાના પિતા છે વસુદેવ અને દેવકીના પણ પિતા છે જે બધાના પિતા છે તે વસુદેવના દિકરા શી રીતે થાય? જે સર્વવ્યાપક છે તે દેવકીજીના હૃદયમા શી રીતે સમાઇ શકે? છતા પ્રેમ અને ભક્તિ ભગવાનનો સ્વભાવ ફેરવી શકે છે ગયા જન્મમા વસુદેવ અને દેવકીજીએ તપ કરી ભગવાનને પ્રસન્ન કર્યા હતા અને જ્યારે ભગવાને વરદાન માગવાનુ કહ્યુ ત્યારે તેઓએ કહ્યુ કે અમારે તમારા જેવો પુત્ર જોઇએ છે તે વરદાન પ્રમાણે ભગવાન નિર્ગુણ છતા સગુણ થઇ ગયા સર્વવ્યાપક હોવા છતા એક (concentration) થી—એકાગ્રતાથી આવી શક્યા હતા

હાલના કાળમા પણ જો કોઇ દંપતી (સ્ત્રીપુરુષ) તપ કરી, બ્રહ્મચર્ય પાળીને ભગવાનને પ્રસન્ન કરે અને ભગવાન પ્રસન્ન થાય ત્યારે તેમના જેવો પુત્ર માગે તો ભગવાનને અવતાર લેવો પડે એ રીતે માત્ર એ માણસના તપથી આખી માણસ જાતને ફાયદો થાય તેમ છે એવો ફાયદો કમીંગીરો અને

કોન્ફરન્સ કે કોંગ્રેસથી પણ થઇ શકે તેમ નથી પણ એવા માબાપ હાલ મળે કેવી રીતે ?

ભગવાન સર્વવ્યાપક છે તેથી તેને જો એક જગ્યાએ કામ કરવા આવનુ હોય તો કાઇક માગનો આધાર લેવો જોઇએ માયામા સ્વતંત્ર સત્તા નથી છતા માયા વગર ભગવાન એક જગ્યાએ રહેવા આવતા નથી જ્યારે તેની ઇચ્છા એક જગ્યાએ આવવાની થાય છે ત્યારે તે પોતાના સ્વરૂપમાથી માયા ઉત્પન્ન કરે છે, અને અહ્ન માયા સ્વીનાનીન અવતાર નઇ શકે છે સતયુગ દ્વાપરયુગ અને ત્રેતાયુગમા એવા દુ ખ ઉત્પન્ન થયા હતા કે જે ભગવાનના અવતાર સિવાય દૂર થઇ શકતા નહોતા તેથી તે ત્રણ યુગમા ભગવાને ઘણા અવતાર લીધા છે હાલ કલિયુગમા ઘણા દુ ખ અને ઘણી અગવડો ઉત્પન્ન થાય છે પણ માણસો એમ સમજી લેવા કે તે દુ ખ અમારી બુદ્ધિથી અમારા સાધનથી દૂર કરી શકીશુ એ માણસનુ અભિમાન બતાવે છે સાયન્સથી ઇન્દ્રિયોના વિષયોના ભોગના સાધન વધ્યા છે પણ તેનાથી માણસોની વૃત્તિઓ બહાર ભટકતા લાગી છે હાલમા બુદ્ધિ વધી છે પણ શ્રદ્ધા અને ચારિત્ર્ય ઓછા થઇ ગયા છે હાલના કાળમા ભગવાન અવતાર લઇને આવે તો પણ હાલના વકીલો તેમને પૂછે કે "તમે ભગવાન છો તેની ખાત્રી શી ? છતા ભગવાન દયાળુ છે તે અવતાર લઇને માણસના દુ ખ દૂર કરવા તત્પર છે પણ તેમણે જીવને થોડી સ્વતંત્રતા આપી છે, તેના પરિણામમા જીવમા અભિમાન વધી ગયુ છે જ્યારે એના દુ ખ ઉત્પન્ન થશે કે જે ભગવાનના અવતાર સિવાય દૂર થઇ શકે જ નહિ ત્યારે એટલે કલિયુગને અંતે ભગવાનના અવતારની જરૂર તા છે શ્રીમદ્ ભાગવતની સ્તુતિઓના ભાગમા ભગવાનને ત્રિયુગાય નમ એમ કહ્યુ છે એટલે ત્રણ યુગમા અવતાર લેવાવાળા આપને નમસ્કાર કરીએ છીએ એટલે કલિયુગમા ભગવાનનો અવતાર થવાના નથી પણ કલિયુગને અંતે ભગવાનનો અવતાર થશે કલિયુગની વચના મહાત્માઓ દ્વારા જગતને મદદ આપવાનુ કામ કરશે

શ્રીકૃષ્ણનો અવતાર નીચે પ્રમાણે કલિયુગની પહેલા થએલ છે તેમના મુખ્ય કામમા નાની ઉમરમા ભક્તોને પ્રેમ આપેલ છે ગોપીઓ આત્માઓ

આપે આનંદ આપેલા છે, મોટી ઉમરે મહાભારતના યુદ્ધમાં અર્જુનને (જ્ઞાન ભક્તિ અને કર્મના સ્વરૂપ) ગીતા સંભળાવેલ છે અને આખરને વખતે ઉદ્ધવજીને (એકાદશ સ્કંધમાં) અદ્વૈત તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપી પોતે સ્વધામ પધારેલ છે દશમ સ્કંધમાં ખાસ કરીને ભક્તોને પ્રેમ અને ભક્તિનું દાન કરેલ છે તે કામ કરતા જે વિઘ્નો ઉત્પન્ન થયા છે તે પોતાની શક્તિથી દૂર કરેલ છે

પ્રેમમાં પણ ઘણા પ્રકાર છે ઘણા ભાવ રહેલા હોય છે કેટલાક ભક્તો ભગવાનના દાસ થવાનું વધારે પસંદ કરે છે એ દશામાં દાસને કાંઈક મેવા બતાવવી જોઈએ તેથી નિર્ગુણ ભગવાનને સગુણ થવું પડે છે, એટલું જ નહિ પણ સ્વીકનાર ભગવાનને પોતાને પણ દાસના દાસ થવું પડે છે

એ દશામાં એટલી સગવડ છે છતાં ઘણીવાર શેઠ અને નોકરની માફક (દાસભાવમાં) મોટા નાનાનો ભેદ રહી જાય છે તેથી કેટલાક ભક્તો ભગવાનને મિત્ર માની લે છે કે જેથી મોટા નાનાનો ભેદ ન રહે આવો સખ્ય ભાવનો પ્રેમ અર્જુન અને શ્રીકૃષ્ણ વચ્ચે હતો સખ્ય ભાવમાં સમાનતા રહે છે એ એક પ્રકારની સગવડ છે પણ તેમાં પ્રેમ સાપેક્ષ રહે છે એટલે કે એક મિત્ર પ્રેમ કરે તો જ બીજો મિત્ર પ્રેમ કરે છે તે અગવડ દૂર કરવા માટે કેટલાક ભક્તો ભગવાનને મા માની લે છે માનો પ્રેમ નિરપેક્ષ રહે છે દીકરો પ્રેમ ન કરે તોપણ મા તેના ઉપર પ્રેમ કરે છે તેવી જ રીતે જો કદાચ ભક્ત પ્રેમ કરતાં ભૂલી જાય તોપણ ભગવાન માની માફક સંભાળ લે છે એ પ્રેમમાં એટલી સગવડ રહે છે છતાં મા દિકરાની ઉમરમાં ફેર રહેવાથી પ્રેમમાં પુરી છૂટ લઈ શકાતી નથી દિકરો મોટો થયા પછી તે પ્રેમમાં કાંઈક સંકોચ આવી જાય છે તે અગવડ દૂર થવા માટે કેટલાક ભક્તો ભગવાનની પટરાણી થવા માગે છે સ્ત્રી પુરુષના પ્રેમમાં મર્યાદા રહેતી નથી તે મર્યાદાવગરનો પ્રેમ છે તેમ ભક્ત પણ તેવા ભાવમાં ભગવાન સાથે મર્યાદા વગરનો પ્રેમ લઈ શકે છે છતાં એ પ્રેમમાં એક અગવડ એ રહે છે કે પરણ્યા પછી શરૂઆતમાં જેવો પ્રેમ રહે છે તેવો પ્રેમ પરણ્યા પછી ૫–૧૦ વર્ષ થયા પછી નથી રહેતો એવી અગવડ દૂર કરવા માટે કેટલાક ભક્તો પરકીયા ભાવનો પ્રેમ પસંદ કરે છે તે પ્રેમને ગોપી

ભાવ અથવા મધા ભાવ કહે છે જે સ્ત્રીને પરપુરુષ સાથે જારના જેટલો પ્રેમ હોય તે ઘરનુ કામ કરતા પણ તે સુખ ભુલતી નથી અને કેટલાક અંશે તે સુખનો સ્વાદ મનથી લીધા કરે છે અહિં જારના જેવો સબંધ સમજવાનો નથી પણ જારના જેવો પ્રેમ સમજવાનો છે, તેને જ અનન્યભાવ કહે છે એ પ્રેમ અલૌકિક છે જે પ્રેમમા થોડીવાર પણ પ્રિયતમનુ વિસ્મરણ ન થાય તેને અલૌકિક પ્રેમ કહે છે એ પ્રેમ માટે ભક્તમા યોગ્ય ભૂમિકા તૈયાર થવી જોઇએ તેવી ભૂમિકા માટે ભગવાનનો અનુગ્રહ જોઇએ એવા પ્રેમની સગર્ભ ભગવાનના અવતાર વખતે બહુ રહે છે એવા પ્રેમમા સંસારના બધા બંધન કપાઇ જાય છે જ્ઞાનમાર્ગમા પ્રકૃતિનો નિષેધ થાય છે ભક્તિમાર્ગમા ભગવાનના અનુગ્રહથી પ્રકૃતિને બાળીને તેનો અભેદ ભગવાન સાથે કરવાનો યત્ન થાય છે ભક્તિમાર્ગમા પ્રકૃતિ સાચી માનેલી હોવાથી ભગવાન સાથે એકતા થાય છે અને એવો પ્રેમ વધારવા માટે કોઇ વાર વિરહ દશા પણ ઉત્પન્ન થાય છે વિરહ એ પ્રેમને વધારવા માટે જરૂરી તત્ત્વ છે સંસારના પ્રેમમા પણ કન્યા પહેલી વાર સાસરે જઇને થોડા દિવસમા પાછી પીયર આવે છે તે વખતે તેને પીયરના સુખની અને સાસરાના સુખની તુલના કરવાનો પ્રસંગ મળે છે એ વિરહમા પ્રેમ જાગે છે અને વધે છે અને તેનુ ફળ તે ફરીથી બીજીવાર સાસરે જાય છે ત્યારે મળે છે તેવી જ રીતે સગુણ ભગવાન પણ કોઇવાર ભક્ત આગળથી અદૃશ્ય થઇ જાય છે એટલે ભક્ત તેના વિરહમા તરફડે છે એ તરફડાટમા તેનામા ભગવાનનો પ્રેમ ઝીલવાની શક્તિ વધે છે જ્ઞાનમાર્ગમા અધિષ્ઠાનનુ જ્ઞાન જ્ઞાનીમા સતત રહે છે અને અધ્યસ્ત માયા નિત્ય નિવૃત્ત છે તેથી અભેદ નિત્ય બની રહે છે જ્ઞાનીને વિયોગ થતો નથી

ભક્તિમાર્ગ એ પ્રેમથી ભગવાન સાથે એકતા પામવાનો માર્ગ છે તેથી તે માર્ગ અદ્વૈત જ્ઞાનના માર્ગથી વિરુદ્ધ નથી પ્રેમલક્ષણાભક્તિનુ પર્યવસાન અદ્વૈતમા જ થાય છે પ્રેમી પોતાના પ્રિયતમથી દ્વૈતભાવ સહન કરી શકતો નથી કોઇ ખાનગી વાત એક બીજાથી છૂપી રાખી શકતા નથી પ્રેમમા પડદો અથવા આડા રહી શકતો નથી શુદ્ધ ભક્તિનુ ફળ સર્વાત્મભાવ અને આનંદ છે જ્ઞાનનુ ફળ પણ સર્વાત્મભાવ અને આનંદ છે જ્ઞાની ભેદનો નિષેધ કરે છે કારણ કે અભેદ સિદ્ધ છે ભક્ત ભેદનો અભેદ કરે છે કારણ કે અભેદ સાધ્ય છે

તેથી ભક્ત સ્વતંત્ર થવા કરતા માગે છે, જ્ઞાના કલ્પિત ભેદ દૂર કરવા માગે છે.

જો ભક્ત જગતમા ગોવિંદનુ અનુસંધાન કરી શકે કે તે ભક્તનો ગુણમય દેહ ક્ષીણ થઈ જાય છે અને જ્યારે તેનુ દ્રવીભૂત થયેલ ચિત્ત ભગવદ્ આકાર થાય છે ત્યારે ભક્તિના સંસ્કાર હૃદયમા જરૂર પડે છે. તે સંસ્કાર સ્વરૂપ પ્રાપ્તિનુ સાધન બને છે, અને પતિપત્નીના સંબંધની માફક પ્રેમ સંબંધ ઉત્પન્ન થાય છે.

ભક્તિમાર્ગમા પતિ એ સાક્ષાત્ બ્રહ્મસ્વરૂપ છે. તે પ્રેમ આપી શકે તેવા છે. જગતમા ઉચામા ઉચી વસ્તુ હોવાથી ભક્તો ભગવાન પાસે જ્ઞાન માગતા નથી, સિદ્ધિ કે શક્તિ માગતા નથી પણ પ્રેમ માગે છે. પ્રેમ જોઈએ ત્યારે સિદ્ધિ કે શક્તિનો વિચાર એક બાજુ મૂકવો જોઈએ. તાપસરાની પત્ની પોતાના પતિ તાપસ થયો હોય તો તે તાપસરાય છે એમ ભૂલવુ જોઈએ. જ્યા શક્તિનો વિચાર છે ત્યા પ્રકૃતિનો વિચાર છે, જ્યા જ્ઞાનનો વિચાર છે ત્યા ચેતનનો વિચાર છે. એ ચેતનનુ પતિરૂપે કેવુ સ્વરૂપ છે તેનુ વર્ણન આપતા શ્રીમદ્ ભાગવતમા (૨-૪-૨૦) કહેલ છે કે —

श्रियः पतिर्यज्ञपतिः प्रजापतिर्धियां पतिर्लोकपतिर्धरापतिः ।
पतिर्गतिश्चान्धकवृष्णिसात्वतां प्रसीदतां मे भगवान्सतांपतिः ॥

જે લક્ષ્મીના પતિ છે, યજ્ઞપતિ છે, પ્રજાપતિ, બુદ્ધિના પ્રેરક, લોકપાલક, પૃથ્વીના પાલક, અંધક, વૃષ્ણિ અને સાત્વિક વંશના યાદવોના પતિ છે, અને તેમની ગતિ છે તે સત્પુરુષોના પણ પતિ છે. તે ભગવાન મારા ઉપર પ્રસન્ન થાઓ. આવા ભગવાનના વિશેષ ગુણ જાણવા હોય તો શ્રીમદ્ ભાગવતની બધી સ્તુતિ બરાબર વાચવી જોઈએ, અથવા વિષ્ણુસહસ્ર નામ ઉપર શંકરાચાર્યનું ભાષ્ય વાચવુ જોઈએ.

એવા ભગવાનનો અવતાર વસુદેવ અને દેવકીજીને ત્યા થયેલ છે. એવા પતિએ અદ્ભૂત રાસલીલા કરી બતાવી ભક્તોને અલૌકિક આનંદ આપેલ છે. જેમ કામીને કામીના સંગથી માતાના ગર્ભમા સ્થૂળદેહ બંધાય છે અને પછી તે સ્થૂળ પરમાણુની સત્તામાથી છૂટવુ મુશ્કેલ લાગે છે તેમ નિષ્કામી આત્માના સંગથી જે ચિન્મય સ્વરૂપ અનુભવમા આવે છે, તેના જે સંસ્કાર ભક્તોના

હૃદયમા પડે છે તે માતાના સંસ્કારને તાજો કરી શકે છે.

જે સ્ત્રીને સાચો પતિ મરેલ નથી તે સૌભાગ્યવતી નથી. ભગવાન આત્મભાવે સર્વના પતિ છે. તેને શરણ રહેવું એ દરેક જીવની સ્વાભાવિક દશા હોવી જોઈએ. તેને શરણ ન રહે તો જીવને દોષ લાગે છે. તેમા અમરણ પ્રત્યવાય છે. પણ સામાન્ય જીવમા આવરણ રહેલું હોવાથી તે એકદમ સાધન છોડી પ્રભુ તરફ વળતો નથી. કદાચ વળે છે તો સગવગ નકામ થતા નથી શરણ થવું એમા એક આશ્ચર્યકારક ભાન રહેલો હોય છે. જ્યાં શરણ થાય છે તેને શરણ કરવો એ સામાન્ય જીવ માટે અઘરૂ કામ છે તેથી ભગવાનના અનુગ્રહની જરૂર રહે છે. જ્યાર ભગવાનનો અવતાર હોય ત્યારે અનુગ્રહ મેળવવાનું વધારે અનુકૂળ પડે છે. તેથી સાધુઓના રક્ષણ માટે અને દુષ્કર્મીઓના નાશ માટે ભગવાનને અવતાર લેવો પડે છે. ગીતાના ભગવાન એમ કહે છે કે જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે ત્યારે અધર્મ નો નાશ કરવા માટે, અને ધર્મનું સ્થાપન કરવા માટે હું અવતાર લઉં છુ તેના બે અર્થ થઈ શકે છે. એક અર્થ–સમાજમા જ્યારે અધર્મ ફેલાય છે ત્યારે અવતાર લઉં છું એવો થાય છે અને બીજો અર્થ–વ્યક્તિમા જ્યારે અધર્મ ફેલાય છે અને જીવ જ્યારે બહુ દુખી થાય છે અને ભગવાનને મદદ માટે પોકારે છે ત્યારે તેના મનના અને હૃદયના પ્રાણના અને શરીરના દુખો દૂર કરવા માટે પણ ભગવાનની મદદ તેને માટે આવે છે તે કઈ રીતે આવે છે તે કેટલીક વાર જાણી શકાતુ નથી, છતાં ભક્તોને દુખ વખતે ખાતરી થાય ભગવાને મદદ આપેલી છે. એ પણ ભગવાનનો અવતાર ગણી શકાય છે

વસુદેવજી અને દેવકીજી એ શુદ્ધ બુદ્ધનું સ્વરૂપ છે. કંસ એ અવિદ્યાનું સ્વરૂપ છે. જ્યારે અવિદ્યાથી સત્વગુણ દબાય ત્યારે અધર્મનું સામ્રાજ્ય થાય છે. તે વખતે ભક્તો ભગવાનનો અનુગ્રહ માગે છે. ભગવાનના કૃપાથી સત્વગુણ અવિદ્યાની જેલમાંથી છૂટો થાય છે તે પણ અવતારનું સ્વરૂપ છે.

અવતારના સ્વરૂપમાં માતાના ભાગ અલ્પ હોય છે અને સ્વરૂપનું ભાન અતિશય હોય છે. એ વાત નગરમાં સમજવા માટે શ્રી કૃષ્ણના જન્મનો પ્રેમ મ હવે સાથ લઈએ છે. જ્ઞાની પુરુષોના સ્વરૂપનું પણ ભાન અતિશય હોય છે.

કરી રહેલ છે

તેવી જ રીત પરમાત્માની આનન્દ સત્તા પણ ત્રિગુણમયી પ્રકૃતિદ્વારા પ્રતિબિંબિત થઈ પ્રકૃતિમાંથી ઉત્પન્ન થએલ જગતમાં વિવિધ વિષય સુખરૂપે ભાસમાન થઈ રહેલ છે તેમનો સ્વરૂપગત આનન્દ નાના તરતમ વગરનો, સુખદુઃખાતીત અખંડ અને નિત્ય છે

नानात्व भेद हीनोऽस्मि ह्यखण्डानन्द विग्रह ।

પરમાત્મા અખંડ અને અદ્વિતીય આનન્દરૂપ હોવા છતાં પરિણામિની પ્રકૃતિદ્વારા જ્યારે તે આનન્દ સંસારમાં પ્રકાશિત થાય છે, ત્યારે પ્રકૃતિના ત્રિગુણ સંબંધને લઈને અનેક વિષયસુખરૂપે તે આનન્દનો વિવિધ વિકાસ જણાવામાં આવે છે અને જીવ પોતપોતાની પ્રકૃતિ અને પ્રવૃત્તિ અનુસાર તે વિકાસના સાત્વિક રાજસિક અને તામસિક સુખરૂપે ઉપભોગ કરે છે શ્રુતિમાં પણ કહ્યું —

एषाऽस्य परम आनन्द एतस्यैवानन्द स्यान्यानि
भूतानि मात्रा मुपजीवन्ति ॥

પરમાત્મા આનન્દરૂપ છે તેમની જ આનન્દ સત્તાને લઈને સમસ્ત જીવ આનન્દ પ્રાપ્ત કરે છે ત્રિકાલાતીત સુખદુઃખ દ્વન્દ્વહીન પરમાનન્દની સ્થિતિ તેમનામાં જ છે, અને તેમની આનન્દ સત્તાનો કંઈ કંઈ અંશ પ્રાકૃતિક જીવ વિષયસુખરૂપ પ્રકૃતિદ્વારા સંસારમાં ભોગવે છે દમ્પતીના હૃદયના પરસ્પર રમતા પ્રેમનો મધુર આનન્દ મિત્રોના હૃદયમાં એકપ્રાણતાનો પવિત્ર આનન્દ માતાપિતાના હૃદયમાં નિઃસ્વાર્થ સ્નેહ અને વાત્સલ્યમાંથી જન્મેલા ઉદાર આનન્દ મમતાનમોહાદિ વિષયપાશબદ્ધ વિષયી જનોના હૃદયમાં દુઃખ પરિચ્છિન્ન વિવિધ વિષયાનન્દ આવા આવા બધા પ્રકારના આનન્દ અનન્ત આનન્દના નિત્ય ભંડાર પરમાત્માની આનન્દ સત્તાના બિન્દુમાત્ર અંશનું ગ્રહણ કરીને ત્રિગુણમયી માયાદ્વારા અનિત્ય સુખરૂપે સંસારમાં વિકાસ કરે છે માયાદ્વારા વિવિધ પ્રકારે સંસારમાં માયાતીત સત્ ચિત્ આનન્દરૂપ પરમાત્માના વિકાસનો આ મહિમા છે જેના પરિજ્ઞાનથી માનવજીવ પોતાની અનન્ત સત્તાની ઉપલબ્ધિ કરી દુઃખદાવાનલદગ્ધ સંસારમાંથી મુક્તિ મેળવી શકે છે છાન્દોગ્ય શ્રુતિમાં પણ કહ્યું છે કે **यो वै भूमा तत्सुखं नाल्पे सुखमस्ति** [illegible]

तन्मर्त्य स भगव कस्मिन् प्रतिष्ठित इति स्वे महिम्नि" પરમાત્માનો વ્યાપક આનન્દ નિત્ય અને શાશ્વત છે અને જે માયા દ્વારા વિષય સુખરૂપે અલ્પ આનન્દ મળે છે તે અનિત્ય અને ક્ષણભંગુર છે. આનંદરૂપ પરમાત્માની આ સત્તા અન્ય કોઈ પર નિર્ભર કરતી નથી. સમસ્ત સૃષ્ટિનું મૂળ પરમાત્માની સત્તા જ છે. સંસારમાં એવી કોઈ વસ્તુ, જ્ઞાન, શક્તિ, પ્રમાણ કે સત્તા નથી કે જેની ઉત્પત્તિ આત્મામાંથી થઈ ન હોય. તૈત્તિરીય ઉપનિષદમાં કહ્યું છે કે – 'यतो वा इमानि भूतानि जायन्ते येन जातानि जीवन्ति यत् प्रयन्त्यभि सविशन्ति ॥ પરમાત્મામાંથી જ સમસ્તભૂતોની ઉત્પત્તિ થાય છે, પરમાત્મા દ્વારા જ પરમાત્મામાં સમસ્ત ભૂતોની સ્થિતિ રહે છે અને પરમાત્મામાં જ ભૂતમાત્ર લય પામી જાય છે. છાન્દોગ્યમાં પણ કહ્યું છે કે —

" सर्वंखल्विदं ब्रह्म तज्जलानिति शान्त उपासीत ॥

સમસ્ત સંસાર બ્રહ્મમય છે અને બ્રહ્મમાં જ અખિલ જગતની ઉત્પત્તિ સ્થિતિ અને લય થયા કરે છે, એટલા માટે બ્રહ્મની જ ઉપાસના કરવી જોઈએ જે માયાના પ્રભાવથી એક રસ, અદ્વિતીય પરમાત્મામાં સમસ્ત પ્રપંચનો વિસ્તાર થાય છે, તે માયા પરમાત્માથી પૃથક્ વસ્તુ નથી એ વિશ્વપ્રસાદિની પ્રકૃતિ તેમની શક્તિરૂપે તેમનામાંથી જ ઉત્પન્ન થાય છે. શ્રુતિમાં પણ કહ્યું છે કે,

• यत प्रसूता जगत प्रसूती तावेन जीवान् व्यवसर्ज भूम्याम् ॥

જગત પ્રસવિની પ્રકૃતિ પરમાત્મામાંથી જ ઉત્પન્ન થઈ કારણવારિ દ્વારા સંસારમાં સમસ્ત જીવની ઉત્પત્તિ કરે છે

સૃષ્ટિ સર્જન માટે યોગબળથી પરમાત્મા દ્વિરૂપ થાય છે, તેમનું દક્ષિણાંગ પુરુષ અને વામાંગ પ્રકૃતિ થાય છે એ પ્રકૃતિ બ્રહ્મરૂપિણી નિત્યા, અને સનાતની તથા અગ્નિમાં દાહિકા શક્તિની માફક પરમાત્માની શક્તિરૂપિણી છે. તેના દ્વારા જ ચરાચર જગતની ઉત્પત્તિ થાય છે, અને તેમની શક્તિ હોવાને કારણે પણ સ્ત્રીએનો માયા બ્રહ્મથી પૃથક્ નથી

(અપૂર્ણ)

卐

પ્રસંગસ્ફૂર્ત્તિ

અમદાવાદની ગુજરાત કોલેજમા કવિશ્રી ન્હાનાલાલનું તૈલ ચિત્ર મૂકવામાં આવ્યું. કવિશ્રીએ પોતાનો વિદાય સંદેશ સંભળાવ્યો.—દ્વારકા, શારદાપીઠના શંકરાચાર્યની 'ગાદી' માટે અનેક ઉમેદવારો તૈયાર થયા છે આમ્નાય પ્રદેશની પ્રજાને તથા ગાયકવાડ રાજ્યને જૂદા જૂદા અભિપ્રાયની ભલામણો અને વિનંતીઓ થાય છે. કોને માથે 'મુકુટ' ચડશે એ અનિશ્ચિત છે. છેલ્લી પા સદી કરતાં પણ વધારે વર્ષથી ચાલતા આ ઝઘડાનો અંત ન આવતાં ત્રણ ત્રણ શંકરાચાર્યો (!) 'ગાદી'ને શોભાવે છે!—શ્રી શ્રેયસ્સાધક અધિકારી વર્ગનો સુડતાલીસમો સમારંભ વડોદરામાં ઉજવાયો!— અમદાવાદમા શ્રી. વિદ્યાનંદજી મહારાજની જયન્તી યોજનાઓના સમારંભો ખૂબ જોરથી ઉજવાય છે:—હિંદુકોડનો વિરોધ ખૂબ જ વધી પડયો છે. ભાવી અદૃષ્ટના હાથમાં છે. યુગધર્મ તો પોતાનું કામ કર્યેજ જાય છે.—માણસામા શ્રી ભગવદ્‌ગીતાની પાઠશાળાનો મહોત્સવ થયો.—શ્રી. શુદ્ધાદ્વૈત સંસદ્‌ના મુંબઈ વિભાગની કાર્યવાહક સમિતિની સભા રવિવાર તા. ૨૫મી ફેબ્રુઆરીએ મુંબઇમા શ્રી. છોટાલાલ સુતરીઆના પ્રમુખપદે ભરાઇ. કેટલાએક મહત્વના ઠરાવો થયા.—અમદાવાદ જ્યોતિસંઘના વેપારી કલા વિભાગનું તા. ૪થી ફેબ્રુઆરીએ શ્રી. રવિશંકર રાવળના હાથે ઉદ્‌ઘાટન થયું.-ચાલ્ટામા ત્રિપક્ષીનેતાઓની પરિષદ ભરાઇ —યુદ્ધ પછી શાંતિ સ્થાપવાની યોજનાઓએ સર્વત્ર વાતાવરણ ગરમ કરી મૂક્યું છે. અશાંતિ માઝા મૂકતી જાય છે; શાંતિની રમણીય તથા મનોહર ઉષાનાં સ્વપ્ન જોવાઇ રહ્યા છે. પરમાત્મા સાચી સાર્વત્રિક ઉન્નતિ તથા શાન્તિનાં આશિષનો ઉપજાવી સત્વર યુદ્ધને શમાવે એવી પ્રાર્થના છે.

— ઉત્થાન કાર્યાલયમાં મળતાં બીજાં ધાર્મિક પુસ્તકો —

સ્વા. શ્રી. માધવતીર્થજીનાં લખેલાં:—

૧, હું કોણ ?	૨, તું કોણ ?	૩, તે કોણ ?
૨-૪-૦	૨-૦-૦	૩-૦-૦

ત્રણે પુસ્તકો સરળ ભાષામાં દૃષ્ટાન્તો સહિત વેદાન્તજ્ઞાન સમજાવે છે.

ગીતાદર્પણ એટલે શ્રીમદ્ ભગવદ્‌ગીતા પર શ્રી રામેશ્વરાનન્દી-અનુભવાર્થ-દીપક ભાષા-ભાષ્ય: સ્વા. શ્રી. આત્માનન્દ મુનિજીએ લગભગ ૫૭૫ પાનના આ ગ્રન્થમાં પ્રત્યેક ભારતવાસી સમજી શકે તેવી સરળ હિંદી ભાષામાં આ મહાગ્રન્થનું જ્ઞાનયોગશાસ્ત્ર બહુ જ રસપ્રદ રીતે સમજાવ્યું છે. આવો કાપડી પૂંઠાનો દળદાર જ્ઞાનભરપૂર ગ્રન્થ હાલના સંયોગોમાં માત્ર પડતર કિંમતે [૨-૮-૦] મળે છે, તો સાધકો એકેક નકલ જરૂર વસાવી લે ! આ તક ગૂમાવવા જેવી નથી.

ॐ नमो नारायणाय ॥

ઉદ્યોત

વર્ષ ૪ અંક ૯ માર્ચ '૪૫ અ ચૈત્ર ૨૦૦૧

ધર્મવિચારણા
(સાતમા અંકથી ચાલુ)

લેખક
સ્વા. શ્રી અદ્વૈતાનંદજી

ધાર્મિક સંસ્કૃતિના મૂળતત્ત્વોનું નિરૂપણ સ્પષ્ટીકરણ કરવાની આવશ્યકતા છે તેમ કરવાથી તેની અને આધિભૌતિક સંસ્કૃતિ વચ્ચેનો ભેદ મનમાં ગોઠવાશે. ધાર્મિક સંસ્કૃતિ અનુસાર (૧) આ વર્તમાન જગતની પાછળ એક નિત્ય-નિરાકાર, નિર્વિકાર અવ્યક્ત પરિપૂર્ણ તત્ત્વ છે, જેમાંથી જગતની ઉત્પત્તિ છે, જેમાં તેની સ્થિતિ છે, અને જેમાં તેનો લય થાય છે (૨) આ તત્ત્વ અનુભવગમ્ય છે તે મન ને બુદ્ધિની પર હોવાથી ઇન્દ્રિયાતીત અવસ્થામાં તેનું અપરોક્ષ જ્ઞાન થઈ શકે છે (૩) આ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે નામરૂપાત્મક સર્વ પદાર્થોના અનાસક્તિ (વૈરાગ્ય) ની તથા મનથી પર જવાના (અંતર્ત્યાગ ના) પ્રયત્નની (અભ્યાસની) અનિવાર્ય આવશ્યકતા છે (૪) જ્યાં સુધી આ ઉચ્ચતમ સ્થિતિ મેળવવા ન કરવામાં આવતી નથી ત્યાં સુધી પ્રત્યેક પ્રાણી મનને (પ્રકૃતિ) અધીન રહે છે અને સુખદુઃખ, ભયશોકના દ્વંદ્વોમાંથી મુક્ત થઈ શકતું નથી મોહગ્રસ્ત દશામાં હંમેશ અશાંતિ રહે છે (૫) આ મુક્તાવસ્થા આ સ્થૂલ શરીરમાં જ મેળવવાની છે, તેથી ચિત્તવિશુદ્ધિ સાથે શુદ્ધ દેહને પણ સુદૃઢ ને સાત્ત્વિક બનાવવાની જરૂરીઆત છે આંતર અને બાહ્ય મન્ન

પ્રકારના શૌચની આવશ્યકતા છે. (૬) સ્થૂળ શરીરના પોષણ માટે, રક્ષણ માટે, ધર્મની મર્યાદામાં રહીને, અર્થની પણ આવશ્યકતા છે. તેથી અર્થ ને કામને પણ આ સંસ્કૃતિમાં યોગ્ય સ્થાન આપવામાં આવે છે; તેની અવહેલના કરવામાં આવતી નથી. (૭) મનુષ્યનો વિકાસ સમાજમાં રહીને કરવાનો છે, તેથી પ્રગતિપોષક, વ્યક્તિવિકાસઉત્તેજક સમાજવ્યવસ્થાની પણ આવશ્યકતા આ સંસ્કૃતિમાં સ્વીકારવામાં આવે છે. અધિષ્ઠાન તરીકે એક જ આત્મા સર્વત્ર છે તથી સર્વમાં અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શક્તિ અવ્યક્તરૂપે રહેલાં છે; પારમાર્થિક દૃષ્ટિએ અભેદ જ છે પણ વ્યાવહારિક ક્ષેત્રમાં પરંપરાજન્ય સંસ્કારો અનુસાર પ્રકૃતિભેદ મનુષ્યોમાં જોવામાં આવે છે. આ ગુણભેદને લીધે કર્મભેદ નિર્માણ કરવામાં આવે છે. સુયોજિત સમાજમાં પ્રત્યેક મનુષ્યને પોતાના સ્વધર્માનુસાર જ કામ આપવામાં આવે છે અને તે દ્વારા જ તે પોતાનો વિકાસ સાધી શકે-સારી રીતે પણ સુખેથી રહેવાનો, આત્મિક વિકાસ માટે યોગ્ય પ્રમાણમાં ફુરસદનો, સ્વચ્છ, સુઘડ નિવાસ-સ્થાનનો. પૌષ્ટિક અન્નનો, વસ્ત્રોનો, તબીબી મદદનો, તથા કેળવણીનો સર્વને (સમાજમાં સર્વ મનુષ્યોને) હક હોવો જોઈએ; તેમ રાજ્યવ્યવસ્થા પણ ઉન્નતિ અને સ્વાતંત્ર્યપોષક હોવી જોઈએ, એ પણ અનિવાર્ય છે. (૮) આ સંસ્કૃતિના સિદ્ધાન્ત પ્રમાણે આત્મપ્રેરિત સાહિત્ય, આત્મપ્રેરિત કળાને ઉચ્ચતમ ગણવામાં આવે છે, બુદ્ધિ કે કલ્પનાજન્ય નહિ. તેથી સાહિત્યકારો અને કળાકારોમાં પણ અંતઃકરણની વિશુદ્ધિને મહત્ત્વ આપવામાં આવે છે. “વેદ” નામે ગ્રંથ, સૂક્ત ઉચ્ચારનાર ઋષિઓ, મંત્રદ્રષ્ટા જ કહેવાયા છે, **મંત્રકાર કે ગ્રંથકાર** નહિ જેમ ઘર કરી શકાય છે, તેમ ગ્રંથ “કરી” શકાતો નથી. ઋષિઓ અને મહાન આચાર્યો જાણતા હતા કે શરીરવ્યાપાર યંત્રવત્ હોઈ શકે તો મનોવ્યાપાર પણ ક્વચિત્ યંત્રવત્ થઈ શકે; પણ પ્રતિભા જે સ્વતંત્ર છે તથા જેનું સ્વરૂપ અસાધારણ છે તે યંત્રવત્ થઈ શકતી નથી. વાલ્મીકિ જેવા જાતિથી અબ્રાહ્મણને તપને પ્રભાવે પ્રતિભાદેવી પ્રસન્ન થઈ અને એમની અમરવાણી રામકથાની જનની થઈ. વ્યાકરણશાસ્ત્રના પ્રણેતા પાણિનિને પણ શ્રી મહાદેવની અનન્ય ઉપાસના ફલીભૂત થઈ આર્યદેશમાં ઉપાસના વિના, શાસ્ત્ર કે કાવ્યનું દર્શન કોઈ પણ પંડિત, કવિ, આચાર્ય પામી શક્યો નથી. તત્ત્વજ્ઞાનના પુસ્તકોને પણ “દર્શન” સંજ્ઞા આપવામાં

આવે છે પ્રાચીન સમયમા પણ જે જે મહાન પુરુષો થયા છે, જેમણે જગતને ઉન્નતિના અનેક માર્ગો બતાવ્યા છે તથા જેઓએ સસારમા પોતાના વ્યક્તિત્વના પ્રભાવથી અચિંત્ય ઊથલપાથલ કરી છે, તેમણે પ્રતિભાની પ્રેરણાથી જ આ ઉચ્ચસ્થિતિ સપાદન કરી છે, તથા જનહૃદયમા જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, કર્તવ્યદક્ષતા, શૌય, સ્વાર્પણ, સનાતનભાવના આદિ ઉત્કૃષ્ટ ભાવોની સ્થાપના કરી છે. વિચારના ગહનતા, તત્ત્વ પ્રાગલ્ભ્ય, ઇન્દ્રિયાતીત અવસ્થામાથી તેની ઉત્પત્તિ. તેનુ ઉન્નતિકારક વહન, એજ લખનપ્રવૃત્તિનુ મુખ્ય નિદાન છે. અનકૃત અને શુધ્ધ ભાષા ગૌણ સ્થાન ભોગવે છે, તેટલામાત્ર ગ્ર થ કે કાવ્યની સાર્થકતા નથી. કેવળ ભાષાની ટાપટીપથીજ ગ્ર થકાર કે કવિ થવાતુ નથી. કાવ્ય, શિલ્પ, ચિત્ર, સગીત, સ્થાપત્ય, વિ કળાઓને પણ આજ નિયમ લાગુ પડે છે સર્વોત્તમ કળાઓનુ ઉદ્‌ભવસ્થાન પ્રતિભા હોય છે, કેવળ કલ્પના નહિ કલ્પના અને પ્રતિભા વચ્ચે ભેદ છે કલ્પના માનસિક છે. પ્રતિભાનો જન્મ મનની પરના ક્ષેત્રમાથી હોય છે. કલ્પના વત્તા ઓછા પ્રમાણમા કોઈ પણ કરી શકે છે પ્રાતિભજ્ઞાનને માટે અધિકારના ચિત્તની નિર્મળ અવસ્થાની આવશ્યક્તા છે, પ્રતિભા પ્રાપ્ત થતાની સાથેજ કવિ અને સાહિત્યકાર ભાષા દ્વારા શિલ્પી પાષાણ દ્વારા, ચિત્રકાર રગ દ્વારા, ગાયક સગીતદ્વારા પોતાના અનુભવનો આનદ બીજાને દર્શાવવા પ્રેરાય છે. કલ્પના વ્યવહારના પ્રદેશને લાગી રહે છે પ્રતિભા સ્થૂળ અને સૂક્ષ્મ બન્નેની પારથી જન્મે છે અને માનસિક અને શારીરિક ક્રિયાઓ દ્વારા તેનો પ્રાદુર્ભાવ થાય છે

ટુકામા આધ્યાત્મિક સ સ્કૃતિ ચતુર્વિધ પુરુષાર્થમા માને છે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ તેમાં પણ મોક્ષને પરમ પુરુષાર્થ ગણી તેને અગ્રસ્થાન આપે છે. અર્થ અને કામને ગૌણસ્થાન આપે છે નિરતિશય નિત્ય આનન્દની પ્રાપ્તિ, પ્રકૃતિના બધનમાથી સદાને માટે મુક્તિ અને પ્રકૃતિ ઉપર અવિચ્છિન્ન આધિપત્ય, સ્વરાજ્ય અને સામ્રાજ્ય, એ આધ્યાત્મિક સસ્કૃતિનુ ધ્યેય છે.

આધિભૌતિક સંસ્કૃતિના ઉપાસકો દૃશ્ય પદાર્થોની પેલી પાર પોતાની દૃષ્ટિ નાખતા નથી. આધિભૌતિક શાસ્ત્રોના અધ્યયનમા જ જેમણે પોતાનો સર્વ સમય ગાળ્યો છે અથવા તે વિચાર શ્રેણીથી જ જેમનુ ચિત્ત રગાયેલુ છે, તેમને બાહ્ય પરિણામોનો વિચાર કરવાની જ હમેશાં ટેવ હોય છે. ઇન્દ્રિય

જન્મ પ્રત્યક્ષ અને અનુમાન—આ બેજ પ્રમાણોમા તેઓ માને છે ઇન્દ્રિયાતીત જ્ઞાનમા તેઓ માનતા નથી તેમ આ સસારના અધિષ્ઠાન તરીકે કોઇ પણ નિત્ય પદાર્થ હોય તોપણ તેનુ જ્ઞાન મનુષ્યને શક્ય નથી એવી તેમની માન્યતા હોય છે તેઓ મતો તદન નાસ્તિકવાની અથવા અસત્યવાદી હોય છે. આવી તેમની દૃઢ માન્યતા હોવાથી કોઇપણ વાતના વિવેચનમા આધ્યાત્મિક, અથવા પારલૌકિક અથવા અદૃશ્ય અને અવ્યક્ત કારણને તેઓ વિશેષ મહત્વ આપતા નથી. મોક્ષને પરમપુરુષાર્થ તરીકે તેઓ સ્વીકારતા નથી અર્થ અને કામમા જ તેઓ રચ્યા પચ્યા રહે છે તેથી જગત આગળ જ્યેને સાહિત્ય, કળા, વિગેરેના વિકાસમા તેઓ માને છે તથા સાહિત્ય, કાવ્ય, સગીત, શિલ્પકળા, ચિત્રકળાજન્ય આનદમા તેઓને આસ્થા હોય છે, પણ આ સર્વ વિષયાનદજ છે વિષયો સૂક્ષ્મ હોય કે સ્થૂળ, તેથી તેના સ્વરૂપમા ફેરફાર થતો નથી વિષયાનન્દમા પરાધીનતા છ આત્માનદમા સ્વાધીનતા છે. વિષયાનદમા અન્ય પદાર્થો ઉપર આધાર રાખવો પડે છે, આત્માનદમા બીજી કોઈપણ વસ્તુની આનદને માટે અપેક્ષા જ નથી આહાર, નિદ્રા, રતિભોગ તથા અન્ય પ્રકારના અનેક સ્થૂળ વિષયોમા જ સામાન્ય વર્ગના માણસોને સર્વત્ર આનદ મળે છે તેમનાથી ઉચ્ચ કોટિના મનુષ્યોને (જેઓ સુશિક્ષિત અને સસ્કારી હોય છ તેમને) વિદ્યાકળાના વિકાસમા, તત્વજ્ઞાન કે અન્ય શાસ્ત્રીય વિષયના વાચન મનનમા આનદ પડે છે આધ્યાત્મિક ક્ષેત્ર ઉચ્ચતમ હોવાથી તેમા રસ પડવા માટે મનના સસ્કાર અતિ ઉત્કૃષ્ટ પ્રકારના હોવા જોઇએ નામરૂપાત્મક સર્વ પદાર્થો તરફ સપૂર્ણ વૈરાગ્યવૃત્તિ જોઇએ સર્વ પ્રકારની વાસનાઓનો (લોકૈષણા, વિત્તૈષણા, પુત્રૈષણા, શાસ્ત્રવાસના, વિ)નો સમૂળગો ત્યાગ જોઇએ તથા હૃદયની વ્યાપકતા જોઇએ

પરંતુ અને આત્મવિદ્યા તરફ અધિભૌતિકવાદીઓ ઉદાસીન છ તે ઉપરથી એમ અનુમાન કરવાનુ નથી કે આ સપ્રદાયના અનુયાયીઓ બધા કેવળ સ્વાર્થપોષક પ્રવૃત્તિમા જ માને છે, અને નીતિમા અને મન ઉપર સયમમા માનતા નથી મુખ્ય મતભેદનો વિષય મર્યાદિત અહતાનો ત્યાગ છે આધિભૌતિક મતના અનુયાયીઓમા પણ ઘણી વિચારશ્રેણીઓ છે કેટલાએક સ્વાર્થને વિયોગમાર્ગ જ માનનારા છે જે કર્મથી સ્વાર્થની સિદ્ધિ

થાય અને ઐહિક કલ્યાણ થાય એ જ ખરી નીતિ, એવો આ લોકોનો સિદ્ધાંત છે. પ્રાચીન કાળમા ચાર્વાકોનો મત એવો જ હતો. જડપરમાણુઓના મિશ્રણથી આત્મા જેવી વસ્તુની પ્રતીતિ થાય છે. પરમાણુઓ વિખુટા પડી ગયા પછી કાઈ જ રહેતુ નથી તેથી જ્યા સુધી શરીર રહે ત્યા સુધી ખાવુ, પીવુ ને સર્વ પ્રકારે આનદ કરવો, એ જ આવા લોકોનુ લક્ષ્ય હોય છે. બીજાનુ ગમે તે થાય તેની પરવાહ નહિ જગતમા સર્વ પદાર્થોને સર્વ પ્રાણીઓ આપણા સુખને માટે જ સર્જાયેલા છે જેનામા શક્તિ વધારે હોય તે બીજા પાસેથી જે હોય તે છીનવી લઇ પોતે ભોગવે, એમા કાઇ પાપ નથી, આવુ એમનુ મતવ્ય હોય છે ગમે તે રસ્તે ઉપયોગને માટે વસ્તુઓ પ્રાપ્ત થઇ શકે આમા કોઇ પણ પ્રકારની મર્યાદા તેઓ સ્વીકારવા તૈયાર હોતા નથી આવી અધમ સ્વાર્થવૃત્તિ સસારમા ચાલી શકે નહિ ખાસ કરીને જ્યારે મનુષ્યો સમૂહમા રહેવાની પ્રથા ગ્રહણ કરે છે ત્યારે અમુક નીતિના નિયમોનુ પોતાના સ્વાર્થને ખાતર જ પાલન કરવાની જરૂર પડે છે. કેવળ જગલી અવસ્થામા આવી રીતે રહી શકાય પણ સામુદાયિક જીવનમા તે શક્ય નથી તેથી અહતાપ્રધાન સસ્કૃતિના અનુયાયીમા કળામા પણ એવા વિચારકો છે, જેઓ માને છે કે પોતાના સુખને માટે પણ બીજાના સુખ તરફ દૃષ્ટિ નાખવી પડે છે, કારણ કે જો દરેક મનુષ્ય તદ્દન સ્વાર્થી થાય તો ભિન્ન ભિન્ન વ્યક્તિઓ વચ્ચે સઘર્ષણ થયા વિના રહે જ નહિ અને એનુ પરિણામ વિપરીત આવે બીજાનુ ભલુ કરવાની વૃત્તિ પણ સ્વાર્થમય જ હોય છે એવુ આ લોકોનુ માનવુ હોય છે આધિભૌતિકવાદીઓમા ત્રીજો મત એવો છે કે એકદરે મનુષ્યસ્વભાવનુ નિરીક્ષણ કરવામા આવે તો જણાશે કે તેની અદર ગુણ અને દોષ બન્ને જોવામા આવે છે ચોર અથવા ખૂની અથવા વ્યભિચારી મનુષ્યની અદર પણ કાઇ સદ્ગુણો હોય છે પરોપકારની લાગણી, દયાની ભાવના, મનુષ્યોમા ઘણીવાર જોવામા આવે છે, તે હમેશા સ્વાર્થજન્ય હોતી નથી તેથી સ્વસુખને પરસુખ–આ બન્ને તત્ત્વો ઉપર દૃષ્ટિ રાખીને જ કર્મ અકર્મનો નિશ્ચય કરવામા આ લોકો માને છે. આ ઉપરાત આધિભૌતિક પથોમા શ્રેષ્ઠ ગણવાલાયક એક પથ પણ છે તેઓના મત પ્રમાણે એક જ મનુષ્યના સુખ તરફ દૃષ્ટિ કરવી તે યોગ્ય નથી પણ સર્વ

મનુષ્યના સુખ તરફ દૃષ્ટિ નાખીને જ કાર્યાકાર્યનો નિર્ણય કરવો એ જ યથાર્થ માર્ગ છે 'ઘણાઓને જેમાં ઘણું સુખ'' થાય તે જ વાત નૈતિક દૃષ્ટિએ ગ્રાહ્ય હોવી જોઈએ આ વિચાર તો આધ્યાત્મિકવાદીઓને પણ માન્ય છે, પરંતુ તેમના મત પ્રમાણે એ નિયમમાં સર્વ પ્રાણીઓ એક જ આત્માના પૃથક્ પૃથક્ સ્વરૂપો છે આત્મા સર્વમાં અનુસ્યૂત છે દૃષ્ટિગોચર થતા ભિન્નત્વની પાછળ સ્થાયી એકત્વ છે તેથી સર્વનું કલ્યાણ થાય એવી ભાવના રાખીને જ સર્વ કર્મો કરવા જોઈએ પણ આધિભૌતિકવાદીઓમાં અને આધ્યાત્મિકવાદીઓમાં મૂળ ફરક એ છે કે આધિભૌતિકવાદીઓની દૃષ્ટિ કેવળ ઐહિક કલ્યાણ તરફ જ હોય છે આધ્યાત્મિકવાદીઓ ઐહિક અને આમુષ્મિક બન્ને પ્રકારના સુખ માટે પ્રયત્ન કરે છે આ ઉપરાંત મનને શાંત રાખવામાં વિષયભોગની ઇચ્છા ઉપર કાબુ રાખવામાં, કામ, ક્રોધ મોહ વગેરે વિકારોને તાબામાં રાખવામાં આધિભૌતિકવાદીઓ પણ માને છે કારણ કે આ લોકના સુખને માટે પણ ચિત્તને શાંત રાખવાનો અને શરીર સુદૃઢ રાખવાની આવશ્યકતા છે સુવ્યવસ્થિત સમાજવ્યવસ્થા, અને રાજ્યવ્યવસ્થા જનસમાજના સર્વ અંગોની સંતોષકારક આર્થિક સ્થિતિ ઇત્યાદિ તેમને પણ માન્ય છે કારણ કે સમાજમાં પરસ્પર વૈમનસ્ય અને તજ્જન્ય કલહ ન હોય તો જ વ્યક્તિ પણ સુખેથી રહી શકે બુદ્ધિથી પર જઈને પરમ તત્ત્વના અનુભવમાં તેઓ માનતા ન હોવાથી તેઓ બુદ્ધિજન્ય અને કલ્પનાજન્ય સાહિત્ય, કળાને જ ઉચ્ચ ગણે છે પ્રાતિભજ્ઞાનમાં તેઓને શ્રદ્ધા નથી ટુંકામાં આધિભૌતિક સંસ્કૃતિ અહંતા પ્રધાન છે અહંકાર તેનો ત્યાગ થઈ થઈ શકે નહિ તેથી મનુષ્ય હમેશા પ્રકૃતિના ગુલામ જ રહેવાનો એવી તેમની દૃઢ માન્યતા છે આધ્યાત્મિક સંસ્કૃતિ અનુસાર અહંતાનો ત્યાગ કરવામાં આવે ત્યારે જ ખરું જીવન પ્રાપ્ત થાય છે પ્રથમ મતના અનુયાયીઓ અર્થ-કાલ અને કામને માટે પ્રકૃતિના આધિપત્યમાં રહેવામાં માને છે બીજા મતાનુયાયીઓ ધર્મ, અર્થ, કામ, મોક્ષમાં સદાને માટે પ્રકૃતિના બંધનમાંથી મુક્તિ અને તેના ઉપર પોતાનું વર્ચસ્વ ગોઠવવામાં માને છે

(અપૂર્ણ)

બ્રહ્મસંબંધ
{ગતાંકથી ચાલુ}

લેખક :
સ્વા. શ્રી. માધવતીર્થજી

શ્રી કૃષ્ણ જન્મ

દેવકીજીના પહેલા છ પુત્ર કંસરૂપી અવિદ્યાએ મારી નાંખ્યા સાતમા પુત્ર બલરામજી અસંગ આત્માના (જ્ઞાનસ્વરૂપ) હોવાથી કંસના હાથમાં આવ્યા નહિ. હવે જે આઠમા પુત્રનો જન્મ થવાનો છે તેમા યોગ શક્તિનું જોર વધારે હોવાથી કંસ તેનાથી મરશે એવી આકાશવાણી થઇ હતી.

દરેક જીવને શરૂઆતના જીવનમા આસુરી પ્રકૃતિ બહુ નડે છે, તેના પરિણામે કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે ઉત્પન્ન થાય છે અને જીવ ઘણીવાર હારી જાય છે. એ બધી કંસની સેના છે. જ્યા સુધી એ બધા દોષ જીતી ન શકાય ત્યા સુધી બ્રહ્મસંબંધ થતો નથી. તેને માટે બે રસ્તા નીચે પ્રમાણે છે –

૧. પ્રકૃતિના ધર્મોથી આત્મા નિત્ય અસંગ છે એમ જ્ઞાનદૃષ્ટિથી દૃઢ કરી લેવુ અથવા

૨. દૈવી પ્રકૃતિનું જોર બહુ જ વધારવુ અને તેની મદદથી આસુરી પ્રકૃતિને જીતવી.

પહેલી રીતને જ્ઞાનમાર્ગ કહે છે. બીજી રીત તે યોગ માર્ગ છે. કોઇવાર બન્ને રીતનો ઉપયોગ શરૂઆતમાં રહે છે. જ્યારે બીજી રીતનો ઉપયોગ કરવાનો હોય ત્યારે ભગવાનના અનુગ્રહની પણ જરૂર પડે છે. દશમ સ્કંધમાં આપેલી ભગવાનની લીલાને નિરોધલીલા કહે છે. તેનો અર્થ એ છે કે ભગવાન પોતાની શક્તિથી જીવના દોષનો પરિહાર કરી તેની સાથે પોતાનો સંબંધ કરી આપે છે. જીવ પોતાની શક્તિથી બધી આસુરી પ્રકૃતિને જીતી શકતો નથી તેથી

ભગવાનના અનુગ્રહની જરૂર પડે છે સમાજમાં જ્યારે આસુરી પ્રકૃતિ વધી જાય છે ત્યારે ભગવાનના અવતારની જરૂર પડે છે

નિર્ગુણ બ્રહ્મસ્વરૂપ સો ટચના સોના જેવું છે, એ સોનું એટલું પાતળું હોય છે કે તેમાથી ઘાટ થતો નથી ઘાટ કરવો હોય તો તેમા થોડુ તાંબુ અથવા રૂપું મેળવવું પડે છે, તેવી જ રીતે ભગવાનને જ્યારે અવતાર લેવો હોય ત્યારે પોતાના સ્વરૂપમાંથી માયા ઉત્પન્ન કરીને પછી અવતાર લે છે એ માયા દ્વારા કામ થાય છે, ભક્તોનું રક્ષણ થાય છે અને પાપીઓનો નાશ થાય છે પણ માયામાં સ્વતંત્ર સત્તા ન હોવાથી એ કામ ભગવાને કર્યું એમ મનાય છે

જ્યારે ભગવાને પોતાને આશ્રયે રહેનાર યાદવોને કંસથી ભય પામતા જોયા ત્યારે યોગમાયાને બોલાવી અને તેને કહ્યું કે "હે દેવી ! તમે વ્રજમાં જાઓ આ વખતે મારો શેષ નામનો અંશ દેવકીજીના ગર્ભમાં છે તેને ત્યાંથી ઉપાડીને રોહિણીના ગર્ભમાં નાખો, પછી હું દેવકીજીના આઠમા પુત્રરૂપે આવીશ અને તમે નંદજીના પત્ની યશોદાજીને ત્યાં જન્મ લેજો, તમારામાં સર્વ કામના પુરી કરવાની શક્તિ આવશે, મનુષ્યો તમારે માટે ઘણાં સ્થાન બનાવશે અને ભેટ ધરી તમારી પૂજા કરશે અને તમારા અનેક નામ થશે. આ પ્રમાણે આજ્ઞા મળવાથી ભગવતી માયાએ ભૂલોકમાં આવી ભગવાનની આજ્ઞા પ્રમાણે કામ કર્યું જ્યારે માયાએ દેવકીજીનો સાતમો ગર્ભ (બલરામજી) ત્યાંથી લઈ રોહિણીના શરીરમાં મૂક્યો ત્યારે મથુરાના લોકમાં બોલવા લાગ્યા કે દેવકીજીનો સાતમો ગર્ભ નષ્ટ થઈ ગયો

હવે ભક્તભયહારી સર્વાત્મા ભગવાન શ્રીકૃષ્ણ પોતાની સંપૂર્ણ કળાઓ સહિત વસુદેવજીના અંતઃકરણમાં પ્રવેશ કર્યો અંતઃકરણમાં ભગવાનનું દિવ્ય તેજ ધારણ થવાથી વસુદેવજી સૂર્યના જેવા દેદીપ્યમાન લાગવા માંડ્યા આજે પણ જેને આત્મજ્ઞાન થયુ હોય છે તેના શરીરમાં નવા પ્રકારની કાંતિ જોવામાં આવે છે પછી વસુદેવજીએ દેવકીજીની સામે દૃષ્ટિ કરી એટલે વસુદેવના અંતઃકરણમાં રહેલ દિવ્ય તેજ દેવકીજીના મનમાં સ્થાપન થયુ તે વખતે દેવકીજી પૂર્ણ ચંદ્રમા જેવા લાગતા હતા છતાં દેવકીજી સંપૂર્ણ રીતે સુશોભિત ન

, તે બાબતમાં દૃષ્ટાંત આપી શુકદેવજી પરીક્ષિત રાજાને સમજાવે છે કે

જેમ ઘડાની અંદર બંધ કરેલ દીપક સંપૂર્ણ રીતે પ્રકાશતો નથી અને અજ્ઞાની માણસના અંતઃકરણમાં રહેલ સદ્‌વિદ્યા પૂર્ણ પ્રકાશ પામતી નથી તેમ કંસના કારાગૃહમાં રહેલ દેવકીજી સંપૂર્ણ પ્રકાશ ન પામ્યાં (૧૦–૧ ૧૯)

શ્રીમદ્‌ ભાગવતમાં જ્યાં જ્યાં ઉપમાનું પ્રમાણ વાપરવામાં આવે છે ત્યાં ત્યાં ધ્યાન દઈએ તો સમાધિ ભાષાના અર્થ નીકળે છે અહીં દેવકીજીને સદ્‌વિદ્યા સાથે સરખાવેલ છે સદ્‌વિદ્યા જો આસુરી પ્રકૃતિએ ઉત્પન્ન કરેલ જેલમાં હોય તો સંપૂર્ણ પ્રકાશિત થતી નથી તોપણ દેવકીજીના શરીરમાં આવેલ થોડો નવો પ્રકાશ જોઈને કંસને બીક લાગી કે હવે જરૂર મને મારવા આવનાર પુરુષ આના ગર્ભમાં આવેલ હશે કંસને એવી બધી બીક લાગી કે તે બેસતા, ખાતા, પીતા અને હરતા ફરતા શ્રી હરિની ચિંતામાં રહેવા લાગ્યો તેને પરિણામે તેને આખું જગત્ શ્રી હરિમય લાગવા માંડ્યું

આ વખતે નારદ વગેરે મુનિઓ સહિત અને દેવો સહિત શ્રી બ્રહ્મા અને મહાદેવજી ત્યાં આવ્યા અને ભગવાનના એ દિવ્ય તેજોમય સ્વરૂપની સ્તુતિ નીચે પ્રમાણે કરવા લાગ્યા એ સ્તુતિને ગર્ભસ્તુતિ કહે છે તે બધા દેવો સ્તુતિ કરતા કહે છે કે આપ સત્યસંકલ્પ છો, સત્ય આપની પ્રાપ્તિનું સ્થાન છે, આપ ત્રણે કાળમાં સત્ય છો, કારણ કે આપ સત્યના પણ સત્ય છો

આપ આ સંસારની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરો છો છતાં જે પુરુષોનું ચિત્ત આપની માયાથી હણાયું છે તે આપને અનેકરૂપે દેખે છે વાસ્તવમાં આપમાંથી અનેક રૂપ થતાં નથી એટલે કે તત્ત્વજ્ઞાની માણસો આપને અનેક રૂપે દેખતા નથી પણ એક રૂપે દેખે છે (૧૦–૨–૨૮)

મહાત્મા પુરુષો સમાધિદ્વારા આ સંસાર સાગરને એક ખાબોચીઆ જેવો માની તરી જાય છે આપ જો શુદ્ધ સત્ત્વમય મૂર્તિ ધારણ કરતા ન હો તો અજ્ઞાન અને ભેદભાવને નષ્ટ કરનાર આપનું અપરોક્ષ જ્ઞાન થઈ શકે નહિ, કારણ કે આ બધા ગુણ જેના છે, જે અધિષ્ઠાનની સત્તાથી પ્રકાશિત થાય છે તે ગુણોના પ્રકાશક તરીકે આપનું અનુમાન થઈ શકે છે આપ સાક્ષીસ્વરૂપ હોવાથી આપના નામ, રૂપ, ગુણ અને કર્મ કે જન્મથી આપનું નિરૂપણ થઈ શકતું નથી (૧૦–૨–૩૬) તોપણ ભક્તો ઉપાસનાથી અને ક્રિયાયોગથી આપનો

સાક્ષાત્કાર કરી ને છે આપના મગળમય નામ અને રૂપનુ શ્રવણ, કીર્તન, સ્મરણ અને ધ્યાન જે કરે છે તે ફરીથી સસારમા આવતા નથી (૧૦–૨–૩૭) હવે આ પૃથ્વીનો ભાર જરૂર દૂર થઇ શકશે. વાસ્તવિક રીતે આપ અજન્મા છો, આપના જન્મનુ કારણ લીલામય વિનો સિવાય કાઇ હોતુ નથી તત્ત્વદષ્ટિથી જોઇએ તો સસારની ઉત્પત્તિ, સ્થિતિ અને લય આમ અધિષ્ઠાનરૂપે સર્વામા આવવાથી જ દેખાય છે (૧૦–૨–૩૯) એટલે કે વાસ્તવમા જગત એ કોઇ સાચી વસ્તુ નથી વગેરે વગેરે

ગર્ભ સ્તુતિમા ઉપયોગી ભાગનો સાર ઉપર આપેલો છે તે ઉપરથી જણાશે કે ભગવાનનો વાસ્તવ જન્મ થતો નથી જીવનો જન્મ પણ અવિદ્યાથી મનાય છે (૧૦–૨–૩૯) તો ભગવાનનો જન્મ શી રીતે થઇ શકે? છતા ભક્તોના રક્ષણ માટે ભગવાન માયાનો આધાર લઇ સગુણ સ્વરૂપ પ્રગટ કરી શકે છે, તેથી ભગવાનનુ સાચુ સ્વરૂપ નિર્ગુણ હોવા છતા, સાપેક્ષ ભાવે સગુણ પણ થઇ શકે છે પુષ્ટિમાર્ગના સપ્રદાયમા ભગવાનમા વિરુદ્ધ ધર્માશ્રયત્વ માનેલુ છે, એટલે ભગવાનમા બધા વિરુદ્ધ ધર્મ રહેલા છે એમ માનેલુ છે અને તેની સાથે એમ પણ કહેલુ છે કે સસારના અથવા પ્રપચના ધર્મ ભગવાનમા નથી એવી માન્યતા લોકોની બુદ્ધિમા સહેલાઇથી સમજવામા આવતી નથી ભાગવતનુ સમસ્ત તાત્પર્ય જોતા એમ સ્પષ્ટ જણાઇ આવે છે કે ભગવાનનુ સગુણ સ્વરૂપ સાપેક્ષ છે તે ભક્તોને મદદ કરવા માટે અથવા અસુરનો પરાજય કરવા માટે જ ભગવાન ધારણ કરે છે ગર્ભસ્તુતિ પુરી થયા પછી બ્રહ્મા વગેરે દેવો પોતપોતાને સ્થાને ગયા તે પછી જે વખતે દેવો અને સાધુઓના ચિત્ત પ્રસન્ન થયા ત્યારે અજન્મા ભગવાનનો આવિર્ભાવ થવાનો વખત આવ્યો, અને જેમ પૂર્વ દિશામા પૂર્ણ ચદ્રનો પ્રાદુર્ભાવ થાય તેમ દેવરૂપિણી દેવકીના કુખિથી સર્વાન્તર્યામી શ્રી હરિ પ્રગટ થયા. તે વખતે તેનુ સ્વરૂપ ચતુર્ભુજ હતુ એ ભગવાનનુ સ્વરૂપ કેવુ હતુ તેનુ ખરૂ વર્ણન હવે વસુદેવજી અને દેવકીજીની સ્તુતિમા મળી આવે છે વસુદેવજી કહે છે કે –

"આપ પ્રકૃતિથી પર રહેલ સાક્ષાત પરમ પુરુષ છો એ મે જાણી લીધુ વિશુદ્ધ જ્ઞાનમય અને આનદ સ્વરૂપ છો અને સર્વની બુદ્ધિના સાક્ષી છો. પ્રભુ આપની માયાથી સસારની રચના કરો છો અને આપે સસારમા પ્રવેશ

કર્યો નથી છતાં જાણે કે પ્રવેશ કર્યો હોય તેવા દેખાઓ છો. આપમાં માયાના ગુણનું આવરણ ન હોવાથી અંદર બહાર જેવું કાંઈ નથી. તેથી જેઓ માને છે કે પોતાનો આત્મા દેહ વગેરેથી જુદો છે તે અજ્ઞાની છે. કારણ કે દેહ એ કોઈ સાચી વસ્તુ નથી, વિચાર કરવાથી દેહનો બાધ થઈ જાય છે (૧૦-૩-૧૮). અહિં અન્વય ભાવે એમ સમજાવેલું છે કે દેહીથી દેહ જુદો નથી. તેનો અર્થ એમ નથી કે દેહીને દેહનો અધ્યાસ છે; પણ ભગવાનનું શરીર દિવ્ય હોવાથી તેમાં દેહ અને દેહી એવો બે પ્રકારનો ભાવ બનતો નથી. તેમનું શરીર દિવ્ય હોવાથી જશોદાજી તેને દોરડાથી બાંધી શકયાં નહોતાં. કોઈ એમ પ્રશ્ન કરે કે આપ નિર્ગુણ અને નિર્વિકાર છો તો આપમાં ઉત્પત્તિ વગેરેની ક્રિયા કેવી રીતે બની શકે? તો વસુદેવજી કહે છે કે તેમાં કાંઈ વિરોધ નથી. કારણ કે આપ માયાના અધિષ્ઠાન છો, તેથી માયાનું કાર્ય ઉત્પત્તિ વગેરે આપનામાં આરોપાય છે. વગેરે વગેરે "

તે પછી દેવકીજીએ પણ ભગવાનની સ્તુતિ નીચે પ્રમાણે કરી :-"વેદોમાં જે પરમાર્થ તત્ત્વને બધાનું આદિકારણ બતાવેલ છે તથા જેને અવ્યક્ત, બ્રહ્મ (બૃહત્) જ્યોતિર્મય, નિર્ગુણ, નિર્વિકાર, સત્તામાત્ર અને નિર્વિશેષ કહીને વર્ણન કરેલ છે તે બુધ્ધિ વગેરેના પ્રકાશક સાક્ષાત વિષ્ણુ આપ જ છો. જ્યારે પ્રલય વખતે બધું લય પામે છે, ત્યારે પણ આપ એક શેષરૂપથી બાકી રહો છો. કાળ પણ આપની એક લીલા છે. આપ સંપૂર્ણ જગતના અભયસ્થાન હોવાથી હું આપનું શરણ લઉં છું. આપ ભકતોના ભય દૂર કરવાવાળા છો, માટે આ દુષ્ટ કંસથી અમારૂં રક્ષણ કરો. વળી આપનું આ સ્વરૂપ તો ધ્યાન કરનારના અનુભવમાં આવે તેવું છે, તે ચર્મચક્ષુવાળા પાસે પ્રગટ કરશો નહિ. હું બહુ જ અધીર થઇ ગઇ છું, મને કંસની બહુ બીક લાગે છે. માટે આ અલૌકિક ચતુર્ભુજ સ્વરૂપ છૂપાવી રાખો. "

ભગવાને એ બન્નેને જવાબ આપતા કહ્યું કે :-તમે બન્નેએ સ્વાયમ્ભુવ મન્વંતરમાં ઘણું તપ કરેલું હતું. તેમાં બાર હજાર દિવ્ય વર્ષ વીતી ગયાં હતાં, તે વખતે મેં પ્રગટ થઇ તમને વર માગવા માટે કહેલું હતું. તે વખતે તમારે કોઇ સંતાન ન હતું તેથી મારી માયાથી મોહિત થઇ તમે મોક્ષ માગ્યો નહિ, પણ મારા સમાન પુત્રની ઇચ્છા કરી હતી. મને આ લોકમાં મારા સિવાય

મારા સમાન બીજો કોઇ દેખાતો નથી. તેથી હું પોતે જ તમારો પુત્ર થઇ પહેલાં પૃશ્નિગર્ભ રૂપે આવ્યો હતો. બીજા જન્મમાં તમે કશ્યપ અને અદિતિ થયા તે વખતે ઉપેન્દ્ર નામથી મેં તમારે ત્યાં જન્મ લીધો હતો. તે વખતે મને બધા વામન કહેતા હતા. હવે આ ત્રીજા જન્મમાં હું તમારે ત્યાં આ રૂપમાં આવેલ છું. જો હું માત્ર મનુષ્યનુ શરીર લઇને આવું તો મારા પૂર્વ અવતારોનું જ્ઞાન તમને થાય નહિ. તેથી આ ચતુર્ભુજરૂપે હું આવેલ છું. હવે તમારી ભક્તિ મારામા પુત્ર ભાવથી અને બ્રહ્મભાવથી બન્ને રીતે રહેશે. અન્તમાં તમે માગ પરમપદને પામશો. જો તમને કંસની બીક લાગતી હોય તો મને ગોકુલમાં લઈ જાઓ અને ત્યાં યશોદાજીને ત્યાં જન્મેલી મારી યોગમાયાને અહીં લઇ આવો.

આટલું કહી ભગવાન ત્યાં તરત માણસના જેવા પ્રાકૃત બાલક બની ગયા ઉપરના વૃતાત ઉપરથી જાણી શકાશે કે શ્રી કૃષ્ણના જન્મ વખતે ત્રણ સ્વરૂપ અનુભવમા આવેલ છે. એક અધ્યાત્મ કે જે જોઇને બ્રહ્મા અને દેવોએ સ્તુતિ કરી હતી, બીજું અધિ દેવ ચતુર્ભુજ કે જેની સ્તુતિ વસુદેવજી અને દેવકીજી એ કરી હતી અને હવે ત્રીજું અધિભૂત કે જે સાધારણ માણસની દૃષ્ટિમાં સાધારણ માણસના જેવુ પ્રાકૃત દેખાતું હતું. જેની જેવી દૃષ્ટિ હોય તેવું ભગવાનનું સ્વરૂપ દેખાય છે. એ બાબત અઘાસુરના ઉધ્ધારના પ્રકરણમાં (૧૦–૧૨–૧૧), અને મલ્લોની સાથે મલ્લયુધ્ધ કરતી વખતે સ્પષ્ટ જણાઇ આવે છે (૧૦–૪૩–૧૭). પંદરમા અધ્યાયમાં ગોચારણલીલા વખતે પણ કહેલું છે કે (૧૦–૧૫–૧૯) ભગવાન પોતાની માયાથી પોતાનું વાસ્તવ સ્વરૂપ ઢાંકીને પોતાના આચરણોથી ગોપકુમાર જેવું અનુકરણ કરતા ગામડાના બાળકોની સાથે તેમની માફક ક્રીડા કરતા હતા. છતાં વચમાં વચમાં તેમની ઐશ્વર્યની લીલા એટલે અધિદૈવભાવ અને અધ્યાત્મભાવ પ્રગટ થઇ જતા હતા.

તેથી ભગવાનનાં એ ત્રણે સ્વરૂપ બરાબર સમન્વય તો જ દશમ સ્કંધ બરાબર સમજાય તેવું છે. અમુક હજાર વર્ષ પહેલાં ભગવાન અવતાર લઇને ભક્તોનું રક્ષણ કરી ગયા, હાલ પણ ભક્તોનું રક્ષણ કરે છે અને આત્મારૂપે હવે તેમને જાણવાની ઇચ્છા હોય તો જ્ઞાની પુરુષો જેમ જાણે છે તેમ પણ ભગવાનનું સાચું સ્વરૂપ છે.

સમાધિભાષાના, અર્થ કાઢવા હોય તો કૃષ્ણમાં "આ" ઉમેરવાથી

પ્રેમથી આકર્ષણ કરનાર એવો અર્થ નીકળે છે, નંદમાં "આ" ઉમેરવાથી આનંદ શબ્દ થાય છે, રામમાં "આ" ઉમેરવાથી આરામ શબ્દ થાય છે, રોહિણીમાં "આ" ઉમેરવાથી આરોહિણી એટલે ઉપર ચડાવનાર અર્થ થાય છે અને રાધામાં "આ" ઉમેરવાથી આરાધના અથવા ભક્તિ એવો અર્થ નીકળે છે

મથુરાની જેલમાં ભગવાનનો જન્મ થયા પછી વસુદેવજી તેમને ગોકુળમાં નંદરાયજીને ત્યાં મુકી આવે છે અને ત્યાંથી માયાને મથુરામાં લઈ આવે છે વચમાં જમુનાજી રસ્તો આપે છે સમાધિભાષામાં એ અર્થ લઈએ તો ગોકુળ એ હૃદયનું સ્થાન છે, મથુરા એ મનનું સ્થાન છે, દ્વારકા એ (નવી) સમાધિના સુખનું બારણું છે અને પ્રભાસ એ તેજોમય બ્રહ્મસ્વરૂપની દશા છે હૃદય સુધી બ્રહ્માકારવૃત્તિ જાય તો હૃદયમાં આનંદ આવે છે એવો અનુભવ લગભગ બધા સાધકને શરૂઆતમાં મળે છે, એજ ગોકુળમાં નંદરાયજીનું સ્થાન છે હવે ત્યાં ભગવાનની લીલા જે થાય છે તેનું વર્ણન આવશે

卐

બ્રહ્મ સૂત્ર	પ્રયોજક :
ચતુઃસૂત્રી પર્યન્ત સરલ ભાષાનુવાદ	શ્રી. રમણીક એમ. મહેતા
(ત્રીજા વર્ષના બારમા અંકથી ચાલુ)	

तत्तु समन्वयात् ॥ ४ ॥ तत् । तु । समन्वयात्

તે [तत] તો [तु] સમન્વયથી–વેદાંત વાક્યોના સમન્વયથી સમ-સમન્વય છે–નક્કી કરાય છે. [**समन्वयात**]

ગુરુ –બ્રહ્મસૂત્ર જેના પ્રથમ ચાર સૂત્રોને ચતુઃસૂત્રી કહે છે. ઉપનિષદના વાક્યોનો પૂર્વાપર સબંધ ધ્યાનમાં લઈ સમાલોચના કરીએ તો એ સિધ્ધાંત સ્થિર થઈ શકે છે કે જગત્ નુ કારણ બ્રહ્મ છે. જો કે કેટલાંક વાક્યો છે, જેનો અક્ષરાર્થ આમતેમ તાણી શકાય છે કે ઉપર ઉપરથી અન્ય અર્થ હોય એમ ભાસે છે. પણ તેમનુ તાત્પર્ય ઉપર કહ્યુ તે પ્રમાણે છે, એમા શંકા નથી. આગળ ઉપર આપણે બીજા સુત્રોનો અભ્યાસ કરીશું ત્યારે આ વાત આપણને સ્પષ્ટ જણાશે. વેદાંતશાસ્ત્ર જ જ્યારે બ્રહ્મને જગતનું કારણ કહે છે ત્યારે તેમા શંકાને સ્થાન જક્યા છે ? '**सदेव सोम्येदमग्र आसीत ।**' (છા. ૬. ૨ ૧) '**एकमेवाद्वितीयम**' (છાં. ૬. ૨. ૧.) હે સૌમ્ય' શ્વેતકેતુ આ સર્વ જગતની ઉત્પત્તિ પૂર્વે સત્ સ્વરૂપે વિદ્યમાન હતું. **आत्मा वा इदमेक एवाग्र आसीत** (ए ૨. ૧. ૧. ૧) ત્યારે કેવળ એક આત્મા ઉત્પત્તિ પૂર્વે હતો. '**ब्रह्मैवेदममृतं पुरस्तात्**' (मु ૨. ૨. ११) 'આ બધું અમર બ્રહ્મ છે' **तदेतद्ब्रह्मापूर्वमनपरमनन्तरमबाह्यम्** "**अयमात्मा ब्रह्म सर्वानुभूः**" આ બ્રહ્મ અપૂર્વ, અનપર, અનન્તર, અબાહ્ય છે–સર્વાનુભવરૂપ આ આત્મા તે બ્રહ્મ છે. (બૃ. ૨. ૫–૧૯) તાત્પર્ય એ છે કે બ્રહ્મ પૂર્વે હતું, હમણાં છે અને હવે પછી પણ હશે.

શિષ્ય –વેદાંતશાસ્ત્ર કહે છે કે પહેલા બ્રહ્મ હતું, અત્યારે છે ને ભવિષ્યમાં પણ હશે, અર્થાત્ કે ત્રણે કાળમાં તેનુ અસ્તિત્વ છે. વળી તે અંતર બાહ્ય

સંબંધ છે; પણ જે વસ્તુ ચિરસિદ્ધ છે તે જણાવવાનો શાસ્ત્રનો ઉદ્દેશ ભાગ્યે જ સંભવે છે. કારણ કે શાસ્ત્રનો ઉદ્દેશ તે દહાડે મને સમજાવ્યો હતો તે તો જુદો છે.

ગુરુ–શાસ્ત્રનો ઉદ્દેશ મેં શો જણાવ્યો હતો તે તને સ્મરણ છે ?

શિષ્ય–શાસ્ત્ર તો કોઈ કર્મમાં પ્રવૃત્ત થવાની આજ્ઞા કરે છે કે કોઈ કર્મમાંથી નિવૃત્ત થવાનું કહે છે. જેમકે 'સ્વર્ગની કામના હોય તેણે પૂર્ણિમાએ અને અમાવાસ્યાએ યજ્ઞ કરવો, અથવા તો કોઈ પ્રાણીની હિંસા કરવી નહીં.' શાસ્ત્ર આવો વિધિ કે નિષેધ કરે છે. સત્કર્મ કરવા પ્રેરે અને અસત્કર્મ કરવા નિવૃત્ત કરે. આજ શાસ્ત્રનો ઉદ્દેશ છે. પણ જો શાસ્ત્ર એમ કહે કે મનુષ્યને બે હાથ છે, તો તેથી કંઈ લોકોના પર ઉપકાર થવાનો નથી. શાસ્ત્ર જે નહીં અજ્ઞાન અને અપ્રાપ્ત વસ્તુના સ્વરૂપને દર્શાવી, શા ઉપાયથી તે પ્રાપ્ત થાય, તે જો જણાવે તો તે પ્રમાણે તે પ્રાપ્ત કરવા યત્ન કરે. આપ તો કહો છો કે બ્રહ્મનું સ્વરૂપ જાણવાથી કામ સરે છે તેને પ્રાપ્ત કરવાને માટે કંઈ કર્માનુષ્ઠાનની જરૂર નથી. બ્રહ્મને પ્રાપ્ત કરવા માટે વેદાંતશાસ્ત્ર કોઈ અનુષ્ઠાનનું વિધાન પણ કરતું નથી. જો આમ છે, તો પછી શાસ્ત્ર નિરર્થક ઠરશે કારણ કે શાસ્ત્રનો અર્થ સમજાવતાં આપે જ કહ્યું હતું કે શાસન કરે તે શાસ્ત્ર.

ગુરુ–વત્સ! જો હું તને એમ પૂછું કે શાસ્ત્રના બે અંશ. ૧ કર્મકાંડ અને ૨ જ્ઞાનકાંડ. વારુ, આમાંથી એક જ સત્ય અને બીજો મિથ્યા એમ તારાથી કહી શકાશે ખરું ?

• શિષ્ય–'આત્માનું દર્શન કરો' 'આત્મા નિષ્પાપ છે, તેનું અન્વેષણ કરો, તેને જાણો, તેની ઉપાસના કરો.' આમાં પહેલી બૃહદારણ્યકની શ્રુતિ છે અને બીજી છાંદોગ્યની; આ બન્ને શ્રુતિવાક્યમાં કર્મોનું વિધાન કરવામાં આવ્યું છે. વેદાંતનો આ અંશ કર્મકાંડમાં સાર્થક છે, પણ આત્મા કેવો છે એ પ્રશ્ન સ્વાભાવિક ઉભો થાય છે. આના ઉત્તરમાં એમ કહેવામાં આવ્યું છે કે 'જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનું કારણ છે'–ઇત્યાદિ. આથી વેદનો જે ભાગ આત્માના સ્વરૂપનું વર્ણન કરે છે, તેને કર્મકાંડનો સહાયક માનવો સ્વતંત્રપણે એવા શ્રુતિવાક્યોની સાર્થકતા નથી સ્વર્ગપ્રાપ્તિ માટે યજ્ઞનું વિધાન કરવામાં આવ્યું છે, તે જ પ્રમાણે આત્મા વા બ્રહ્મના જ્ઞાન કે ઉપા-

બ્રહ્મ માનસિક ક્રિયાનો અવિષય થશે. આથી જ શ્રુતિમાં કહ્યું છે કે 'તે બ્રહ્મ છે, તમે તેને જ ઓળખો, જાણો, લોકો જેની ઉપાસના વિભિન્ન રૂપે સમજી ઉપાસના કરે છે તે બ્રહ્મ નથી' (કેન. ૧. ૪)

શિષ્ય:—ગુરુદેવ, આપ કહો છો એમ બ્રહ્મ જો કથાનો વિષય થઇ શકતું નથી, તો પછી 'બ્રહ્મને શાસ્ત્ર દ્વારા જાણી શકાય છે, એમ શી રીતે કહી શકાશે?' આ પ્રમાણે તે શાસ્ત્રનો પણ 'અવિષય' થશે.

ગુરુ.—વારુ, એમ સ્વીકાર કરીશું કે વસ્તુતઃ બ્રહ્મ શાસ્ત્રનો વિષય નથી, પણ શાસ્ત્રની એક પ્રકારની સાર્થકતા છે. શાસ્ત્ર કંઇ નહીં તો અવિદ્યાકલ્પિત નાનાત્વ જ્ઞાનની નિવૃત્તિ કરે છે. 'નાનાત્વ કંઇ છે નહીં, એકત્વ સત્ય છે.' ન હોય તો પછી બ્રહ્મને શાસ્ત્ર શી રીતે પ્રકાશ કરી શકે? શાસ્ત્ર બ્રહ્મને માટે એક પ્રકારનો આભાસ આપે છે. શાસ્ત્ર માત્ર એટલું કહે છે કે તે વસ્તુતઃ એક છે, અનુભવ ગમ્ય છે, બ્રહ્મના અમુક ગુણ છે, જીવ તેને જાણી શકે છે, એમ કથવાનો શાસ્ત્રનો આશય નથી. શાસ્ત્ર તો જ્ઞેય અને જ્ઞાતાના ભેદનો નિષેધ કરે છે. જેમ કેનોપનિષદ્‌ના બીજા ખંડના ત્રીજા મંત્રમાં શું કહ્યું છે?

'જે ધારે છે કે મેં બ્રહ્મને જાણ્યો નથી તેણે તેને જાણ્યો છે— જે બ્રહ્મને માનસિક ક્રિયાથી અગોચર સમજે છે તે બ્રહ્મને જાણે છે. અને જે ધારે છે કે મેં બ્રહ્મને જાણ્યો છે— મનથી બ્રહ્મ જાણી શકાય છે એમ માને છે— તો બ્રહ્મને જાણ્યો નથી' કહેવાનું તાત્પર્ય એ છે કે બ્રહ્મ જ્ઞાનક્રિયાનું કર્મ છે, એમ કહેવું યોગ્ય નથી. બીજી શ્રુતિ પણ શું કહે છે? 'જે દૃષ્ટિનો દૃષ્ટા, શ્રવણનો શ્રોતા, જ્ઞાનનો જ્ઞાતા છે તેને જાણી શકાતો નથી.' (બૃ. ૩-૪-૨) આ પ્રમાણે કેટલાંય શ્રુતિ વાક્યોથી આપણને સમજાય છે કે બ્રહ્મને કોઇ પણ ક્રિયા વડે જાણી શકાતા નથી મળ મુદ્દાની વાત એ છે કે અવિદ્યાકલ્પિત સંસારિત્વ અથવા કહો ને સંશયના ભ્રમ દૂર થતાં નિત્ય, મુક્ત આત્મા સ્વતઃ પ્રકાશે છે. વસ્તુસ્થિતિ આ પ્રમાણે હોવાથી મોક્ષ નિત્ય છે. મોક્ષને અનિત્યત્વ દોષ સ્પર્શ કરી શકતો નથી.

શિષ્ય:—ત્યારે ગુરુદેવ! મોક્ષ ઉપાસનાસાધ્ય તો છે ને?

ગુરુ.—તેજ વાત હવે સ્પષ્ટ થશે. આચાર્યવર પણ જ સમજાવે છે. વત્સ! કાર્યફળ ચાર પ્રકારનું સંભવે છે. કહોની કે હોઇ શકે છે. ૧ ઉત્પત્તિરૂપ

૨ પ્રાપ્તિરૂપ ૩ વિકારરૂપ અને ૪ સંસ્કારરૂપ. ઉત્પાદ્ય–ઉત્પત્તિરૂપ એટલે એક કાર્ય કરવાથી તેના ફળરૂપ બીજી વસ્તુ ઉત્પન્ન થાય. જેમ કે કુંભાર અમુક ક્રિયાના ફળરૂપે ઘડો તૈયાર કરે છે ૨ આપ્ય–પ્રાપ્તિરૂપ જેમ કે ચાલવાથી આપણું ગામ પહોંચી જઈએ છીએ તાત્પર્ય કે ગમનક્રિયાના ફળરૂપે ગામ પહોંચીએ છીએ ૩ વિકાર્ય વિકારરૂપ વિકાર એટલે પહેલાની અવસ્થાથી ભિન્ન પ્રકારની અવસ્થા પ્રાપ્ત થવી તે જેમ દૂધ દહીં અવસ્થા પ્રાપ્ત કરે છે તેમ ૪ સંસ્કાર્ય–સંસ્કારરૂપ, સંસ્કારથી બે વાના કરી શકાય

એક તો તેમાં ગુણ ઉત્પન્ન કરી શકાય જેમ કે ગાઈ જળાપ તમાં કોઈ દૃષ્ટિ વાળો માણસ જળ પીએ તો તેને તપાવીને તેમાં પવિત્રતા આણી શકાય છે એને ગુણાધાન એટલે સંસ્કારથી અમુક ગુણ લાવી શકાય એમ વસ્ત્ર કે તે મલીન છે, તેની મલિનતા પાણીથી ક્ષાલન કરી શકાય છે એમ આ રીતે, આરસાની મલીનતા ગામથી દૂર કરી શકાય છે તે દોષ નિરસન કરી શકાય છે

શિષ્ય —ત્યારે ગુરુદેવ આપ એમ કહેવા માગો છો કે આત્મા આ ચારથી રહિત છે આત્માને આ ચાર લાગુ પડતાજ નથી એમજ ? ?

ગુરુ —બરાબર કહ્યું હવે વાત એ છે કે ઉપર કહ્યા તે ચાર સિવાય ક્રિયાનું ફળ હોઈ શકતું નથી ત્યારે જો મોક્ષ આ પ્રમાણે ઉત્પન્ન થયેલો પદાર્થ હોય, ઘડાની માફક અથવા દહીંની માફક વિકાર્ય હોય તો તે અવશ્ય અનિત્ય હશે ગઈ ઉત્પન્ન થયેલો પદાર્થ નિત્ય ચિરસ્થાયી જોવામાં આવતો નથી એ તો સમજી શકાય તેમ છે વળી મોક્ષ ગામની માફક આપ્ય પણ નહી કરી શકાય કારણ કે આપણાથી જે ભિન્ન પદાર્થ હોય તેને આપણે ક્રિયા વડે પ્રાપ્ત કરી શકીએ બ્રહ્મ સર્વત્ર સર્વવ્યાપી છે તો તે સર્વદા પ્રાપ્ત જ છે સર્વ પ્રદેશ, સર્વકાળ, સર્વવસ્તુ બ્રહ્મથી વ્યાપેલ છે તો અમુક વખતે બ્રહ્મ પ્રાપ્ત થશે એમ કેમ કહી શકાશે ? ગામની માફક અસંગત હોવાથી તે નિત્યપ્રાપ્ત છે હવે મોક્ષ સંસ્કાર્ય પણ નહી કહી શકાય સંસ્કારથી ઉપર કહી ગયા તેમ ગુણાધાન–કોઈ ગુણ ઉત્પન્ન કરી શકાય અને મલાપનયન દોષનું નિરસન કરી શકાય" બ્રહ્મ કોઈ મહાન કે શ્રેષ્ઠ છે જ નહી તો પછી તેમાં બીજા ગુણનો સમાવેશ શી રીતે કરી શકાશે ? પૂર્ણ પૂર્ણતા શી આણી

શકાય ? બ્રહ્મ સદૈવ શુદ્ધ છે તો પછી તેમાં કયા દોષનું નિરસન કરીશું ?

શિષ્ય — ઠીક, ગુરુદેવ ! કાચ સ્વાભાવિક રીતે ચમકાટવાળો=ભાસ્વર છે. તે જો મેલા પડી જાય તો તેના પર રાખ ઘસી તેની મલીનતા દૂર કરી ભાસ્વરત્વ કળાથી આણી શકાય છે. આ પ્રમાણે ગોપને આત્માનો સ્વાભાવિક ધર્મ છે એમ માનીએ. તે ધર્મ અવિદ્યારૂપ મળથી આવૃત્ત થયો છે. કહોની કે ભાસ્વરત્વ (=ચકચકાટ) તિરોધાન ભાવને પ્રાપ્ત થયું છે. ઉપાસનારૂપી ક્રિયાથી અવિદ્યારૂપી મળની નિવૃત્તિ થતાં પુનઃ ભાસ્વરત્વ ને પ્રાપ્ત થાય છે. આથી બ્રહ્માત્મ સ્વરૂપ મોક્ષ પણ સંસ્કાર્ય છે. એમ માનવામાં વાંધો શું છે ?

ગુરુ —હોય છે ! ક્રિયા એટલે શું ? ક્રિયાનો સ્વભાવ એવો છે કે જેને આશ્રિત જે ક્રિયા હોય છે, તે ક્રિયા પોતાના આશ્રયમાં સંયોગાદિ વિકારોને ઉત્પન્ન કર્યા વગર ઉત્પન્ન થતી નથી. પણ પોતાના આશ્રયમાં કંઈને કંઈ વિકાર કે પરિવર્તન પેદા કરે છે. જેમ કે મેલનું આશ્રય કાચ છે. રાખ એ દ્રવ્યનો સંયોગ કાચ પર થાય છે. તેથી તેના સંયોગથી પરિવર્તન થાય છે. કાચ અથવા દર્પણ સાવયવ છે. ભસ્મનો સંયોગ દર્પણમાં થઈ શકે છે. અને મેલના નાશરૂપ સંસ્કાર બને છે. આત્મા તો કંઈ અવયવ નથી. નિરવયવ આત્મામાં ક્રિયા શી રીતે થાય ?

શિષ્ય —બસ, અવિકારી અને નિરવયવ આત્મામાં ક્રિયા ન થાય પણ ક્રિયા કોઈ બીજા કશામાં થાય ? અને તે ક્રિયાના બળથી આત્માને સંસ્કાર થાય એમ હોવામાં વાંધો શો છે ?

(અપૂર્ણ.)

એક પત્ર*

પ્રિયશ્રી...

શરીરના ધર્મ એવા જ હોય છે. વૃદ્ધિક્ષીણતા એ જ એનો સ્વભાવ; એને જોયા કરવા, મિથ્યા માનવા, અને આત્મભાવના દૃઢ રાખવી એજ સ્વરૂપ સાક્ષાત્કારનું ઉત્તમ સાધન.

આપને પોતાને આત્મભાન રહે છે, સંસાર સ્વપ્નવત્ મિથ્યા છે એવું લાગ્યા કરે છે, ૐકારનું સ્મરણ રહે છે, એમ લખો છો એ વાત ખરી, પણ એની સાથે દેહાધ્યાસ શિથિલ થવો જોઇએ, અને થોડો વખત સ્થિર એક આસને બેસીને ધ્યાન પરાયણ પણ થતાં શીખવું જોઇએ, પૂજાપાઠ કે ધ્યાન જો નિયમિત નહિ થાય તો ઉત્તરાવસ્થામાં ચિત્ત પર જેવો સંયમ જોઇએ તેવો રહેવો અસંભવિત અને અશક્ય થઈ પડશે. આત્મબુધ્ધિ નહિ રહે અને સંસારી ઉપાધિઓ તથા આરબ્ધના ભોગમાં હંમેશાં હર્ષશોક તથા રાગદ્વેષ સતાવ્યા કરશે રોજ નિયમિત અમુક સંખ્યા ૐ ના જપ થાય તો પણ ઠીક. પણ હું આગ્રહ કરું નહિ અને તમે એવી નિયમિત ટેવ પાડો નહિ, એટલે આપણે આમ જ જીવન વ્યતિત કરવાનું રહ્યું ! આવું રહેશે તો તમારે માટે મારે હંમેશાં અસંતોષ જ રાખવો પડશે. છતાં મને વિશ્વાસ છે કે તમે આત્મ-કલ્યાણને માર્ગે પ્રગતિ કરો છો અને કરશો. મારા તરફની મમતા નહિ, તો કેવળ સહાનુભૂતિને લીધે પણ કોઈ કાળે તમને એ જ્ઞાનનિષ્ઠા થશે, એવી શ્રદ્ધા રાખ્યા વિના બીજો કશો મારી પાસે ઉપાય નથી. પરમાત્મા તમારું આત્મ કલ્યાણ કરે. ૐ"

---

*સ્વા. શ્રી. સ્વયંજ્યોતિ તીર્થલિખિત સંગ્રહ " પત્રજ્યોતિ " માંથી એક પત્ર.

卐

કાર્યાલયનાં ધાર્મિક પુસ્તકો વસાવી લ્યો

કિરણકલાપ
સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ ના દીર્ઘશ્રમમાં રચાતા વૈરાગ્યના કાવ્યોનો સંગ્રહ
[મૂલ્ય આઠ આના]

ભર્ગદર્શન
સ્વા. સ્વયંજ્યોતિ તીર્થના રચેલા ભક્તિ અને જ્ઞાનના ભજનો
[મૂલ્ય છ આના]

પરમામૃત
મહારાષ્ટ્રના કવિ મુકુન્દરાજ પ્રણીત મરાઠી ગ્રન્થનો અનુવાદ
[મૂલ્ય આઠ આના]

અદ્વૈતજ્ઞાનનૌકા
સંવાદરૂપે જ્ઞાનબોધ
[મૂલ્ય આઠ આના]

ત્રિપુરારહસ્યજ્ઞાનખંડ
દત્તાત્રયનો શિષ્ય પરશુરામને ઉપદેશ
[મૂલ્ય બાર આના]

શ્રીસદ્ગુરુસ્તુતિશતક
શ્રીમદ્ગુરુશિક્ષાશતક
નિત્યપાઠમાં ઉપયોગી થાય તેવાં શતકો
[દરેકનું મૂલ્ય ત્રણ આના]

મીરાં અને રાણો
[ભક્તિસંવાદ] ૦-૨-૦

ધ્યાન અને જ્ઞાન
[ધ્યાનની અનેક વિધિ બતાવનાર ગ્રન્થ
૦-૪-૦

ભાવાર્થસિન્ધુ
['ઉત્થાન'નું ત્રીજા અને ચોથા વર્ષનું ભેટપુસ્તક] ૧-૮-૦
આ પુસ્તક સાકાર અને નિરાકારની ઉપાસના અને જ્ઞાનનો નિર્ણય કરી સાચો અનુભવ બતાવે છે આ પુસ્તક 'ઉત્થાન'ના નવા થનાર ગ્રાહકોને લવાજમ ઉપરાન્ત માત્ર આઠ આના વધારે લઈ ભેટ તરીકે અપાય છે આવા પ્રકારનું આ પુસ્તક તદ્દન નવીન હોઈ જિજ્ઞાસુઓને જરૂર ગમી જશે

MAYA Re. 1/0/0
Relativity સિદ્ધાન્ત અને વેદાન્તના 'માયા'ના સિદ્ધાન્તની સ્પષ્ટ સમજ આપતું અંગ્રેજી પુસ્તક

આ સિવાય બીજાં ધાર્મિક પુસ્તકો માટે અમારું વિગતવાર સૂચિપત્ર પોણા આનાની ટિકિટ મોકલી મંગાવો. (દરેકનું ટપાલખર્ચ જુદું)

ઉત્થાન કાર્યાલય : મકરપુરા રોડ; ગોયાગેટ, વડોદરા

સ્વા. સ્વયંજ્યોતિ તીર્થે મુ. વડોદરા, એમને માટે વડોદરા, રાવપુરા, અશોક પ્રિન્ટરીમાં રમણલાલ નાનાલાલ શાહે છાપ્યું અને ત્યાંથી પ્રકટ કર્યું.
તા. ૧૫-૩-૧૯૪૫.

उत्तिष्ठत जाग्रत प्राप्य वरान् निबोधत ।

ઉઠો સાધક ! જાગો ને આચાર્યવર મેળવો
આત્મબોધ મળે એવાં વિદ્યાવિજ્ઞાન

ઉત્થાન

તંત્રી : સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ
ગોયાગેટ : મકરપુરા રોડ : વડોદરા

વર્ષ ૪ : અંક ૧૦ : . : એપ્રિલ : ૧૯૪૫ :

શ્રી. ભાગવતનો કથા વિભાગ—

(૩) શ્રી શુકદેવજી બોલ્યાઃ—

कथा इमास्ते कथिता महीयसां
विताय लोकेषु यश परेयुषाम् ।
विज्ञान वैराग्य विवक्षया विभो
वचो विभूती र्न तु पारमार्थ्यम ॥ १४ ॥

અર્થ—" હે પરીક્ષિત રાજા ! લોકોમાં પોતાની કીર્તિનો વિસ્તાર કરીને જેઓ મરણ પામેલા છે, તે મહાપુરુષોની કથાઓ (વાતો કે દૃષ્ટાન્તો) મેં તમને વિજ્ઞાન (આત્માનુભવ) અને વૈરાગ્યનું વર્ણન કરવાની ઇચ્છાથી કહી સંભળાવી છે; પણ એ બધી (કેવલ) વાણીનો વિલાસમાત્ર છે; (બોલવા-કહેવા કે નામ-માત્ર છે; સાર ગ્રહણ કરવા માટે છે.) પરમાર્થરૂપ નથી. (સાચી નથી.)

શ્રી. ભાગવત-સ્કંધ ૧૨ : અ. ૩ ૧૪.

પ્રસંગસ્ફુર્તિ ડરકારમાં શ્રી પુરુષોત્તમ હરજીવન મહેતાના પ્રયત્નથી એક ગુજરાત મેવાસ્નાનની સ્થાપના થઇ છે, ગુજરાત કાઠિયાવાડના યાત્રીઓને એ તીર્થમાં સગવડ કરી આપવાનો ઉદ્દેશ હોય એમ જણાય છે. મણિકર્ણિકાઘાટ, રમણલાલ હરદાર. એ આશ્રમનું સરનામું છે.—મુંબઇ, માધવબાગમાં ગો.શ્રીદીક્ષિતજીમહારાજના અધ્યક્ષપદે શ્રીમદ્ભાગવતાદિ અષ્ટાદશ પુરાણ સમન્વિત શ્રીનારાયણ યાગ પુરુષોત્તમ માસ નિમિત્તે અ. શે. ૫. પાંચમથી શરૂ થઇ અમાસને દિવસે પૂર્ણાહુતિ થશે.—નવા હિંદુકોડનો વિરોધ હજુ પણ આખા હિંદુસ્તાનમાં ચાલુ છે અને ચાલુ રહેવો જોઇએ.—દ્વારકા શારદાપીઠમાટે શંકરાચાર્યની વરણી માટે વડોદરા રાજ્ય તરફથી પ્રયત્નો ચાલુ છે. કયેરીએ ચડેલો આ પ્રશ્ન હવે તો શાન્તિથી પતી જવો જોઇએ. બ્રહ્મીભૂત શ્રી સ્વરૂપાનંદ તો હારી ગયા હતા. અને રહ્યા એક માત્ર શ્રી રાજરાજેશ્વરાશ્રમ, જેને બહુમતિની પ્રજાનો ટેકો છે. એટલે ગાયકવાડ સરકાર એમને જ શા માટે પસંદ ન કરે? આવી બાબતોમાં હઠ કે પૂર્વગ્રહ નકામા છે—સુરતના વતની, મહાન વૈજ્ઞાનિક પ્રો. કલ્યાણરાય ડી. મજમુદારનાં બહેન શ્રી શિવગૌરી ગજ્જરનું ૮૨ વર્ષની વયે અવસાન થયું. ગુજરાતભરમાં 'વનિતા વિશ્રામ'ની પ્રવૃત્તિના એ આદ્ય પ્રેરક તથા સંસ્થાપક હતાં. નાની બહેન ગજ્જરે કેટલીએ બ્હેનોનાં ધર્મમાતા બનીને શિક્ષામૃત પાયુ છે—રશીયન યુનિવર્સિટીમાં હિંદની પ્રાચીન અર્વાચીન સંસ્કૃતિ ઉપર વ્યાખ્યાન આપવા માટે બુદ્ધ ધર્મના અભ્યાસક પ્રો. રાહુલ સાંકૃત્યાયન લેનીનગ્રેડ ગયા છે. રશિયન ભાષામાં મહાભારત વગેરે ગ્રન્થોના અનુવાદનું કામ તો કેટલાએ વખતથી ચાલુ છે. —યુદ્ધ હવે જલદી પુરૂં થશે. વિજેતાઓ વિજયસમારંભ ઉજવશે, અને તેની સાથે વિશ્વશાન્તિની ભાવિ યોજનાઓ ઘડશે. વિશ્વના રાજકારણમાં સાચી ધર્મભાવના પ્રકટે અને પૂર્વની તાત્વિક સંસ્કૃતિનો લાભ લઇ ભાવિ ઘડતર ઘડાય તો જ કંઇક સાચી શાન્તિના સ્વપ્નાં ગોઠવાય! પરમાત્મા સૌને સદ્બુદ્ધિ આપે!

—ઉત્થાન કાર્યાલયમાં મળતાં બીજાં ધાર્મિક પુસ્તકો—

સ્વા. શ્રી. માધવતીર્થજીનાં લખેલાં:—

૧, હું કોણ?	૨, તું કોણ?	૩, તે કોણ?
૨-૮-૦	૨-૦-૦	૩-૦-૦

ત્રણે પુસ્તકો સરલ ભાષામાં દૃષ્ટાન્તો સહિત વેદાન્તજ્ઞાન સમજાવે છે.

ગીતાદર્પણ એટલે શ્રીમદ્ ભગવદ્ગીતા પર શ્રી રામેશ્વરાનન્દી-અનુભવાર્થ-દીપક ભાષા-ભાષ્યઃ સ્વા. શ્રી. આત્માનન્દ મુનિજીએ લગભગ ૫૭૫ પાનના આ ગ્રન્થમાં પ્રત્યેક ભારતવાસી સમજી શકે તેવી સરલ હિંદી ભાષામાં આ મહાગ્રન્થનું જ્ઞાનયોગશાસ્ત્ર બહુ જ રસપ્રદ રીતે સમજાવ્યું છે. આવો કાપડી પૂંઠાનો દળદાર જ્ઞાનભરપૂર ગ્રન્થ હાલના સંયોગોમાં માત્ર પડતર કિંમતે (૨-૮-૦) છે. બને તો સાધકો એકેક નકલ જરૂર વસાવી લે! આ તક ગુમાવવા જેવી નથી.

ॐ नमो नारायणाय ॥

ઉદ્યોત

વર્ષ ૪ : અંક ૧૦ : : : : એપ્રિલ '૪૫ : : : દ્વિ. ચૈત્ર . ૨૦૦૧

ધર્મવિચારણા
(ગતાંકથી ચાલુ)

લેખક :
સ્વા. શ્રી. અદ્વૈતાનંદજી

[૭]

આધિભૌતિકવાદના અનુયાયીઓ શરીર અને મન એ બેનું જ અસ્તિત્વ સ્વીકારે છે. શાળાઓમાં જે પદાર્થવિજ્ઞાન, જીવનવિજ્ઞાન, રસાયન આદિ શાસ્ત્રો શીખવવામાં આવે છે તે આપણને પિંડ અને બ્રહ્માંડની બાહ્ય રચનાના પ્રકારોનું જ્ઞાન આપે છે; પરમાણુમાંથી ઠેઠ મનુષ્ય સુધીના પરિણામોનો ક્રમ સમજાવે છે: પણ જડ પરમાણુઓના સંગઠનથી ચૈતન્યની કેવી રીતે ઉત્પત્તિ થાય છે, જડ પરમાણુઓ આપો આપ કોઇપણ ચૈતન્ય વસ્તુની પ્રેરણા વિના કેવી રીતે એકઠાં થાય છે અને શા માટે જૂદાં પડે છે તેનો ખુલાસો આ વિચાર શ્રેણીમાં પડતો નથી. મૂળના પરમાણુઓમાંજ જો જીવનો, જ્ઞાનનો, સ્વીકાર કરવામાં ન આવે તો પછી એ પરમાણુઓના પરિણામોમાં તે ક્યાંથી આવી શકે ? આનું સબળ કારણ મળી શકતું નથી. જીવ એ પરમાણુ સંઘાતજન્ય છે એમ તેઓ પ્રતિપાદન કરે છે. પણ જે પ્રત્યક્ષ પ્રમાણને આ શાસ્ત્રવાળાઓ સ્વીકારે છે, તેથીજ આ વાત સાબીત થતી નથી. મૃત દેહની આકૃતિ એની એજ રહે છે પણ જ્યારે તેમાંથી જીવ ચાલ્યો જાય છે ત્યારે તે ચૈતન્ય હીન થઇ જાય છે. શરીરને ચેતન અર્પણ કરનાર જીવ છે. જીવ શરીરના પરમાણુઓનાં

સંગ્રહનું કાર્ય નથી જડવાદીઓ જીવનો, જ્ઞાનનો, સંતોષકારક ખુલાસો આપવા માટે એક વાદનો પણ આશ્રય લે છે, અને આ વાદના તત્ત્વજ્ઞાનથી આપણા દેશમાં પણ ઘણા શિક્ષિત મનુષ્યો મોહ પામ્યા છે. આ વાદને "અજ્ઞેયવાદ" કહેવામાં આવે છે સંસારની પાછળ મૂળ કારણ તરીકે એક ચૈતન્યમય તત્ત્વ હશે એમ સ્વીકારીએ તો પણ આપણે તેને જાણી શકીએ એમ નથી આવી તેમની માન્યતા છે તેથી પોતાના અજ્ઞાનની જ ઉપાસના કરવામાં તેઓ માને છે વ્યાવહારિક ક્ષેત્રમાં નાસ્તિકવાદીઓ, અને અજ્ઞેયવાદીઓ વચ્ચે ભેદ ફેર નથી. બન્નેના મત પ્રમાણે સર્વ પ્રવૃત્તિનો ઉદ્દેશ શરીર સુખ છે "ઘણામાં ઘણું સુખ ઘણામાં ઘણા મનુષ્યોનું" થાય તેજ સર્વોત્તમ નીતિ અથવા સિદ્ધાંત આ વાદીઓ માન્ય ગણે છે ખરા, પણ આ પ્રમાણે વર્તન કરનારા તો ઘણા થોડાજ હોય છે પણ જનસમાજમાં તો સામાન્ય રીતે કેવળ આત્મંભરિતા, (હું પહેલો ને બીજા બધા પછી એ ભાવના), અને સુખ, (શારીરિક કે માનસિક) આજે નીતિમત્તાના કેન્દ્રો તરીકે ગણવામાં આવે છે આધુનિક પાશ્ચાત્ય સંસ્કૃતિ આ ભાવનાઓનુંજ પ્રતીક છે એમ આપણે કહી શકીએ અને તેનું પરિણામ આખરે કેવું આવે છે, તેનો પણ પ્રત્યક્ષ અનુભવ અત્યારે થાય છે. અહંતાને જે સંસ્કૃતિમાં પ્રાધાન્ય આપવામાં આવે, તે હમેશ પરસ્પર વૈમનસ્ય અને છેવટે યુદ્ધમાંજ પરિણમે. ધાર્મિક સંસ્કૃતિ અનુસાર એકજ આત્મા વિવિધરૂપે સર્વત્ર વિહરે છે તેમાં કોઈપણ પ્રકારનો ભેદ કે વિભાગ નથી પ્રકૃતિ—ગુણ, દેશ, કાળ, આદિ જે મન કલ્પિત પદાર્થો છે તેની ઉપાધિથી આત્મામાં ભિન્નત્વ પ્રતીત થાય છે, વાસ્તવિક દૃષ્ટિએ ભેદ છેજ નહિ આ જીવન એક યાત્રા છે તેમાં આત્મા વિવિધ પ્રકારના અનુભવો મેળવી ક્રમશ: પોતાના મૂળ સ્વરૂપ તરફ જાય છે આત્માને મુખ્ય માનવામાં આવે તે સભ્યતામાં અહંતા હું અને મારું પ્રધાન ગણાતું નથી—પણ સર્વ સમતાપ્રિય એ જીવનનું સાર્થક ગણાય છે સર્વ દેશની, સર્વ ધર્મની પ્રાચીન ભાવનામાં આવું બળ છે પ્રાચીન ભાવના અને તજ્જન્ય કર્તવ્યભાવનામાં જે શાંતિ, સમૃદ્ધિ પ્રાપ્ત થઈ શકે છે તે અર્વાચીન ભાવના અને તદનુસાર જે કર્તવ્યભાવના બંધાય છે તેમાં જણાતા નથી આધુનિક સમયમાં કાંતો ભાવનાનો સદંતર ત્યાગ કરવામાં આવે છે અથવા ધર્મ અને વ્યવહાર

પચ્ચે અભેદ દિવાન ચણુનામા આવે છે. ધર્મભાવના (અદ્વૈતભાવના) પ્રત્યેક પ્રાણીમા સ્વમાન સિદ્ધ છે તેમ તે યુક્તિયુક્ત પણ છે. જેમ જેમ બુદ્ધિતત્ત્વનો વિકાસ થતો જાય છે તેમ તેમ "હુ" અને "તુ" નો વિભાગ સ્પષ્ટ થતો જાય છે. તર્ક કરતા કરતા મનુષ્ય એવા અનુમાન ઉપર આવે છે કે છેવટે સર્વથી મોટું પણ કોઈ હોવુ જોઈએ. કારણ વિના કાર્ય સસારમા કોઇપણ ઠેકાણે જોવામાં આવતુ નથી તેથી આ જગતને રચનાર, કોઇક છે અને સર્વશક્તિમાન કર્તુમકર્તુમન્યથાકર્તુ સમર્થ છે, આવો વિચાર કોઇપણ બુધ્ધિમાન પુરુષને આવ્યા વિના રહેતો નથી. બીજી દૃષ્ટિએ વિચાર કરીએ તો પણ આપણને જણાય છે કે આપણો સમગ્ર વ્યવહાર, જ્ઞાનસામગ્રી અથવા પ્રમાણવાદ ઉપર નિર્ભર છે. પ્રમાણ વડેજ આપણે પ્રમેયની પધ્ધતિ નીએ છીએ અને પ્રમાણના અસ્તિત્વનો આધાર પ્રમાતા ઉપર છે. આપણે પ્રમાતા (જ્ઞાતા) છીએ અને બાકીનુ સર્વ પ્રમેય છે. એક જોનાર છે અને બીજુ તેને જોવાનુ. આ બન્ને પદાર્થો, આત્મા અને અનાત્મા–જ્ઞાતા અને જ્ઞેય, ક્ષેત્રજ્ઞ અને ક્ષેત્ર, પ્રમાતા અને પ્રમેય, દૃષ્ટા અને દૃશ્ય, વિચારપૂર્વક જોવા જઇએ તો વિરોધી ધર્મવાળા અને તદ્દન પૃથક્ પૃથક્ છે એમ જણાય છે. જાણનાર અને જાણવાનો પદાર્થ એક હોઇ શકે નહિ, તે છતા પણ 'હુ' ના ચૈતન્યરૂપ ધર્મનો 'આ' પદાર્થના ધર્મ તરીકે આરોપ થાય છે. સ્થૂળ શરીરના, અતઃકરણના, અહંકારના સવ ધર્મો મારાથી ભિન્ન છે, એવો અનુભવ પ્રત્યેક મનુષ્ય કરી શકે છે. ત્રણે અવસ્થાનો, જાગૃતિ, સ્વપ્ન, અને સુષુપ્તિ, એ સાક્ષી છે, તે દરેક મનુષ્ય જાણે છે છતાં તે ધર્મો મારામા છે, અને તેથી મારામા રાગ, દ્વેષ, સુખ, દુ ખ, હર્ષ, શોકની લાગણીઓ ઉત્પન્ન થાય છે, 'હુ' તેમને વશ થાઉ છુ—આવો વ્યવહાર ઘણા કાળથી ચાલ્યોજ આવે છે વિચારદૃષ્ટિથી જોતા જણાય છે કે આ પરસ્પર અધ્યાસજ ભ્રમરૂપ છે, તેથી તેના પરિણામો પણ મિથ્યા હોવા જોઇએ. તે છતા સર્વ મનુષ્યો આ ભ્રમને સાચો માની સર્વ પ્રકારની પ્રવૃત્તિ આદરે છે અશિક્ષિત મનુષ્યો તથા પડિતો બન્ને ને આ નિયમ સમાન રીતે લાગુ પડેલો જણાય છે. વેદાતની પરિભાષામા આનુ કારણ અવિદ્યા છે એવુ પ્રતિપાદન કરવામા આવ્યુ છે. સત્ અને અસત્‌નો વિવેક કરી સત્ય સ્વરૂપનો પ્રત્યક્ષ અનુભવ કરવો એને અપરોક્ષ જ્ઞાન કહેવામા આવે છે સર્વ દૃશ્યપ્રપં-

સઘળા પૃથક્ વિજ્ઞાનાત્મા છે. દ્રષ્ટાને દ્રષ્યના ધર્મો એક હોઈ શકે નહિ. દ્રષ્ટા નિત્ય હોવાથી તે નિરાકાર હોવો જોઈએ (આકારવાળી સર્વ વસ્તુઓ કાર્યરૂપે હોવાથી નાશવંત, મર્યાદિત, હોવી જોઈએ), નિરાકાર વસ્તુ નિર્વિકાર પણ હોવી જોઈએ—નિર્વિકાર હોવાથી અનંત પણ હોવીજ જોઈએ, અને અનંત અને સર્વનું આદિ કારણ હોવાથી સર્વદા, સર્વથા, પરિપૂર્ણ, સચ્ચિદાનંદરૂપ હોવી જોઈએ. આ અનુમાન સહેલાઈથી કરી શકાય છે. બાહ્યપદાર્થોનો અનુભવ થવો એ વાતજ અંદરના ચૈતન્ય વિના અશક્ય છે. એ ચેતનજ પોતાના, સર્વ અવસ્થામાં ઐક્યને સીધેજ બહારના અનુભવનું પણ ઐક્ય સ્થાપી શકે છે. અને વ્યાપિરૂપ જ્ઞાનનો સિધ્ધાન્ત બાંધી શકે છે. જ્ઞાન અથવા ચૈતન્ય એજ વિશ્વાસ કરવા યોગ્ય છે અને સિધ્ધ છે. આ ચૈતન્ય જડનો ધર્મ નથી. આ ચૈતન્યના અસ્તિત્વ વિના કોઈપણ પદાર્થના જ્ઞાનનો સંભવ નથી. જ્ઞાન એવો "જાણવા" રૂપે સર્વત્ર જે પદાર્થ છે તેજ પોતે પોતાને જુએ છે અને વિધવિધ પ્રકારની સૃષ્ટિઓ રચી તેમાં આનંદ લે છે. કોઈપણ બાહ્ય દેખાતો પદાર્થ લઈએ—ખુરશી, ટેબલ, હાથી વિ. તેનું યથાર્થ તત્ત્વ શું છે તે તો સર્વદા અજ્ઞાનાવસ્થામાં અગમ્ય જ રહે છે. જોનાર પોતાની જ વૃત્તિને એક નામ આપી તેનો અનુભવ કરે છે. ભિન્ન ભિન્ન આકારો ચિરાગતિ ધારણ કરે છે તેથી સૃષ્ટિ મિથ્યા છે. જોનાર પોતેજ સર્વસિધ્ધ, સર્વદા, અનુભૂત અને પ્રત્યક્ષ છે. તેનો કોઈપણ કાળે વિનાશ થતો નથી. મનુષ્ય પોતાના મૃત્યુનો વિચાર કરે છે ત્યારે પણ પોતાના મૃત દેહનો જોનાર પોતે દ્રષ્ટા તરીકે રહે છે. જગતની પાછળ અધિષ્ઠાન તરીકે એક સર્વ વ્યાપક, નિત્યતત્ત્વ છે અને તે સર્વ પદાર્થોમાં ઓતપ્રોત છે તેમ તેમનાથી અનંત હોવાથી પર પણ છે. આ સનાતન સત્યનું સર્વ પ્રકારે તર્ક દ્વારા સમર્થન થઈ શકે છે. ચૈતન્ય વિના "છે" "હું" એ અનુભવજ અશક્ય છે.

ઘણા લોકોની એવી માન્યતા છે કે ચૈતન્યને સર્વમય ગણવાથી જીવ જેવો પદાર્થ નીકળી જશે અને માણસને પોતાનાં પુણ્યપાપ માટે ફળ ભોગવવાં પડે છે તે વ્યાજબી ગણાશે નહિ. અદ્વૈતવાદ, ચૈતન્યવાદ, અભેદવાદમાં જ્યાં સુધી પોતાના સ્વરૂપનું અજ્ઞાન હોય ત્યાં સુધી અંતઃકરણ વૃત્તિથી ભેદબુધ્ધિ પર થાય અને જ્યાં સુધી ભેદબુધ્ધિ હોય ત્યાં સુધી પુણ્ય અને પાપની જ્વાબ-

દારી રહે છેજ, કારણ કે ત્યા સુધી જીવભાવ રહે છે જીવભાવ રહે ત્યા સુધી પરિચ્છિન્ન અહતાનો ત્યાગ કરી સાત્ત્વિક અને અમર્યાદિત અહતા પ્રકાશ કરવાની વૃત્તિ રહેવાનીજ

ધર્મ જેવા અતિ અગત્યના વિષયમા એકલી લાગણીને જ વશ થઈને ચાલવુ તે ઉચિત નથી, જેમ સામાજિક વિષયનુ જ્ઞાન પ્રાપ્ત કરવામા કેવળ લાગણીનોજ ઉપયોગ કરવામા આવતો નથી, પરંતુ બુદ્ધિને અધીન રાખીને કામ લેવામા આવે છે, તેવી રીતે ધર્મના સ્વરૂપના યથાર્થ નિર્ણય કરવામા બુદ્ધિને દૂર રાખી ફક્ત લાગણીનો જ આશ્રય લેવો તે ઉપહાસાસ્પદ છે ધર્મના સ્વરૂપ વિષે નિર્ણય કરવામા તો બુદ્ધિને જ મદદ આપવી જોઈએ અમુક નિશ્ચય બાંધ્યા પછી બુદ્ધિ લાગણીઓનો ઉપયોગ કરી શકે છે આખરે એવો સમય આવે છે કે બુદ્ધિને લાગણીમા જ નાબુદ થઈ જાય છે તર્કશક્તિ, ઇચ્છાશક્તિ, ક્રિયાશક્તિ, આ માનસિક શક્તિઓ છે તેમના યોગ્ય સમન્વય કરી લેવાથી તેમની પાર જવાથીજ સત્યનો અનુભવ થાય છે મનની ઉન્નતમ માનસિક અવસ્થા એ પણ ખરા ધાર્મિક જીવનનુ પ્રવેશદ્વાર છે, તે તેનુ અંતિમ ધ્યેય નથી

નીતિ, અનીતિ, પુણ્ય, પાપ, ઇ નુ ધોરણ બાંધતા પહેલા વિશ્વરચનાનુ શુ સ્વરૂપ છે, વિશ્વનુ આદ્ય કારણ શુ છે, આપણો અને વિશ્વનો શો સંબંધ છે, આપણા જીવનનુ અંતિમ લક્ષ્ય શુ છે અને તે પ્રાપ્ત કરવામા કયા કયા ગુણોની ખાસ આવશ્યકતા છે—આ બાબતો અવશ્ય જાણવી જોઈએ પ્રત્યેક જાતના જ્ઞાનની શરૂઆત અનુભવથી થાય છે આ અનુભવ ઇન્દ્રિયજન્ય છે આના પાયા ઉપરજ બીજા સર્વ પ્રકારના જ્ઞાનનુ ચણતર થાય છે તત્ત્વશાસ્ત્રજ્ઞ-પુરુષોમા એવી માન્યતા હોય છે કે પદાર્થવિજ્ઞાનને અને તેમના વિષયને કોઈ પણ પ્રકારનો સંબંધ નથી તેમ પદાર્થવિજ્ઞાનશાસ્ત્રીઓ તત્ત્વચિંતકોને હવામા ઉડનારા, કલ્પનાના ઘોડાઓ બનાવી તે ઉપર સવારી કરવામા આનંદ માનનારા, અવાસ્તવિક, વ્યવહારશૂન્ય ગણે છે યથાર્થ દૃષ્ટિથી જોતા આ બન્ને વિષયોમા કોઈ ભેદ જ નથી મૂળકારણ જાણ્યા વિના કાર્યની ઉત્પત્તિના નિયમો જાણવાનો પ્રયત્ન કરવામા કાંઈ અર્થ નથી તેથી

અનાદર કરવો તે પણ અભેદભાવના કહેવાય. ઉભયનો યથાર્થ સુયોગ કરવામા આવે તોજ સત્યજ્ઞાન, સમ્યક્જ્ઞાન ઉદ્દ્ભવે છે. નીતિશાસ્ત્રને પણ તેજ નિયમ લાગુ પડે છે તેનો પણ તત્ત્વશાસ્ત્ર સાથે અને પદાર્થવિજ્ઞાનશાસ્ત્ર સાથે નિકટનો સંબંધ છે નીતિનુ ધોરણ નક્કી કરવામા પિંડબ્રહ્માંડ અભેદજ નિયામક તત્ત્વ છે અભેદાનુભવ એજ સુખની પરાકાષ્ઠા, તે તરફ ભિન્ન ભિન્ન વ્યક્તિઓને પોતાના અધિકાર અનુસાર લઇ જનારા નિયમોનુ પાલન તે નીતિ. આ જીવનના લક્ષ્યથી જે મનુષ્યને વિમુખ કરે તે અનીતિ. વ્યવહારમા ઘણી વાર એવુ જોવામા આવે છે કે જે કર્મને એક ઠેકાણે નીતિ કહેવામા આવે છે તેને બીજે ઠેકાણે અનીતિ કહેવાય છે કેવળ વ્યવહાર ઉપર નજર કરવાથી નીતિનો એક પણ માર્ગ હાથ આવતો નથી અભેદભાવના એજ સર્વ પ્રકારની ન્યુનાધિકતા, પામરતા, દુ ખ઼ાદિને જડમૂળથી ઉખેડી નાખવાનો સર્વોત્તમ ઉપાય છે આ પરમ પ્રેમને આધારે વ્યવહારમાનુ સ્વરૂપ દોરાય, વ્યક્તિગત અને સામાજીક જીવનની વ્યવસ્થા કરવામા આવે, તોજ જગતમાથી કલેશ, વૈમનસ્ય, જીવનકલહ અને દુ ખનો અંત આવે. આ અભેદ ભાવના એવી દૃઢ થવી જોઇએ કે વર્ણવ્યવહાર, દેશ, વિદેશ, સ્વધર્મ, પર ધર્મ, હૃદયના વિકાસમા આડે આવી શકે નહિ, પ્રત્યેક મનુષ્યની પવિત્ર ફરજ છે કે તેણે પોતાના જીવિતને દોરવા માટે પોતાની દૃષ્ટિ સમક્ષ ઉચ્ચ આદર્શ રાખવો જોઇએ જેમ જેમ આદર્શમા ઉચ્ચતા તેમ તેમ જીવનમા ગાંભીર્ય અને ભવ્યતા આવે છે સર્વ મનુષ્યોની માનસિક સ્થિતિ એક પ્રકારની ન હોવાથી એકજ આદર્શ સર્વેને પ્રેરણા આપી શકતો નથી અને જે જે આદર્શ જીવનને ઉન્નત બનાવવામા પ્રોત્સાહન ન આપે તેની કાઇ કિંમત નથી તેથી સમાજમા ભિન્ન ભિન્ન પ્રકૃતિના મનુષ્યોની આગળ પૃથક્ પૃથક્ આદર્શો મુકી તેમનો વિકાસ સાધવાની કોશિષ કરવામા આવે છે પણ આ બધા પ્રયત્નોમા પણ આન્તરિક ભાવના તો એજ હોય છે કે ક્રમશ તેમને જીવનના અંતિમ લક્ષ્યબિંદુ (અભેદાનુભવ) તરફ લઇ જવા આ બધા ધ્યેયનો સ્વીકાર કરવામા ના આવે તો નીતિશાસ્ત્રનો અન્ય કોઇ યુક્તિયુક્ત આધાર હોઇ શકે નહિ

દ્વૈતભાવના, ધર્મભાવના એજ સર્વ નીતિના નિયમોનો અચળ પાયો છે

પ્રત્યેક મનુષ્ય મૂળમા સચ્ચિદાનન્દસ્વરૂપ છે, તેથી તેની સ્વાભાવિક

ઇચ્છા સત્યનુ અનુસરણ કરવાની અને શુભ માર્ગમા વિચરવાની હોય છે. મનના વિકારોને વશ થઇને અશુભ કર્મ થઈ જાય તો તેને શરમ લાગે છે. પરતુ સગ્ પુણ્ય, પાપ, નીતિ, અનીતિ, વિ. શબ્દોના અર્થો ઘણાઓના મનમા સ્પષ્ટ હોતા નથી પ્રત્યેક વ્યક્તિ પોતે વિચારપૂર્વક અથવા શ્રધ્ધાથી ઠરાવેલા નિયમોનુ પાલન કરે છે સામાન્ય રીતે મનુષ્યો સજોગોને અધીન થઈ વર્તન કરે છે પ્રતિકૂળ પરિસ્થિતિમા પણ પોતાની માન્યતાને વળગી રહેનારો દૃઢનિશ્ચયી વીર વિરલજ હોય છ કર્તવ્ય એટલે શુ ? કર્તવ્ય એજ પરમ સાધ્ય છે એમ વાર વાર કહેવામા આવે છે, અને આ કથન યથાર્થ છે એ તો નિર્વિવાદ છે પણ શુ કરવાથી કર્તવ્ય કર્યું કહેવાય ? તે નક્કી કરવાનુ ધોરણ કયુ છે ? તેનો નિર્ણય કરવાની પ્રથમ આવશ્યક્તા છે. બૃહદારણ્યાકોપ નિષદ્‌મા યાજ્ઞવલ્કય અને મૈત્રેયીના સવાદમા યાજ્ઞવલ્કય જણાવે છે કે "પતિના સુખને અર્થે પતિ પ્રિય લાગતો નથી, પણ આત્માના પોતાનાજ સુખને અર્થે પતિ પ્રિય લાગે છે અરે સ્રીના સુખને અર્થે સ્રી પ્રિય લાગતી નથી, પણ આત્માનાજ સુખને અર્થે સ્રી પ્રિય લાગે છે અરે પુત્રના સુખને અર્થે પુત્ર પ્રિય લાગતો નથી, પણ આત્માનાજ સુખને અર્થે પુત્ર પ્રિય લાગે છે. અરે ધનના સુખને અર્થે ધન પ્રિય લાગતુ નથી પણ આત્માના જ સુખને અર્થે ધન પ્રિય લાગે છે. અરે ત્રણે લોકના સુખને અર્થે લોક પ્રિય લાગતા નથી પણ આત્માનાજ સુખને અર્થે લોકો પ્રિય લાગે છે દેવોના સુખને અર્થે દેવો પ્રિય લાગતા નથી પણ આત્માનાજ સુખને અર્થે દેવો પ્રિય લાગે છે. અરે સૃષ્ટિના સુખને અર્થે ભૂતો પ્રિય લાગતા નથી પણ આત્માનાજ સુખને અર્થે ભૂતો પ્રિય લાગે છે. અરે સર્વેના સુખને અર્થે સર્વે પ્રિય લાગતા નથી પણ આત્માનાજ સુખને અર્થે સર્વે પ્રિય લાગે છે તેથી જરૂર આત્મા જ દ્રષ્ટવ્ય (અનુભવવા યોગ્ય) છે. એજ સાભળવા યોગ્ય છે, મનન કરવા યોગ્ય છે, નિદિધ્યાસ કરવા યોગ્ય છે હે મૈત્રેયી, આત્માનાજ દર્શનથી શ્રવણથી, મનનથી, સર્વ જગત સમજાય છે. જે કોઇ આત્માથી (પોતાથી) બ્રાહ્મણ જૂદો છે એમ જાણે તેને બ્રાહ્મણવર્ણ દૂરજ કરે, જે કોઇ આત્માથી ક્ષત્રિય જૂદો છે એમ ગણે તેને ક્ષત્રિય દૂરજ કરે, જે કોઈ આત્માથી લોકો જૂદા છે એમ ગણે તેને લોકો દૂરજ કરે, જે કોઇ આત્માથી દેવો જૂદા છ એમ

ગણે તેન દેવા દૂરજ કરે, જે કાઇ આત્માથી જુદો (કાર્ય પદાર્થો પશુઆદિ) જુદા છે એમ ગણે તેન જુતા દૂરજ કરે જે કાઇ આત્માથી સર્વ જુદુ છે એમ ગણે તેન સર્વે પોતાથી દૂરજ કરે આ સર્વ જે છે તે આત્માજ છે"

આ ઉપદેશ પ્રમાણે આત્માના ખગ સ્વરૂપનુ એકવાર જ્ઞાન થયુ એટલે સર્વ જગત આત્મામય થઇ જાય છે સ્વાર્થ અને પરાર્થનો ભેદ મનમાથી નાબુદ થઇ જાય છે અને કર્તવ્ય અકર્તવ્યનો નિર્ણય કરવા માટે એક ઉત્કૃષ્ટ યુક્તિ મળી રહે છે યાજ્ઞવલ્ક્ય 'સ્વાર્થ''માથી "સ્વ"પદ જુદુ કાઢી તેનો અર્થ વાસ્તવ સ્વ પરસ્વ કહે છે અને અધ્યાત્મ દૃષ્ટિ વડે પોતાના એક આત્મામાજ સર્વ ભૂત માનનો અને સર્વભૂત માત્રમા પોતાના આત્માનો કઈ પણ વિરોધ વિના કવી રીતે સમાવેશ થાય છે તે બતાવે છે "સ્વહિત" અને "પરહિત" સમ્બન્ધ થતા વિરોધને મૂળમાથીજ દબાવી દે છે

કર્તવ્યની ઘણીવાર એવી વ્યાખ્યા આપવામા આવે છે કે પ્રમાદ રહિત સ્વકર્મને કરવુ જે પ્રસગે જે યોગ્ય લાગે તે કરવુ એમા પ્રમાદ કરવો નહિ તે કામ પ્રમાણિક બુધ્ધિથી શુધ્ધ હૃદયે કરવુ જે પ્રસગો આવી પડે તેમા જો "સ્વ" (સ્વાર્થ) ને આગળ પાડવામા ન આવે ને સર્વેનુ હિત ધ્યાનમા રાખીને જ કર્મ અકર્મનો નિર્ણય કરવામા આવેતો આમા કાઇ વાધા જેવુ નથી પણ જ સ્વાર્થનેજ (પોતાના કલ્યાણની વૃત્તિને) પોતાનોમા આવે તો કર્તવ્યના હેતુજ નષ્ટ થઇ જાય છે અમર્યાદિત, અનત "સ્વ" (આત્મા) સિવાય "સ્વ" ની ભાવનાઓ—કુટુ બની, નાતની, જાતની, દેશની, પોતાના પથની, સપ્રદાયની, પોતાના ધર્મની સકુચિત છે આ સર્વ પ્રકારની પરિમિત અલ્પ ભાવનાઓથી રગાયેલા ચિત્તનો નિર્ણય યથાર્થ છે એમ કહી શકાય નહિ નગાર પણ "અલ્પભાવના" રહે તો તે બુધ્ધિને મલિન કરે છે અને આપણા સર્વ નિશ્ચયોને નકામા બનાવી દે છે

પ્રત્યેક મનુષ્યનો હેતુ, ઉત્તન માત્રનો ઉદ્દેશ ઉન્નતિ અને વૃદ્ધિ છે આ "ઉન્નતિ" નો અર્થ કેવળ વ્યાવહારિક દૃષ્ટિએ કરવાનો નથી "વૃદ્ધિ" ધન, વિભોગ્ય પદાર્થોનીજ પ્રાપ્તિ નહિ, આત્મપ્રસાદની પ્રાપ્તિમા આ ન્નતિની પરાકાષ્ઠા છે આ ઉન્નતિને માર્ગે પ્રત્યેક વ્યક્તિ તેમ સમગ્ર નનુ પ્રયત્ન જે પ્રકારે પ્રમાણ કરે તેના આચારવિચાર ગણવા એ સર્વેનુ

પરમ કર્તવ્ય છે નીતિશાસ્ત્રનો આ નિયમ અચળ છે, પણ આ સિધ્ધાત મનમા દૃઢ કરવાથીજ સસારમા ચાલતુ નથી પરમ કર્તવ્યની સાથે સાપેક્ષ કર્તવ્ય પણ છે બુધ્ધિને સૂક્ષ્મ અને તદ્દન નિર્મળ બનાવીને લોકહિતાર્થે પ્રવૃત્તિ કરવી એ પરમકર્તવ્ય આવી શુધ્ધ બુદ્ધિથી સાપેક્ષ કર્તવ્યનો નિર્ણય કરવાનો છે સાપેક્ષ કર્તવ્યનો આધાર દેશ, કાળ, વસ્તુસ્થિતિ ઉપર હોય છે કર્તવ્ય સદા એકને એક રહેતુ નથી તેનુ કારણ આજ છે અમુક સમયે યુધ્ધ કરવાનુ કાર્યજ "ધાર્મિક" થઇ પડે અમુક સમયે શાતિ રાખવી એજ "ધર્મ" ગણાય પારમાર્થિક નિશ્ચય યદ્યપિ એક રહે તથાપિ સાપેક્ષ કર્તવ્ય ભિન્ન ભિન્ન પ્રકારનુ હોઇ શકે શ્રીમદ્ ભગવદ્‌ગીતામા શ્રી કૃષ્ણચદ્રજી, જણાવે છે કે કર્મ શુ, વિકર્મ શુ, (વિપરીત કર્મ શુ) અને અકર્મ શુ, ઇત્યાદિ વિવેક કરવામા બુધ્ધિશાળી પડિતો પણ ગોથા ખાઇ જાય છે કર્મ એટલે મનથી, વાણીથી, શરીરથી, થયેલી ક્રિયા માત્ર, કર્મની ગતિ અર્થાત કામની વ્યવસ્થા અતિ સૂક્ષ્મ, સામાન્ય મનુષ્યોને ન સમજાય એવી છે આગળ ઉપર શ્રીકૃષ્ણ જણાવે છે કે "કર્મમા અકર્મ જોવુ અને અકર્મમા કર્મ જોવુ તેજ બુધ્ધિમાનનુ કર્તવ્ય છે" આત્મા સર્વદા અક્રિય છે, અવિકૃત છે, તેને કર્મ નથી તેમ અકર્મ પણ નથી જેમ હોડીમા બેઠેલો આદમી નારની ગતિ તીર ઉપરના વૃક્ષાદિને આરોપે છે તેમ શરીર ગુણાદિની ગતિ (કર્મ) ઉપ તટસ્થ આત્માને આરોપે છે કર્મમા અભિમાન ધારણ કરે છે આ ભ્રમ છે આવો વિવેક સમજી, ગુણોજ ગુણથી પ્રવર્તે છે એમ જે જાણે તે પુરુષ કર્મ કરતા છતા પણ નિષ્ક્રિય જ છે એમજ કહેવુ જોઇએ આત્માની દૃષ્ટિએ સર્વ કર્મ પણ અકર્મ છે તેમ પોતે અકર્તા રહીને પણ પોતાની અદર સસારરૂપી કલ્પના રચીને તેને વ્યવસ્થિત રીતે ચલાવે છે તેથી આત્મા અકર્મમાં કર્મ જુવે છે અને કર્મમા અકર્મ જુએ છે તેવીજ રીતે સર્વ મનુષ્યો એ વર્તન રાખવુ જોઇએ અહતા મમતાનો ત્યાગ કરી ફળાભિસાધિત્યની, નિષ્કામ કર્મ કરનારને કર્મનું બધન થતુ નથી, સમત્વ બની રહે છે કેવલ્ય ત્ત તસિધ્ધ સમજાય છે આ સિધ્ધાત મનમા ઠસાવીને સાપેક્ષ કર્તવ્યનો નિર્ણય, દેશ, કાળ, પરિસ્થિતિ, જોઇને કરવો જોઇએ (અપૂર્ણ)

卐

લેખક : સ્વા શ્રી આધવતીર્થજી

પૂતનાનો ઉદ્ધાર

卐

કંસનું કારાગૃહ એ માણસનું શરીર છે, તેમાં આત્માનો સાક્ષાત્કાર કરવો હોય તો વસુદેવના જેવી અને દેવકીજીના જેવી સાત્વિક વૃત્તિ ઉત્પન્ન કરવી જોઈએ નવમા સ્કંધ સુધીની શ્રીમદ્ ભાગવતની કથા બરાબર સાંભળવામાં આવી હોય તો જરૂર સાત્વિક બુદ્ધિ ઉત્પન્ન થાય, અને તેનાથી આવરણ ભંગ થઈને સ્વરૂપનો પ્રકાશ જરૂર થાય સ્વરૂપનો અનુભવ થયા પછી જીવનમુક્તિના સુખ માટે મનોનાશ અને વાસનાક્ષય કરવાનું કામ રહે છે આવરણશક્તિ દૂર થાય છતાં વિક્ષેપશક્તિ થોડો વખત રહે છે અને દ્વૈતભાવનાનું સ્ફુરણ થયા કરે છે તે કંસનું સ્વરૂપ છે પણ તેનું જોર બહુ ચાલતું નથી ભગવાને પ્રથમ તેજોમય સ્વરૂપે બ્રહ્મા વગેરેને દર્શન આપ્યા, પછી વસુદેવ અને દેવકીજીને ચતુર્ભુજસ્વરૂપે દર્શન આપ્યા એ વાત ગયા અંકમાં કહેવાઈ ગયેલી છે તે પછી દેવકીજીની વિનંતીથી પોતે પોતાની માયાથી એક સાધારણ બાળકરૂપે થઈ ગયા (૧૦-૩-૪૭) તેમને લઈને જ્યારે વસુદેવજી જેલના બારણા આગળ આવ્યા કે તરત, જેમ સૂર્ય ઉગતા અંધકાર દૂર થાય તેમ જેલના બારણા ખુલી ગયા અહીં સૂર્યની ઉપમાથી એમ સમજવાનું છે કે જ્યારે વૃત્તિ સત્વગુણી થાય ત્યારે રજોગુણ અને તમોગુણરૂપી બારણાનું આવરણ રહેતું નથી (૧૦-૩-૫૦) ગોકુળમાં જતા રસ્તામાં (સંસારરૂપી) જમનાજીએ માર્ગ આપેલો છે અને (સચ્ચિદાનંદરૂપી) શેષ નાગે પોતાની ફણમાંથી છાયા કરેલી છે જેમ સંસારરૂપી સમુદ્રે રામચંદ્રજીને માર્ગ આપ્યો હતો તેમ શ્રીકૃષ્ણને જવા માટે સંસારરૂપી નદીએ પણ માર્ગ આપેલો છે (૧૦-૩-૫૧) વસુદેવજીએ ગોકુળમાં જઈ યશોદાજી જ્યાં સુતા હતાં ત્યાં શ્રીકૃષ્ણને રાખીને ત્યાં તરતમાં જન્મેલી કન્યાને લઈ પાછા આવી દેવકીજીની શૈયામાં તે કન્યાને સુવરાવી દીધી

—

દેવકીજીનો આઠમો ગર્ભ એ સાક્ષાત બ્રહ્મસ્વરૂપ હોવાથી કંસરૂપી (કાલનેમી નામના) રાક્ષસના હાથમાં આવે નહિ એ મામો ભાણેજ માત્ર એકજ વખત રંગ મંડપમાં મથુરામાં મળ્યા છે અને જ્યારે મળ્યા છે ત્યારે કંસનો વધ થયો છે. વિદ્યા અને અવિદ્યા સાથે રહી શકતી નથી અવિદ્યા વિદ્યાને દેખે ત્યારે અવિદ્યાનો ઘાત થાય છે.

કંસને એમ ખબર પડી કે દેવકીજીનો આઠમો ગર્ભ કન્યારૂપે અવતરેલો છે. તેણે તે કન્યાને મારવાની તૈયારી કરી, દેવકીજીએ તેના ઉપર દયા રાખવા માટે ભાઇને ઘણો સમજાવ્યો પણ કંસે તેને મારવા માટે એક પથ્થર ઉપર પટકી પણ તે માયાનુ રૂપ હોવાથી દેવીરૂપે પ્રગટ થઇ, કંસના હાથમાથી છટકી આકાશમા ઉભી રહી તેને આઠ ભૂજાઓ હતી તેને જ ગીતામા અષ્ટધા પ્રકૃતિ કહે છે તેણે કંસને કહ્યુ કે "હે મુર્ખ ! મને મારવાથી તને શુ મળશે, તને મારવાવાળો તારો શત્રુ તો કોઈ બીજી જગ્યાએ જન્મી ચૂકેલ છે. તુ નિર્દોષ બાળકોની હત્યા ન કર." આટલુ કહી માયા અતર્ધાન થઇ ગઇ અને પૃથ્વીમા અનેક સ્થાનમા ભિન્ન ભિન્ન નામથી પ્રસિદ્ધ થઈ.

માયાના વચન સાભળી કંસને બહુ ખેદ થયો તેણે વસુદેવજી અને દેવકીજી પાસે પોતાના કર્મ માટે પશ્ચાતાપ કર્યો. બીજે દિવસે તેણે પોતાના મંત્રીઓને બોલાવી માયાએ જે વચન કહ્યા હતા તે તેમને સભળાવ્યા. એ સાભળી દેવદ્રોહી મદમતિવાળા દૈત્યો દેવતાઓ ઉપર કોપ કરી એમ બોલ્યા કે "જો એ વાત સાચી હોય તો અમે બધા ગામમા જઈ દશ દિવસની ઉપરના બધા બાળકોને મારી નાખીએ (૧૦-૪-૩૧) તેનો અર્થ એવો છે કે દશે ઇદ્રિયો કે જે સાત્વિક થઇ હોય તેમા કામ ક્રોધ ઉત્પન્ન કરીએ તો કંસનું રાજ્ય ચાલે અને આત્માનો પરાજય થાય. ઘણા છોકરાઓ ભક્તિને માર્ગે ચઢયા હોય, કંઇક અનુભવની શરૂઆત થઇ હોય, હતા પહેલાના સંસ્કાર જ્યારે જોર કરે ત્યારે કેટલીકવાર ભ્રષ્ટ જેવી દશા થઇ જાય છે, તેનું કારણ કંસની એ સેનાનુ બળ છે કંસના મંત્રીઓએ કંસને કહ્યુ કે "બ્રાહ્મણ, ગાયો, વેદ, તપ સત્ય, શમ, દમ, શ્રદ્ધા, દયા, તિતિક્ષા, અને યજ્ઞ એ બધા વિષ્ણુના શરીર છે એ વિષ્ણુ બધા દેવોના નાયક છે, તેથી ઋષીઓનો વધ કરવો એજ યોગ્ય છે. (પહેલા અધ્યાયમા કહે છે કે દેવોએજ વ્રજમા ગોવા-

દરેક ગામના બાળકોને મારતી મારતી ગોકુળમા આવી, અને પોતાની માયાથી એક જુવાન સુંદરીનુ રૂપ લીધુ સંસ્કૃત ભાષામા પૂતનાના વિશેષણ નીચે પ્રમાણે આપેલા છે —

પૂતના બાલઘાતિની (૧–૬–૨) પવિત્રતા જેનામા નથી એવી અને બાળક જેવી મંદ બુદ્ધિ જેનામા હોય તેનો ઘાત કરનારી

ઘામ ચારિણી (૧–૬–૪)—વાસના નધારની એ તનુ કામ છે એવી વાસનાનુ[illegible]નુ વર્ણન પણ છઠ્ઠા અધ્યાયમા આપેલુ છે તે આખા જગતને મોહ કરી રહેલી છે અને ઝેર પાય છે કસની સેનામા તેનો નંબર પહેલો છે રામાયણમા પણ રામની સામે પડેલા ત્રાટકા આવેલી છે તેનુ સ્વરૂપ પણ પૂતનાના જેવુ છે બન્ને અવતારમા પહેલા ઝઘડો વાસના સાથે છે

જીવન્મુક્તિના સુખ માટે વાસનાક્ષયની ખાસ જરૂર છે આત્મ જ્ઞાન થાય ત્યારે વાસનાનો ઉપશમ થાય છે, પણ તદ્દન ક્ષય થતો નથી તેથી જૈન ધર્મમા પણ આત્મા ગુણ સ્થાન પરથી જેના ઉપશમ થયો હોય તેનો ક્ષય કરવા માટે ધ્યાન આપવાનુ કહેલુ છે

આવી વાસનારૂપી પૂતના નાના બાળકોને શોધતી નંદજીના ઘરમા ઘુસી ત્યા શય્યા ઉપર સુતેલા બાળક કૃષ્ણને જોયા— જેણે પોતાનુ તેજ તે વખતે છુપાવી રાખેલુ હતુ તેને જોઈને ચર—અચર જગતના સ્વામી ભગવાન શ્રીકૃષ્ણે પોતાની આખો બંધ કરી લીધી, કારણ કે જો તેની દૃષ્ટિ પૂતના ઉપર ટકી રહે તો પૂતનાની માયા ટકી શકે નહિ પૂતનાએ પોતાના કાળરૂપ શ્રી અનન્તને પોતાના ખોળામા એવી રીતે લીધા કે જેમ કોઈ પુરુષ ભ્રાન્તિથી સુતેલા સર્પને દોરડી સમજી હાથમા લે અહી આત્મા અને વાસનાની કથા સમજવાની છે વાસના સમજે છે કે આત્માને ઝેર પાઈ મારી નાખીશ આત્મા સમજે છે કે વાસનાને મારી શકુ તેમ છુ પૂતનાનુ સૌન્દર્ય જોઈને માતા જશોદા અને રોહિણી પણ તેને રોકી ન શક્યા. પૂતનાએ શ્રીકૃષ્ણને પોતાના ખોળામા લઈ પોતાનુ ઝેર ચોપડેલુ સ્તન તેને ધાવવા આપ્યુ સંસારમા દરેક માણસને વિષયોનુ ઝેર એ પૂતના ચઢાવે છે પણ ભગવાને તેના પ્રાણની સાથે દુધ પીવા માડ્યુ પૂતનાના [illegible] ઢીલા થઈ જવાથી

તે બૂમ મારવા લાગી, તેના નસ ફાટી ગયા અને તેના આખા શરીરમા પસીના આવી ગયા વાસનાને મારવા માટે પ્રાણને વશ કરવાની જરૂર છે પ્રાણાયામથી પ્રાણ વશ થાય છે અથવા બ્રહ્માકાર વૃત્તિથી પણ વશ થાય છે તે વખત પૂતના પોતાના ખરા સ્વરૂપમા પ્રગટ થઇ તેનુ શરીર પડતા પડતા એટલુ લાબુ થયુ કે ૬ ગાઉના ઝાડ ઉખડી ગયા તેનુ મોઢુ હળના જેવુ હતુ, દાઢો ઉગ્ર હતી નાક ગુફા જેવુ હતુ આખો કુવા જેવડી હતી પેટ સુકાઇ ગએલા સરોવરના જેવુ હતુ આવી મોટી સ્ત્રી કોઇના જાણવામા આવી નહોય પણ વાસનાને જેવડી મોટી માનવા ધારીએ તેટલી મોટી માની શકાય છે

આ તમાશા જોઇ બધા ગોપ અને ગોપીઓ ત્યા આવ્યા આ બાળકની શક્તિની તેમને હજુ ખબર નહોતી તેથી બધાએ અગન્યાસ અને બીજન્યાસ કરી જુદા જુદા દેવો આ બાળકની રક્ષા કરે એવી પ્રાર્થના કરી

આપણે પણ જો રક્ષણ જોઇતુ હોય તો ત્યા એવી પ્રાર્થના છે કે —

ક્રીડાની વખતે ગોવિંદ રક્ષા કરે, નિદ્રા વખતે માધવ રક્ષા કરે હરતા ફરતા વૈકુંઠ બેસતા શ્રીપતિ અને ભોજન કરતી વખતે યજ્ઞભોક્તા ભગવાન રક્ષા કરે, એવી માગણી કરવી.

નદરાજ મથુરાથી પાછા આવતા વ્રજમા પૂતનાનુ એવુ મોટુ મરેલુ શરીર જોઇને આશ્ચર્ય પામ્યા પછી વ્રજ વાસીઓએ ભેગા થઇ પૂતનાના શરીરને કુહાડાથી કાપ્યુ અને ગોકુળથી દૂર લઇ જઇને લાકડાઓમા નાખી બાળી દીધુ

દશમ સ્કધમા સગુણ ભગવાનની લીલાનો વિસ્તાર છે અને સગુણ સ્વરૂપ જીવની પ્રકૃતિમા રહેલ દોષ ઉતારવામા બહુ ઉપયોગી છે એવા સગુણ સ્વરૂપમા કેટલી દયા છે તે બતાવવા માટે ભાગવતમા કહે છે કે —

पूतना लोकबालघ्नी राक्षसी रुधिराशनी ।

जिघांसयापि हरये स्तनं दत्त्वाप सद्गतिम् ॥ १०-६-३५ ॥

અર્થ—પૂતના સસારના બાળકોને મારવાવાળી અને લોહી પીવાવાળી રાક્ષસી હતી તેણે ભગવાનને મારવા માટે ઝેરવાળુ દુધ પીવડાવ્યુ હતુ તો પણ ભગવાને તેને સદ્‌ગતિ આપી.

તો પછી જે ગોપીઓ તેમના ઉપર પ્રેમ પૂર્વક શ્રદ્ધા અને ભક્તિથી જે

વગુ જોઇએ તે ભગવાનને આપતી હતી તેમની સદ્ગતિ માટે તો કહેવાનું જ શું હોય ? બધા પ્રકારની મુક્તિ દેવાવાળા ભગવાનમા નિરંતર પુત્રભાવ કરવાવાળી ગોપીઓને ફરીથી અજ્ઞાનજન્ય સંસારની પ્રાપ્તિ થઇ શકતી નથી.

દશમ સ્કંધમાં બ્રહ્મસંબંધની કથા છે ભગવાન સાથે સંબંધ અનેક પ્રકારે થઈ શકે છે. જેમ કોઇ સ્ત્રી કોઇની મા થાય, કોઇની દીકરી થાય, કોઇની બ્હેન થાય, કોઇની પત્ની થાય અને એવી રીતે અનેક જાતના પ્રેમને યોગ્ય થઈ જાય છે, તેમ ભગવાનને પણ પુત્રરૂપે, અથવા સેવ્યસેવકરૂપે, અથવા સખારૂપે અથવા વાત્સલ્યભાવે અથવા પતિભાવે અથવા પરકિયા ભાવે, અનેક રીતે સંબંધમાં લઈ શકાય છે. એજ સગુણ ઉપાસનાનુ રહસ્ય છે. નિર્ગુણ બ્રહ્મ સંબંધને યોગ્ય નથી. તેના સાક્ષાત્કાર માટે બહુ વૈરાગ્ય જોઇએ પણ જેનામા રાગ હોય તેણે શું કરવું ? તેમને માટે નીચે પ્રમાણે પ પ્રકારના સંબંધ ભક્તિમાર્ગમાં મુકેલા છે —

૧ દાસભાવ

૨ સખ્યભાવ

૩ વાત્સલ્યભાવ

૪ કાન્તાભાવ

૫ પરકિયાભાવ

એ બધા સંબંધની હકીકત "અવતારનું રહસ્ય" એ મથાળા નીચે ઉત્થાનમાં ૨૧૦ મે પાને આપેલી છે જ્યારે ભગવાન્ અવતાર લઇને આ પૃથ્વી ઉપર આવે ત્યારે એવા સંબંધ બાંધવાની બહુ સગવડ રહે છે. જ્યારે ભગવાનનો સાક્ષાત અવતાર ન હોય ત્યારે પણ આત્મા સાથે દાસભાવે, સખ્યભાવે, વાત્સલ્યભાવે અથવા પતિભાવે સંબંધ રાખી તેનો આનંદ લઇ શકાય છે લગભગ બે મહિના પહેલા કચ્છમા અમને એક ભક્ત મળ્યા હતા કે જેણે ઘણા વર્ષની સાધના કરી પોતાના આત્માની સાથે પોતાના પતિ તરીકે સંબંધ બાંધેલ છે અને પોતે તેની પ્રણયિની (પ્રિયતમા) થઇ પતિ-પત્નીનું સુખ લઇ શકે છે. કોઇ વખતે જ્યારે એવું સુખ મળતુ નથી ત્યારે પતિના વિયોગમાં પત્ની રડતી હોય તેમ તે ભક્ત ખુબ રડે છે. એ વખતે તેની આંખમાંથી ખુબ આંસુ [illegible]

કલાક પોતાના દોષનું વર્ણન આત્મા પાસે મુકે છે અને કેટલાક કલાક આત્માના ગુણ ગાન કરે છે. છેવટે આત્માને કહે છે કે આપ તો મારા દોષ જુઓ તેવા નથી પણ ઉદાર છો તેથી ફરીથી બ્રહ્મસંબંધનો લાભ આપો. તે જૈન હોવા છતાં તેણે રાધાકૃષ્ણના ચિત્રો પણ પોતાની સાધનાના ઓરડામાં રાખેલાં છે.

પુષ્ટિમાર્ગના પ્રવર્તક શ્રી વલ્લભાચાર્યે પોતાની સુબોધિની નામની ટીકામાં પૂતનાને અવિદ્યાનું સ્વરૂપ માન્યું છે. અમે જેમ બને તેમ સમાધિ ભાષાના અર્થ શ્રીમદ્ ભગવતના શ્લોકમાંથીજ કાઢીએ છીએ. અને જ્યાં બની શકે ત્યાં શ્લોકનો નંબર પણ આપીએ છીએ.

જો શ્રીમદ્ ભાગવતનો અમુક ભાગ સમાધિ ભાષામાં લઈએ તો ઈતિહાસના નામ અને ગીતા અને કૃષ્ણ, વસુદેવ, દેવકીજી, વગેરેનું શું થાય? તે માટે વધારે વિચાર પાછળથી કરવામાં આવશે."પણ જો આત્મારૂપે કૃષ્ણ હાથ મળી શક્તા હોય તો હજારો વર્ષ પહેલાં કૃષ્ણ થઈ ગયા કે નહિ એ બાબતની ચર્ચા બહુ ઉપયોગી નથી.

સીતાજીનું નામ રામાયણમાં પ્રસિધ્ધ છે પણ રામાયણની પહેલાં પ્રસિધ્ધ થયેલ ઋગ્વેદના એક સૂકતની બે ઋચાની દેવતા પણ સીતા છે.

યજુર્વેદમાં પણ સીતાની બાબતમાં ૪ મંત્ર છે.

શ્રી કૃષ્ણનું નામ અને તેનું ૧૦૦૦૦ યોધ્ધા સાથે યુધ્ધ પણ મહાભારતની પહેલા પ્રસિધ્ધ થયેલ ઋગ્વેદમાં મ. ૮. સૂ. ૧૬ ઋ. ૧૩-૧૪ માં આપેલું છે.

છાંદોગ્ય ઉપનિષદમાં પણ દેવકીપુત્ર કૃષ્ણનું નામ છે.

શ્રીમદ્ ભાગવત એ નિગમરૂપી કલ્પતરુનું પાકેલું ફળ હોવાથી વેદ—વેદાન્તના આધારે વ્યાસ ભગવાને વેદની કથાઓને પુરાણોના રૂપમાં બનાવી હોય તેવું જણાય છે. (અપૂર્ણ)

卐

આત્મતત્ત્વ
[બ્રહ્મ-ઈશ-વિરાટતત્ત્વ]
[આત્મા અંકથી ચાલુ]

(ધર્મકલ્પદ્રુમ માંના હિન્દી લેખ ઉપરથી)

અનુવાદક
શ્રી. જયંતિલાલ મં. ઓઝા

शक्ति शक्तिमतो र्भेदं वदन्ति परमार्थतः ।
अभेदं चानुपश्यन्ति योगिन स्तत्वचिन्तकाः ॥

વાસ્તવમાં શક્તિ અને શક્તિમાનમાં કોઈપણ ભેદ છે જ નહીં, અને તેથી તત્ત્વદર્શી યોગિગણ બ્રહ્મ અને માયાની અભિન્નતાની ઉપલબ્ધિ કરે છે. આ રીતે સ્વમહિમામાં વિરાજમાન પરમાત્માના અધિષ્ઠાનથી પ્રકૃતિદ્વારા જે અનન્ત સૃષ્ટિધારાનો વિસ્તાર થાય છે, તેમાં પરમાત્માની પોતાની કોઈપણ ચેષ્ટા નથી, કારણ સૃષ્ટિ ત્રિગુણ તરંગમયી, સ્પન્દનધર્મિણી પ્રકૃતિના સ્વાભાવિક સ્પન્દનમાંથી ઉત્પન્ન થયેલ સ્વાભાવિક પરિણામ માત્ર છે. શ્રીમદ્ભગવદ્‌ગીતામાં પણ કહ્યું છે કે —

मयाध्यक्षेण प्रकृतिःसूयते सचराचरम् ।
हेतुनानेन कौन्तेय जगद् विपरिवर्तते ॥

પરમાત્માની પરાશક્તિ અનેકધા વિસ્તૃત છે, તેમનામાં જ્ઞાન, બલ, ક્રિયા સ્વાભાવિક છે. તેમની સ્વાભાવિક જ્ઞાનશક્તિ અનન્ત જ્ઞાનભંડારરૂપ વેદને પ્રગટ કરે છે, તેમની બલશક્તિ અનન્ત બ્રહ્માણ્ડરૂપે જગતના જીવોની જીવની શક્તિનું નિયમિત વિધાન કરે છે અને તેમની સ્વાભાવિક ક્રિયાશક્તિ અનાદિકાલથી અનન્તકાલ પર્યન્ત જગત્ચક્રને અવિરામ વેગે ઘુમાવ્યા કરે છે. આ રીતે પરમાત્માની સત્તા, સ્વરૂપે સર્વાતીત હોવા છતાં માયાદ્વારા સર્વતોવ્યાપી, સૃષ્ટિ, સ્થિતિ પ્રલય કારણ અને અભિન્ન વિશ્વનું એક માત્ર નિદાન છે. આમ હોવાથીજ વેદમાં પરમાત્માના વર્ણન પ્રસંગે દ્વિભાવ તથા પરસ્પર વિપરીત ભાવ અને દ્વિઅર્થમૂલક મન્ત્ર મળી આવે છે. દાખલા તરીકે ઇશાવાસ્યમાં કહ્યું છે કે,—

तदेजति तन्नेजति तद्दूरे तद्वन्तिक ।
तदन्तरस्य सर्वस्य तदु सर्वस्यास्य बा

માયાના સમ્પર્કને લઇને ચાલતા જોવામા આવવા છતા સ્વરૂપત પરમાત્મા ચાલતા નથી તેથી તેઓ ચાલે છે, તેમજ ચાલતા પણ નથી, તેવીજ રીતે માયાતીત પરમાત્મા ઘણુંજ દૂર હોવા છતા માયા દ્વારા સર્વતોવ્યાપી હોવાથી સૌની નજીક પણ છે, તેથી પરમાત્મા દૂર પણ છે અને પાસે પણ છે એજ પ્રમાણે સર્વાન્તર્યામી પરમાત્મા સૌની અંદર હોવા છતા પ્રકૃતિ સમ્બન્ધથી અતીત હોવાને કારણે સૌની બહાર પણ છે. આમ પ્રકૃતિસમ્પર્કને લઇને અને સ્વરૂપે તેના અભાવને લઇને પરસ્પર વિપરીત ભાવોના પરમાત્મામા સમન્વય થાય છે, અને શ્રુતિમા પરમાત્મા વિષયક વર્ણનની વિચિત્રતાનું રહસ્ય પણ આજ છે

આ ભાવોને અનુસરીને ગીતાજીમા પણ પરમાત્માનુ વર્ણન કરવામા આવ્યુ છે —

> सर्वत पाणिपाद तत् सर्वतोऽक्षिशिरोमुखम्
> सर्वत श्रुतिमॅल्लोक सर्व माव्रत्यतिष्ठति ॥
> बहिरन्तश्च भूताना मचर चर मेवच
> सूक्ष्मत्वात्तद विज्ञेय दूरस्थ चान्तिके च तत् ॥

ઉપર પ્રમાણે માયાતીત, માયાના પતિ પરમાત્મામા સમસ્ત વિરૂધ્ધ ભાવોનો સમન્વય અને વિનય કરીને તેમના ભાવાતીત પરમપદના મહિમાની પ્રશસા કરવામા આવી છે. જે મહિમાના યોગ્ય જ્ઞાનથી જ્ઞાની ભક્ત દુસ્તર સસારસિન્ધુ તરી જઇ તેમના નિત્યાનન્દમય સ્વરૂપમા કાયમને માટે વિશ્રાન્તિ લઇ શકે છે તેનુ જન્મ મરણનું ચક્ર તદન બધ પડી જઇ તે અનન્ત શાન્તિ મેળવી શકે છે આમ હોવાથીજ પરમાત્માના નિશ્વાસરૂપી વેદે ગભીર અવાજે ગાયુ છે કે —

> वेदाहमेत पुरुष महान्त मादित्यवर्ण तमस • परस्तात्
> तमेव विदित्वाति मृत्युमेति नान्य पन्था विद्यतेऽयनाय ॥
> सूक्ष्माति सूक्ष्म कलिलस्य मध्ये विश्वस्य स्रष्टारमनेकरूपम्
> विश्वस्यैकं परिवेष्टितार ज्ञात्वा शिवं शान्ति मत्यन्तमेति ॥
> स एव काले भुवनस्य गोप्ता विश्वाधिप सर्वभूतेषु गूढ ।
> यस्मिन् युक्ता ब्रह्मर्षयो देवताश्च तमेव ज्ञात्वा मृत्युपाशांश्छिनत्ति

नसन्दृशे तिष्ठति रुपमस्य न चक्षुषा पश्यति कश्चनैनम् ।
हृदा हृदिस्थं मनसा यएनमेव विदुरमृतास्ते भवन्ति ॥
नित्यो नित्यानां चेतन श्चेतनाना मेको बहूनां यो विदधाति कामान्
तत्कारणं साङ्ख्ययोगादिगम्यं ज्ञात्वा देवं मुच्यते सर्व पाशैः ॥

અજ્ઞાન રાત્રીથી દૂર જ્યોતિઃ સ્વરૂપ જે મહાન પુરુષ પરમાત્મા વિરાજમાન છે તેને જાણવાથીજ જીવ મૃત્યુરાત્રીનું અતિક્રમણ કરી શકે છે. સંસારમાથી છૂટકારો મેળવવાનો બીજો એકકે રસ્તો નથી. સૂક્ષ્મ વસ્તુઓમાં પણ અતિસુક્ષ્મરૂપે વિરાજમાન, જગતકર્તા, અનેકરૂપ, સમસ્તવિશ્વવ્યાપી, શિવરૂપ સચ્ચિદાનન્દના પરિજ્ઞાનથી સાધકને આત્યન્તિક શાન્તિની પ્રાપ્તિ થાય છે. વિશ્વસરક્ષક, વિશ્વપતિ, સમસ્ત જીવમા ગૂઢરૂપે વિરાજમાન, બ્રહ્મર્ષિઓ અને દેવતાઓઓના પરમ આરાધ્ય, પરમપિતા પરમાત્માને જાણવાથી મૃત્યુનો ભયંકર પાશ કાયમને માટે વિચ્છિન્ન થઇ જાય છે તેમનુ રૂપ દર્શનેન્દ્રિયને ગોચર નથી, કોઇ તેમને સ્થૂલ નેત્રો વડે જોઈ શકતુ નથી અન્તર્દષ્ટિપરાયણ યોગિગણ કેવળ હૃદયગુફામા તેમના અપૂર્વ સ્વરૂપને અનુભવી અમૃતત્વને પામે છે જે નિત્યોના પણ નિત્ય છે, ચેતનોના પણ ચેતન છે, જે એક હોવા છતા ઘણાની કામનાઓનુ વિધાન કરે છે, આ રીતે સર્વકારણસ્વરૂપ, જ્ઞાનયોગ દ્વારા લભ્ય પરમદેવ પરમાત્માને જાણીને સકળ સસાર મારાથી મુક્ત થાય છે.

૪ પરમાત્માના અધ્યાત્મભાવ એટલે કે નિર્ગુણ બ્રહ્મભાવનો નિર્ણય.

હવે નિજ શક્તિરૂપિણી પ્રકૃતિની સાથે સમ્બન્ધ અનુસાર તથા તે પ્રકૃતિની વિકાસ તથા વિનયદશા અનુસાર સચ્ચિદાનન્દમય પરમાત્માનો કેટલા ભાવમા અનુભવ કરાય છે, તેનુ વર્ણન કરીએ.

સચ્ચિદાનન્દમય પરમાત્મા સ્વરૂપે સદા એક ભાવમાં વિરાજમાન હોવા છતાં પ્રકૃતિ સાથેના સમ્બન્ધથી તેઓ ત્રણ ભાવોમા પ્રતીયમાન થાય છે— બ્રહ્મ, ઇશ્વર અને વિરાટ; આ ત્રણનુ યથાક્રમે અધ્યાત્મ, અધિદૈવ અને અધિભૂતભાવના નામથી શાસ્ત્રોમાં વર્ણન કરવામા આવ્યુ છે શ્રી ભગવાને ગીતાજીમા કહ્યુ છે કે—

અનુક્રમણિકા

વિષય	લેખક	પાન
ઉત્થાન બંધ થાય છે	શ્રી તંત્રી	૧
આત્મભાન	શ્રી. તંત્રી	૨૬૫
ધર્મવિચારણા	સ્વા. શ્રી. અદ્વૈતાનંદજી	૨૭૨
બ્રહ્મ સંબંધ	સ્વા. શ્રી માધવતીર્થજી	૨૮૧
બ્રહ્મસૂત્ર	શ્રી. રમણીક એ મહેતા.	૨૯૪
પ્રસંગ સ્મૃતિ	...	૨૯૮
એક કાગળ	શ્રી. હેમન્તકુમાર નીલકંઠ	૨૯૯
આત્મતત્ત્વ	શ્રી. જયંતીલાલ મ. ઓઝા	૩૦૧

(૧) ઉત્થાન હવે બંધ થાય છે; એના લેખકો તથા ગ્રાહકોના સહકારથી અત્યાર સુધી જે જ્ઞાનસેવા થઇ શકી એટલી કરીને એણે ઉદયાસ્તની લીલા બતાવી; ગ્રાહકો, શુભેચ્છકો, જિજ્ઞાસુઓ અંગત મિત્રો સૌને ધન્યવાદ અને શુભેચ્છાઓ પાઠવું છું.

(૨) ઉત્થાન કાર્યાલયનાં બધાં પુસ્તકો હવે પછીથી નીચેને ઠેકાણેથી મંગાવી લેવા વિનંતી છે.

સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય;

ભદ્ર પાસે, અમદાવાદ.

મારા અંગત મિત્રવર્ગને વિનંતિ કે, બીજી ખબર ન આપું ત્યાં સુધી મને વડોદરાને નીચેને સરનામે જ પત્રો લખે.

સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ

માસ્તર નિવાસ, ગોયાગેટ–વડોદરા

ઉત્થાન બંધ થાય છે!

લેખકઃ
તંત્રી

卐

'**ઉત્થાન**' માસિક પત્ર અને એનું કાર્યાલય બંધ થાય છે! ઉત્થાનને હું પ્રથમથી જ **સાહસ** કહેતો આવ્યો છું, તેથી જ કદાચ એ **સહસા** બંધ થતું હોય!

પ્રત્યેક કાર્યને કે બે કે કારણો હોય છે જ; આરંભ અને અંતનાં કારણો જુદે હોય પણ કર્મમાં એક જ હોય તો તે કેવળ નિષ્કામ અને સહજ કર્મમાંજ; કારણ કે જે સ્વાત્માનન્દને લીધે સહજ સ્વભાવે એની શરૂઆત થઈ હોય છે, તે આનન્દથી જ એની પૂર્ણાહૂતિ થાય છે. એમાં મુખ્ય ઉદ્દેશ ત્રિગુણાત્મક વ્યવહારમાં **गुणाः गुणेषु वर्तन्त इति मत्वा न सज्जते**ના સિદ્ધાન્ત પ્રમાણે ગુણો ગુણોની સાથે રમતા હોય ત્યારે તત્ત્વજીજ્ઞાસુ તત્ત્વમાં રમે છે, એ હોય છે. જિજ્ઞાસુની પ્રત્યેક શુભ પ્રવૃત્તિ, નિવૃત્તિ તરફ જ વલણ વધારનારી હોય છે. વર્ણાશ્રમની વ્યવસ્થા અંગેનાં કર્મ ઉપાસના, તીર્થભ્રમણ, જપ, તપ, કથાશ્રવણ, વ્યાખ્યાન, લેખનકાર્ય, ઉપદેશવ્યવસાય, સત્સંગ, શાસ્ત્રચર્ચા, સ્વાધ્યાય, અધ્યયન અધ્યાપન, મઠમંદિર કે આશ્રમસંચાલન કે એવાંજ બીજાં લોકહિતનાં અસંખ્યવિધ કાર્યોમાં જિજ્ઞાસુ કે જ્ઞાનીનું અન્તર તો તત્ત્વની જ ઝંખના કર્યા કરે છે. કર્મોની વિવિધ પરંપરામાં તત્ત્વદર્શન થતાં કે વધવા માંડે છે, તેમ તેમ કર્મવ્યવસાય તો સૂકાં પાંદડાની પેઠે આપોઆપ ખરી પડવા માંડે છે. પરમાર્થદૃષ્ટાને કર્મોના આદિઅન્તમાં વ્યાવહારિક હાનિલાભનો નહિ, પણ આત્મલાભનો જ ઉદ્દેશ હોય છે, તેથી પ્રત્યેક કર્મ એને આત્મજ્ઞાનનાં પોષક અને દ્વૈતનિવર્તક જ નીવડે છે.

જ્ઞાનસાધન આશ્રમ, ઉત્થાન કે એવી કોઇ પ્રવૃત્તિ—અરે એટલું જ કેમ દેહધારણથી માંડી દેહનાશ સુધીના બધા પરિવર્તનો અને પ્રવૃત્તિઓ પોતાના જ્ઞાનસાધન માટે હતાં હું એ પ્રવૃત્તિઓને વળગીને એમાં મારું નહોતો. આહિઅતવાળા કર્મોનો ઉપયોગ તો ચિત્તને નિર્મળ અને તરન તરન બનાવવાના હોય છે, અત્યારે ઉત્થાનને બંધ કરવામાં—સતાન બંધ કરવામાં બાહ્ય દૃષ્ટિએ કાંઈ અમે તેવાં કારણો કે વિઘ્નોનું અનુમાન કરાશે પરન્તુ મારે માટે મુખ્ય કારણ તો મારી પોતાની મનોવૃત્તિ જ નિવૃતિ તરફ વળે છે એ જ છે કે વિઘ્નોનો ભય નહિ, પણ આંતરિક વૃત્તિઓની વિશ્રાંતિ જ મુખ્ય કારણ છે અને તેથી ઉત્થાન બંધ થાય છે.

બાહ્ય કારણ તો જેટલી દૃષ્ટિ તેટલાં અસંખ્ય નીકળી આવે. માનસને લીધે જે તમોગુણી વાતાવરણમાં ખૂબ જ ઊછાળો આવ્યો છે માનવપ્રજા લાલીતરંગી બની છે; ક્ષુદ્ર વાસના અને વિલાસના મૂળ જેવા કામક્રોધ, લોભ, મોહ, તથા મદાંધતાને પોષવા માટે અસત્ય, દંભ, કપટ અને પ્રપંચના રાક્ષસી તત્વોના માનવશરીરોમાં આસુરી વૃત્તિઓના જીવાત્માઓ ઘૂમતા હોય એવો આભાસ થાય છે ! એ દુર્ગંધિમય ભવનમાં પરોપકાર કાર્યો એકાદ સુગંધિત પુષ્પ જેવા છૂટા છવાયાં નજરે પડે છે પણ તે કેટકેટલ સ્વાર્થ અને ધનના ભોગે, એનો હિસાબ તો એ કાર્યકર્તાઓ જાણી શકે સત્વભક્ષી રાક્ષસી વાતાવરણ શુભકર્મોને સ્વાહા કરી જાય છે ! અસંખ્ય સંસ્થાઓ સ્વાહા હશે ! અસંખ્ય ખંડેરો ભારતવર્ષમાં સ્થળે સ્થળે દૃષ્ટિગોચર થાય છે ! ગુજરાતમાં યે સર્વમાન્ય વિદ્વાનોને હાથે ચાલતાં સુદર્શન, જ્ઞાનસુધા વસન્ત, મહાકાળ, પ્રાત:કાળ, વિશ્વજ્યોતિ અને બીજાં અસંખ્ય માસિકો અત્યારે તંત્રપરંપરાને અભાવે સ્મરણશેષ રહ્યાં છે. એમના ઉદયાસ્ત થઇ ગયા, એ જ ઉદયાસ્ત બીજાના પણ થાય એમાં આશ્ચર્ય નથી. પ્રકૃતિનો સ્વભાવ એવો છે કે હમેશાં પરિવર્તન કરે છે, એમાં કશું આશ્ચર્ય નથી; કંઇ નવીનતા નથી; દેશકાળના ભેદને લીધે કારણો જુદાં જુદાં સંભવે, પણ કાર્યોના ઉદયાસ્ત તો પ્રકૃતિનો અટલ નિયમ છે. ઉત્થાન પણ એજ નિયમને વશ બનીને બંધ થાય છે, કશા શોકમોહને અધીન થઇને નહિ.

તેમાંયે વેદાન્ત જેવા ગહન વિષયના અધિકારી બહુ થોડા ! .

વિષયને બુદ્ધિગમ્ય કરી, અનુભવને પંથે પડનાર જિજ્ઞાસુઓ જ વિરલ ! ભગવાન શ્રીકૃષ્ણ કહે છે તેમ " मनुष्याणां सहस्रेषु............कश्चिन्मां वेत्ति तत्त्वतः ॥ હજારોમાંથી કોઈક જ પ્રયત્ન કરે અને પ્રયત્ન કરનારાઓમાંથી કોઈ વિરલો જ પરમતત્ત્વને યથાર્થ, અને ઉપનિષદ્‌ગમ્ય અનુભવ કરી શકે " આ દૃષ્ટિએ મૂળમાં જ આવા સાહિત્યના વાચકો ઓછા અને એમાં યે, આ રોગદ્વેષના અટપટા જમાનામાં, આ ક્ષેત્રમાં સરળતાને બદલે એક બાજુ પ્રપંચના ખાડાનડે; તેમ બીજી બાજુ આવકની ઓછી સંખ્યાને લીધે છેવટે નુકસાન જ વિગેરે. વેદાન્તગ્રન્થોના વાચકની સંખ્યા એટલી તો થોડી હોય છે કે એમાં રોકેલી રકમ પણ પાછી આવવાનો સંભવ હોતો નથી. સંચાલકોમાં ઘણે ભાગે એકદેશીય બુદ્ધિવાળા, અતિઉદારતા અને કાર્યદક્ષતાના અભાવવાળા હોવાથી, જે વણિકબુદ્ધિ એ વ્યવસ્થામાં રાખવી પડે તેનો છાંટો પણ એમનામાં હોતો નથી તેથી પ્રયત્નો નિષ્ફળ જાય છે, પુસ્તકો લખવાં, લખાવવાં, છપાવવાં, વેચવાં કે પ્રચાર કરવો એ બધામાં યોગ્ય સહાયકોને અભાવે પરિણામ શૂન્યમાં આવે છે. કેટલાંએ પુસ્તકો પ્રકાશકો કે લખકોને ત્યાં ગાંસડી પોટલાંમાં બંધાઈને ઉધઈની રાહ જોતાં હશે એ તો પરમાત્મા જાણે ! પણ વસ્તુસ્થિતિ વિકટ છે એ વાત સર્વમાન્ય છે. મારા પોતાના સ્વભાવમાં કેટલાએક વ્યાવહારિક દોષો છે, કાર્યદક્ષતાનો અભાવ, સંસર્ગીઓમાં અતિવિશ્વાસ, બધાને પોતાનાં અને સારાં માનવાની ટેવ, હિસાબી દેખરેખની ઊણપ, અને એવાં ઝીણાં ઝીણાં અણુઆનકતનાં-લક્ષણોને લીધે વ્યવહારમાં અવાર નવાર વિઘ્નો આવે તેથી કાર્યમાં નિષ્ફળતા જ આવીને ઊભી રહ્યા કરે; મુખ્ય સાધનવ્યવસાય શ્રવણ–મનન અને નિદિધ્યાસનનો હોવાથી કાર્યકૌશલ્ય હોય નહિ, અને તેથી એવા કૌશલ્યની ઊણપને લીધે પણ ઉત્થાન મંદ થાય છે.

સ્વભાવમાં પૂર્ણતાનો કે નિર્દોષ હોવાનો હું દાવો કરતો નથી; અને એવો દાવો ક્યો માનવદેહધારી કરી શકે ! निर्दोषं हि समं ब्रह्म—કેવલ સમસ્વરૂપ બ્રહ્મ જ નિર્દોષ છે; અને सर्वारम्भा हि दोषेण धूमेनाग्निरिवावृताः—સર્વે સમારંભો ધુમાડાથી અગ્નિ ઢંકાએલો હોય તેમ દોષ વડે ઢંકાએલા જ છે. માત્ર અગ્નિસ્વરૂપ આત્મા જ સદા સ્વરૂપે નિર્દોષ છે; આવા નિગ-

ણાત્મક દોષ જ્ઞાનસાધનમાં બાધક નથી, પણ કેવલ વ્યવહારપક્ષે બાધક નીવડે છે; જેમ કે ગુણદોષ જોવા, તપાસવા, વીણવા, નાનામોટાના અને સત્યાસત્યના ભેદ વધારવા વિ. ગુણાત્મક દૃષ્ટિ કરવી, એ તો સાધનમાર્ગે પણ વિપરીત છે એટલે એમાં નિરુપાય થવું પડે છે. વ્યવહારમાં જ્યાં વ્યક્તિ વ્યક્તિને તપાસીને જોવી પડે, ત્યાં આત્મદર્શીને તો બધે ગુણદોષ દૃષ્ટિને ભસ્મીભૂત કરી, લાભહાનિ જેવાં દ્વંદ્વોની વિસ્મૃતિ કરી, નિર્દોષ બ્રહ્મદર્શન કરવાનું હોય છે; એવી રીતે નિર્દોષ બ્રહ્મદર્શન કરવા જતાં શ્રદ્ધાને બદલે અતિશ્રદ્ધા, સાવધાનતાને બદલે પ્રપંચદર્શન, અને પરિણામે કાર્યક્ષતિ થવાના સંભવ ઊભા થાય છે; વ્યવહારમાં અણધાર્યાં દ્વંદ્વ આવીને ડોકિયાં કરે છે. અકારણ પ્રાપ્ત થતાં દ્વંદ્વોને ચિત્ત ઉપર તો ન લાવીએ, પણ કાર્યની સિદ્ધિ વિના લોકરોષ થાય નહિ, એટલે અનિચ્છાએ પણ એવાં કાર્યોનો અંત આવે છે. અને જ્યાં એવા કાર્યની અસિદ્ધિ કે અવ્યવસ્થા ઊભી થઈ કે સેવાના દ્વંદ્વાભાસને બદલે વૈરાગ્ય જ આવીને આદેશ કરે કે **किमिच्छन् कस्य कामाय**—આ મિથ્યા પ્રપંચના દ્વૈતાભાસમાં કઈ ઇચ્છા કે વાસનાને માટે આ બધા ઘટાટોપ નિભાવવો ? ! **આથી પણ ઉત્થાન બંધ કરવું પડે છે.**

મારા સ્વભાવની ઊણપ હું બતાવી ગયો એ રહી વ્યવહારપક્ષે માનસિક દોષ–અપૂર્ણતા;દોષ એટલે દુષ્ટતો–નીચતા કે કપટ–પ્રપંચ નહિ પણ અપૂર્ણતા. એ અપૂર્ણતામાં શારીરિક અનારોગ્યે પણ મેળ સાધવા માંડ્યો છે. બીજા કારણોમાં સૌથી મહત્ત્વનું કારણ શરીર છે. માથાની ગરમી તો ઘણાં વર્ષોથી રહ્યાં કરતી હતી, તેમાં છેલ્લાં ત્રણેક વર્ષથી આંખમાં ગરમી અને ઝાંખ વધવા માંડ્યાં; લાગલાગટ બે કલાકનું વાચન–લેખન કરવા જતાં આંખોને ત્રાસ થાય છે; આ કાર્ય ગ્રંથ મુખ્યત્વે માથાને અને આંખને જ પરિશ્રમ પડે એવું; **એને લીધે પણ ઉત્થાન બંધ થાય છે.**

આશ્રમ બંધ કરીને ઉત્થાન તથા એની સાથેના પ્રકાશનકાર્યને વેગ આપવાના મનોરથો સેવીને કેટલુંએક સાહસ કર્યું; ઉપરાન્ત હું લગભગ સત્સંગ પ્રસંગે બહાર રહેવા માંડ્યો; સાથે સાથે જ કાગળનિયમનનો સરકારી

ક્યારે તૂટી પડ્યો, ઉત્થાનના પાના ગણ્યા પુસ્તકો પ્રકટ કરનારા ઘણી વખત તાન ન મળ્યાં, ત્રણેક મહીને બધા પ્રયત્નોને તપાસી જતા એમા પુષ્કળ નુકસાન નજરે પડ્યુ, એટલે ત્યાથી જ કાર્યની ઇતિશ્રી કરવા ન કરવા ઉપર ધારણા ફેરવવા માડી, અને તે એ નિશ્ચય થયો કે ખંત-ઉત્તમ વિના કાર્યસિદ્ધિ થાવી શકાય એમ નથી, તેથી ઉત્થાન બધ કરવુ અને નવી પ્રવૃત્તિ ગમે તે ભોગે સ્વીકારી લેવી

ઉત્થાનને ચલાવવામા કશી ઉણપ નથી રાખી એ પરમસત્તાની વાત જ એની લેખસામગ્રીમા સ્વ. અર્જુનતાનદજી તથા સ્વ. માધવતીર્થ એ પ્રત્યેક અક માટે લેખ મોકલીને મને નિ તાસુક્ત રાખ્યો છે બીજા વિદ્વાન્ લેખકોનો પણ ઉચિત સહકાર હતો અને જે સસ્કારી વાચન આપવાનો ઉદ્દેશ હતો તે સચવાઈ રહ્યો તેથી એ બધાનો મુખ્ય ધન્યવાદ એમને ફાળે જ ય છે ઉત્થાનના ઘણા ગ્રાહકોએ ગ્રાહકો મેળવીને અને ખાસ અગત મિત્રો તથા શુભેચ્છકોએ સર્વ દિશામા સહાયતા આપીને જે નિષ્કામ સેવા કરી છે, એ બધુ એમની ચિત્તશુદ્ધિ અને આત્મકલ્યાણમા અવશ્ય નિમિત્તભૂત બને એવી પ્રાર્થના છે ઉત્થાનને નિયમિત પ્રકટ કરી આપીને અશોક પ્રિન્ટરીના સચાલકોએ કામમા હમેશા તત્પરતા કરી આપી છે એ પણ સતોષનો વિષય નથી ? એકદરે સર્વત્ર સહકાર હોવા છતા ઉત્થાન બધ થાય છે ! ! !

• પાર્થિવ જીવનના બે અનિવાર્ય પાસા છે અને તે જ સસારચક્ર નિયમાત્મક રીતે ચલાવનાર દ્વદ્વો એ તો આવી ગયા, આવે છે અને હજુ પણ આવશે જ, એનાથી ડરીને નહાસી છૂટવાના નિમિત્ત તરીકે ઉત્થાન બધ થતુ નથી જ્યા સુધી શરીર છે, ત્યા સુધી દસ્યરૂપે પણ એ કર્મ નિભાવવાનુ છે, કર્મ છે ત્યા સુધી દ્વદ્વનો આભાસ પણ છે જ, અને એ દૃષ્ટિએ તો એની કશી કીમત જ નથી મૂળમા જ જ્યા અજ્ઞાન-અવિદ્યા અને એના કાર્ય જેવો આ સસાર મિથ્યા-તુચ્છ છે, ત્યા તત્ત્વજિજ્ઞાસુ એના ડાળપાંખડા જેવા દ્વદ્વોનો વિચાર કરે એ અસ્વાભાવિક છે પરન્તુ સર્વત્ર શુભદર્શન, સારાસારનો અભાવ, અપરિગ્રહવૃત્તિ, ક્ષમા અને ઉદારતા જેવા સાધનો આત્મ રીતિ સ્વભાવમા ઉતારવા એ ભૂષણ ગણાતા હોય, ત્યા આ સ્વજનારતી ધાગે

સિદ્ધિમાં તો પ્રત્યેકના ગુણદોષ જોવા, મારાતારાના ભેદ સાચવવા, વસ્તુઓના વિનિમયમાં મમત્વનું ભાન રાખવું, ત્રિપુટીને સત્ય માનવી, ક્ષમા ન રાખતાં ગુણ પ્રમાણે કાર્યનો બદલો લેવો, ત્યાગને બદલે હિસાબી મનોધોરણ પાળવું અને આવી વ્યવહારને પોષતી વૃત્તિઓ સેવતાં ન આવડે, એટલે વ્યાવહારિક કુનેહનો અભાવ ગણાય, કાર્યસિદ્ધિ ન થાય, અને એ રીતે કર્મયોગનો અધિકાર જ માત્ર પોતાના સ્વભાવમાં રહેનો નથી–અંતરનો નથી–જગતના ડાહ્યા લોકોના ઉપદેશ સ્વીકારી શકાતો નથી–**તેથી ઉત્થાન બંધ થાય છે.**

સૌ પોતપોતાની દૃષ્ટિમર્યાદામાં રમે છે; હું મારી પોતાની સાધનમર્યાદામાં રહીને રમું એમાં કશું આશ્ચર્ય નથી; વિશ્રાંતિ ઇચ્છતી મનોવૃત્તિ અને સ્વાસ્થ્ય ઇચ્છતું શરીર એ બે મુખ્ય કારણોમાં કર્મોનાં આદિઅંત તો કેવળ નિમિત્ત માત્ર છે. મનોવૃત્તિ ઉપરામ થાય એટલે એના ઉપરજ અવલંબન રાખતા જતાં બાહ્ય કર્મોમાં શિથિલતા કે કર્મસંન્યાસ આવે એ સ્વાભાવિક છે. **આમ તન–મનના અસહકારને લીધે ઉત્થાન બંધ થાય છે.**

ઉત્થાનના શરૂઆતના ખર્ચ માટે તથા ભવિષ્યની ખોટને પહોંચી વળવા માટે પ્રકાશન ફંડની યોજના કરી હતી, એ રકમનો સૌના સંતોષની ખાતર થોડો ખુલાસો આપવાનું બાકી રહે છે. અંગત મિત્રોના ઉત્સાહ, દાનધર્મ અને સેવાસિદ્ધિમાંથી રૂા. ૨૫૫૦) જેટલી રકમ એ માટે આવી હતી. નુકસાન માટે જ એ રકમ હતી, એવી આશંકા સાચી પડી છે, કેટલું નુકસાન વેઠ્યું એ **ઇચ્છા ન હોવા છતાં** પણ લખવું પડે છે. એ કથનમાં ઘણાને કરુણતા લાગશે. પરન્તુ **समत्वं योग उच्यते** એ ભગવદ્વાક્ય પ્રમાણે કર્મયોગીને હાનિલાભ જેવાં દ્વંદ્વો અશાંતિનું કારણ બને, તો આખો કર્મયોગ નિષ્ફળ થાય છે; શાન્તિસ્વરૂપ પરમાત્માને બદલે અશાંતિ અને અજ્ઞાન જેવાં દ્વંદ્વોનાં ભૂત એના મનોદેશમાં ભૂતની પેઠે ઘૂમ્યા કરે છે. કર્તવ્યમાં કેવળ એ ત્યાગનિષ્ઠ રહ્યો છે એજ એની મહાસિદ્ધિ છે; એજ આત્માનંદ છે; હિસાબી નુકસાનનો પ્રશ્ન આ દૃષ્ટિએ કેવળ તુચ્છ હોવા છતાં વ્યવહારની દૃષ્ટિએ એનો ઉલ્લેખ કરવો પડે છે. પ્રથમના ત્રણ વર્ષની ખોટને સરવાળો રૂા. ૧૦૨૮–૧૦–૯ થાય છે. અને ત્યારપછી વડોદરાનું એક વર્ષ તો ચારે તરફથી નુકસાનીથી જ ભરેલું નીવડ્યું છે. ઉત્થાનને નિભાવતાં જતાં ચારેક હજારની નુકસાની

વેઠવી પડી છે, હજુ પણ કેટલાએક વિચિત્ર સંયોગો ઊભા છે, પણ ભગવાન કહે છે તેમ नहि कल्याणकृत् कश्चित् दुर्गतिं तात गच्छति એ ન્યાયે એમાં આત્મકલ્યાણ તો છે જ. મુખ્ય મુદ્દો એ છે કે પ્રકાશનફંડ આમાં ધોવાઈ ગયું છે એટલો ઉલ્લેખ જ બસ છે.

આટલું છતાં ગ્રાહકોને વાચનની ખોટ આવવા દીધી નથી. ચાર વર્ષમાં ત્રણ સુંદર પુસ્તકો ભેટ આપ્યાં છે. અત્યાર સુધીના ભાવશુદ્ધ પ્રયત્નોમાં મને પોતાને સંતોષ છે. આરંભ અને અંત આત્માનંદની દૃષ્ટિએ સુંદર અને શ્રેયસ્કર રહ્યાં છે. પ્રત્યેક પ્રવૃત્તિ આનંદમાંથી ઉદ્ભવતી હોય ત્યાં પર્યવસાન પણ આનંદમાં જ આવે છે, પ્રકૃતિ પ્રત્યેક ક્ષણે અસંખ્ય કોટિ કલ્પો ફલાશાથી રહિત રહી, જીવાત્માઓ માટે ખર્ચે છે. લોકસેવાના કાર્યોમાં દાન-સેવકો ધનની નદીઓ વહેવરાવે છે, એમાં ઈશ્વરેચ્છાથી આવતા ઉદયાસ્ત જેવા ઉત્થાનના પ્રસંગમાં ધનહાનિનો પ્રશ્ન તુચ્છ છે. ચાર ચાર વર્ષના ગાળામાં આત્માના પ્રચંડ જ્ઞાનભાસ્કરનું એકાદ કિરણ પણ ઉત્થાનના વાચકોના હૃદયમાં પડ્યું હશે, શેષ સામગ્રીમાંથી જિજ્ઞાસુઓના અંતઃકરણમાં ચૈતન્યનો ચમકારો જાગ્યો હશે, જીવનમાં કંઈક કૃતાર્થતા અનુભવવાની એકાદ ધન્ય પળ પણ ઉદ્ભવી હશે, અને અંતે ઉત્થાન પોતાનાં મધુર શ્રેયસ્કર સંસ્મરણો રાખી જશે, તો આ માટીના જ રૂપાન્તર જેવાં, ચંચળ લક્ષ્મીના ચિહ્ન જેવાં નાણાં તો અનન્ત કાળગર્તમાં હતાં નહોતાં થઈ જવાનાં છે જ; એ પ્રશ્ન એટલા માટે અત્યંત તુચ્છ છે ' જીવનમાં આત્માનાં અજવાળાં ઉતર્યાં હશે કે ઉતરશે તો એ બધો ભવનાં અજ્ઞાનાંધકારને છિન્ન ભિન્ન કરવામાં નિત્ય નિમિત્ત બનશે જ બનશે, એવી અચલ શ્રદ્ધા સાથે ઉત્થાન બંધ થાય છે.

સહૃદય વાચકવર્ગ ! જે પરમતત્વના સાધન રૂપે આપણે આટલાં પરિચયમાં આવ્યા, એ જ આપણું લક્ષ્ય રહે અને એમાં જ આપણે અભેદ અને એક ભાવે દ્વંદ્વમુક્ત હતા, છીએ ને રહેશું એ નિષ્ઠા સાથે આટલું નિવેદન કરીને વિરમું છું.

આ નિવેદનમાં કોઈ સંસારગ્રાહીને મારી શિશુપનું લુલું અજ્ઞાનતાસુ લાગશે, જિજ્ઞાસુને નિર્વેદ આપશે, તત્ત્વવિદને નિવૃત્તિપરાયણ વૃત્તિમાં બલ

વ્યવસ્થા) અર્થ (આર્થિક વ્યવસ્થા) અને કામ (સામાજિક વ્યવસ્થા) નામના ત્રણ પુરુષાર્થના પ્રદેશમાં કરવી પડતી કર્મજંજાળ; એમાંથી ઉભી થતી વિટંબણાને લીધે દ્વંદ્વોની ગડમથલ થાય, ત્રણ ગુણના સામસામા પ્રહાર થાય, જીવ જીવના વિગ્રહ ચાલે એમાં એ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિની અવસ્થા ભોગવે, દૃષ્ટાદૃષ્ટ પ્રમાણને આધારે પુનર્જન્મની માન્યતા સ્વીકારે અને જ્યારે એની તર્કપ્રતિષ્ઠા ચલિત થાય ત્યારે હારીને-સંપૂર્ણ વૈરાગ્ય કેળવીને પોતાના સ્વરૂપ પ્રતિ વળે, ત્યારે એને બધી દ્વૈતવ્યવસ્થા પોતાના મનમાં જ વસેલી છે એવી ખાત્રી થાય છે.

જગત નિત્ય છે કે અનિત્ય એનો નીવેડો પણ જીવાત્મા પોતાના મનથી જ મેળવી શકે. જ્યાંસુધી મન છે ત્યાંસુધી જગત છે; અને મન અને જગત જો યુગપત્ સૃષ્ટ હોય—એક સાથે જ ઉત્પન્ન થયેલાં હોય તો એ બન્નેની સત્તા પરસ્પર એકબીજાના ઉપર જ અવલંબન રાખે છે એ સિદ્ધ થાય છે; અને એજ અન્યોન્ય અધ્યાસ છે.

સુષુપ્તિમાં અને સમાધિમાં મન નથી તેથી જગત્ નથી અને જગત નથી તેથી દ્વંદ્વ નથી. મન અને જગત નથી ત્યાં સંપૂર્ણ સુખ છે. ઉપરાંત જીવાત્મા પોતે તો સત્, ચિત્ આનન્દરૂપે છે, છે અને છે જ; પણ મન અને જગત્ તો દેશકાળના પરિચ્છેદવાળાં છે: એટલે છે કે નથી, છે ને નથી; છે પણ નથી આવા અસંખ્ય વિકલ્પોવાળા છે, અને વિકલ્પો તો સંકલ્પની અપેક્ષાએ છે એટલે જેવો સંકલ્પ એવો જ એની સામે કે વિરોધ ભાવે વિકલ્પ હોય, એટલે જ્યાં કલ્પના જ નથી—કલ્પના જ નથી, ત્યાં સંકલ્પ નથી, અને સંકલ્પ નથી એટલે વિકલ્પ નથી. તેથી સ્વરૂપ તો કેવળ નિર્વિકલ્પ છે એમ ફલિત થાય છે.

એ નિર્વિકલ્પજ જો પરમ શ્રેયસ્કર હોય, તો શા માટે એ શ્રેયસને વિસરીને સવિકલ્પને મનમાં સ્થાન આપવું ? કલ્પના માત્ર દ્વૈતને સિદ્ધ કરે છે કારણ કે કલ્પના માનસિક ક્રિયા છે, જ્યાં ક્રિયા હોય ત્યાં ત્યાં કર્તા, કરણ વગેરે હોય જ; અને ક્રિયા હોય ત્યાં ત્રણ ગુણ હોય,ગુણકર્મ હોય ત્યાં વિભાગ હોય, વિભાગ હોય ત્યાં જીવાત્માનાં ટોળાં વર્ગવિગ્રહમાં પડે અને દ્વંદ્વો પોતાની રમત

રમતા અનનવી સૃષ્ટિઓ ઊભી કરે, એ રમતના મોહ, કંકામ અને ભેદબુદ્ધિ રહે એટલે સુખનો આભાસ પણ ન હોતા દુઃખ સુખની અવિરત વાસના રહે. એવી વાસનાની રમત એ સંસાર, એને જીવતી વાસનાજાળ કહો કે ઈશ્વરની લીલા કહો!

વેદના આદ્ય ઋષિઓએ પ્રથમ મનને નિઃસ્વાર્થભાવે ઉપકાર કરી માનવ સમાજ અને દેવદેવતાઓના ઋણ ચુકવવાના કર્મકાંડ ગોઠવી આપ્યા, એ ઋણમાંથી મુક્ત થતાં એમને યથેચ્છ નિવૃત્તિ મળી, એ કર્મકાંડ દ્વારા અંતઃકરણ નિષ્કામ એટલે પવિત્ર થાય, પણ અસંખ્ય દેવદેવતા અને ત્રિગુણાત્મક માનવસમૂહની વચ્ચે જીવન વીતાવતાં વિક્ષેપ સતાવ્યા કરે એટલે સમસ્ત સૃષ્ટિ કેવળ એક અદ્વિતીય પરમાત્માનું વિરાટ સ્વરૂપ છે, એવી એ ઋષિઓની ભાવના ઉપજાવી, અનેકમાંથી એકમાં ચિત્તને રોકી રાખવા માટે હઠયોગ, ધ્યાનયોગ લય યોગ, રાજ યોગ, જેવા ઉપાસના અને ભક્તિમાર્ગના અનેકમાંથી નિવૃત્ત થઈ એકાગ્રતા કેળવવા માટે સાધનો શોધીને જનસમૂહને અર્પણ કર્યાં.

પણ આથીયે કાંઈ મનોવ્યાપાર નિતાન્ત બંધ ન પડ્યો. નિદ્રા (સુષુપ્તિ) અને સ્વપ્ન સંસારમાંથી ઉગરતો આ જાગ્રત વ્યવહાર જ સૌને વિશેષ આપત્તિ કરે છે. સ્વપ્ન તો ક્ષણિક છે એમ સૌ માને છે તેથી એની સત્યાસત્ય સત્તાનો સામાન્ય મનુષ્ય વિચાર જ કરતો નથી. જાગ્રત જગતને નિત્ય માનવાથી એમાં નિત્યસુખ મેળવી શકાતું નથી. નિદ્રામાં જાગ્રતના વ્યવહારનો અભાવ થાય છે, ઇન્દ્રિયો મનમાં અને મન જાગ્રત જ્ઞાનના અભાવ જેવા મિથ્યા જ્ઞાનમાં—અજ્ઞાનમાં—અવિદ્યામાં કે એવી કોઈ અનિર્વચનીય અવસ્થામાં લય પામે છે, તેથી ત્યાં સુખ છે, એનું સ્વયંપ્રકાશ આત્માનું જાગીને કંઈ અંશ સમાધાન કરી શકાય છે એ આધારે મનને શાન્ત કરવા માટે ઋષિઓએ સંશોધન કર્યું.

યોગના આચાર્યોએ એમ નક્કી કર્યું કે મનોવ્યાપાર બંધ થાય તો કૈવલ્ય સુખ મળે છે. એને માટે કોઈએ જગતના અનેક વિષયોના નામનો ત્યાગ કરી એકાક્ષરી બીજ મંત્રના જપદ્વારા મંત્રયોગનું અવલંબન લીધું અને એ રીતે મનને લય કરવાનું સાધન માન્યું.

કોઇએ મન અને પ્રાણનો અન્યોન્ય સંબંધ માની પ્રાણનો કુંભક કરી મનને સ્થગિત કરવાનો હઠયોગ સાધ્યો.

કોઇએ પ્રિયમાં પ્રિય વિષયમાં ભગવદ્ભાવ આરોપી હૃદયના સમસ્ત પ્રેમ પ્રવાહને એ તરફ વાળી અહૈતુકી ભક્તિદ્વારા મનને એ પ્રેમમૂર્તિમાં ગાળવાનો ભક્તિયોગ સાધ્યો.

પણ આથી કૈં મનનો નિત્ય નિરોધ ન થઇ શક્યો. પુરાણોમાં દસ વીસ હજાર કે એથી એ વધારે વર્ષો સુધી ઋષિઓની તપશ્ચર્યા, ધ્યાન અને યોગ-સમાધિના વર્ણનો આવે છે. એ ઋષિઓ એમાંથી જાગ્રત થાય છે ત્યારે પાછી ની એજ જાગ્રત અવસ્થા, એવું ને એવુ જાગ્રત જગત અને એના એ જ ઇન્દ્રિયગમ્ય વિષયોને સત્ય માનીને પૂર્વસંસ્કારને વશ બનીને વ્યવહાર કર્યાનાં દૃષ્ટાન્તો છે.

જાગ્રત જગતને જ સત્ય માનીને પરમ સત્યની શોધમાં જેટલા પ્રયત્નો થયા છે, અને એને માટે ચિન્તવન કરતા ધ્યાનનિમગ્ન દશામાં જે શોધો થઇ છે, તેમા તો એટલો જ નિર્ણય થઇ શકે છે, કે આ વિશ્વ સત્ય છે, એનો સૃષ્ટા એક પરમશક્તિશાળી પરમાત્મા (પરમ+આત્મા) છે પણ જીવ (અલ્પ-આત્મા) નથી, અને વિશ્વ અને વિશ્વના રહસ્યો શોધવા હોય તો મનુષ્યે પોતાની બધી શક્તિઓને શુદ્ધ અને શક્તિશાળી બનાવવી જોઇએ.

આવી સિદ્ધિ પામેના મહાત્માઓએ જગતમા અનેક ચમત્કારો કર્યા છે દ્વૈત, વિશિષ્ટાદ્વૈત, શુદ્ધાદ્વૈત, અચિંત્ય દ્વૈતાદ્વૈત, એવા સિદ્ધાતો તારવ્યા છે અને કોઇએ જગતને સાપેક્ષ સત્ય, તો કોઇએ પરિણામી સત્ય માની છેવટે એટલો તો નિર્ણય કર્યો છે કે પરમશાંતિ જોઇતી હોય, પરમસત્યનો અનુભવ કરીને એ પરમાનંદનુ આસ્વાદન કરવું હોય, તો બાહ્ય જગત અને એનો અનુભવ કરનારા મન તથા ઇન્દ્રિયોને અંતર્મુખ કરવા જોઇએ, અને એ બધાનો જ્યાથી આવિર્ભાવ છે, એ પરમાત્માના સામીપ્ય, સાયુજ્ય, સાલોક્ય સારૂપ્ય કે એવા કોઇ સ્વરૂપનો અનુભવ લેવો જોઇએ.

આવો અનુભવ લીધા પછી પણ (૧) જીવ, (૨) જગત અને (૩) ઇશ્વર એ ત્રણ પ્રશ્નોનુ સમાધાન તો 'જેવો દૃષ્ટા તેવું દૃશ્ય' એ પ્રમાણે હમેશા

મતમતાતરના વાડામા જ પુરાયેલુ રહ્યુ છે ને રહેશે એવુ અત્યાર સુધીના સમસ્ત ધર્મોના ભિન્ન ભિન્ન સિદ્ધાન્તો જોતા નકકી થાય છે.

ભગવાન્ શકરાચાર્ય આ બધાનો એકજ ટૂકો અને બુધ્ધિની સમસ્ત તર્કજાળને કાપી નાખે એવો જવાબ આપે છે. 'અપરોક્ષાનુભૂતિ' નામના પ્રકરણ ગ્રથમા લખે છે કે –

भाववृत्त्या हि भावत्वं शून्यवृत्त्या हि शून्यता।
ब्रह्मवृत्त्या हि पूर्णत्वं तथा पूर्णत्वमभ्यसेत् ॥ १२९ ॥

ભાવાર્થ –(પરમતત્ત્વ) છે એવી વૃત્તિ (ભાવના) વડે (તે ભાવના તેવા પદાર્થનો) અનુભવ થાય છે ને શૂન્યની (બધુ શૂન્ય છે, કશુ એ નથી એવી) ભાવનાથી શૂન્ય છે–કશુ યે નથી એવુ અનુભવમા આવે છે. બ્રહ્માકારવૃત્તિથી બ્રહ્મપણુ અનુભવાય છે માટે (તત્ત્વના અનુભવીએ) બ્રહ્મભાવનાનો–પૂર્ણપણાનો અભ્યાસ કરવો જોઇએ

અદ્વૈતનિષ્ઠાના પ્રૌઢ આચાર્ય, ભગવાન્ શકરાચાર્યના પરમ ગુરુ શ્રી ગૌડપાદ માડૂક્ય ઉપનિષદ્ ઉપરની કારિકાના વૈતથ્ય પ્રકરણમા શ્લોક ૧૫ થી શ્લોક ૩૧ સુધી અનેક મતમતાતરની સમીક્ષા કરીને સમજાવે છે કે આન્તરિક અવ્યક્ત તથા બહારના વ્યક્ત બન્ને ભેદ કલ્પિત છે અને એની વિશેષતા કેવળ ઇન્દ્રિયાના ભેદજ્ઞાનમા છે, મૂળ વસ્તુમા નથી તેઓ એવો નિર્ણય કરે છે કે પ્રલય, ઉત્પત્તિ, બધ અને મોક્ષભાવનાઓના ઉત્સાહીઓ, જ્ઞાનના સાધકો કે મોક્ષની ઇચ્છાવાળાઓ કે મુક્ત એ બધુ કલ્પના માત્ર છે, ખરુ તો કેવળ પરમાર્થ તત્ત્વ જ છે. ઉપનિષદ્‌ના અદ્વૈત પ્રતિપાદક વાક્યો તો અનન્ત સુખથી ઘોષણા કરે છે કે "आत्मैवेदं सर्वम्" (આ બધુ આત્મા જ છે–છા ઉ ૭/૨૫/૨) ब्रह्मैवेदं सर्वम् (આ બધુ બ્રહ્મ જ છે–મુ ઉ ૭) एकमेवाद्वितीयम् (એક જ અદ્વિતીય છે–છા ઉ ૬/૨/૧) અને આ પરમ અદ્વિતીય બ્રહ્મને જ તો સાધક લક્ષ્યમા રાખે તો દ્વૈતભાવનો વૈરાગ્ય કેળવાય, સમસ્ત વાસનાઓ નિર્મૂળ થાય, દ્વૈતકલ્પનાના મૂળ જેવા મનનો મિથ્યાભાસ નાશ પામે, અને અધ્યસ્તનો અત આવતા અધિષ્ઠાનનો અનુભવ

થઇ શકે.

આ દસ્યાદસ્ય વિસ્તાર જીવભાવનું મનોરાજ્ય છે; ભ્રાન્ત દશાની કલ્પના છે, મિથ્યા અધ્યાસ માત્ર છે, અને અધિષ્ઠાન તો પોતાનું વાસ્તવિક સ્વરૂપ છે, એવું લક્ષ્ય બાંધવું અઘરું છે, અને એવો જ નિર્ણય થયા પછી પણ એને માટે જે અંતઃકરણની સ્વરૂપવૃત્તિ વડે જાગ્રત દશામાં જ્ઞાનની પરિપક્વતા દ્વારા અનુભવ કરવાનો છે, એ અંતઃકરણને અધિકારી બનાવવાની મુશ્કેલી છે.

તત્ત્વજ્ઞાન વાસનાક્ષય અને મનોનાશ એ જીવન્મુક્તિનાં એટલે જીવભાવનો અંત લાવી બ્રહ્મભાવ જાગૃત કરવાનાં અમોઘ અને સર્વમાન્ય સાધન માનેલાં છે.

ઉપર્યુક્ત સાધનોનો વિસ્તાર "જીવન્મુક્તિવિવેક" નામના ગ્રંથમાં સુંદર રીતે કરેલો છે, જિજ્ઞાસુઓને એ પુસ્તકના અભ્યાસની અને એ પ્રમાણે સાધન સંપત્તિ કેળવવાની ભલામણ કરીએ છીએ; સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ તરફથી એનો વિશુદ્ધ ગુજરાતી અનુવાદ પ્રકટ થયેલો છે.

પરન્તુ એથી યે વધારે ઉપયોગી અને પ્રારંભિક સાધન તરીકે તો સાધન ચ... કેળવવા જોઇએ. (૧) વિવેક, (૨) વૈરાગ્ય, (૩) શમ વગેરે છ સાધન (શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા, અને સમાધાન) અને (૪) મુમુક્ષુતા. આ સાધનનો ક્રમસર વિસ્તાર ભગવાન્ શંકરાચાર્યે, પ્રત્યેક પ્રકરણ ગ્રંથમાં કરેલો છે, અને પંચીકરણ નામનું નાનું પ્રકરણ પણ એમણે લખેલું છે.

વેદાન્તના અભ્યાસીઓ, જ્ઞાનના મુમુક્ષુઓ, અને મોક્ષની આકાંક્ષા રાખનારાઓ આ સાધન સંપત્તિ જ્યારે કેળવે, ત્યારે જ એનાથી સબળ અને શુદ્ધ થયેલા અંતઃકરણમાં માયાને વિસારીને અને પરમતત્ત્વને ઓળખીને અનુભવવાની યોગ્યતા આવે છે. અધિકારી થયા વિના જો શાસ્ત્રચર્ચાના વમળમાં બુદ્ધિ ઉતરી પડે તો, એવી તર્કપરંપરાને કશી સ્થિરતા પ્રાપ્ત થતી નથી. એમાંથી કશો જ નિર્ણય થતો નથી અને ઊલટું ભયંકર નાસ્તિકતાના ખાડામાં ઊતરી પડાય છે કે જ્યાં કેવલ અજ્ઞાન, આશંકા, કલેશ અને કષ્ટ વિના બીજું કશું બુદ્ધિને સૂઝતું અને ઇન્દ્રિયોને દેખાતું જ નથી.

સ્વા. વિદ્યારણ્ય પંચદશીના ચિત્રદીપ પ્રકરણમાં સ્પષ્ટ કહે છે કેઃ-

तृणार्चकादियोगान्ता ईश्वरे भ्रान्तिमाश्रिता. ।
लोकायतादि सांख्यान्ता जीवे विभ्रांतिमाश्रिता: ॥ २१८ ॥

શબ્દાર્થ :-ઘાસ અને ઈંટથી માંડીને યોગપર્યન્તના વાદીઓ, ઈશ્વરના સ્વરૂપમાં ભ્રાંતિને આશ્રયે જ પડી રહેલા છે. (એટલે કે આ ઈશ્વર છે, કે ફલાણો ઈશ્વર છે, એવી ભ્રાંતિમાં ભમે છે.) ચાર્વાક (જડવાદી)થી માંડીને અસંખ્ય (ચૈતન્ય અને જડ એવું દ્વૈત માનનારા) સુધીના નાસ્તિકવાદીઓ જીવમાં ભ્રાંતિનો આશ્રય કરીને રહેલા છે. (અર્થાત્ જીવ વગરનું બીજું કાંઇ છે જ નહિ એવી મૂઢ ભાવનામાં તેઓ ગૂંચવાઇ ગયેલા છે.

આવું કહીને એમાંથી નીકળવાનો માર્ગ બતાવે છે.

तस्मात् मुमुक्षुभिर्नैव मतिर्जीवेशवादयोः ।
कार्या किन्तु ब्रह्मतत्त्वं विचार्य बुध्यतां च तत् ॥ २१९ ॥

શબ્દાર્થ :-એટલા માટે મુમુક્ષુઓએ જીવ અને ઈશ્વરના વાદવિવાદમાં બુદ્ધિ દોડાવવી નહિ, પણ બ્રહ્મતત્ત્વ (જે) વિચારવા યોગ્ય છે તેને જાણવું. (અર્થાત્ જીવેશ્વરના વાદવિવાદમાં મુક્તિ નથી પણ બ્રહ્મજ્ઞાનમાં છે, માટે તે વાદ છોડી દેવો અને બ્રહ્મતત્ત્વનો જ વિચાર કરવો.)

ૐ ૐ ૐ ૐ
ૐ ૐ ૐ
ૐ ૐ
ૐ

ધર્મવિચારણા
(ગતાંકથી ચાલુ)

લેખક
સ્વા. શ્રી અદ્વૈતાનંદજી

આ જગતમાં પ્રત્યેક મનુષ્ય સુખ શી રીતે મળે મેળવેના સુખમાં શી રીતે વૃદ્ધિ થાય દુઃખ કાયમ માટે શી રીતે ટળે તે માટે નિરંતર પેરવી કર્યા કરે છે જીવનનું સુખ શામાં છે, તે વિષયમાં ઘણી ઘણી ચર્ચાઓ ચાલે છે પણ તેનો યથાર્થ સમજણ થોડાકને જ હોય છે મનુષ્યના સ્વભાવનો સાહજિક નિયમ જ એવો હોય છે કે તેણે હમેશ કોઈ પણ પ્રકારની આપ લે (વિનિમય) કરતા રહેવું જ જોઈએ પદાર્થમાત્રનો સ્વભાવ આવો જ છે અટક પરસ્પર વિનિમય આવી આપ લે સંસારમાં જાણ્યે અજાણ્યે થયા જ કરે છે અને જગતના સર્વ પ્રાણીઓ–પદાર્થો આ પ્રમાણે એકબીજા અસર થયા કરે જ છે મનુષ્યને શારીરિક રક્ષણ અને પોષણ માટે અન્ન આચ્છાદનાદિ સામગ્રીના વિનિમય કરવાનો છે, તેમ મનના વિકાસ માટે, ચારિત્ર્યના નિર્વાહ માટે વિચારોનો, જ્ઞાનનો, હૃદયના ગુણોનો પણ વિનિમય કરવાનો છે આત્મતત્ત્વ એક અવિભાજ્ય હોવાથી તે વિનિમયનો વિષય થઈ શકે નહિ તે અવસ્થામાં અભેદ જ પ્રવર્તે છે જ્યાં ભેદ પ્રતીત થતા હોય ત્યાં જ વિનિમય થઈ શકે એ તો સ્પષ્ટ જ છે

આ વિનિમયને જ આપણે સંસાર જગત, પ્રકૃતિ કર્મ, નામરૂપ, વિ સંજ્ઞાઓ આપીએ છીએ આ પ્રવૃત્તિમાત્રનો કાંઈ ને કાંઈ હેતુ હોય છે અન્ન ગ્રહણ કરવાનો હેતુ, વ્યાપાર કરવાનો ઉદ્દેશ શરીર રક્ષણ પોષણ વિ વિચારના વિલાસમાં રમણ કરવાનો હેતુ પણ જ્ઞાનપ્રાપ્તિ તથા તજ્જન્ય આનંદ સુખની પ્રાપ્તિ એ જ પ્રવૃત્તિમાત્રનો મુખ્ય ઉદ્દેશ. જે લોકો આ વિ

ઓના ખાનપાનાદિ વૈભવના ઉપભોગને જ સુખરૂપ ગણે છે તેમને સર્વ આનંદ આ પદાર્થોની પ્રાપ્તિમા જ મળે છે. પણ વિષયો જેમ જ મન પણ પરિવર્તનશીલ છે. તેથી એક મનુષ્યને હમેશાં તેના તે જ વિષયો અથવા સર્વ મનુષ્યોને એક જ પ્રકારનાં વિષયોમા જ આનંદ મળતો નથી. કોઇને ખાવાનો શોખ હોય છે. કોઇને સારાં સારા કપડા પહેરવાનો શોખ હોય છે. કોઇને ઘોડા ઉપર બેસવાનો. શીકાર કરવાનો શોખ હોય છે. કોઇને સીનેમા, નાટક જોવાનો હોય છે. કોઇને દેશ પરદેશ ફરવાનો જ શોખ હોય છે. જેનું જીવન વિદ્યાવ્યાસંગી હોય છે તેમને નવાંનવાં પુસ્તકો વાચવાનો શોખ હોય છે. કોઇને સંગીત ને કોઇને ચિત્રકળા વિ. નો શોખ હોય છે. આ પ્રમાણે પ્રકૃતિભેદાનુસાર મનુષ્યોની રુચિ પણ ભિન્ન ભિન્ન હોય છે. આધુનિક સમયમાં આત્મામાં આસ્થા ન હોવાથી મનુષ્યના મનને કોઇને કાંઇ બાહ્ય અવલંબન સુખને માટે જોઇએ છીએ, "ગમતું નથી" "કશું ચેન પડતું નથી" આવી ફરિયાદ લગભગ સર્વના સાંભળવામાં આવે છે, અને તેમાંથી મુક્ત થવા માટે મનુષ્યો વિધવિધ માનસિક અને શારીરિક ક્રિયાઓનો આશ્રય ગ્રહણ કરે છે. તે છતાં પણ આ "નિર્વેદ"રૂપી રાક્ષસ કોઇને છોડતો નથી. રાજા હોય કે રંક હોય, બુદ્ધિશાળી હોય કે નિર્બુદ્ધ હોય. સર્વને આ મહારોગ વળગેલો છે.

વેદાન્તગ્રંથોમાં સામાન્ય રીતે સુખદુઃખના આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક એવા ત્રણ ભેદો કરેલા છે. કેટલાક ત્રિવિધ વર્ગીકરણ ન કરતાં બેજ વિષયોમાં સર્વ પ્રકારના સુખદુઃખને અંતર્ગત કરી દે છે; બાહ્ય કિંવા શારીર તથા આભ્યંતર કિંવા માનસિક. બાહ્ય અથવા શારીરસુખદુઃખનો અનુભવ મનુષ્યને હમેશાં મનદ્વારા જ થાય છે. શારીર દુઃખ ગમે તેટલું અસહ્ય હોય તો પણ નિદ્રા આવી જાય એટલે તે આપણને જણાતુ નથી. તેમ માણસનું મનોબળ હોય તો ગમે તેવું શરીરનુ દુઃખ, કાંતો ચિત્તને બીજા વિષયમા પરોવીને, કાંતો આત્મચિંતનથી, કાંતો નામસ્મરણથી અથવા તિતિક્ષાથી, શાંતિથી સહન કરી શકે છે, અને મનની સમતાનો ત્યાગ કરતો નથી. તેથી સુખદુઃખ માનસિક જ છે, કાલ્પનિક જ છે એ કહેવું વધારે ઉચિત છે. ગમે તે પ્રમાણે સુખદુઃખનુ વર્ગીકરણ કરવામાં આવે પણ એક વાત તો ચોક્કસ છે કે પ્રાણીમાત્રને સુખ જ જોઇએ છીએ. કોઇને પણ

દુઃખની ઇચ્છા હોતી નથી દુઃખની આત્યંતિક નિવૃત્તિ કરવી અને નિજાનંદની પ્રાપ્તિ કરવી એ જ મનુષ્યનો પરમ પુરુષાર્થ છે અને પ્રાણીમાત્રની પ્રવૃત્તિનો અંતિમ ઉદ્દેશ છે

સર્વ સુખ તૃષ્ણાક્ષયરૂપ જ છે, ગમે તેટલું સુખ મળે તો પણ મનુષ્ય હમેશા અસંતુષ્ટ જ રહે છે કારણ કે નાશવંત પદાર્થોની વચમા રહીને, જ્યાં સુધી જીવાત્માને તેમા જ આસક્તિ હોય ત્યાં સુધી પરમસુખની આશા રાખવી એ ફોકટ ફાંફાં છે સંસારમા અવિદ્યાગ્રસ્ત જીવાત્માઓનુ જીવન નિરંતર સુખ દુઃખ મિશ્રિત જ હોય છે ક્ષણિક સુખ, ક્ષણિક દુઃખ અને અભાવક્ષોભ, આ ત્રણ અવસ્થાઓની વચ્ચે મનુષ્યોનું મન ઘડીઆળના લોલકની માફક આપમેળે ઝોલા ખાયા કરે છે સર્વે મનુષ્યોની આન્તરિક અવસ્થા એક જ પ્રકારની હોય છે આ વિષયમા ગરીબ અને તવંગર વચ્ચે, સ્ત્રી પુરુષ વચ્ચે, કોઇ પણ પ્રકારનો તફાવત નથી જેમ જેમ મનુષ્યમા સંતોષ, સમતા વધારે પ્રમાણમા હોય છે તેમ તેમ તે વધારે સુખી હોય છે જેમ જેમ આપણી વધારે સાધનો મળતા જાય છે તેમ તેમ આપણી જરૂરિયાતો વધતી જાય છે બળદગાડીને બદલે હવે આપણે આગગાડીમા મુસાફરી કરીએ છીએ તેથી જે સગવડ મળી છે તેનુ અપમાન રોજની ગાડીમા બેસવાની ટેવ પડેલી હોવાથી વિસ્મરણ થઇ જાય છે, પણ જો ગાડી જરાક મોડી આવે તો મનમા દુઃખ થાય છે સર્વ પ્રકારના વિષયોને આ જ નિયમ લાગુ પડે છે મક્ષિકાની માફક મનુષ્યનુ મન અતિ ચંચલ હોવાથી એક વિષય ઉપરથી બીજા વિષય ઉપર કુદકા માર્યા જ કરે છે અને શાંત થઇને બેસતું નથી સંસારમા વસ્તુસ્થિતિ આવી હોવાથી ધનાઢ્ય અને ગરીબ સર્વેની ચિત્તની અવસ્થા એક જ પ્રકારની હોવાથી પશ્ચિમના ઘણા વિચારકોનો એવો મત છે કે સંસાર દુઃખમય જ છે આને નિરાશાવાદ કહેવામા આવે છે (Pessimism) આર્યતત્ત્વજ્ઞાન પ્રમાણે સંસાર આત્માનો વિવર્ત હોવાથી આનંદમય જ છે સંસારમા કેવી રીતે રહેવુ, સર્વ પ્રકારની પ્રવૃત્તિમા પણ નિવૃત્તિ કેવી રીતે અનુભવવી—આ વિષયનુ જ્ઞાન ન હોવાથી અથવાં જ્ઞાન હોય તો પણ તે પ્રમાણે વર્તન કરવાનું સામર્થ્ય ન હોવાથી સર્વ પ્રાણીઓ સુખદુઃખના દ્વંદ્વમા ફસાયા રહે છે જે પદાર્થ માટે પ્રીતિ હોય તેની પ્રાપ્તિથી આપણુનું સુખ

થાય છે અને જેના તરફ આપણને ઘૃણા હોય તે મળે તો દુ ખ થાય છે એ તો સ્પષ્ટ જ છે જે " સ વેદન " આપણને અનુકૂળ લાગે તે સુખ અને જે આપણને પ્રતિકૂળ લાગે તે દુ ખ ' દુનિયાના સર્વ પદાર્થો નાશવત છે તથા આપણુ મન પણ કાયમ બદલાયા કરે છે તેથી પદાર્થોની પ્રાપ્તિથી અવિનાશી આનદ મળી શકે નહિ એ નિર્વિવાદ છે " કામ કામ્ય પદાર્થોના ઉપયોગથી શમતો નથી ઊલટો હોમેલા દ્રવ્યોથી અગ્નિ જેમ વધે છે, તેમ ફરી ફરીને વધતો જાય છે " આ પ્રમાણે મહાભારતમા આદિપર્વમા જણાવવામા આવ્યુ છે

સુખના સાધનો ગમે તેટલા વિપુલ હોય તો પણ ઇન્દ્રિયોની લાલસા સતત વધતી જ જાય છે કેમકે વિષયોપયોગની ઇચ્છા કદી પણ તૃપ્ત થતી નથી તેથી તેના ઉપર વિચાર રૂપી અકુશ રાખવાની જરૂર છે સર્વ ધર્મો આ મર્યાદાની આવશ્યકતા સ્વીકારે છે જે સુખને માટે મનુષ્યો ફાફા માર્યા કરે છે તે વિષયોમા નથી પણ તેની પાર છે, આ સત્યનો સ્વીકાર કરવા માટે ત્યારથી જ મનુષ્યમા ધાર્મિક જીવનની શરૂઆત થાય છે વિષયો તરફ વિરાગ એ આધ્યાત્મિક જીવનનો અવિચળ પાયો છે. આપણે સ્થૂળશરીરસ્થ ગોલકો દ્વારા બાહ્ય પદાર્થોની સાથે સ યોગ કરીએ છીએ પણ આપણને જે જ્ઞાન થાય છે તે મનદ્વારાજ થાય છે "ચક્ષુ રૂપ જુવે છે તે મને કરીને જુવે છે, ચક્ષુ વડે નહિ" મન જો વ્યાકુળ હોય અથવા મન જો બીજી વસ્તુનુ ચિ તન કરતુ હોય તો આખો ઉઘાડી હોય તો પણ આપણે આપણી સામેના પદાર્થો જોઇ શકતા નથી આ અનુભવ સર્વને થાય છે તેથી એ પણ સ્પષ્ટ જ છે કે મનોનિગ્રહ કરવાથી સુખદુ ખનો નિગ્રહ પણ સભવે છે તેથી મનુ ભગવાને પ્રતિપાદન કરેલુ છે કે "જે પરવશ તે દુ ખ ને આત્મવશ તે સુખ એ સુખ દુ ખનુ લક્ષણ જાણવુ " મહાભારતમા શાન્તિપર્વમા જણાવવામા આવ્યુ છે કે દુ ખનુ ઔષધ એ છે કે તેનુ અનુચિતન ન કરવુ ચિત્તને કોઇપણ પ્રકારનુ અવલબન અવશ્ય જોઇએ છીએ તેનો પ્રવાહ કાતો વિષયો તરફ વહે છે, અથવા આત્મા તરફ ઇન્દ્રિય સુખ આગમાપાયી છે એવો ત્યારે મનમા નિશ્ચય થાય ત્યારે ઇન્દ્રિયાતીત–આત્મબુદ્ધિપ્રસાદથી ઉત્પન્ન થનાર એટલે આત્મનિષ્ઠ મનુષ્યને જેવો અનુભવ થાય તેનુ આધ્યાત્મિક સુખ પ્રાપ્ત કરવાની સ્વાભાવિક ઇચ્છા

થાય છે. આવા સુખને શ્રેય, પરમકલ્યાણ, પરમાનંદ, પરમશાંતિ વિ. નામો અપાય છે. આત્મા એક જ સમયે અથવા ભિન્ન ભિન્ન સમયે પાસે રહેલા વિષયોને સંપૂર્ણ રીતે પ્રકાશિત કરે છે. વળી તે એકલો જ પરસ્પર વિરૂદ્ધ ધર્મવાળી ત્રણ અવસ્થાઓમાં (જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિમાં) સંચાર કરે છે તેથી તે સર્વેનો દ્રષ્ટા છે, સર્વેનો પ્રકાશક છે, બુદ્ધિથી પણ ભિન્ન છે. આ સાક્ષી તરીકે રહેનારો આત્મા પરસ્પર વિલક્ષણ ધર્મવાળા સુખ દુઃખાદિ ગુણોને માત્ર જાણે જ છે પણ ભોગવતો નથી. આત્મા ઇન્દ્રિયોમાં કેવળ સંચાર કરીને તેઓને ચેતનાવાળી કરે છે, પરંતુ પોતે ભોગવતો નથી. બુદ્ધિ જ કર્તા-ભોક્તા, વિ. ધર્મોને ધારણ કરે છે, આત્મા તો ઉદાસીન, જ્ઞાન અને આનંદ સ્વરૂપ જ છે. આ આત્માને મન, બુદ્ધિ, ઇન્દ્રિયો જાણી શકતાં નથી. તે સર્વજ્ઞ છે, સર્વનો દ્રષ્ટા છે તેથી તે સર્વે ઇન્દ્રિયોના વ્યાપારને જોઇ શકે છે અને જાણી પણ શકે છે. આત્મારૂપી વસ્તુ સ્વયંસિદ્ધ છે. તેનું યથાર્થ જ્ઞાન થાય છે કે તરત જ સમગ્ર પ્રકારના દુઃખનો નાશ થઇ જાય છે, કોઇ પણ અર્થની ઉપાય કર્યા વિના કદી સિદ્ધિ થતી જ નથી. તેમ સ્થૂલદેહમાં, લિંગ દેહની અંદર રહેલા આત્માને જ્ઞાનદ્વારાજ (અનુભવ દ્વારા) જાણી શકાય છે. ઇન્દ્રિયો વડે ઇન્દ્રિયો જાણી શકાય નહિ તેમ પરા બુદ્ધિ પણ (બુદ્ધિની છેલ્લી વૃત્તિ) શુદ્ધ સ્વરૂપ જેમ વસ્તુને જોઇ શકતી નથી. દેહોનો અને આત્માનો સંબંધ આપણને પ્રતીત થાય છે પણ વાસ્તવિક રીતે તે સંબંધ ત્રણે કાળમાં નથી. આત્મા દ્રષ્ટા છે, દેહ દૃશ્ય છે, આત્મા અચળ છે અવિનાશી છે, નિત્ય છે, દેહો નાશવંત છે, દેહ પરિમિત છે, આત્મા અનંત છે, આત્મા પ્રકાશરૂપ છે. દેહ અંધકારરૂપ છે. આત્મા અદ્રશ્ય છે તોપણ " હું છું. " એમ સર્વત્ર પ્રકારી છે. જેમ સૂર્ય ઉદય પામતી વેળા પોતાના કિરણમંડળને સર્વત્ર ફેલાવે છે અને અસ્ત પામતી વેળા પોતાનાં કિરણોને સમેટી લે છે તેવી રીતે અંતરાત્મા પણ દેહની અંદર પ્રવેશ કરીને પોતાનાં ઇન્દ્રિયોરૂપી કિરણોને આસપાસ ફેલાવીને શબ્દાદિ પાંચે વિષયોને ગ્રહણ કરે છે. વિષયવાસનાઓનો જે પુરુષ
ત્યાગ કરે છે તેના વાસનાત્મક રસ સિવાયના સર્વે વિષયાભિલાષો આપોઆપ શાંત પડી જાય છે અને જ્યારે તેને પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે ત્યારે વાસનાત્મક રસ પણ નિવૃત્ત થઇ જાય છે. જ્યારે બુદ્ધિ વિષયાસક્તિથી

રહિત થાય છે અને બ્રહ્મતત્ત્વમાં સ્થિર થાય છે ત્યારે મન પણ બ્રહ્મ સ્વરૂપ જ થઈ રહે છે. બુધ્ધિમાન પુરુષે યૌવનને, રૂપને, જીવિતને, દ્રવ્ય સગ્રહને, શરીર આરોગ્યને, પ્રિયજનના સહવાસને અનિત્ય સમજીને તેમાં લુબ્ધ થવું નહિ, આ જીવનમાં સુખના કરતા દુઃખ વધારે છે એમ અજ્ઞાનીઓને લાગે છે પણ જે મનુષ્ય આત્મનિષ્ઠ હોય છે, સુખનો દુ ખનો બન્નેનો ત્યાગ કરે છે, અહંતા મમતાનો ત્યાગ કરી પોતાનું અસલ સ્વરૂપ જાણે છે તેને લેશમાત્ર પણ દુઃખ સ્પર્શ કરી શકતુ નથી. દુ.ખની આત્યંતિક નિવૃતિ માટે આના સિવાય બીજો એક પણ ઇલાજ નથી. પર્વતના શિખરમાંથી નીકળેલું જળ પૃથ્વીના નિમ્ન પ્રદેશ તરફ વહેવા માંડે છે તેવી રીતે કર્મજન્ય સંસ્કારોવાળી બુધ્ધિ અજ્ઞાનમાંથી નીકળીને ઇન્દ્રિયો અને તેના વિષયો તરફ વળી જાય છે. જ્યારે અજ્ઞાનનો વિનાશકાળ આવે છે ત્યારે કસોટીના પથ્થર ઉપર ઉઠેલી સુવર્ણના કસની રેખા જેમ સ્પષ્ટ દેખાય છે તેમ બુધ્ધિમાં પરબ્રહ્મનો અનુભવ થવા માંડે છે. આત્માનો અનુભવ સ્થાયી થયા પછી દુ ખનું અસ્તિત્વ મુદ્દલ રહેતું જ નથી કારણ કે આત્મા આનંદસ્વરૂપ છે. જ્યાં સુધી આમાં નિષ્ઠા ન બંધાય ત્યાં સુધી દુ.ખ નિવારણનો સર્વોત્તમ ઉપાય એ જ છે કે આપણા પોતાના સચ્ચિદાનંદ સ્વરૂપનું અહોનિશ ચિંતન રાખવું અને આ વૃત્તિથી બીજી વૃત્તિઓને દાબી રાખવી.

જગતની સામાન્ય આપત્તિમાં જે રાગદ્વેષમય જીવન થાય છે, કલેષ અને વિષવાદમાં જે દુ:ખ વિસ્તરે છે, તેમાંથી મનુષ્યને મુકત રાખી તેની પારના ઉત્કૃષ્ટ જીવનમા જે ભવ્યતા ને આનંદ છે તેના ઉપર દૃષ્ટિ રાખનાર ધર્મ જ છે. ધર્મમાંથી જ સત્ય, ન્યાય, પ્રેમ, આદિ શુભ ભાવનાઓની ઉત્પત્તિ છે. સંસારમાં જે સ્વાર્થ, પક્ષપાત, સંકોચ, કૃપણતા દેખાય છે તેને નિયંત્રિત કરનાર ધર્મ જ છે. ઘણાક ધર્મોમાં જનસમાજને સારે રસ્તે દોરવા માટે સ્વર્ગ નરકની, ઘણાકે ઇશ્વરના કોપની ઘણાકે કર્મના વિચારની ભાવનાઓ મનુષ્યદૃષ્ટિ સમક્ષ રાખેલી છે. જેમ એક વ્યકિતનું જીવન ધર્મ વિના નિષ્ફળ છે. તેમ સમગ્ર સમાજનું જીવન પણ ધર્મભાવના વિના નિષ્ફળ છે, જનસમૂહની નીતિ દિન-પ્રતિદિન અધમ થતી અટકાવવા માટે, રાજ્યકર્તાઓને નિયમમાં રાખવા માટે, સ્વાર્થ અને પરમાર્થ વચ્ચે સુમેળ સાધવા

માટે, સમાજના ભિન્નભિન્ન આવશ્યક અને પરસ્પરાવલંબી અંગોમાં કર્તવ્ય દક્ષતા રાખવા માટે, તથા તેમાં પ્રેમની વૃદ્ધિ કરવા માટે ધર્મભાવના અનિવાર્ય છે જ્યારે રોમનું સામ્રાજ્ય છિન્ન ભિન્ન થઈ ગયું તે સમયે જંગલી લોકોના ટોળાએ આખા યુરોપ દેશને ઉચ્છિન્ન પ્રાપ્ત કરી દીધો હતો. આવી અવસ્થામાંથી યુરોપનો ઉદ્ધાર કરનાર ક્રિશ્ચિયન ધર્મની પરમ ભ્રાતૃ-ભાવના નામની હતી અનેક વીર પુરુષોએ એ ભાવનામાંથી પ્રેરણા મેળવી સ્વત્વનો ત્યાગ કરી, ધર્મની પુનઃ સ્થાપના કરી, અને ધર્મભાવનાના પ્રતાપથી મહમદ પેગમ્બર સાહેબે જંગલી આરબોને સુમાર્ગે વાળવાનો પ્રયત્ન કર્યો અને જ્યાં સુધી એ ભાવનાનું પ્રાબલ્ય રહ્યું ત્યાં સુધી તેઓનો સર્વ રીતે ઉદય થતો રહ્યો આર્યાવર્તમાં પણ કપિલ વસ્તુના રાજાને ત્યાં અવતરેલા કુમારે સંસારનો ત્યાગ કરી અભેદભાવનાનો (ધર્મ ભાવનાનો) ઉદ્ઘોષ કર્યો અને બસો ત્રણસો વર્ષોની અંદર જ લંકાથી તિબેટ પર્યંત અને સુરાષ્ટ્રથી ચીન પર્યંત મહાન સામ્રાજ્ય અસ્તિત્વમાં આવ્યું. તદુપરાંત આ ધર્મની અસર નીચે તે વખતના સર્વ સંસ્કારી દેશો આવ્યા અને ઘણાખરાઓએ તો તે ધર્મ જ અંગીકાર કર્યો. ઇતિહાસનો આપણે બારીકાઈથી અભ્યાસ કરીશું તો જણાશે કે જ્યારથી ધર્મભાવનામાં શૈથિલ્ય આવવા માંડે છે, ત્યારથી જ સમાજની અને વ્યક્તિની અધોગતિ થવા માંડે છે ધર્મભાવનાનું શુદ્ધ સ્વરૂપ કેવળ ભાવગમ્ય છે. અને જ્યારે તેને વ્યક્ત સ્વરૂપ આપવાનો પ્રયત્ન કરવામાં આવે છે ત્યારે દેશ, કાળ સ્થિતિ અનુસાર તેની બાહ્ય આકૃતિમાં વિભિન્નતા આવે છે વેદ, બૌદ્ધ, ઇસ્લામ, ક્રીશ્ચીઅન કોઈ પણ ધર્મ આ ભાવનાથી વિમુખ નથી પણ તેનાં બાહ્ય સાધનોમાં જ (જે ધર્મનું આગન્તુક અંગ છે, આવશ્યક નહિ) પૃથક્તા જણાય છે. ધર્મભાવનાને પ્રાચીન કે અર્વાચીન કોઈપણ સમાજ આગળ નમતું આપવાની જરૂર નથી સમાજને જ આખરે નમવું પડે છે પરમ સત્ય (અભેદ) ને દૃષ્ટિ સમક્ષ સતત રાખીને જ સમાજનું બંધારણ કરવું ઘટે છે. તેમ સમાજના ભિન્ન ભિન્ન અંગોએ આ એકતાનો ખ્યાલ છોડવો જોઈએ નહિ. ધર્મભાવનાથી જે માનસિક સમાધાન અને શાન્તિ થાય છે તેનો વિચાર ઘડી બાજુએ મૂકીએ તો પણ કેવળ બુદ્ધિના, નિશ્ચયબળના વિકાસની દૃષ્ટિએ પણ ધર્મભાવનાની

આવશ્યકતા સર્વોત્તમ છે. ધર્મના વિષયનો અભ્યાસ, તેનું કાયમ ચિંતવન, ઇન્દ્રિયોના મર્યાદિત ક્ષેત્રથી પર જવાનો અવિરત પ્રયત્ન, બુધ્ધિને અતિ સૂક્ષ્મ, નિર્મળ કરવા ઉપરાંત મનુષ્યને દૃઢ નિશ્ચયી બનાવે છે, અને આ પ્રયાસમાં જે રસ આધ્યાત્મિક જીવનપ્રેમીઓને પડે છે તેનો ખ્યાલ સાધારણ માણસોને આવી શકે નહિ. એક ખગોળવેત્તા આકાશ તરફ એકાગ્ર ચિત્તથી દૃષ્ટિને સ્થિર કરીને કલાકો ને કલાકો સુધી ઉભો રહે છે તેની પ્રવૃત્તિનું રહસ્ય જેમ એક અજ્ઞાન બાળક સમજી શકતું નથી તેજ પ્રમાણે ઇન્દ્રિયાતીત જીવનની શોધમાં આનંદ માનનાર વિરલ આત્માઓનું જીવિત વિષયવોલુપ્ત પામર મનુષ્યોને અગમ્ય હોય છે, અનંત આનંદ, અનંત શક્તિ, અનંતજ્ઞાન, પ્રાણીમાત્રમાં છે જ, તેને જાણવું અને તેનો આવિર્ભાવ કરવો એ જ મનુષ્યનું પરમ કર્તવ્ય છે.

વ્યક્તિ અને સમાજના યથાર્થ વિકાસ માટે ધર્મભાવના (અભેદભાવના) અનિવાર્ય છે એ વિષે આપણે ભિન્ન ભિન્ન દૃષ્ટિબિંદુઓથી વિચાર કર્યો, હવે આપણે બાવી તરફ દૃષ્ટિપાત કરવાનો પ્રયત્ન કરીએ. આધુનિક સમયમાં જગત મુંઝાયું છે. ચારે તરફ અંધકાર માલુમ પડે છે. વિવિધ પ્રકારની શ્રેણીઓની અથડામણમાં ખરે ઉન્નતિનો માર્ગ ક્યાં છે તેની જનસમાજને ચોક્કસ રીતે ઝાંખી થઇ શકતી નથી. સંસારપરિવર્તી છે. જૂના આદર્શો ઓગળી જાય છે, અથવા તેનો સદતર ત્યાગ કરવામાં આવે છે ને નવા આદર્શોનો નિશ્ચય થતો નથી તેવે વખતે સમાજની માનસિક અવસ્થા ડામાડોળ સ્થિતિમા હોય છે. કુદરત ક્રાંતિ અને ઉત્ક્રાંતિ-(ક્રમવિકાસ) (Revolution & Evolution) બન્ને સાધનોનો જરૂરિયાત પ્રમાણે ઉપયોગ કરે છે. અમુક હદ સુધી ક્રમશઃ ઉન્નતિ થયે જાય છે પણ આ પધ્ધતિથી વધારે વિકાસ શક્ય થઇ શકતો નથી, જ્યારે મનુષ્યનું, સમાજનું જીવન રૂઢિચુસ્તતાને વળગી રહે છે, સર્વત્ર તમસ પ્રસરે છે, ત્યારે આ વ્યાપક અંધકારના દુર્ગને ભેદવા માટે સાધારણ ઉપાયોથી કામ ચાલતું નથી. ક્ષેમપરાયણ વૃત્તિનો ઉચ્છેદ કરવા માટે અસાધારણ ઇલાજ ગ્રહણ કરવો પડે છે.

અત્યારે બધા જ ધર્મો અપ્રતિષ્ઠિત થતા જાય છે. તેમના બહારના ખોખામાં લોકોને રસ પડતો નથી. કેટલાક લોકો હજી ગ્રંથોના પ્રમાણોને

વળગી રહે છે પણ બુદ્ધિશાળી લોકોને (જેઓ ભાવી જગતના નેતાઓ છે) એ વસ્તુ હાસ્યાસ્પદ લાગે છે. સમાજ હવે બાલ્યાવસ્થામાંથી પસાર થઈ ગયો છે તે પ્રમાણે ધર્મ વિષયક કલ્પનાઓમાં પણ ફેરબદલી થવી જોઈએ. સંસ્કૃતિમાં યુગે યુગે પરિવર્તન થાય છે. આજના યુગનો અસંતોષ અને ભાવી વિષે અનિશ્ચિતતા, વિચારોનો ગોટાળો અને ધ્યેયની અસ્પષ્ટતા બતાવી આપે છે કે માનવજાતિ મહાન ફેરબદલીની નજીકમાં છે. જગત બહારથી એકરૂપ થતું જાય છે. આકાશ જળ વિ. તત્ત્વો ઉપર આધિપત્ય પ્રાપ્ત થવાથી હવે દેશ ને કાળની સીમાઓ સંકુચિત થતી જાય છે, પૂર્વ અને પશ્ચિમ ભિન્ન દેશોની પ્રજાઓમાં અત્યારે થોડો ઘણો વિચારસરણીઓમાં ભેદ જણાય છે પણ આ એટલો તીવ્ર નથી કે જેનું ઉલ્લંઘન ન કરી શકાય. બૌદ્ધિક જ્ઞાન, ભૌતિક શાસ્ત્રો, શાસનપદ્ધતિઓ, આર્થિક સંસ્થાઓ, ભિન્ન ભિન્ન સંસ્કૃતિઓના લોકોને એકત્ર કરી રહી છે, આંતરિક સ્થિતિમાં એવા ફેરફારો કરવાની જરૂર છે કે જે આ બાહ્ય સ્થિતિને અનુરૂપ હોય. બાહ્ય એકરૂપતામાંથી શાંતિ, સંપ, પરસ્પર પ્રેમનો હજી સુધી ઉદ્ભવ થયો નથી, સમાજના મનમાં જોઈએ તેટલી વ્યાપકતા આવી નથી. માનવજાતિનું બાહ્ય શરીર એક થવા માંડ્યું છે પણ હજી જગત એક મનનું થયું નથી. અત્યાર સુધી જુદી જુદી સંસ્કૃતિઓએ પોતપોતાના માર્ગે વિકાસ સાધ્યો છે, હવે એક બીજા તરફ આકર્ષણ થવા માંડ્યું છે. અને એવો સમય પાસે આવે છે કે આ બધી સંસ્કૃતિઓના સંઘર્ષણમાંથી એક મહાન સમન્વયાત્મક સંસ્કૃતિનો ઉદય થશે. પ્રાદેશિક સંસ્કૃતિઓ હવે જવા બેઠી છે અને હવે પુનરરચના માટે વિશ્વવ્યાપી અખતરો કરવાનો સમય આવી લાગ્યો છે. આપણે એમ પણ કહી શકીએ છીએ કે પ્રાચીન સંસ્કૃતિઓ, પોતાની મહત્તા છતાં પણ સમગ્ર માનવજાતિના સાચા કલ્યાણના આદર્શને વફાદાર રહી નથી. અત્યારે જે જે સંસ્કૃતિઓનું અસ્તિત્વ છે તેને પોતાની મર્યાદા, ખામીઓ જાણી લઈને તેનો સ્વીકાર કરવો જોઈએ પોતાની પરિપૂર્ણતાનો દાવો પાછો ખેંચી લેવો જોઈએ. નવીનતા માટે જે વ્યાપક કલ્પના, આપણને ચોતરફ જોવામાં આવે છે તેમાં ભિન્ન ભિન્ન સંસ્કૃતિઓના આદર્શોની આપલેની ઘણી આવશ્યકતા છે. તે ઉપરાંત ભાવિના વિકાસ માટે પણ જગ્યા હોવી જોઈએ.' ભાવિ સર્વાંગે ભૂતકાળ કે વર્તમાનનું અનુકરણ કરી શકે નહિ

બ્રહ્મ સંબંધ
આરણ્યગંગ

લેખક
સ્વા. શ્રી. માધવતીર્થજી

જેની પાસે ધન હોય તે ધનવાન કહેવાય છે તેવી જ રીતે જેની પાસે ભગ હોય તે ભગવાન કહેવાય છે. ભગ એટલે જ્ઞાન, વૈરાગ્ય, તપ, શ્રી, યશ, ઐશ્વર્ય આનંદ વગેરે. એ બધાં જેના સ્વરૂપમાં હોય તેને ભગવાન કહે છે.

શ્રી કૃષ્ણ ભગવાને અવતાર લઇને પોતાનું ઐશ્વર્ય બતાવવાનું શરૂ કરેલ છે અથવા સમાધિભાષામાં કહીએ તો જેને આત્મસાક્ષાત્કાર થયો હોય છે તેના આત્મામાં પણ નવું ઐશ્વર્ય આવવા લાગે છે અને તે પણ પૂતના જેવી વાસનાને મારી શકે છે. પૂતનાનું એક વિશેષણ ભાગવતમાં એવું આપેલ છે કે તે લોકોનું લોહી પીતી હતી. એવી જાતની વાસનાનો ધંધો કેવા પ્રકારનો ગુપ્ત રીતે ચાલે છે તે બરાબર રીતે ગુજરાતના પ્રખ્યાત સંત શ્રી ઉપેન્દ્ર ભગવાને નીચે પ્રમાણે એક ભજનમાં સમજાવેલ છેઃ–

વાસના માતરે ! નવગજના તુજને નમસ્કાર છે,
કોઇક છુપી ક્ષણમાં, જ્ઞાનીના ઉરમાં બેઠી,
તેની તું આબરૂ લેનાર છે......વાસના માતરે—
જંગલમાં જોગી થઇ એકાંતે નિવસે તો એ,
તેનો એ પીછો પકડનાર છે......વાસના માતરે—
જગની સેવાર્થે નીકળેલામાં એ ઉર-ઉંડાણે,
યશરૂપે-તારો પગપેસાર છે......વાસના—
મંત્રોના જ્ઞાતા જેઓ, દેવો વશ કરવા ધારે,
તેઓ પણ તુજ આગળ લાચાર છે......વાસના—

વિવેકીઓ વાણીમાંથી, તુજને શમાવે તોએ,
અંતરમાં ઉઠવા તું તૈયાર છે......વાસના—
અજ્ઞના વાતોડા પણ નિજની પ્રસંશા રૂપે
તુજને અંતરમાં સંઘરનાર છે......વાસના—
ખ્યાતિ, પ્રતિષ્ઠા, વિદ્યા, ઇત્યાદિ નિમિત્તે પણ તું
ડાહી ડમરી થઇ પેસનાર છે.. ...વાસના—
સાધુ સંતો ભક્તોને ઘરા ઉપર પણ છુપી
તારી સત્તા તો ચાલનાર છે......વાસના—
ખાવામાં, જોવામાં ને જરા જરામાંથી ઉઠી,
સૌનું તું નાક કાપનાર છે......વાસના—
નામમા, કામમા, ગામમાં, ધામમાં,
તુતો સઉજનને મુંઝવનાર છે......વાસના—
કોઇ અલબેલો ચેલો, ગુરુનો નાથેલો તારી,
કાન પટીઓ આમળનાર છે......વાસના—
પ્રભુની પ્રાપ્તિ માંહિ જો, વેગથી તું વળે તો,
તારો ને મારો બેડો પાર છે......વાસના—

ઉપર પ્રમાણે પૂતનાનું સ્વરૂપ છે. તેને ભગવાને મારી તેથીજ તે ભગવાન કહેવાયા. જે જીજ્ઞાસુને આત્મ સાક્ષાત્કાર કરવાની ઇચ્છા હોય તે પણ એ વાસનાને પ્રભુમાં લગાડી દે તો બંન્નેનો બેડો પાર થઇ જાય છે.

જીવ પૂતના રૂપી વાસનાને મારવાની મહેનત કરે છે. કોઇ વાર તેને એમ પણ લાગે છે કે મેં તેને બરાબર મારી છે છતાં તે ગુપ્ત રીતે કોઇ ખૂણામાં ભરાઇ બેસે છે અને નવા નવા રૂપે વારંવાર દેખાવ આપે છે. એ જાણી કંસ-રૂપી અવિદ્યાની સેના છે. એ સેનાનાં રૂપ જેમ જેમ ખુલ્લાં થાય તેમ તેમ તેને સમજવાં ઠીક પડે છે અને પછી તેને દૂર કરવાના ઉપાય સૂઝે છે.

અવિદ્યાનું બીજું એક સ્વરૂપ શકટાસુર (૧૦—૭) આપવામાં આવે છે તે શરીરરૂપી ગાડું છે. તે ગાડા ઉપર દુધ દહીં વગેરે ઘણા સંસારી રસના ઘડા

ભરેના મુકેના હતા તે ગાડું જશોદાજીના આગણામા પડયુ હતુ એક વખત શ્રી કૃષ્ણનો જન્મ દિવસ હતો ત્યારે જશોદાજીને ત્યા બ્રાહ્મણોએ આવી મ ત્રથી તેનો અભિષેક ર્યો અને ગોપીઓ ભજનો ગાના લાગી એ કામ પુરૂ થતા બાળકને નિદ્રા આવે છે એમ જાણી જશોદાજીએ તેને ગા ડાની નીચે સુવરાવી દીધા અને પોતે અને ગોપીઓ બીજા મેમાનોને સત્કાર કરવાના કામમા લાગી ગયા થોડીવારમા શ્રી કૃષ્ણે આખ ઉઘાડી અને સ્તનપાન માટે રોવા લાગ્યા જશોદાનુ ચિત્ત તે વખતે ઘરના ઉત્સવના કામમા લાગેલુ હોવાથી તે રડવુ તેણે સાભળ્યુ નહિ તેથી ભગવાનને ગુસ્સા આવ્યા અને રોતા રોતા પગ ઉછાળીને ગાડાને ઊંધુ પાડી નાખ્યુ

આપણે પણ જ્યારે ધ્યાન કરવાનો વખત આવે ત્યારે એમ સમજવુ કે ભગવાનને ધાવવાનો વખત થયો છે પણ તે વખતે જો આપણે ઘરના કામ યાદ કરશુ તો ભગવાન આપણા સુખ ઉંધા નાખી દેશે રસ ઢોળાઈ જશે અને આત્માનુ સુખ મળશે નહિ

ગાડાને ઉંધુ પડેલું જોઈને ત્યા જશોદા, અને ગોપ ગોપીઓ આવ્યા અને વિચાર કરવા લાગ્યા કે આ ગાડુ પોતાની મેળે કેમ ઉંધુ પડી ગયુ ! ત્યારે ત્યા ઉભેલા કેટલાક બાળકોએ એમ કહ્યુ કે " આ કૃષ્ણે જ રોતા રોતા પાટુ મારીને આ ગાડાને ઉથલાવી દીધેલ છે તેમા શક શકા નથી, મોટા માણસો એટલે ગોપગોપીઓએ એ વાત માની નહિ કારણ કે તેઓ એ બાળકના પરા બળને જાણતા નહોતા. अप्रमेय बलं तस्य बालकस्यनते विदु (૧૦ ૭-૧૦) આત્મામા કેટલી શક્તિ છે તે શરૂઆતમા માણસને ખબર પડતી નથી તે મહાનમા મહાન છે તેમજ અણુમા અણુ છે જેટલી જેટલી આસુરી શક્તિ આખા જગતમા છે તે બધી જીતવાની તેનામા શક્તિ છે તેથી તે દષ્ટિએ ભગવાન સર્વશક્તિમાન છે

હવે જશોદાજી ભગવાનને સ્તનપાન કરાવવા બેઠા ગોવાળીઆઓએ ગાડું સગમર સિધુ કરી આપ્યુ, અને તેના ઉપર પહેલાની માફક સામગ્રી મુકી દીધી. બ્રાહ્મણોએ યજ્ઞ કર્યો અને આશીર્વાદ આપ્યા નદરાયજીએ બ્રાહ્મણોને દક્ષીણા આપી

એક દિવસ જશોદાજી પુત્રને ખોળામા લઈને રમાડતા હતા તે વખતે

અકસ્માત શ્રી કૃષ્ણ ચન્દ્રનો ભાર પર્વત જેટલો તેમને લાગ્યો. જશોદાજી તે ભાર સહન ન કરી શક્યાં કારણ કે ભગવાનના ઉદરમાં આખું જગત રહેલું છે. તેથી બાળકને જમીન ઉપર મુકી દઈને જગદીશ્વરનું ધ્યાન કરતાં તે ઘરના કામમા લાગી ગયા ધ્યાન કરનાર સાધકને પણ જ્યારે ધ્યાનમાં વિશ્વરૂપનું દર્શન કોઇ વખતે થાય છે ત્યારે તે ગભરાઈ જાય છે અને ધ્યાન છોડી ઘરના કામમા લાગી જાય છે અર્જુનને ભગવાને પોતાના વિશ્વરૂપનું દર્શન કરાવ્યું (ગીતા અધ્યાય ૧૧) ત્યારે અર્જુનની પણ એવી દશા થઇ હતી અને એ રૂપ સંકેલીને નાનું રૂપ દેખાડવા વિનતી કરી હતી.

મહતત્ત્વમા ચિત્તની સ્થાપના કરવાથી મહિમા નામની સિધ્ધિ પ્રાપ્ત થાય છે અને શરીરનો ભાર પણ વધે છે. એ સિધ્ધિ ભગવાને આ પ્રકરણમાં બતાવેલી છે. સૂક્ષ્મ પરમાણુ મા ચિત્તની સ્થાપના કરવાથી શરીરનું વજન હલકું થઇ જાય છે. એ સિધ્ધિ રણછોડરાયજીએ ડાકોરમાં બતાવેલી છે.

એક દિવસ કંસનો મોકલેલ તેનો સેવક તૃણાવર્ત નામનો દૈત્ય વંટોળીઆના રૂપમા વ્રજમાં આવ્યો અને ત્યાં રમતા બાળક શ્રી કૃષ્ણને લઇને આકાશમા ચડી ગયો તેણે સંપૂર્ણ વ્રજમાં બહુ ધૂળ ઉડાવી તેથી લોકોનાં નેત્ર બંધ થઇ ગયા. વ્રજમાં ધૂળ અને અંધકાર એટલો છવાઇ ગયો કે યશોદા પુત્રને દેખી શકી નહિ અને લોકો પણ પોતાનું કે પારકું કાંઈ જાણી શકતા નહોતા. આ લીલામાં તૃણ અને આવર્ત એ બે શબ્દો છૂટા કરીએ તો આવર્ત ઉપરથી માયાની આવરણ શક્તિ એવો અર્થ નીકળે છે. ધૂળ અને અંધકાર માટે સંસ્કૃત શબ્દો रजसा तमसावृतम् એમ લખેલ છે તેથી એવો પણ અર્થ નીકળી શકે છે કે જીવ જ્યારે રજોગુણ અને તમોગુણ રૂપી માયાથી ઢંકાઇ જાય છે ત્યારે પોતાને ઓળખી શકતો નથી અને બીજાને પણ ઓળખી શકતો નથી. ना पश्यत्कश्चनात्मानं परंचापि विमोहित: (૧૦–૭–૨૩) વ્રજને સંસ્કૃત ભાષામાં જ્યું કહે છે એ ઉપરથી જગત અથવા સંસાર અર્થ નીકળે છે તેમાં કંસરૂપી અવિદ્યામાંથી તૃણાવર્ત રૂપી આવરણ ઉત્પન્ન થાય તો ભગવાને જે પ્રકારે આવરણ દૂર કર્યું, તે પ્રમાણે આપણે પણ આવરણ દૂર કરતાં શીખવું જોઇએ.

અથર્વવેદમાં શ્રી કૃષ્ણોપનિષદ્ છે. તેમાં શ્રીકૃષ્ણની લીલા આધ્યાત્મિક

ભાવમાં આપવામાં આવેલી છે. તેમાં શકટાસુરનો અર્થ લોભ કરેલો છે અને તૃણાવર્તનો અર્થ કામ અને ક્રોધ વગેરે કરેલ છે. એ બધા આવરણના જુદા જુદા પ્રકાર છે.

તૃણાવર્ત શ્રીકૃષ્ણચંદ્રને ઉપાડી આકાશમાં લઇ ગયો. તે વખતે ભગવાને પોતાનું વજન વધાર્યું. તેનો ભાર સહન ન થઇ શકવાથી તૃણાવર્તનો વેગ શાંત થઇ ગયો. તે વધારે ચાલી શક્યો નહિ. ભગવાને તેનું ગળું પકડી લીધું. તેથી તે દૈત્ય બાળકને છોડી પણ શકતો ન હોતો. તેથી તે ચેષ્ટા વગરનો થઇ પ્રાણહિન થઇને બાળકની સાથે વ્રજમાં પડયો.

જીવને પણ જ્યારે માયાનું આવરણ બહુ લાગે અને કામ–ક્રોધ બહુ સતાવે ત્યારે તેણે પોતાની આત્મશક્તિ ઉપયોગમાં લેવી. માયાની શક્તિ કરતાં આત્માની શકિતમાં ઘણું બળ છે તેથી રૂપક ભાષામાં વજનમાં ભારે કહેલ છે. એ શક્તિ જાગૃત થાય તો માયાનું આવરણ દૂર થતાં વાર લાગે નહિ.

યશોદાજીએ બાળકને તરત ઉપાડી લીધો. બધા ગોપગોપીઓને બહુ આનંદ થયો. જ્યારે આવરણભંગ થાય છે ત્યારે જીવને બહુ જ આનંદ થાય છે, ગોપ–ગોપીઓએ પરસ્પર કહ્યું કે આ બાળક કેવી રીતે બચી ગયો તે જુઓ. સાધુ પુરૂષો સમતાથી બધા ભયમાંથી બચી જાય છે. **સાધુ સમત્વેન ભયાન્મિમુચ્યતે** (અ. ૧૦. ૭. ૩૧). સમત્વ એ પ્રભુનું સ્વરૂપ છે, એમ ગીતામાં પણ કહેલ છે. એજ આત્માની શક્તિ છે.

હજુ સુધી વ્રજમાં બધા એમ માનતા હતા કે શ્રી કૃષ્ણને કોઇ દૈવી શક્તિ જ બચાવે છે. જશોદાજી પણ એમ માનતાં હતાં. એક દિવસ જશોદાજી પુત્રને ખોળામાં લઇને સ્તન પાન કરાવતાં હતાં. જ્યારે તે બાળકે દુધ પી લીધું હતું અને જશોદાજી તેના મુખનું ચુંબન કરતાં હતાં ત્યારે બાળકનું મુખ ખુલ્લું થતાં તેની અંદર આકાશ, અંતરિક્ષ, જ્યોતિમંડળ દિશા, સૂર્ય, ચંદ્રમા, અગ્નિ, વાયુ, સમુદ્ર, દ્વીપ, પર્વત, નદિ, વન અને સ્થાવર જંગમ બધાં પ્રાણી તેમાં રહેલાં જોયાં. એ જોઈ જશોદાજીને શરીરમાં કંપ થયો. અને તેણે પોતાની આંખો મીંચી લીધી. યોગી પણ જ્યારે ચિત્તની બહુ એકાગ્રતા કરે છે ત્યારે પહેલાં એક કાળું જેવું જોવામાં આવે છે. તે કાળું પાછળથી ગોરું થાય છે અને તેમાં બધા જીવ અને જગત અભિન્ન રહેલા જોવામાં આવે

છે. લગભગ ૨૦ વર્ષ પહેલા આ અનુભવ બાબત પોંડેચરીમાં શ્રી અરવિંદે અમારી સાથે વાતચિત કરી હતી.

એક દિવસ યાદવકુળના આચાર્ય ગર્ગજી કે જે જ્યોતિષશાસ્ત્ર બરાબર જાણતા હતા તે ફરતા ફરતા ગોકુલમાં નંદરાયજીને ત્યાં આવ્યા. તેમને સત્કાર કરી નંદરાયજીએ કહ્યું કે આ બન્ને બાળકોના નામકરણનો સંસ્કાર કરો. ગર્ગાચાર્યે કહ્યુ કે હુ જો તમારા બાળકોના નામસંસ્કાર બરાબર કરીશ તો બધા તેઓને દેવકીનો પુત્ર સમજી જશે. કંસ પણ સમજે છે કે દેવકીજીનો આઠમો બાળક સ્ત્રી હોઇ શકે નહિ. તેથી જો કંસને ખબર પડશે તો બધા બાળકોને મારી નાખશે. આ વાત સાંભળી નંદરાયજી ગર્ગજીને એકાંતમાં લઇ ગયા અને ત્યા બન્ને બાળકોનાં નામ પાડવાની વિધિ કરી. સામાન્ય માણસનું નામ પાડવુ સહેલુ છે. પણ જે બાળકો નિર્ગુણ–સગુણ બ્રહ્મરૂપ છે તેમનાં નામ પાડવાં બહુ મુશ્કેલ છે. ગર્ગજીએ કહ્યું કે રોહિણીના પુત્ર પોતાના ગુણથી સ્વજનોને રમાડશે તેથી તેનું નામ રામ રાખજો. તેનામાં બળ અધિક હોવાથી લોકો તેમને બળરામ પણ કહેશે અને યાદવોમાં સંપ કરાવશે તે કારણથી લોકો તેને સંકર્ષણ પણ કહેશે. તમારા આ બીજા પુત્રે પહેલા ૩ યુગમાં જ્યારે અવતાર લીધો હતો ત્યારે તેમનો રંગ સફેદ લાલ અને પીળો હતો. આ વખતે તેમનો વર્ણ કૃષ્ણ હોવાથી તેમનુ નામ કૃષ્ણ રાખજો. વસુદેવને ત્યાં જન્મ લીધેલ હોવાથી લોકો તેમને વાસુદેવ પણ કહેશે. ગુણ અને કર્મ પ્રમાણે તમારા પુત્રનાં બીજાં પણ ઘણાં નામ અને રૂપ છે તે હુ જાણું છું. પણ બીજા લોક જાણતા નથી. (૧૦–૮–૧૫)

અહીં કૃષ્ણ રંગ એટલે કાળો સમજવાનો નથી પણ ભુરુ રંગ સમજવાનો છે. ભુરુ રંગ આકાશના રંગને મળતો આવે છે અને તે સત્વગુણનો રંગ છે. પીળો રંગ તમોગુણનો છે, લાલ રંગ રજોગુણનો છે અને સફેદ બધા રંગને ભેગા કરવાથી ઉત્પન્ન થાય છે.

હવે ગર્ગાચાર્ય વધારામાં કહે છે કે આ બાળક તમારું કલ્યાણ કરશે અને ગોપીઓને આનંદ આપશે. તેની સહાયતાથી તમે મોટી મોટી મુશ્કેલીઓથી પસાર થઇ શકશો. સાધુ પુરૂષોની રક્ષા તેણે પૂર્વકાળમાં પણ કરી હતી, આપણે પણ આત્મ સાક્ષાત્કાર થયા પછી તેને ટકવા દઇએ તો તેની સત્તાથી

ઘણી મુશ્કેલીએ ઓળંગી શકાય છે.) જે ભાગ્યવાન પુરૂષ તેના ઉપર પ્રેમ કરે છે તેમને કોઇ શત્રુ દબાવી શકતા નથી. આ બાળક ગુણ, કીર્તિ અને પ્રભાવમાં સાક્ષાત્ નારાયણની સમાન છે માટે **गोपायस्व समाहितः** (૧૦-૮-૧૯) સમાહિત ચિત્તથી તેની રક્ષા કરજો. એ પ્રમાણે કહીને ગર્ગાચાર્ય પોતાને ઘેર ચાલ્યા ગયા.

દશમ સ્કંધના ૮૫ મા અધ્યાયમાં એવી વાત આવે છે કે શ્રી કૃષ્ણ અને બલરામજી પાતાળમાં દેવકીજીના પહેલા છ પુત્રોને પાછા લેવા માટે ગયા છે. તે વખતે બલિરાજાએ તેમની સ્તુતિ કરેલ છે અને સ્તુતિ કરતાં કરતાં કહેલ છે કે **सांख्य योग वितानाय ब्रह्मणे परमात्मने** (૧૦-૮૫-૩૯) આપ બંન્ને સાંખ્ય અને યોગનો વિસ્તાર કરનાર છો. બલરામજી શેષનું સ્વરૂપ છે તેથી જ્ઞાનની જરૂર પડે ત્યારે જ્ઞાન આપે છે અને શ્રી કૃષ્ણ યોગનું સ્વરૂપ હોવાથી જરૂર પડે ત્યારે કંસરૂપી અવિદ્યાની સેનાને જીતે છે. દરેક ભક્ત માટે એ બંને સ્વરૂપનો પરિચય લેવાની જરૂર છે. પ્રકૃતિના દોષ જીતી શકાય તેવા હોય તે વખતે શ્રી કૃષ્ણરૂપી સગુણ સ્વરૂપની મદદ લેવી અને જ્યારે પ્રકૃતિનું જોર બહુ લાગે ત્યારે બલરામજીનું સ્વરૂપ યાદ કરી આત્મા સદા નિર્લેપ છે, અસંગ છે એવો ભાવ રાખવો. એટલી સંભાળ રાખવા છતાં પાછલા સંસ્કારો કેટલીકવાર બહુ જોર કરી જાય છે અને ઘણા સાધકને મુશ્કેલીઓ નડે છે. તેનું કારણ એમ નથી કે તે સંસ્કારમાં ખરું જોર છે પણ આપણે તે યાદ કરીને જોરવાળાં બનાવીએ છીએ. જો માયા તરફ બહુ ધ્યાન આપવામાં ન આવે તો માયામાં કંઇ જોર નથી. છતાં વ્યવહારનું કામ જ્યારે આવે છે ત્યારે દ્વૈત ભાવમાં આવવું પડે છે અને તે વખતે ખોટી વૃત્તિઓથી જાણે કે આત્મા ઉપર આવરણ આવતું હોય એમ જણાવા લાગે છે.

આ પ્રમાણે બન્ને ભાઇ ઘરના આંગણામાં અને બહાર રમવા લાગ્યા. કોઈ કોઇવાર વાછડાનાં પૂંછડાં પકડી તેમને આમતેમ ઘસડતા હતા. એ જોઈ ગોપીઓ હસતી હતી. જીવપણ પશુ જેવી વૃત્તિની સાથે આત્માને રમવા દે છે ત્યારે ઘણીવાર હેરાન થાય છે. અને બીજા માણસો હસીને તેની મશ્કરી કરે છે. છતાં જીવને વ્યવહાર સંભાળવો અને આત્માની સંભાળ રાખવી એ બંન્ને કામ એક સાથે કરવાં એ બહુ મુશ્કેલ લાગે છે. જશોદાજી અને રોહિણી પણ

પોતાના અત્યંત ચપળ બાળકોની રમત વખતે તેમને ગાય, બળદ, કુતરા વગેરે લગાડી દે નહિ અને અગ્નિથી દાઝાથી, અને તલવાર વગેરે હથિયારથી નુકશાન ન થાય એ સંભાળ રાખવામા અને સાથે સાથે ઘરનું કામ સંભાળવામાં જ્યારે સમર્થ થતી નહોતી ત્યારે તેમનુ ચિત્ત બહુ ઉદ્વિગ્ન થઈ જતુ હતું. ઘણા સાધકની એવી દશા સાધન વખતે જણાય છે. આ બાબત શ્લોક નંબર ૧૦–૮–૨૫ મા સ્પષ્ટ કરેલ છે.

(૨)

વ્યવહાર અને પરમાર્થ

બ્રહ્મ સંબંધ બરાબર થાય તેટલા માટે ભગવાન ભક્ત પાસે અનન્ય ભાવ માગે છે પણ અનન્ય ભાવ રાખવો શી રીતે ? બધો વ્યવહાર લગભગ દ્વૈતની ભાવનાવાળો અથવા અન્યની ભાવનાવાળો રહે છે. તેથી અદ્વૈત સ્વરૂપ આત્મચૈતન્યમા વ્યવહાર વખતે દ્વૈતની ભાવના સ્ફૂર્યા કરે છે. એ મુશ્કેલી યશોદાજી અને રોહિણીજીને લાગ્યા કરતી હતી. એ બાબત પહેલાં જણાવેલ છે. ગીતામાં ભગવાન કહે છે કે જેનામાં અનન્ય ભાવ હોય તેનો યોગ ક્ષેમ હુ ચલાવું છું. એટલે ભગવાનનું સતત્ સ્મરણ જો રહે તો વ્યવહારની સંભાળ ભગવાન રાખે છે, પણ જો જીવને વ્યવહારનું સતત્ સ્મરણ રહે તો ભગવાન શું કરે છે તેની હકીકત હવે ભાગવતમાં આવે છે. ભગવાન બે રીતે ભક્તોને મદદ કરે છે. એક તેને આત્મજ્ઞાન આપીને પોતાના તરફ વાળે છે અને બીજું ભક્તને સંસારમા મોહ થાય તો તેના જીવનમાં વિઘ્ન નાખીને પણ પોતાના તરફ વાળે છે. જ્યારે બહારની આસુરી પ્રકૃતિના વિઘ્ન ભક્તને નડે છે ત્યારે ભગવાન ભક્તની રક્ષા કરે છે, પણ ભગવાન પોતે વિઘ્ન નાંખે છે, ત્યારે જીવને ખબર પડતી નથી છતાં તેનાથી જીવના અંતઃકરણની શુદ્ધિ સારી થાય છે.

બળરામ અને શ્રીકૃષ્ણની ઉંમર હવે કાંઈક મોટી થઈ અને કોઇના આધાર વગર પોતાના પગથી એટલે પોતાની શક્તિથી ચાલવા લાગ્યા, એટલું જ નહિ પણ જ્યારે વ્રજની ગોપીઓ ઘરના કામમા લાગી હોય ત્યારે તેમનાં ઘરમાં જઈને તેઓએ ઠીક ઠાક રાખેલા ઘરના ખાવાનાં પદાર્થો લઈ જતા અને દુધ દહીનાં માટલાં ફોડી નાંખતા હતા. આ બાબતની ઘણી ફરીઆદો યશોદાજી પાસે આવવા લાગી. તેનો સાર નીચે આપેલ છે.

ગોપીઓની ફરીઆદ :—

(૧) ગાયોને દોહવાનો સમય થાય ત્યારે વાછડાંઓને છોડી દે છે. તે વખતે અમે તેને વઢીએ તો સામે હસવા લાગે છે.

તેનું આધ્યાત્મિક રહસ્ય :—

જીવ સંસારનો વ્યવહાર ઠીક કરવા જાય છે, પણ ભગવાન તેમાં વિઘ્ન નાંખી તે ઠીક રહેવા દેતા નથી. જો વ્યવહાર બધો ઠીક થઇ જાય તો ભગવાન તરફ જીવ વળે નહિ.

ગોપીઓની ફરીઆદ :—

(૨) કોઇ વખત મીઠાં દુધ અને દહીં ચોરી જાય છે અને વાંદરાઓને ખવરાવે છે; અને તે રીતે બધું ન ખવાય તો દુધ અને દહીંનાં માટલાં ફોડી નાંખે છે.

તેનું આધ્યાત્મિક રહસ્ય :—

આપણી પૃથ્વીના દેશો, એ પણ બધાં દુધ અને દહીંનાં માટલાં સમજવાનાં છે. તે બધા પ્રદેશ હવે કોના હાથમાં જવાના છે તે જોવાનું છે. એ માટલાં ફુટે નહિ ત્યાં સુધી માણસો ભગવાન તરફ વળે તેમ નથી, તેથી સંહાર લીલા એ પણ ભગવાનની એક લીલા છે. ગોપીઓએ જશોદાજીને કહ્યું કે તમારો દિકરો ચોર લાગે છે. તે સાંભળી શ્રીકૃષ્ણે માને કહ્યું કે ચોર તો ગોપીઓ છે કે જે પોતાનું નથી તે પોતાનું માની બેઠી છે. મારે તો જન્મ્યા પહેલાંથી જ આખું જગત્ મારૂં છે. તેથી હું તો મારા ઘરમાંથી લઉં છું. પોતાના ઘરમાંથી ખાવાની ચીજ લેવી એ ચોરી નથી. (આ ખુલાસો ભાગવત ચૂર્ણિકામાં છે)

ગોપીઓની ફરીઆદ :—

(૩) જો કોઇ વસ્તુ ન મળે તો ઘરવાળાં ઉપર ક્રોધ કરી બાળકોને રડાવીને ભાગી જાય છે.

તેનું આધ્યાત્મિક રહસ્ય :—

કેટલીકવાર કોર્ટમાં કેસ ચાલતો હોય ત્યારે ફરીઆદીને કાંઇ મળવાનું ન હોય તોપણ રાગદ્વેષથી પરસ્પર એક બીજાના સંસારમાં વિઘ્ન નાખે છે અને વકીલો તેમાં મદદ કરે છે. જેઓ ભગવાનને માટે ધન રાખે છે એટલે પરોપકારમાં ધન વાપરે છે તેના સંસારથી જ ભગવાન ખુશી થાય છે.

ગોપીઓની ફરીઆદ :—

(૪) કૃષ્ણની બીકથી જો દહીંનું પાત્ર ઉંચે રાખીએ અને ત્યાં તેનો હાથ ન પહોંચે તો ખાડણીઆ ભેગા કરીને ત્યાં સુધી પહોંચવા પ્રયત્ન કરે છે અને ન પહોંચી શકે તો લાકડી મારીને માટલામાં કાણું પાડી બધું દહીં ઢોળી નાંખે છે.

તેનું આધ્યાત્મિક રહસ્ય :—

જો કોઇ લોભી જીવ પોતાની મીલ્કત માત્ર પોતાના જ ઉપયોગ માટે રાખે અને તે બીજાને આપે નહિ તો દોષપાત્ર થાય છે. આપણી પાસે જે કાંઈ છે તે ભગવાનનું છે એમ માનવાનું છે, એટલે બધાનું છે એમ માનવાનું છે. એવી ભાવના બધા રાખે તો કોઇ ભૂખે મરે નહિ પણ જો કોઇ બીજાના હિતની આડે આવી બીજાને ભૂખ્યા રાખે તો ભગવાન કલહ મોકલે છે અને ઘણાનાં માટલામાં કાણા પડે છે.

ગોપીઓની ફરીઆદ :—

(૫) ગોપીઓ કહે છે કે જો અમે ઘરની વસ્તુઓ અંધારામાં રાખીએ તો કૃષ્ણના ગળામા રહેલ કૌસ્તુભમણિથી પ્રકાશ થઇ જાય છે. તેનું આખું શરીર પ્રકાશમય હોવાથી તે આવે ત્યારે દીવા જેવું થઇ જાય છે.

તેનું આધ્યાત્મિક રહસ્ય :—

જુદા જુદા પ્રાપંચિક માણસો ગમે તેટલી ખાનગી વાતો કરે અને ખાનગી મસલતો કરે તોપણ ભગવાન તેમની લુચ્ચાઇ જાણી જાય છે. ગુજરાતના સદ્ગત કવિ દલપતરામભાઇ કહે છે કે :—

આસપાસ આકાશમાં, અંતરમાં આભાસ;
ધાસ ચાસની પાસ, પણ વિશ્વપતિનો વાસ.
બેમાં પેસી બોલીએ, કરીએ કાંઇ વાત;
.... જાણે જગતનો તાત.

ગોપીઓની ફરીઆદ :—

(૬) કોઇવાર ઘર લીંપીને સાફ સફ રાખ્યું હોય તો ત્યાં આવીને મલમૂત્ર પણ કરી દે છે.

તેનું આધ્યાત્મિક રહસ્ય :—

પાંચ વર્ષ પહેલાં ઘટાલીએ અને જર્મનોએ બધું ઠીક કરીને રાખ્યું હતું.

પણ તેમનામા સ્વાર્થ ઘણો હતો તેથી દાન તે બન્ને દેશ ખરાબ સ્થિતિમા આવી પડેલ છ

તમોગુણી માણસોને સુધારવા માટે ભગવાને સહાર લીલા રાખેલ છ, રજોગુણીને માટે રોચક વાક્યો કહે છે અને સત્વગુણીને જ્ઞાન આપી પોતાના તરફ વાળે છે

ગોપીઓની ફરિયાદ —

(૭) ગોપીઓ જશોદાજીને કહે છે કે હર વખત તમારો પુત્ર માખણ ચોરીનુ કામ શીખ્યા કરે છે પણ આ વખતે તમારી પાસે ભોળો સાધુ થઇને બેઠો છ

તેનું આધ્યાત્મિક રહસ્ય —

જીવની દ્રષ્ટિએ એમ લાગે છે કે કૃષ્ણ બીજાના ઘરમાથી માખણ ચોરી જાય છે પણ ભગવાનની દ્રષ્ટિમા કોઇ પારકુ ઘર નથી; તેથી જેઓ ' હુ અને મારૂ '' કરીને ધન સાચવી રાખતા હોય તેમની મમતા તોડવી એ ભગવાનનો જીવ ઉપર અનુગ્રહ છે એ સિદ્ધાત ગોવર્ધન લીલામા ઈન્દ્રના માનભગના પ્રસગમા સ્પષ્ટ કરેલ છે (૧૦–૨૭–૧૬) ત્યા ભગવાન ઇન્દ્રને કહે છે કે હુ જેના ઉપર કૃપા કરૂ છુ તેનું ધન હરી લઉ છુ પુત્રવણુ, વિત્તેષણા અને લોકેષણા એ ત્રણ ભક્તિમા મોટા વિઘ્ન છે જશોદાજીએ એ બધી વાતો સાભળી તો પણ તે બાબતમા કૃષ્ણને ઠપકો આપવાની તેની વૃત્તિ થઇ નહિ એવા કૃષ્ણનુ ખરૂ સ્વરૂપ કેવુ હતુ તે હવે પછીના પ્રસગમા શુકદેવજી પરીક્ષિત રાજાને સમજાવે છ

એક વખત બલરામજી અને બીજા ગોવાળીઆ રમતા હતા ત્યારે તેઓએ માતા જશોદાજી પાસે જઇને એવી ફરીઆદ કરી કે કૃષ્ણ માટી ખાધી છે જશોદાજીએ તરત બાળક કૃષ્ણનો હાથ પકડી કહ્યુ કે કેમ તે એકાતમા છુપાઇને માટી શા માટે ખાધી? શુ ઘરમા દહી દુધ અને માખણ ઓછ છે? આ બધા બાળકો અને બલરામજી પણ સાક્ષી આપે છે તેના જવાબમા શ્રી કૃષ્ણે કહ્યુ કે "હે મા ' મે ખાધી ખાધી નથી, આ બધા ખોટુ બોલે છે જો તમારે ખાત્રી કરવી હોય તો મારૂ મુખ જુઓ ' જશોદાજીએ કહ્યુ ' ખોલ તારૂ મુખ ' શ્રી કૃષ્ણે પોતાનુ મુખ ઉઘાડ્યુ તો તેમા જશોદાજીએ જ્યારે ચરાચર જગત જોયુ એ જોઇ જશોદાજીને એવી શકા થઈ કે આ તે સ્વપ્ન

છે કે ભગવાનની માયા છે કે કોઈ ભ્રાંતિ છે કે આ બાળકનો આત્મયોગ છે ?'

આ બાબત અધ્યાત્મ ભાવે સમજવાને પ્રયત્ન કરીએ તો માટી એ માયાનુ સ્વરૂપ છે. અથવા જડ અથવા અનાત્મ વસ્તુ છે.તે ભગવાનમાં નથી એટલે જડ પ્રપંચ ભગવાનમાં નથી એ વ્યતિરેક ભાવે ખુલાસો છે. અથવા અન્વય ભાવે ખુલાસો એવો થઈ શકે છે કે ભગવાન કહે છે કે મારાથી જુદું એવુ કાંઈ મે ખાધુ નથી. ભગવાને જશોદાજીને મુખમાં જે વિશ્વરૂપ બતાવ્યુ તેમાં પણ બધુ પોતાથી અભિન્ન બતાવેલ છે. ગીતામાં પણ એવું સ્વરૂપ (૧૧ મા અધ્યાય પ્રમાણે) ભગવાને અર્જુનને બતાવેલ છે. " છેવટે જશોદાજી એવી પ્રાર્થના કરે છે કે જે ભગવાનની માયાથી મને " આ હું, આ મારા પતિ આ મારા પુત્ર અને નંદની પત્ની હું છું તથા ગોપ, ગોપી મારે આધીન છે " એવુ લાગે છે તે ભગવાન મારી એક માત્ર ગતિ છે. " (૧૦-૮-૪૨) જશોદાજીને આવુ તત્વજ્ઞાન થયું એવું જાણી ભગવાને પોતાની વૈષ્ણવી માયા ફેલાવી દીધી એટલે જશોદાજી વિશ્વરૂપ દર્શન ભૂલી ગયા અને પુત્રને પહેલાંની જેમ ઉપાડી લીધા. જેના સ્વરૂપનાં વખાણ વેદ, ઉપનિષદ, સાંખ્ય, યોગ અને ભક્તજન ગાય છે તે શ્રીહરિને જશોદાજી પુત્ર માનતાં હતાં.

એક વાર ઘરની દાસીઓ બીજા કામમાં લાગી ગઈ હતી તે વખતે જશોદાજી પોતે દહીંનું મંથન કરતાં કરતાં ભગવાનની બાળલીલા યાદ કરી ગાતાં હતા. તે વખતે શ્રી હરિ સ્તનપાનની ઈચ્છાથી માતાની પાસે આવ્યા અને મથનની રાસ પકડીને તેમને કામ કરતાં રોક્યાં. માતાએ તેમને ખોળામાં લીધા અને સ્તનપાન કરાવવું શરૂ કર્યું. એટલામાં ચૂલા ઉપર ઉનું મૂકેલુ દુધ ઉભરાવા લાગ્યુ અને જશોદાજી ભગવાનને અતૃપ્ત રાખી દુધ સંભાળવા દોડયાં, તેથી ભગવાનને બહુ ક્રોધ ચડયો. તેને લાગ્યું કે માને મારા કરતાં દુધની કિંમત વધારે કેમ લાગી ? તેથી ક્રોધમાં દાંત દબાવી લોઢાના સળીઆથી દહીંનું માટલુ ફોડી નાંખ્યું અને બનાવટી આંસુ કાઢી રોવાનો ડોળ કરી ઘરની અંદર જઈ એકાંતમા, માખણ ખાવા લાગ્યા

આ પ્રસંગમાં શ્રી વલ્લભાચાર્યજીએ સુબોધિની ટીકામાં આધ્યાત્મિક સારું બતાવેલ છે. દહીના મંથનનુ કામ એ વ્યવહારિક કામ છે. ભગ- વત્સેવાનું કામ એ બ્રહ્મ સંબંધ છે. જ્યારે બ્રહ્મ સંબંધ થવાનો હોય

ત્યારે વ્યાવહારિક કામ પડતું મૂકવું જોઇએ અને જશોદાજીએ તે પ્રમાણે કર્યું પણ બ્રહ્મ સંબંધમાં તૃપ્તિ થયા પહેલાં વ્યવહારનું કામ આવે (જેમ જશોદાજીને દુધ યાદ આવ્યું તે પ્રમાણે) તો બ્રહ્મનો આનંદ મળે નહિ અને વ્યવહારનાં સુખ (દહીં વગેરે) પણ મળે નહિ. તેથી સાધુ પુરુષોએ ધ્યાન વખતે અથવા આત્માનુસંધાન વખતે સંસારનાં કામ યાદ કરવાં જોઇએ નહિ, એટલું જ નહિ પણ સત્સંગનો વખત હોય અથવા ધ્યાનનો વખત હોય ત્યારે બીજાં કામ પડતાં મૂકી માત્ર સ્વરૂપનું જ અનુસંધાન કરી લેવું જોઇએ. એક જગ્યાએ કહેલ છે કેઃ—

शतं विहाय भोक्तव्यं सहस्रस्नानमाचरेत् ।
लक्षं विहाय दातव्यं कोटीं त्यक्त्वा हरिस्मरेत् ॥

અર્થ—સો કામ પડતાં મૂકી જમી લેવું, હજાર કામ પડતાં મૂકીને સ્નાન કરી લેવું. દાન કરવું તો લાખ બીજાં કામ પડતાં મૂકી દાન કરી લેવું અને કરોડો કામ પડતાં મુકીને હરિનું સ્મરણ કરવું.

યુરોપના વેપારી સંસ્કાર અમેરિકા, આફ્રિકા અને ઓસ્ટ્રેલીઆએ સ્વીકાર્યા છે પણ એશીઆના બધા દેશોએ એ સંસ્કાર સ્વીકારવાની ના પાડી છે. એ "ના" માંથી કાંઇક સારો રસ્તો નીકળવાનો સંભવ છે. તેને માટે વ્યવહાર અને પરમાર્થ ભેગા કરી આપે તેવા મહાત્માની જરૂર છે. મ. ગાંધીજીએ તે માટે પાયો મૂકવાની શરૂઆત કરી છે. શ્રી અરવિંદ તેના ઉપર ચણતર કરવાની આશા બતાવે છે. આત્મજ્ઞાનની સાથે સાત્વિક વ્યવહાર અથવા સંતોષી વ્યવહાર રહી શકે છે. રજોગુણી માણસો રોચક સાધનથી સુધરે છે તેથી મ. ગાંધીજીએ સ્વરાજનો લાભ સાથે રાખેલ છે. તમોગુણી માણસો ભયાનક સાધનથી સુધરે છે તેથી લડાઇની જરૂર રહે છે. રજોગુણી અને તમોગુણીને ઉપદેશથી સુધારવા એ બહુ અઘરૂં કામ છે. તેથી ભગવાન તેમના સંસારના સુખનાં માટલાં ફોડે છે. હવે જશોદાજી ભગવાનને દોરડેથી બાંધવાનો વિચાર કરે છે. છતાં ભગવાન બંધાતા નથી. અંતે જ્યારે જશોદાજી થાકી ગયાં ત્યારે તેના ઉપર દયા લાવીને ભગવાન જાતે બંધાયા છે. તેવી જ રીતે પશ્ચિમની પ્રજા થાકી જશે તેમના ઉપર દયા કરવા માટે આપણા ધાર્મિક સંસ્કાર તેમના દેશમાં ફેલાવવા માટે ઘણા મહાત્માઓને ત્યાં મોકલવા પડશે,

હવે એ કામ કરવાનું બાકી રહે છે. પશ્ચિમના વેપારી સંસ્કારવાળા માણસોમાં જે રજોગુણી અને તમોગુણી છે તે ઉપદેશથી સુધરશે નહિ પણ સત્વગુણી માણસોને ઉપદેશ લાગશે અને એ રીતે એશીઆના ધાર્મિક સંસ્કાર બીજા દેશોમાં ફેલાઈને વૃદ્ધિ પામે તેવું છે. તે માટે આપણા દેશોના મહાત્માઓમાં ઘણી નિઃસ્વાર્થતા, ઘણો ત્યાગ, જ્ઞાન અને ભક્તિની જરૂર છે. ઉપદેશ આપનારમાં એ ગુણ ન હોય તો ઉપદેશ લેનારમાં એ ગુણ આવતા નથી. જશોદા જીની માફક જે દૂધને અથવા ધનને યાદ કરે તે બીજા માણસોને સારી અસર કરી શકે નહિ.

卐

બ્રહ્મસૂત્ર

ચતુઃસૂત્રી પર્યન્ત સરલ ભાવાનુવાદ
[નવમા અંકથી ચાલુ]

લેખક :
શ્રી. રમણીક એ. મહેતા

卐

ગુરુ—પણ તું જ વિચાર કર કે એમ શી રીતે બને ? તારે શરીરે રોગ થાય ત્યારે બીજાને શરીરે ચિકિત્સા કરવાથી તારો રોગ નિવારણ થાય ખરો ? વત્સ ! તું ભોજન કરે તેથી બીજાને તૃપ્તિ થાય ખરી ? મહાભારતની કથા સંભળાવતા માણભટ્ટો કહે છે કે " ભિમ વિપુલ ભોજન કરે અને મામા શકુની શૌચ જાય, " એના જેવી આ વાત છે.

શિષ્ય.—ગુરુદેવ ! એમ કેમ ? સ્નાન આચમનાદિ ક્રિયા કરવામાં આવે છે, ત્યાં તે ક્રિયાથી આત્મા પવિત્ર થતો માનવામાં આવતો નથી ? યજ્ઞોપવીતની ક્રિયા દેહને થાય છે, પણ દેહી તેથી શું પવિત્ર થતો નથી ?

ગુરુ.—ના વત્સ, તેમ નથી. જ્યાં આવી માન્યતા હોય છે ત્યાં શું બને છે, એનો વિચાર કરીએ. અવિદ્યાને લઈને સ્નાન કે આચમન કરનાર દેહતાદાત્મ્યથી તે પોતાના દેહને જ આત્મા માને છે, એ અધ્યાસનું પરિણામ છે. . સમજ કે તને શરીર પર એક ગુમડું થયું. તું બુમો મારવા લાગ્યો કે બાપલિયા, મરી ગયો રે ! ' પણ થોડા સમય પછી એ ગુમડું નાની

શસ્ત્રક્રિયાથી મરી ગયું. હવે તને લાગ્યું કે હું મરી ગયો. શસ્ત્રક્રિયા તારા શરીર પર જ થઈ હતી. અને વ્રણ પણ જે રૂઝાયો તે શરીર પર રૂઝાયો હતો. તું જ દેહતાદાત્મ્યથી કહેતો હતો કે 'મરી ગયો.' 'मनुष्योऽहं' આ મિથ્યાજ્ઞાનરૂપ અવિદ્યાના અધ્યાસથી દેહતાદાત્મ્યાપન્ન આત્માનો સંસ્કાર થાય છે એમ મનાય છે. આથી સ્નાન આચમન કરીને 'अहंशुद्धः' 'अहं संस्कृतः' દેહવિશિષ્ટ આત્માને થાય છે. મતલબ કે જેને દેહમાં આત્માભિમાન છે, તે પોતાને ગંગાસ્નાનથી પવિત્ર થયો માને છે. અંતઃકરણઉપાધિ વિશિષ્ટ આત્માને ભોક્તૃત્વ છેઃ નિરૂપાધિક સાક્ષીને ભોક્તૃત્વ નથી. શ્રુતિ કહે છે કે

द्वासुपर्णा सयुजा सखाया समानंवृक्षं परिषस्वजाते ।
तयोरन्यः पिप्पलं स्वाद्वत्त्यनश्नन्नन्योऽभिचाकशीति ॥×

આ શ્રુતિનો આશય એ છે કે 'જીવાત્મા અને પરમાત્મા, આ બેમાં જીવાત્મા જ કર્મફળ ભોગવે છે. પરમાત્મા કેવળ પ્રકાશમાન રહી, કર્મફળનો ભોગ કરતો નથી. કાઠકની બીજી શ્રુતિ પણ કથે છે કે :–' **દેહ, ઇન્દ્રિય અને મન આ ત્રણનો જે અભિમાની તે ભોક્તા** (ક. ૧–૩–૪.) આમ સોપાધિક આત્મતત્વને માટે શ્રુતિ કહી. હવે નિરૂપાધિક માટે ભગવાન ભાષ્યકાર શ્રુતિનો આધાર દાખવે છે કે

एको देवः सर्वभूतेषु गूढः सर्वव्यापी सर्वभूतान्तरात्मा ।
कर्माध्यक्षः सर्वभूताधिवासः साक्षीचेता केवलोनिर्गुणश्च ॥

(શ્વે. ૬–૧–૨)

અર્થાત્ સર્વ ભૂતોમાં એક અદ્વિતીય સ્વપ્રકાશરૂપ આત્મા છે, તથાપિ માયાને લીધે આવૃત થવાથી તે ' ગૂઢ ' એટલે કોઇના જાણવામાં આવતો નથી. અહીં કદાચ કોઇને શંકા થાય એમ છે.

× બે પરસ્પર સંયુક્ત સખ્યભાવવાળા પક્ષીઓ એક ઝાડને આશ્રય કરી રહેલા છે, તેમાથી એક મીઠાં ફળ ખાય છે અને બીજું ભુખ્યું રહી માત્ર જુવે છે. અર્થ એ કે જીવાત્મા અને પરમાત્મા શરીરમાં સંશ્લિષ્ટ ભાવે રહે છે. તેમાં એક એટલે જીવ કર્મફળ ભોગવે છે, ત્યારે પરમાત્મા ભોગ કર્યા વગર જુવે છે. જીવ અને પરમાત્મામાં જે ભેદ છે તે ઉપાધિકૃત છે. જીવ કર્મફળનો ભોક્તા છે. પરમાત્મા સાક્ષી માત્ર છે.

શિષ્ય :—શી શંકા થાય એમ છે ? ગુરુજી !

ગુરુ :—વત્સ, જો કોઇ એમ કહે કે માયાથી આવૃત હોવાને લીધે બ્રહ્મનું ભાન થતું નથી એમ નથી, પણ બ્રહ્મનો જીવોની સાથે સંબંધ ન હોવાને લીધે, અથવા તો જીવો બ્રહ્મથી ભિન્ન હોવાને લીધે જીવોને બ્રહ્મનું ભાન થતુ નથી, તો આમ કહેવુ અસંગત છે; કારણ કે એ 'સર્વવ્યાપી' કહ્યુ છે, આથી જીવોની સાથે તેનો અસંબંધ નહીં કહી શકાય. વળી તે સર્વ પ્રાણીઓનો પ્રત્યગ્ , આત્મસ્વરૂપ હોવાથી જીવ એ બ્રહ્મથી ભિન્ન નહીં થઇ શકે, આથી માયાથી આવૃત હોવાથી બ્રહ્મનું ભાન જીવોને થતું નથી.

શિષ્ય :—પણ ગુરુજી, બ્રહ્મને સર્વ પ્રાણિયોનો અંતરાત્મા માનવાથી તેમાં કર્તૃત્વ ભોક્તૃત્વ આદિ ધર્મો આવશે ને ?

ગુરુ —આ શંકા ટાળવા માટે તો 'કર્માધ્યક્ષ' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. એટલે તે બ્રહ્મ કર્મનો સાક્ષી છે.

શિષ્ય —પણ જો સાક્ષી કહેશો તો સાક્ષીનો વિષય અવશ્ય જોઇશે. જેમ દ્રષ્ટાને દશ્ય જોઇએ અથવા તો દશ્ય વગર દ્રષ્ટા નથી, તે પ્રમાણે સાક્ષીને સાક્ષ્ય–વિષય અવશ્ય જોઇએ આમ થતાં દ્વૈતાપત્તિ આવીને ઉભી રહેશે ને ?

ગુરુ —માટે 'સર્વભૂતાધિવાસ' એમ કહ્યું છે. માટે બ્રહ્મ સર્વ ભૂતોના અધિષ્ઠાનરૂપ હોવાથી સાક્ષ્ય–વિષય તેમાં કલ્પિત છે. અને જે કલ્પિત છે તે અધિષ્ઠાનથી અલગ નથી, માટે દ્વૈતની આપત્તિ શક્ય જ નથી. વારુ સાક્ષીનો અર્થ તુ જાણે છે ?

શિષ્ય :—જાણું છું. પણ આપ જ કહોને તે ઠીક પડશે.

ગુરુઃ—સાક્ષીનું લક્ષણ એવું આપ્યું છે કે **अकर्तृत्वे सति द्रष्टृत्वम्** એટલે —જાણનાર હોઇ ,અકર્તા સમિપવર્તિ' અને ઉદાસીન હોય તે સાક્ષી. ચેતા એટલે ચૈતન્યસ્વરૂપ'અને નિર્ગુણ છે. ઇશાવાસ્યના આઠમાં મંત્રમાં કહ્યું છે કે, તે આત્મા સર્વવ્યાપી, 'શુક્ર" કહેતાં દીપ્તિમાન છે; 'અકાય' લિંગદેહરહિત છે; 'અવ્રણ' ક્ષતરહિત–અક્ષત છે; 'અસ્નાવિરં' નસો વગરનો છે, આ પદોથી આત્મા સ્થૂલ દેહ નથી, અને 'શુદ્ધમ્' એટલે મલાદિ દોષરહિત; ટૂંકમાં કારણ શરીરરહિત જણાવ્યો, ત્યારે આપણે એ મંત્રથી શું કહ્યું

શિષ્ય :—બ્રહ્મમાં સર્વ ધર્મનો અભાવ અને નિત્ય શુધ્ધત્વ હોવાથી

બ્રહ્મભાવરૂપ મોક્ષ સંસ્કાર્ય નથી.

ગુરુ :—બરાબર; ઉત્પત્તિ, આપ્તિ, વિકાર, સંસ્કાર આ ચાર ક્રિયાનાં ફળ છે. તેનાથી પાંચમું કોઈ ક્રિયાનું ફળ નથી. આથી જો ઉપર કહ્યાં તે ચાર જ ફળ છે, તો પછી મોક્ષ કર્મથી સાધ્ય છે એમ નહીં કહી શકાય. આથી કર્મરૂપ દ્વારનો અભાવ હોવાથી જ્ઞાન સિવાય ક્રિયાનો લેશ પણ સંબંધ મોક્ષની સાથે છે એનો સંભવ નથી.

શિષ્ય :—પણ ગુરુજી, જ્ઞાન એ પણ માનસિક ક્રિયા છે ને ?

ગુરુ :—પણ જ્ઞાન અને ક્રિયા એ બન્ને વચ્ચે ફરક છે. વસ્તુના સ્વરૂપની અપેક્ષા ગણ્યા વગર જેનું વિધાન કરવામાં આવ્યું હોય તે ક્રિયા. ક્રિયામાં વસ્તુના સ્વરૂપની અપેક્ષા હોતી નથી. ક્રિયાનો આધાર પુરુષની ઇચ્છાને અધીન છે. ઇચ્છા કરે તો થાય, ન કરે તો ન થાય જે પ્રમાણે કરવાનું કહ્યું હોય તેથી ઉલટી રીતે પણ થાય. જેમ કે કહ્યું છે કે દેવતાને ઉદ્દેશી હવિર્દ્રવ્ય—આહુતિ આપવાની હોય, તે દેવતાનું મનમાં ધ્યાન ધરવું; સંધ્યાભિમાની દેવતાનું ધ્યાન ધરવું. આ એક માનસિક વ્યાપાર છે, ઇચ્છા થાય તો કરે, ન થાય તો ન કરે. અથવા તો ઉલટી રીતે પણ કરે. પાઠ ત્યારે અહીં જે રૂપે ધ્યાન કરવાનો વિધિ છે, તેથી વ્યતિક્રમ રીતે કરે—ઉલટી રીતે કરે તો એટલું જ થાય કે તે વિધિ તેણે માની નહીં. આથી એમ સિદ્ધ થયું કે ક્રિયા-કર્મ પુરુષના ચિત્ત વ્યાપાર—મનની ઇચ્છા પર આધાર રાખે છે, એટલે ક્રિયા એ પુરુષતંત્ર છે.

જ્ઞાનમાં એમ નથી. જ્ઞાનને કોઈ વિધિ કે આદેશની અપેક્ષા નથી. જ્ઞાન એ તો પ્રત્યક્ષ, અનુમાન વગેરે પ્રમાણનું ફળ છે. ધારો કે તેં અગ્નિ જોયો. અહીં તને અગ્નિનું જ્ઞાન થયું તે તારી ઇચ્છાને અધીન નથી; પણ પ્રત્યક્ષ પ્રમાણનું ફળ છે. તું અગ્નિનું સ્વરૂપ તારી ઇચ્છા પ્રમાણે કે ઉલટી રીતે ગ્રહણ કરી શકીશ નહીં. એટલે જ્ઞાન વસ્તુતંત્ર છે, જ્યારે ક્રિયા પુરુષના ચિત્ત વ્યાપાર પર અવલંબેલ હોવાથી તે પુરુષતંત્ર છે.

ક્રિયા અને જ્ઞાન વચ્ચેનો ભેદ ભગવાન ભાષ્યકાર છાંદોગ્યની એક શ્રુતિ પરથી સમજાવે છે " **पुरुषो वाव गौतमाग्नि** ' '**योषा वाव गौतमाग्नि**' અહીં ઉદ્દાલકનું નામ ગૌતમ છે, કારણ કે તે ગૌતમ ગોત્રમાં ઉત્પન્ન થયો'

હતો. શ્રી ગૌતમને ઉપદેશ કરે છે કે, 'હે ગૌતમ ! પુરુષ અગ્નિરૂપ છે' 'સ્ત્રી અગ્નિરૂપ છે.' અહીં સ્ત્રી અને પુરુષને અગ્નિરૂપ સમજી ધ્યાન ધરવાનો વિધિ છે. અહીં જે ભાવના કરવાની છે, તે વિધિના જોર પર. તે કરવી ન કરવી કે ઉલટી રીતે કરવી એ કરનારની ઇચ્છા પર આધાર રાખે છે. પરંતુ તું ખરેખરો પ્રજ્વળતો અગ્નિ જુએ તે વિધિનો વિષય નથી. અગ્નિના ધ્યાન માટે તારે કોઇની આજ્ઞાની જરૂર નથી. અગ્નિને તું ન ઓળખી શકે એમ પણ નથી. અગ્નિમાં પાણીની ભાવના કરવાનું કોઇ તને કહે કે શીતળતાની ભાવના કરવાનું કહે, તો તું તેને મૂર્ખ માનશે નહીં ખરૂં? શા માટે? એનું કારણ શું?

શિષ્ય:—એ તો સ્પષ્ટ છે કે હું ઇચ્છા કરું કે ન કરું, કોઈ મને કહે વા ન કહે પણ અગ્નિ જોતાની વાર અગ્નિનું જ્ઞાન થાય છે.

ગુરુ:—વાહ માંગલિક! ત્યારે જ્ઞાન માનસિક ભલે હો પણ તે ક્રિયા નથી. બ્રહ્મજ્ઞાન કોઇ વિધિ કે આદેશના પરિણામે થઇ શકતું નથી.

卐

પ્રસંગસ્ફૂર્તિ

યુરોપના યુદ્ધનો અંત આવ્યો. જર્મન શરણે પડ્યું. મિત્રરાજ્યોની અમેરિકામાં પરિષદ્ ભરાઇ અને વિશ્વશાંતિની અનેકવિધ ચર્ચાઓ અને વાટાઘાટોના પ્રવાહો વહેવા માંડ્યા છે. વિશ્વપ્રજા આતુર આંખે શાંતિની આશા જોઇ રહી છે. સૌને સદ્બુદ્ધિ સૂઝે અને આવી સંહારલીલામાંથી ભાવી પ્રજા બચે એવા કાયમના નિયમો બાંધે એવી શુભેચ્છાઓ છે—પૂર્વ અને પ્રશાન્તમાં જાપાન પાછળ હઠતું જાય છે. પ્રહાર ઉપર પ્રહાર થવા માંડ્યા છે અને એ યુદ્ધ પણ શાન્ત થાય એમ સૌ ઇચ્છે છે—પુરુષોત્તમ માસ તરીકે અધિક ચૈત્ર આવી ગયો. ઠેકઠેકાણે ઉત્સવો થયા—કપોળ જ્ઞાતિના એક આગેવાન અને દાનવીર શેઠ ભગવાનદાસ ગોકુળદાસનું તા. ૭ મી એપ્રિલે મુંબઇમાં અવસાન થયું. કાઠિયાવાડ બોરાઇ ગામના સદ્ગત વતની હતા. ત્યાં તેમણે દિર, ધર્મશાળા, કૂવા વગેરે બંધાવ્યા છે અને બીજી પણ ઘણી

સખાવતો એમણે કરી છે સદ્ગત ધર્મશીલ અને ઉદાર હતા —ભાવનગરના માજી વિદ્યાધિકારી શ્રી વિઠ્ઠલરાય મહેતાનું તૈલચિત્ર નાગર જીમખાનામાં કોલેજના પ્રિન્સિપાલને હાથે ખુલ્લું મૂકાયું —ગઢડામાં સ્વામિનારાયણ મંદિરમાં યજ્ઞ થયો હતો, બહારગામથી આચાર્યો આવ્યા હતા—મુંબઈમાં એપ્રીલ મહીનામાં જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક પરિષદ્ ભરાઈ હતી —મુંબઈના કેળવણી ક્ષેત્રમાં જાણીતા થયેલા શ્રી શંકરપ્રસાદ ઉત્તમરામ છાયાનું તા. ૨૦મી એપ્રીલ હૃદય બંધ પડવાથી અવસાન થયું સાહિત્યસંસદ્, સાહિત્ય પરિષદ્ વિ. સાથે એમને સારો સંબંધ હતો યુનિવર્સિટી સેનેટમાં પણ તેમણે સારી છાપ પાડી હતી —હરદ્વારમાં મહાત્મા સ્વરૂપાનંદજીના પ્રયત્નથી અર્ધકુંભમેળાના પ્રસંગે સપ્તસરોવર નજીક ગંગાકિનારે એક યજ્ઞ થયો હતો. અસંખ્ય સંતમહાત્માઓ સાધુસંન્યાસીઓ મહંતો અને મંડલેશ્વરોએ દર્શનનો લાભ લીધો હતો ત્યાં અખિલ ભારતવર્ષીય ધર્મસંઘ સંમેલનની સ્થાપના થઈ —પાલીતાણા પાસેના શત્રુંજયના પર્વત ઉપર કુમારપાળનું મંદિર બંધાય છે —ભગવાન્ ભાષ્યકાર શ્રી આદ્ય શંકરાચાર્યનો જન્મજયંતી મહોત્સવ વૈશાખ શુક્લ પંચમીને બુધવાર તા. ૧૬-૫-૪૫ ને દિવસે ગુજરાત કાઠિયાવાડમાં ઠામ ઠામ ઉજવાયો —ભજનાનંદી મહાત્મા શ્રી પ્રેમાનંદજીની પુણ્ય તિથિનો મહોત્સવ માનસર મુકામે તા. ૨૯-૬-૪૫ થી તા. ૨-૬-૪૫ સુધી ઉજવાયો —ભાવનગરમાં સાહિત્ય સભાના આશ્રયે ડૉ. પ્રતાપરાય મોદીએ ભગવદ્ ગીતા ઉપર બે સુંદર વ્યાખ્યાનો આપ્યાં —અમદાવાદ તથા ઉત્તર ગુજરાતમાં અસહ્ય ગરમી પડે છે —ઘણે ઠેકાણે કોલેરા, મેનીન્જાઈટીસ જેવા રોગો ફેલાઈ રહ્યા છે કોઈ કોઈ ઠેકાણે વરસાદના ઝાપટાં પડી ગયાં છે એકંદરે હવામાન હજુ સારું નથી

卐

એક કાગળ

લેખક
શ્રી હેમન્તકુમાર નીલકંઠ

તમે જે અનુભવની વાત લખો છો તેવા અનુભવો જેને થાય તેને ભગવાનમાં જ નિરંતર મન રાખ્યા કરવાનું આપોઆપ બની જવું જોઈએ જો એવા દૈવી અનુભવો આપણને થાય ને આપણું મન ને જીવન જો તેવું દૈવી બની ન જાય, અથવા તો સતત તેની અદમ્ય પ્રેરણા જીવનમાં જાગતી ન રહ્યા કરે,

તો કાં તો અનુભવ થયાની વાતમાં કંઇ ગડબાજ હોય, અથવા તો તે અનુભવ સાચો હોય તો આપણી આધાર ભૂમિકા પૂરેપૂરી શુધ્ધ ને પાકી થયેલી ન હોવા સંભવ હોઇ શકે. એ બેમાંથી એક વસ્તુ હોવી જોઇએ.

સર્વ કંઇ ઇશ્વર કરાવે છે એ વાત તત્ત્વજ્ઞાનની દષ્ટિએ સો યે સો ટકા સાચી છે; પરંતુ એ આપણે ત્યારે જ કહી શકીએ કે જ્યારે આપણે પળેપળ ભગવાનના જ ભાવમાં રહ્યાં કરતા હોઇએ; અને એને જ વશ વર્તીને જીવનમાં પ્રેરાયાં કરતા હોઇએ. આપણા મનને, ચિત્તને, બુધ્ધિને. પ્રાણને ને અહંના અનેક પ્રકારના વળાંકોને આપણે જો પૂરેપૂરૂં સમજી શકયા ના હોઇએ, તો આપણે તેને પૂરેપૂરું સમજવું ઘટે. જગતમાં સર્વત્ર પ્રભુની ચેતના શકિત જડ ચેતન બધામાં બધે પ્રસરેલી છે એ વાત સાચી છે. પરંતુ જે ભગવાનને શરણે રહીને જીવનને સંપૂર્ણપણે સર્વભાવે આત્મસમર્પણ કરીને સર્વાંશે તેના યંત્ર-રૂપે બનાવવા ઇચ્છે છે, તેને પોતાની બાબતમાં, પોતાની જાતનું, પોતાની આગળ પાછળના વાતાવરણનુ, તથા જેના જેના સંબંધમાં આવ્યાં કરીએ તેમનૂ દર્શન આપણને સ્પષ્ટપણે થતું રહેવું જોઇએ. આપણે જે કંઇ કરવાનું છે, તે સમજણ પૂર્વક, જ્ઞાનપૂર્વક ને ભકિત ભાવપૂર્વક કરવાનું છે કોઇ પણ પ્રકારની માન્યતા કે ધૂનના વાતાવરણમાં ઘેરાઇ જવાનું નથી. પ્રભુ જ બધુ કરાવે છે એ વાત જો કે ખોટી નથી, તો પણ સાધકને એવું કહે પાલવે એમ નથી. આપણા મનમાં પસાર થતા અનેક વિચારો, આપણામા ઉદ્દભવતી વૃત્તિઓ, આપણુ જેની તેની સાથેનું મદ્દાતદા વર્તન. અને આપણા ચિત્તના સંસ્કારો, આપણા આગ્રહો, ટેવ, માન્યતા વગેરે બધુ જ્યાં લગી ડોકાયાં કરતું હોય, ત્યાં લગી આપણાથી કદી પણ એમ ન કહેવાય કે એ બધું ભગવાન કરાવે છે. એથી તો આપણે ભ્રમણામાં પડી જઇશુ. જ્યાં સુધી હજી ભગવાનના ભાવમાં સર્વભાવે દઢ થયા નથી, તેવી સ્થિતિમાં આપણે એવું માનવામાં પડી જઇએ તો આપણને સાચી વસ્તુસ્થિતિનું ભાન નહિ રહે. આપણને સો ગાઉ ચાલવાના હોય અને પાંચ ગાઉ ચાલ્યા હોઇએ, ત્યાં આપણે નેવું ગાઉ ચાલ્યા છીએ એમ જો માન્યાં કરીશુ તો તેથી કંઇ નેવું ગાઉ કપાઇ ગયેલા છે, તેવું હકીકતમાં થોડું જ બનવાનું છે ?

卐

આત્મતત્ત્વ

(ધર્મકલ્પદ્રુમનાના હિન્દી લેખ ઉપરથી)

[બ્રહ્મ-ઇશ-વિરાટ્તત્ત્વ]

અનુવાદક :–
શ્રી. જયંતીલાલ મં. ઓઝા

(અંક ૧૦ થી ચાલુ)

દેશ અને કાલથી અતીત નિરુપાધિક બ્રહ્મ, નિમિત્ત એટલે કાર્ય કારણ-સંબંધથી પણ પર છે, તેથી શ્રુતિમાં બ્રહ્મને નિર્વિકાર કહેવામાં આવેલ છે. આવા નિર્ગુણ, નિરુપાધિક, પ્રકૃતિ સમુદ્રની પેલી પાર અવસ્થિત બ્રહ્મ કેવી કેવી રીતે જાણી શકાય ? શ્રુતિ કહે છે કે તેને જાણી શકાય એમ નથી, બ્રહ્મ અજ્ઞેય છે, બૃહદારણ્યમાં કહ્યું છે કેઃ—

જ્યાં સુધી દ્વૈતનો ભાવ રહે છે. ત્યાં સુધી એક બીજાને દેખે છે, એક બીજાને જાણે છે પરન્તુ જ્યારે અદ્વૈતભાવમા સર્વ આત્મમય થઇ જાય છે, ત્યારે કોના વડે કોને જોશે, કોના વડે સર્વ કોને જાણશે, જેના વડે સર્વ કંઇ જણાય છે તેને કોના વડે જાણશે ?'

કહેવાનું તાત્પર્ય એ છે કે ત્રિપુટિભેદ રહિત બની જ્ઞાતાજ્ઞાન જ્ઞેયની એકાગ્રિતા થઇ જતાં બ્રહ્મને જાણી શકાય છે, માટે જ તૈત્તરીય ઉપનિષદ્‌માં કહ્યું છે કે —

" ब्रह्मवेद ब्रह्मैव भवति, ब्रह्म सन् ब्रह्म अप्येति,
ब्रह्मविदाप्नोति परम् " ।

' બ્રહ્મને જાણીને બ્રહ્મરૂપ થઇ જાય છે, બ્રહ્મ થઇને બ્રહ્મને જાણે, બ્રહ્મ થઇને બ્રહ્મને જાણે, બ્રહ્મવેત્તા પરમપદને પ્રાપ્ત કરે છે."

જ્યારે મનોવિકારરૂપ દ્વૈતમય પ્રપંચનું તિરોધાન સાધકના અન્તઃકરણમાં થઇ જાય છે, ત્યારે નિર્ગુણ બ્રહ્મભાવનો પ્રકાશ અને ઉપલબ્ધિ સ્વયં થઇ જાય છે, આમ હોવાથી બ્રહ્મ અજ્ઞેય છે.

૫ પરમાત્માના અધિદૈવ અર્થાત સગુણ ઇશ્વરનું વર્ણન

અન્ત:કરણ અથવા જ્ઞાનના અવલંબનથી બ્રહ્મને જાણવાના સંબંધમાં જે કંઇ શ્રુતિઓ મળે છે, એ બધી સગુણ બ્રહ્મ ઇશ્વરની ઉપલબ્ધિ વિષયક શ્રુતિઓ છે.

ઉદાહરણ તરીકે કઠોપનિષદ્‌માં—

पराञ्चि खानि व्यतृणत् स्वयम्भू तस्मात पराङ् पश्यति नान्तरात्मन् । कश्चिद् धीरः प्रत्यगात्मान मैक्षदावृत्तचक्षुरमृतत्वमिच्छन्॥

સ્વયંભૂ ભગવાને ઇન્દ્રિયસમૂહને બહિર્મુખ કરી દીધી છે. તેથી જીવગણ બાહ્ય વિષયોને જુવે છે, અંતરાત્માને જોઇ શકતો નથી. જો કોઇ ધીર પુરુષ અમૃતત્વની ઇચ્છા કરી પોતાની ઇન્દ્રિયોને બાહ્ય વિષયથી ખેંચી લે તો પુરુષ અન્તઃકરણમાં પ્રકાશમાન પ્રત્યગાત્માને જોઇ શકે છે. અહીં પ્રત્યગાત્મા શબ્દ હૃદય ગુહા પ્રવિષ્ટ કૂટસ્થ ચૈતન્ય ઇશ્વરવાચક છે.

કઠોપનિષદ્‌મા પણ કહ્યું છે કે,

हृदा मनीषा मनमाभिक्लृप्तो य एतद् विदु अमृतास्ते भवन्ति ॥
પરમાત્મા હૃદયમાં સંશયરહિત બુદ્ધિ દ્વારા દેખાય છે, તેમને જાણવાથી જીવને અમૃતત્વની પ્રાપ્તિ થાય છે.

હવે સગુણ બ્રહ્મ ઇશ્વરના સ્વરૂપ સંબંધી થોડો વિચાર કરીએ. પરમાત્માના અધિદૈવ ભાવ અર્થાત્ ઇશ્વરભાવના લક્ષણ સંબંધી પહેલાં જ કહ્યું છે કે, જે ભાવ સાથે સમદૃષ્ટિ પ્રકૃતિનો દૃશ્ય દૃશ્યનો સંબંધ બને છે, અને જે ભાવના લક્ષણ વા અધિષ્ઠાન દ્વારા ચૈતનવતી બની પ્રકૃતિમાતા અનાદિ અનન્ત સૃષ્ટિધારાનો વિસ્તાર કરી રહી છે, તે ભાવ પરમાત્માનો અધિદૈવ, અર્થાત્ ઇશ્વરભાવ છે. પરમાત્માનો આ ભાવ પ્રકૃતિથી અતીત સૃષ્ટિ સમ્બન્ધ હીન તેમના અધ્યાત્મ અર્થાત્ નિર્ગુણ બ્રહ્મભાવથી વસ્તુતઃ પૃથક્ ન હોવા છતાં પણ ભાવ રાજ્યમાં ખૂબ જ પૃથક્ છે. તેથી વેદાદિ શાસ્ત્રોમાં આ બન્ને ભાવોનું પૃથક્ પૃથક્ વર્ણન કરવામાં આવ્યું છે. જેમ કે પુરુષ સૂક્તમાં—

"पादोऽस्य विश्वाभूतानि त्रिपादस्यामृतं दिवि ।"
પરમાત્માના એક પાદમાં સમસ્ત વિશ્વ સ્થિત છે, અને ત્રણ પાદ સૃષ્ટિથી અતીત અને અમૃત છે.

શ્રી ગીતાજીમાં પણ કહ્યું છે કે,—

विष्टभ्याहमिदं सर्वमेकांशेन स्थितो जगत् ।
પરમાત્મા પોતાના એક અંશ દ્વારા જગતને વ્યાપ્ત કરી રહ્યા છે.

વિષ્ણુ પુરાણમાં કહ્યું છે કે, વ્યક્ત તથા અવ્યક્ત પ્રકૃતિ તેમ જ પુરુષ, એ બન્ને પ્રલયકાળમાં પરમાત્મામાં લીન થઇ જાય છે. તે સમયે પ્રકૃતિ અને પુરુષ વચ્ચે દૃશ્ય દ્રષ્ટત્વ સંબંધ રહેતો નથી. આ બધાં વર્ણન ઉપરથી એમ

સિદ્ધ થાય છે કે પરમાત્માના જે પાદ અર્થાત્ ભાવ સાથે સૃષ્ટિનો સંબંધ છે તે જ ભાવ ઈશ્વરભાવ છે અને તેમનો જે ભાવ અમૃતમય ત્રણ પાદ સાથે સંબંધયુક્ત હોવાને કારણે સૃષ્ટિથી અતીત છે, તથા જે ભાવમાં મુક્તાત્માની પ્રકૃતિ વિલીન થઈ જાય છે તે જ ભાવ તેમનો બ્રહ્મભાવ છે. આ બે ભાવ પૃથક્ પૃથક્ અંશ કે સીમા ઉપર વહેંચાયેલા નથી, કારણ અસીમ, વિભુ, અનાદિ, અનન્ત બ્રહ્મમાં આ જાતના અંશ વા સીમાની કલ્પના એ એમના સ્વભાવ વિરુદ્ધ થાય. અનાદિ માયાના વિકાસ અને વિલય અનુસાર એક જ ભાવમાં બે ભાવોની સ્ફૂર્તિ થાય છે. પ્રલય સમયમાં પ્રકૃતિનો બ્રહ્મમાં વિલય થઈ જવાથી દ્રષ્ટા દૃશ્ય સંબંધ યુક્ત ઈશ્વરભાવ રહેતો નથી, અને તેજ પ્રકાર કરી સૃષ્ટિ સમયે અનાદિમાયા પર અધિષ્ઠાન કરી ઈશ્વરભાવને પ્રાપ્ત કરે છે. શ્વેતાશ્વતર ઉપનિષદમાં કહ્યું છે તેમ જે રીતે કરોળીઓ જાળ વણી તેમાં પોતાને ઢાંકી દે છે, અને પ્રકૃતિ સંબંધદ્વારા આ જ નિર્ગુણ બ્રહ્મની સૃષ્ટિકાલીન સગુણ બ્રહ્મભાવની પ્રાપ્તિ છે.

બ્રહ્મનો આ સગુણભાવ ઈશ્વર વિશેષણથી વિશેષિત અને ઈશ્વર લક્ષણથી લક્ષિત હોવાને કારણે જ્ઞાતાજ્ઞાન જ્ઞેય સંબંધ દ્વારા તટસ્થ લક્ષણ વેદ્ય છે. પરમાત્મામાં જે સત્ ચિત્ આનન્દ ભાવ છે તેનો અનન્તરૂપે સંસારમાં પ્રકાશ કેવળ માયારૂપી આધાર યા ઉપાધિ દ્વારા તટસ્થ દશામાં જ થઈ શકે અને તેથી જ નિરુપાધિક નિર્ગુણ બ્રહ્મમાં કોઈ ભાવ કે શક્તિની વ્યક્તાવસ્થા ન હોવા છતાં માયોપાધિયુક્ત સગુણ બ્રહ્મ ઈશ્વરમાં માયાના આવારથી સમસ્ત શક્તિ અને ભાવોનો વિકાસ થાય છે જેનું અનન્ત વર્ણન વેદાદિ શાસ્ત્રોમાં કરેલું છે.

હવે સગુણ બ્રહ્મ ઈશ્વરના વેદ શાસ્ત્ર સમ્મત થોડા ભાવોનું વર્ણન કરીએ. વેદમાં ઈશ્વરને અનન્ત વિશ્વના સૃષ્ટિ સ્થિતિ પ્રલય કર્તા માન્યા છે.

जन्माद्यस्य यतः એ સૂત્રદ્વારા વેદાન્તદર્શને પણ સમસ્ત સંસારના જન્મ સ્થિતિ પ્રલય ઈશ્વરદ્વારા જ પ્રમાણિત કર્યાં છે. ઈશ્વરની રજોગુણમયી સૃષ્ટિકારિણી શક્તિનું નામ બ્રહ્મા, સત્વગુણમયી સ્થિતિકારિણી શક્તિનું નામ વિષ્ણુ અને તમોગુણમયી પ્રલયકારિણી શક્તિનું નામ રુદ્ર છે.

[illegible]

સ્થિતિ અને પ્રલય થયા કરે છે પાશ્ચિમાત્ય વિજ્ઞાન પ્રમાણે પણ અનં વિશ્વમા નહિ કોટિ બ્રહ્માંડ છે એમ સિધ્ધ થાય છે પ્રત્યેક બ્રહ્માંડની સૃ સ્થિતિ અને પ્રલયને માટે સ્વતંત્ર સ્વતંત્ર બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર, હોય આ રીતે સમસ્ત સંસાર, તેમજ સમસ્ત જીવ અને દેવતાઓને પોતાની મહ શક્તિ દ્વારા ઉત્પન્ન કરી સર્વ શક્તિમાન પરમેશ્વર દેવતાઓને વિશ્વનિય માટે [illegible] મા જોડી દે છે અને બધા ભૂતોનું પાલન કરે તેમની અનુશાસન શક્તિના મહિમાનુ વર્ણન કરતા કઠોપનિષદમા કહ્યુ છે

भयादस्याग्नि स्तपति भयात् तपति सूर्य ।
भयादिन्द्रश्च वायुश्च मृत्यु र्धावति पञ्चम ॥

તેમના ભયથી અગ્નિદેવ અને સૂર્યદેવ તાપ આપે છે, તેમના ભયથી ઇન્દ્ર પવનદેવ અને યમરાજા પોતપોતાના કર્તવ્યનું પાલન કરે છે

સર્વશક્તિમાન પરમેશ્વર આ રીતે સમસ્ત સંસારના સૃષ્ટિ સ્થિ પ્રલયકર્તા હોવા છતા તેની સાથે કોઈ પણ પ્રકારના સંબધથી બધ્ધ ના સદા તેઓ પ્રકૃતિ બંધનથી પર અને વિશ્વની અંદર હોવા છતા પણ તે બહાર છે

કઠોપનિષદમા કહ્યુ છે કે —

वायुर्यथैको भुवनं प्रविष्टो रूपं रूपं प्रतिरूपो बभूव ।
एक स्तथा सर्वभूतान्तरात्मा रूपं रूपं प्रतिरूपो बहिश्च ॥

જેવી રીતે એક જ વાયુ સંસારમા પ્રવેશીને જુદા જુદા રૂપો અનુરૂ પ્રતિરૂપ થાય છે, તેવી જ રીતે અદ્વિતીય વિશ્વાત્મા પરમાત્મા જુદા જુ રૂપ અનુસાર પ્રતિરૂપ થવા છતા સંસારથી નિર્લિપ્ત રહે છે

વેદમા સગુણ બ્રહ્મ ઇશ્વરને અન્તર્યામી અને વિધાતા કહ્યા છે

'एष सर्वेश्वर एष सर्वज्ञ एष अन्तर्यामी', 'एष ते आत अन्तर्यामी अमृत'

'આ આત્મા સર્વના ઇશ્વર, સર્વજ્ઞ અને અન્તર્યામી છે' 'એ અ રૂપ અને અન્તર્યામી છે'

ઇશ્વર સમસ્ત સંસાર અને જીવોની અંદર ગૂઢ ભાવે વિરાજ

ચકની પરિચાલના અને જીવસમૂહને પ્રેરણા કરે છે, એ એમનુ અન્તર્યામિત્વ છે

શ્રી ભગવાન ગીતાજીમા પણ કહ્યુ છે કે —

ईश्वर सर्वभूताना हृद्देशेऽर्जुन तिष्ठति ।
भ्रामयन् सर्वभूतानि यन्त्रारूढानि मायया ॥

‘ઈશ્વર બધા જીવોના હૃદયાકાશમા અવસ્થિત થઈને નિજશક્તિરૂપિણી માયાદ્વારા સમસ્ત જીવોને ઘટમાળની માફક ઘુમાવી રહેલ છે આવી જ રીતે પરમાત્માના વિધાતૃભાવના પણ અનેક વર્ણના શાસ્ત્રમા જોવામા આવે છે. પરમેશ્વર સમગ્ર સસાર અને જીવોનુ કર્માનુસાર પરિચાલન કરે છે, અને જીવોને માટે સસ્કાર તથા પ્રકૃતિ નિયમાનુસાર ભિન્ન ભિન્ન માર્ગોનુ વિધાન કરે છે એ એમનુ વિધાતૃત્વ છે

ઈશાવાસ્યમા કહ્યુ છે કે –

‘कविर्मनीषी परिभू स्वयम्भू याथा तथ्य तोऽर्थान् व्यदधान् शाश्वतीभ्य समाभ्य’

‘પરમેશ્વર ક્રાન્તદર્શી, મનીષી પરિભૂ અને સ્વયભૂ છે તેઓ અનાદિ અનન્તકાળને માટે પ્રાકૃતિક વિષયાની યથાયોગ્ય વ્યવસ્થા કરે છે

નિત્યના પણ નિત્ય અને ચેતનના પણ ચેતન અદ્વિતીય પરમાત્મા અનેક જીવોનુ કામનાવિધાન કરે છે મહાન નિત્ય પરમાત્મા જીવોના કર્મફલદાતા છે, તેઓ જ ધર્માધર્મ પ્રેરક ભગવાન છે.

આ ભાવોના પ્રતિધ્વનિ રૂપે જ શ્રી ભગવાન વેદવ્યાસે બ્રહ્મસૂત્રમા કહ્યુ છે કે–

‘फलमत उपपत्ते’

પરમેશ્વર દ્વારાજ જીવોને કર્મફળની પ્રાપ્તિ થાય છે

ઉપર જણાવેલા ભાવોનો વિચાર કરતા ઈશ્વરસત્તામા બે મહાન ભાવોનો અપૂર્વ સમન્વય જોવામા આવે છે,—ઐશ્વર્ય અને માધુર્ય જે ભાવમા ઈશ્વર અદૃષ્ટના વિધાતા, પાપીના દડદાતા, જગતના નિયતા, સાધુઓના પરિત્રાતા, ધર્મના પ્રતિપાલક, સૃષ્ટિ–સ્થિતિ પ્રલયકર્તા, સર્વજ્ઞ, સર્વવ્યાપી અને સર્વશક્તિમાન છે, તે એમનો ઐશ્વર્ય ભાવ છે, જે ભાવમાં વખતે વખતે નરરૂપ ધારણ કરી અસુરોનો નાશ, વેદોનો ઉધ્ધાર, ક્ષત્રિયરૂપી જગતનો વિનાશ

રાવણની ચશલનાનો ઉચ્છેદ કરે છે, જે ભાવમાં વળી કોઈ વાર ભુવનમોહિની નારીરૂપ ધારણ કરી, સળવળ કરતી લોલજીહવા વડે અસુરોના ઉષ્ણ શોણિતનું પાન કર છે અને હુંકાર વડે ત્રણે ભુવન વિકમ્પિત કરી ગાદારે દાગ શુંભ નિશુંભનો ઘાત કરે છે,– એ એમનો ઐશ્વર્ય ભાવ છે.

પરંતુ તેમના માધુર્ય ભાવમાં આવી પ્રચંડતા નથી; એથી ઉલટું જેમ તેમના ઐશ્વર્યભાવમાં કઠોરતા છે તેમ તેમના માધુર્ય ભાવમાં કોમળતા છે એ ભાવમાં તો ભગવાન દયામય, સ્નેહમય, કરુણામય, પ્રેમમય છે. એ ભાવમાં તો ભગવાન ભકતના દાસ છે, તેમની કરુણાધારા ગંગાયમુનારૂપે વહે છે, અને જીવોના દુઃખ નિવારણ માટે પોતે અનેક કષ્ટો ભોગવવાં એ તેમનું પરમવ્રત છે. એ ભાવમા ભૃગુનો પદાઘાત તેમના હૃદયનું ભૂષણ છે, દ્રૌપદીની લજ્જાનું નિવારણ તેમનુ પરમપૌરૂષ છે, અને કરુણાના હોમાગ્નિમાં સમસ્ત ઐશ્વર્યની આહુતિ આપી દેવી એ જીવનનું મહાવ્રત છે. એ ભાવમાં ભગવાન ભક્તવત્સલ પ્રભુ છે; કરુણામય સ્વામિ છે, પ્રીતિમય સખા છે, પ્રેમમય કાન્ત છે. ઉપનિષદોમાં ઇશ્વરના ઐશ્વર્યભાવના વર્ણનની સાથે સાથે માધુર્ય ભાવનું વર્ણન પણ જોવામા આવે છે. જેમ કે,

'रसो वै स'

પરમાત્માની કૃપાથી જ ભકતને મુક્તિ પ્રાપ્ત થાય છે, તેથી ઉપનિષદમાં કહ્યુ છે કે —" यमेवैष वृणुते तेन लभ्य स्तयैष आत्मा विवृणुतेतनुं स्वाम्" પરમાત્મા જેને પસંદ કરે છે તેજ પરમાત્માને પ્રાપ્ત કરે છે તેની પાસે જ પરમાત્મા પોતાનું સ્વરૂપ પ્રગટ કરે છે.

ઉપનિષદોમાંથી તેમના માધુર્યભાવનાં આવાં ઘણાં વર્ણનો આપી શકાય તેમ છે. તેમનામાં આ બંને ભાવોનો અપૂર્વ સમન્વય રહેલો હોવાથી જ પરમેશ્વર પૂર્ણ છે. પ્રાકૃતિક સૃષ્ટિ અને આત્યંતિક પ્રલય એ બંને કરવાને સમર્થ છે, દ્વૈતમય સંસારના સમસ્ત દ્વન્દ્વભાવનું છેલ્લું પરિણામ સ્થાન છે. અને અનન્ત શાન્તિ તથા અનન્ત શાન્તિ તથા અનન્ત આનન્દનું ચિર નિવાસ સ્થાન છે. આ સગુણ બ્રહ્મ ઇશ્વરના સ્વરૂપનો પૂર્ણ પરિચય છે. જેમના ઐશ્વર્ય માધુર્ય સમન્વયયુક્ત સ્વરૂપનો પૂર્ણ ભાવે સંસારમાં વિકાસ કેવળ ભગવાનના પૂર્ણાવતાર શ્રીકૃષ્ણના જીવનમાં જ થયો હતો. તેથી મહાભારતનું

કર્મક્ષેત્ર, ગીતાનું જ્ઞાનક્ષેત્ર અને વૃંદાવનનું લીલાક્ષેત્ર–ઐશ્વર્ય માધુર્યના અપૂર્વ સમન્વયરૂપે તેમના જીવનમાં માલુમ પડે છે.

આવા પૂર્ણ પુરુષને પોતાના કોમળ અંગમાં ધારણ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરનાર ભારતમાતાને ધન્ય છે.

૬ પરમાત્માના અધિભૂત અર્થાત વિરાટ ભાવનું દર્શન

તેમનું આધિભૌતિક સ્વરૂપ અનન્તકોટી બ્રહ્માંડમય કાર્ય બ્રહ્મ છે. કારણ બ્રહ્મની સાથે કાર્યબ્રહ્મની અભિન્નતા હોવાથી કારણ બ્રહ્મ પરમાત્મામાં તેમની માયા શક્તિ દ્વારા જે કાર્ય બ્રહ્મની નિત્ય સ્થિતિ વિદ્યમાન છે, તે વિરાટરૂપ પરમાત્માનું આધિભૌતિક સ્વરૂપ છે. વેદાદિ શાસ્ત્રોમાં આ રૂપનાં અનેક વર્ણનો મળે છે. છાન્દોગ્યમાં કહ્યું છે કે,–

स एव अधस्तात्, स उपरिष्टात्, स पश्चात् स पुरस्तात् स दक्षिणतः । स उत्तरतः, स एवेदं सर्वम् ।

મુંડકોપનિષદમાં કહ્યું છે કે,–

वायुः प्राणो हृदयं विश्वमस्य पद्भ्यां पृथ्वी ह्येष सर्व भूतान्त रात्मा ।

વાયુ પ્રાણ છે, વિશ્વ હૃદય છે અને પૃથ્વી તેમનાં ચરણ છે, આ વિરાટ પુરુષ સર્વ ભૂતોના અન્તરાત્મા પણ છે.

શ્વેતાશ્વતરમાં પણ કહ્યું છે કે –

सर्वानन शिरो ग्रीवः सर्व भूत गुहाशयः
सर्व व्यापी स भगवान् तस्मात् सर्वगतः शिवः ॥

સર્વનાં મુખ તેમનું મુખ છે, સર્વનાં શિર તેમનું શિર છે, સર્વની ડોક તેમની ડોક છે, તેઓ સકળ ભૂતોના હૃદય વિહારી છે, સર્વ વ્યાપી અને સર્વગત છે.

पश्यामि देवांस्तव देव देहे सर्वांस्तथा भूत विशेष संघान् ।
ब्रह्माणमीशं कमलासनस्थ मृषींश्च सर्वानुरगांश्च दिव्यान् ।
अनेक बाहूदरवक्त्र नेत्रं पश्यामि त्वां सर्वतोऽनन्त रूपम् ।
नान्तं न मध्यं न पुनस्तवादिं पश्यामि विश्वेश्वर विश्वरूप ॥

હે દેવ, હું તમારા દેહમાં સમસ્ત દેવ, સમગ્ર ભૂત, પદ્માસનાસ્થિત બ્રહ્મા,

દિવ્ય મહર્ષિગણ અને દિવ્ય સર્વેને જોઇ રહ્યો છું. હે વિશ્વરૂપ હું તમારું અનેક બાહુ, ઉદર, મુખ અને નેત્ર યુક્ત અન્તરૂપ જોઉં છું. પરન્તુ તેનું આદિ મધ્ય કે અન્ત કાઇ પણ જોવામાં આવતું નથી.

સચ્ચિદાનંદમય પરમાત્માનું આધ્યાત્મિક આધિદૈવિક અને આધિભૌતિક એમ ત્રિવિધ ભાવનું વેદાદિ શાસ્ત્ર સમ્મત આનું પરમ તત્ત્વ છે.

જ્ઞાનદષ્ટિ દ્વારા તેનું સમ્યક્ અવલોકન કરીને મુમુક્ષુ સાધક કૃતકૃત્ય થઇ શકે છે.

૭ આસ્તિક દર્શનોની જુદી જુદી જ્ઞાનભૂમિ અનુસાર ઇશ્વર-સત્તાનું પ્રતિપાદન

વેદાનુમત સમસ્ત શાસ્ત્રોમાં પ્રકૃતિને જડ કહીને વર્ણવી છે,

' जडरूपा माया '

દેવી ભાગવતમાં પણ કહ્યું છે કે :–

जडाऽहं तस्य सान्निध्यात्त भवामि सचेतना।
अयस्कान्तस्य सान्निध्यादयस श्चेतना यथा॥

જેમ લોહચુંબકની નજીકમાં રહેવાથી જડ લોઢામાં સંચલન શક્તિ આવે છે. તેવી રીતે ઇશ્વરના અધિષ્ઠાનથી જડ પ્રકૃતિમાં ચેતનાજન્ય સૃષ્ટિ સ્થિતિ પ્રલય શકિત આવે છે. પ્રકૃતિની આ જડતા એટલે કે પોતાની મેળે કર્તૃત્વ શક્તિનો અભાવ, કેવળ સમષ્ટિ પ્રકૃતિમાં જ નહી પરન્તુ તેના પરિણામ, જાત પદાર્થોના અગે અંગમાં પણ જોવામાં આવે છે. પૃથ્વી, વાયુ, જળ, અગ્નિ, સ્વેચ્છાએ પોતાનું કાર્ય કરી શકતાં નથી. તેમની અંદર રહેલી વ્યાપક ચેતન સત્તાને જોરે અને સંચાલનથી આ બધી જડ વસ્તુઓ નિજ નિજ કાર્ય કરે છે. એ સર્વવ્યાપક સર્વાધિષ્ઠાતા ઇશ્વર પ્રકૃતિની પ્રેરક ચેતન સત્તા છે. જડ સ્વભાવનું પરિણામ કે તેની ક્રિયા અંધ પરિણામ કે અંધ ક્રિયા છે, ચેતન સત્તાના અસ્તિત્વથીજ તેની અન્ધતાનો નાશ થઇ નિયમાનુસારિતા આવી શકે છે. જો જડપ્રકૃતિનાં સંચાલક કે અધિષ્ઠાતા ચેતન ઇશ્વર ન હોત તો કદી પણ અનંતકોટી બ્રહ્માંડમય વિરાટ પ્રકૃતિમાં સૃષ્ટિ સ્થિતિ પ્રલયનો નિયમિત ક્રમ રહી શકત નહીં.

જૈન અને બૌધ્ધ દર્શનશાસ્ત્રનું સૂક્ષ્મ જગતમાં પ્રવેશ કરવાનું સામર્થ્ય

હોવા છતાં પણ, તેમજ તેમના દ્વારા કરોડો મનુષ્યોની ઉન્નતિ થયેલી હોવા છતાં પણ આ દૈવ સત્તાનો અનુભવ જૈન અને બૌધ્ધ ધર્મોના પ્રચારકોને થયેલો ન હોવાથી તેમનું વિજ્ઞાન અસંપૂર્ણ રહી ગયું છે. વૈદિક દર્શન શાસ્ત્રોમાં પરમાત્માના અધ્યાત્મ, અધિ દૈવ અને અધિભૂત ત્રણે પ્રકારનાં વિજ્ઞાનોને વિભૂતરૂપે પ્રકટ કરવાનું સામર્થ્ય હોવાથી અને બ્રહ્મ, ઇશ્વર તથા વિરાટ આ ત્રણે ભગવદ્‌ભાવોનું યથાર્થ દર્શન વૈદિક આચાર્યોને થયેલું હોવાથી વૈદિક દર્શન અને વૈદિક ધર્મને પૂર્ણ કહેવામાં આવે છે. સચ્ચિદાનન્દમય બ્રહ્મ નિષ્ક્રિય, સર્વવ્યાપક, પૂર્ણ, અસંગ, અપરિણામિ અને ભાવયુકત છે. તેમને સચ્ચિદાનન્દમય ત્રણ ભાવ યુકત સત્તા એક અદ્વિતીય સ્વરૂપમાં રહે છે ત્યારે તેને જ બ્રહ્મ કહેવામાં આવે છે. વળી યોગીને ત્રિભાવમાં એ જ સચ્ચિદાનન્દ સત્તા બ્રહ્મભાવમાં ચિદ્‌ભાવમય અને વિરાટ્ ભાવમાં સદ્‌ભાવમય પ્રતીત થાય છે. યોગીરાજ પોતાના અલૌકિક યોગ પ્રત્યક્ષદ્વારા તેની જ સત્તાને આનન્દકંદ ઇશ્વરભાવમાં પ્રત્યક્ષ કરે છે. એ વિના આનન્દનો પૂર્ણ વિકાસ અને આસ્વાદ થઈ શકતો નથી. જો કે અદ્વિતીય બ્રહ્મભાવમાં સત્, ચિત્ અને આનન્દ એ ત્રણે એક જ ભાવમાં પરિણત છે, તથાપિ ઇશ્વર ભાવના અનુભવમાં એક બાજુ ચિત્ ભાવમય બ્રહ્મભાવમયે અને બીજી બાજુ સત્ ભાવમય વિરાટ ભાવનો અનુભવ વિદ્યમાન રહેવાથી પરમાનન્દના આધાર ભૂત ઇશ્વર ભાવનું દર્શન યોગીરાજ સિદ્ધ મહાત્માઓને થાય છે. જગદીશ્વર આનન્દકન્દ છે તેથી તેમનામાંથી આનન્દ લીલાપૂર્ણ આ સૃષ્ટિ પ્રકટ થઇ છે. આ કારણને લીધે ઉપાસના રાજ્યમાં ઇશ્વર ભાવને જ પ્રધાન માનવામાં આવેલ છે. વાસ્તવમાં ત્રણે ભાવ એક જ પરમાત્માના હોવા છતાં ઇશ્વરનો મહિમા જગત્‌માં સર્વોપરી છે. હવે નીચે જુદાં જુદાં દર્શને પોતાની જ્ઞાનભૂમિ અનુસાર ક્યાંસુધી પરમેશ્વરની આ સત્તાને પ્રકટ કરી છે, તે બતાવવામાં આવે છે.

卐

કાર્યાલયનાં ધાર્મિક પુસ્તકો વસાવો

[illegible]કલાપ

સ્વા. સ્વયંજ્યોતિ તીર્થના 'દર્શનમાં'
રચેલા વૈરાગ્યના કાવ્યોનો સંગ્રહ
[મૂલ્ય : આઠ આના]

માર્ગદર્શન

સ્વા. સ્વયંજ્યોતિ તીર્થના રચેલા ભક્તિ
અને જ્ઞાનના ભજનો
[મૂલ્ય ૭ આના]

પરમામૃત

મહારાષ્ટ્રના કવિ મુકુન્દરાજ પ્રણીત
મરાઠી ગ્રન્થનો અનુવાદ
[મૂલ્ય : આઠ આના]

અદ્વૈતજ્ઞાનમોક્ષ

સવાલરૂપે જ્ઞાનબોધ
[મૂલ્ય : આઠ આના]

ત્રિપુરારહસ્યજ્ઞાનખંડ

દત્તાત્રયનો શિષ્ય પરશુરામને ઉપદેશ
[મૂલ્ય : બાર આના]

શ્રીસદ્ગુરુસ્તુતિશતક
શ્રીસદ્ગુરુશિક્ષાશતક

નિત્યપાઠમાં ઉપયોગી થાય તેવાં શતકો
[દરેકનું મૂલ્ય : ત્રણ આના]

મીરાં અને રાણો

[ભક્તિરસ નાટ] ૦-૨-

ધ્યાન અને જ્ઞાન

[ધ્યાનની અનેક વિધિ બતાવ
૦-૪-૦

ભાવાર્થસિન્ધુ

['ઉદ્યાન'નું બીજું અને ચોથું
સોપુસ્તક] ૧-૮-

આ પુસ્તક સાકાર અને નિરા ઉપાસના અને જ્ઞાનનો નિર્ણય કર અનુભવ બતાવે છે. આ પુસ્તક હિં નવા ધનાઢ્ય સાહેબોને ઇનામમાં ઉપ આઠ આના વધારે લઈ ભેટ તરીકે મ આવા પ્રકારનું આ પુસ્તક તદ્દન દરેક જિજ્ઞાસુઓને જરૂર મંગાવી

MAYA Re. 1

Relativity સિદ્ધાન્ત અને
'માયા'ના સિદ્ધાન્તની સ્પષ્ટ સમજ
અંગ્રેજી પુસ્તક

આ સિવાય બીજાં ધાર્મિક પુસ્તકો ન
વિગતવાર સૂચિપત્ર પોસ્ટ
મોકલી મંગાવો. (દરેકનું ટપાલખ

સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, ભદ્ર પાસે: અમદા

સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ ઠે. વડોદરા, એમને માટે વડોદરા, રાવપુરા, આરોગ્ય
પ્રિન્ટરીમાં રમણલાલ નાનાલાલ શાહે છાપ્યું અને ત્યાંથી પ્રકા
તા. ૨૦-૬-૧૯૪૯